**મહાન રાજા ભોજ :** વાકપતિ દ્વિતિયના અવસાન બાદ તરત જ માળવાના સિંહાસન પર સિંધુરાજનો પુત્ર ભોજ ગાદી પર આવે છે.[21] રાજા ભોજના જન્મ પછી તેમના રાજ ગુરૂઓ દ્વારા જન્મ પત્રિકા બનાવવામાં આવી જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, રાજા ભોજ દક્ષિણ ભાગ પર પંચાવન વર્ષ સાત મહીના અને ત્રણ દીવસ રાજ કરશે. આ જન્મ પત્રિકાને જોઈ વાકપતિ મુંજે ભોજનું વધ કરવાની આજ્ઞા આપી હતી. કેમ કે ભોજ ગાદીએ આવે તો પોતાનો પુત્ર ગાદી વિહોણો થાય. રાજ આજ્ઞાથી અધિકારીઓ ભોજને નિશ્ચિત જગ્યાએ લઈ જાય છે પણ વધ કરતા નથી, અને રાજાને એક પ્રાર્થના પત્ર લખે છે કે.[22]

''સતયુગનો અલંકાર એવો રાજા માન્ધાતા ચાલ્યો ગયો. રાવણના શત્રુ ભગવાન રામચંદ્ર કયાં. જેમણે મહાસાગર પર પુલ બાંધ્યો હતો. અને તમારા સમય સુધીમાં યુધિષ્ઠીર વગેરે અનેક રાજાઓ થઈ ગયા એ કયાં છે ? આ તમામ મહાન વ્યકિતઓ દુનિયા છોડીને ચાલી ગઈ પણ આ પૃથ્વી અહિંયા જ છે. કોઈની પણ સાથે ગઈ નથી.પણ હું એવું માનું છુ કે, આપની સાથે તો જવી જ જોઈએ.''

આજ બાબતનું આઈને અકબરીમાં પણ વર્ણન કરવામાં આવેલું જોવા મળ છે. તેમાં વર્ણવામાં આવ્યું છે કે, રાજા ભોજની જન્મ પત્રિ અશુઘ્ધ હોવાના કારણે તેમના સ્વજનોએ તેનો ત્યાગ કર્યો હતો. પરંતુ તમામ ને પોતાની ભુલ સમજાઈ અને બાળકને તરત જ અપનાવી લીધો હતો. મહાન રાજા ભોજના અત્યાર સુધીનામાં (છ) ૬ અભિલેખો પ્રાપ્ત થયેલો જોવા મળે છે.[23]

જયારે રાજા ભોજ જીવિત હતા ત્યારે કહેવાતું કે,

अद्य धारा सदाधारा सदालम्बा सरस्वती।
पण्डिता मण्डिताः सर्वे भोजराजे भुवि स्थिते॥

અથાર્ત : આજે જયારે રાજા ભોજ આ ધરરતી પર છે. તો ધારાનગરીનો આધાર કંઈક જોવા મળે છે. અને રાજા ભોજના દરબારમાં પંડીતો તેમજ વિદ્વવાનોનો આદર થાય છે.

જયારે રાજા ભોજનું મૃત્યુ થયું ત્યારે કહેવાયું કે,

अद्य धारा निराधारा निरालंबा सरस्वती।
पण्डिताः खण्डिताः सर्वे भोजराजे दिवं गते ॥

અથાર્ત : આજે જયારે રાજા ભોજનું મૃત્યુ થયું છે ત્યારે ધારાનગરી અનાથ થઈ ગઈ છે. મા સરસ્વતીના આરાધકોનો આશ્રય ખોવાઈ ગયો છે. અને તમામ પંડીતો તેમજ વિદ્વવાનો આ ધરા પર ખંડીત થઈ ગયા છે.

રાજા ભોજ પરમાર વંશના નવમાં રાજા હતા.[24] પરમાર રાજ વંશે આઠમી સદીથી ચૌદમી સદી સુધીના પૂવાર્ધમાં રાજ કર્યાના ઐતિહાસિક પુરાવાઓ મળે છે. રાજા ભોજે અનેક યુઘ્ધ કર્યા અને પરમાર વંશી કીર્તિમાં આગવું સ્થાન હાંસલ કર્યુ. એમણે માળવામાં અનેક મંદિર બનાવ્યા હોવાનું જાણવા મળે છે.

રાજા ભોજ સ્વયં જ એક વિદ્વાન તો હતા જ પણ કહેવાય છે કે, એમણે ધર્મ, ભૂગોળ વિદ્યા, કળા, કોષ રચના, ભવન નિર્માણ, કાવ્ય, ઔષધી શાસ્ત્ર, ઈત્યાદિ વિષયો પર પુસ્તકો લખેલ છે જે અત્યારે પણ જોવા મળે છે. રાજા ભોજના સમયમાં (ઈ.સ.

[21] પ્ર.શિ. પૃષ્ઠ–૨૨

[22] એંજન પૃ–૨૨

[23] પ.રા.ઈ., પૃષ્ઠ ૬૦–૬૫

[24] *ऐतहासिक स्थानावली*, પૃષ્ઠ ૩૧૯

૧000 થી ૧૦૫૫) વિદ્વાન અને પંડીતોનો આશ્રય દાતા હતો. અને એમના માટે એક કહાવત પણ પ્રચલિત થઈ છે કે, कहाँ राजा भोज कहाँ गंगू तैली રાજા ભોજે હર એક વિષયમાં ગ્રંથ લખ્યા જેમાં ૮૪ જેટલા ગ્રંથોનો સમાવેશ થાય છે.

**બાંસવાડાથી મળેલ અભિલેખ :** અભિલેખમાં કોંકણના વિજય બાદ વાર્ષિક ઉત્સવ મનાવાય છે. ત્યારે એક બ્રાહમણને આપેલ ભૂમિ દાનનું વર્ણન કરેલું જોવા મળે છે. જે સંવત ૧૦૭૬ અને ૩ જાન્યુઆરી ૧૦૨૦માં પ્રકાશીત થયેલ છે.

**બેતમાનાં અભિલેખ :** સંવત ૧૦૭૬ અને ઈ.સ. ૧૦૨૦ના આ અભિલેખમાં ભોજ રાજાના કર્મચારીઓ, બ્રાહ્મણો અને અન્ય ગ્રમાજનોની માહિતી અંકીત કરવામાં આવી છે. રાજા ભોજ દ્વારા પોતાના માતા–પિતાની પુણ્યતિથિએ તથા કોંકણના વિજયના ઉલ્લાસમાં દાન આપવાનો ઉલ્લેખ જોવા છે.

**ઉજૈન અભિલેખ :** સંવત ૧૦૭૯ ઈ.સ. ૧૦૨૧ના આ અભિલેખમાં પરમાર રાજા ભોજે ઉત્પ્રવાસી ઋગ્વેદી બ્રાહ્મણના પુત્ર ધનપતિને વીરાણાકે ગામને દાન આપ્યાનો ઉલ્લેખ જોવા મળે છે.

**સરસ્વતી પ્રતિમાનો અભિલેખ :** સંવત ૧૦૧૧નો આ અભિલેખ બ્રિટીશ મ્યુઝીયમમાં છે. તેમજ આ અભિલેખ સરસ્વતી માતાની પથ્થરની પ્રતિમા પર અંકીત થયેલ છે. જેમાં સંવત ૧૦૯૧માં રાજા ભોજ માતા સરસ્વતીની પ્રતિમાનું નિર્માણ શિલ્પકાર સીહરના પુત્ર મન્થળ દ્વારા કરાવ્યાનો ઉલ્લેખ મળી આવે છે.

**તિલકવાડાના તામ્રપત્ર :** સંવત ૧૧૦૩ના આ તામ્રપત્રમાં ઘન્ટેશ્વર મંદિરના ખર્ચા અને નિર્માણ હેતું વિલુહજ અને ઘન્ટીપલ્લી ગામની ભૂમિને દાનમાં આપી હતી. આ જમીન રાજા ભોજના રાજપાલ જશોરાજે આપી હતી. તે ઉલ્લેખનું આલેખન યેલ જોવા મળે છે.

**કલ્લવન અભિલેખ :** આ અભિલેખમાં સૂર્ય ગ્રહણના સમયે રાજા ભોજે ઈ.સ.૧૦૧૯–૨૦ આસપાસ કોંકણ રાજય પર વિજય પ્રાપ્ત કર્યો હતો. તથા છ નગરો વિશેની માહિતી અંકીત કરવામાં આવેલ છે. સદર અભિલેખ મહારાષ્ટ્રના નાસિક શહેરમાંથી મળી આવેલ છે.

ઉપરોકત દર્શાવેલ અભિલેખોમાં રાજાભોજ વિશેની માહિતીઓ ઉપલબ્ધ છે. તમામ અભિલેખોનો વિસ્તૃતમાં વર્ણન કરવામાં આવેલ નથી માત્ર ટૂંકમાં વિગતોનું વર્ણન કરવામાં આવેલ છે. આ માહિતી પરમાર રાજવંશ કા ઈતિહાસ પુસ્તકમાંથી રજુ કરવામાં આવેલી છે.

**ઈન્દ્રરથ સાથે યુધ્ધ :** ઉદયપુર પ્રશસ્તિમાં જણાવ્યા અનુસાર જયારે ભોજ રાજા સોલંકી જયસિંહ સાથે યુધ્ધ કરી રહયો હતો એ જ સમયે ઈન્દ્રરથ નામના રાજકુમાર સાથે યુધ્ધ થાય છે અને ઈન્દ્રરથ પર રાજા ભોજની નિર્ણાયક વિજય થાય છે.

**લાટ સાથે યુધ્ધ :** ઈન્દ્રરથ અને જયસિંહ સાથે થયેલા યુધ્ધોના સિવાય લાટ પ્રદેશ પર યુધ્ધ કર્યુ અને આ વિશાળ પ્રદેશનું આધિપત્ય હાસલ કરી નાખ્યું હતું. રાજા ભોજની શકિતશાળી સેનાએ અનેક રાજયો પર પોતાની જીત હાંસલ કરી હતી.

**મુસ્લીમો સાથે યુધ્ધ :** જયારે રાજા ભોજ શાસન પર આવ્યા એ જ સમયે મહમદ ગઝનીએ ભારત વિરૂધ્ધની ગતિ વિધીઓ શરૂ કરી હતી. આ સમયે મહમદ ગઝનીએ આનંદપાલ સાથે યુધ્ધ કરવાની તૈયારીઓ કરી અને પરમારોએ આનંદપાલ માટે મુશ્કેલીમાંથી પાર પાડવા સહાયક બની યુધ્ધ કર્યુ હોવાના પુરાઓ મળી આવે છે. આમ મુસ્લીમ સાથે પણ યુધ્ધ થયું હોવાની બાબતો ઈતિહાસના પન્નાઓમાં કયાંક જોવા મળે છે.

આમ, રાજા ભોજનું ઐતિહાસીક અવલોકન કરવાથી જાણવા મળે છે કે, એ લોકોના પરમ પ્રિય સમ્રાટ હતો. એણે ભારતના હર એક ખુણાને પોતાની સીમામાં સમાવવાનો પ્રયત્ન કરેલ હતો. જીવનમાં અત્યંત મુશ્કેલીઓનો સામનો કરી પરમાર રાજવંશને આગવી દિશા આપી અને ધારા નગરીને રાજધાની બનાવી હતી.

## પરમાર રાજવંશનું પતન

ગુજરાતમાં ચોલુકય આધિપત્યનો અંત કુમારપાળની મુત્યુ થી જ ઈ.સ.૧૧૭૨માં થયો. તેના ઉતરાધિકારી અજયપાળમાં રાજયના વહિવટનું જ્ઞાન ન હતું. અજયપાળના અત્યાચારોએ જ પતનની શરૂઆત કરી હતી. ચાર વર્ષના ટુંકા શાસનમાં ઈ.સ.૧૧૭૬માં પ્રતિહારો સામેના યુધ્ધમાં અજયપાળ માર્યો ગયો. ઈ.સ. ૧૧૭૩ થી ૧૧૭૭ના વચ્ચેના સમયમાં હરસેલોએ માળવા પર લૂંટ–માર કર્યાના પુરાવાઓ મળી રહે છે. ઈ.સ.૧૧૬૨ના બલગમિ પ્રસ્તર લેખ અનુસાર હરસલોએ માળવા પર એટલી તેજીથી આક્રમણ કર્યુ કે માળવાનો નાશ કર્યો હતો.

ગુજરાતના ચોલુકયો સાથેના યુધ્ધમાં અર્જુનવર્મન અને જયસિંહના આ યુધ્ધમાં પરમારોની (માળવાના પરમાર) હાર થાય છે. અને અંતે બંને રાજાઓ વચ્ચે સંધી થાય છે.આ જ સમયે યાદવોએ દક્ષિણથી માળવા પર આક્રમણ કર્યુ અને આમા યાદવોની વિજય થાય છે. આમ હવે, પરમારોની પડતી આવવા લાગી હતી. અંદરો– અંદરના યુધ્ધોનો અંત તો આવ્યો જ ન હતો. ત્યારે મુશ્લીમ આક્રમણોએ વેગ હાથ ધર્યો હતો.

આ સમયે દેવપાલ ગુજરાતના સામ્રાજયને નષ્ટ કરવામાં વ્યસ્ત હતો. એ સમયે માળવા ના ઉતરી– પૂર્વી સીમા પર મુસ્લીમોએ રણનાદ કર્યો અને માળવાના આ ભાગ પર આધિપત્ય હાંસલ કર્યુ હતું. આ તમામ મુશ્કેલીઓ તો પુરી થઈ પણ ન હતી. અને વિરધવનના પુત્ર વિસલદેવે ઈ.સ.૧૨૪૩માં ગાદીએ આવ્યો અને માળવા પર આક્રમણ કર્યુ હતું. ડભોઈ ઉત્કીર્ણ લેખ અનુસાર માળવા અને દક્ષિણના શાસકો ને પરાસ્ત કરી વીસલદેવે સિધ્ધિ હાસલ કરી હતી.

આમ, વારંવાર આજુ બાજુના પાડોશી રાજાઓ સાથે થયેલા યુધ્ધોના પરિણામે પરમાર વંશનું સામ્રાજય નષ્ટ થઈ જાય છે. પરમાર વંશે ભારતના ઈતિહાસમાં અત્યંત મહત્વની ભૂમિકા ભજવેલી જોવા મળે છે.

## સંદર્ભસૂચી


1. ''नवसाहसांकचरित'' **પદ્મ ગુપ્ત પરીમલ કૃત, પં.વામન શાસ્ત્રી વ્દારા સંપાદીત, મુંબઇ સંસ્કૃતિ, લાઇન ૬૩ થી ૧૬૬૩**
2. ''प्रबन्ध चिंतमानी'' **-આચાર્ય મેરૂતુંગ કૃત, પં. હજારીપ્રસાદ દ્વિવેદી (હિન્દી ભાષાંતર) સિંધી અને જૈન ગ્રંથમાળા-અમદાવાદ કલકત્તા, ઇ.સ. ૧૯૪૦**
3. **''પ્રબંધ ચિંતામણી''-આચાર્ય મેરૂતુંગ કૃત, રા.રા. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી (ગુજરાતી ભાષાંતર)** પ્રકાશક : શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ. પ્રથમ આવૃતિપ ઇ.સ. ૧૯૪૩
4. ''परमार राजवंश का इतिहास'' - **ડૉ.ડી.સી.ગાંગુલી,(અનુવાદકઃપં.લક્ષ્મીકાન્ત માલવીય) પ્રકાશન કેન્દ્ર, લખનઉ, બીજી આવૃતિ-૨૦૧૩,** ISBN NO. : 978-93-85593-41-3
5. ''राजपूत वंशावली'' - **ઠા.ઇશ્વરસિંહ મડાઢ, રાજસ્થાની ગ્રંથાગાર, જોધપુર, પંદમી આવૃતિ-૨૦૧૩,** ISBN NO. : 81-86103-27-9
6. ''परमार वंश दर्पण'' सिंढायच दयालदास कृत- **ડૉ.દશરથ શર્મા, રાજસ્થાની ગ્રંથાગાર-જોધપુર, બીજી આવૃતિ-૨૦૧૫,** ISBN NO. : 978-93-84168-60-5
7. ऐतहासिक स्थानावली, विजयेन्द्र कुमार माथुर, राजस्थान हिंदी ग्रंथ अकादमी, जयपुर, 1999

# ભારતીય સંસ્કૃતિની પરંપરા લોક મેળાઓ (ગુજરાતના સદર્ભમાં)

**ડૉ.મોતીભાઈ એચ.દેવું**
મદદનીશ પ્રાધ્યાપક;
મ.દે.ગ્રામસેવા સંકુલ, ગૂજરાત
વિદ્યાપીઠ, સાદરા
તા-જિ-ગાંધીનગર.

**પ્રસ્તાવના :**

ભારતીય સમાજ અને સંસ્કૃતિનો ઇતિહાસ અતિ પ્રાચીન છે. પ્રાચીનતાની સાથે સાથે ભારતીય સમાજ અને સંસ્કૃતિમાં નિરંતરતા પણ જોવા મળે છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, એનો સમાજ અને સંસ્થાઓ પણ આજે જીવિત છે. એની પરંપરાઓ આજે ભારતીય જીવનમાં વિદ્યમાન છે.[1] ભારતીય સંસ્કૃતિમાં 'પર્વ અને તહેવારો ભારતની સાંસ્કૃતિક વિવિધતા તથા સામાજિક વિરાસતનો પરિચય છે. ભારતમાં દીપાવલી, હોળી, મોહરમ તહેવાર મનાવવામાં આવે છે. પર્વ, તહેવાર અને મેળાઓ કોઇપણ સમાજના લોક જીવનનું અભિન્ન અંગ છે.[2] લોકસમુદાય અને આદિવાસીઓમાં રોજ બરોજના જીવનમાં મેળો મેળાવડા હર્ષ, ઉલ્લાસની ક્ષણો ઉમેરે છે. નિરાંત અને આનંદના આ દિવસો તેઓને જીવવાનું બળ આપે છે. અને જાતને અભિવ્યક્ત કરવાની તક પણ આપે છે. કદાચ મેળા મેળાવડા એવા સામાજિક-ધાર્મિક પ્રસંગો છે. જયારે વિવિધ પરિવાર અને જાતિના લોકો એકબીજાને મળી, પોતાના અસ્તિત્વન ઓળખ આપે છે.[3] લોક સંસ્કૃતિ નો સર્જક માનવી લોક સંસ્કૃતિમાં બે શબ્દો જોડાયેલા છે. 'લોક' અને 'સંસ્કૃતિ' લોક અને લૌકિક શબ્દ વેદકાળથી આપણે ત્યાં વપરાતા આવ્યા છે. અહીં લોક સંસ્કૃતિના લોકનો અર્થ માનવસમૂહ જે ખેતી, પશુપાલન, અને તેના આનુષઙ્ગિક ધંધાઓ સાથે સંકળાયેલા છે. પુરાણી પરંપરાઓના પ્રવાહમાં જીવે છે. તેમાં ગ્રામ પ્રદેશોમાં રહેતા અને પર્વતીય વિસ્તારોમાં વસતા વનવાસીઓનો સમાવેશ થાય છે.[4] પ્રાચીન સમયથી ભારતીય સંસ્કૃતિ કૃષિ પ્રધાન હોવાથી પંચાગ, ઋતુઓ અને ખેતીના કામકાજ ની જરૂરિયાતો સાથે ઉત્સવો અને મેળાઓની ઉજવણીનો સમય ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે. સામાન્ય રીતે મેળાઓના આયોજનો ત્રણ વિભગમાં વહેચી શકાય. ચોમાસાની ઋતુમાં, શ્રાવણ ને ભાદરવા માસમાં, પૂર્ણિમા અને અમાસના દિવસોમાં સૌથી વધુ મેળાઓ યોજાય છે.[5]

**મેળાનો અર્થ;**

પ્રાચીન સમયમાં ભિન્ન ભિન્ન સમયે લોકમેળા ભરાતા, દેવ દેવીઓના ઉત્સવો થતાં આ મેળાઓ તેમજ ઉત્સવોની પ્રણાલિકા આજે પણ ચાલુ છે. પ્રાચીન સમયમાં મેળાને 'મહ' કહેતા. 'મહ' શબ્દ 'મખ' શબ્દમાંથી ઉતરી આવ્યો હોય એવું જણાય છે. કારણ કે હરિવંશ પુરાણની

કેટલીક હસ્તપ્રતોમાં 'મહ' અને 'મખ' બંને શબ્દો વપરાયા છે. આવા મહ કે મેળાઓની સૂચી પણ પ્રાચીન સાહિત્યમાં મળે છે. એમાં ઇન્દ્રમહ, સ્કંદમહ કે ખંદમહ, રુદ્રમહ, શિવમહ, નાગમહ, જખ્મમહ, ભૂતમહ, ગિરીમહ, વગેરે ઉત્સવો ભિન્ન ભિન્ન સમયે ઉજવાતા.[6] મેળો એટલે સંસ્કૃતિનું સંગમસ્થાન સંસ્કારોની મિલન ભોમ. ત્યાં આવીને દેગો ચડે અને નાત-જાતના ભેદભાવ વગર સૌને પેટપૂર ખાવા મળે, ત્યાં કથા વાર્તાઓ ચાલે. ઉર્મિઓની અભિવ્યક્તિનું સહિયારું સ્થાન તે મેળો.[7]

ભગવત ગો મંડલ મુજબ મેળો એટલે અંત ઘડીએ છેલ્લો મેળાપ થવો તે, કોઈ ઉત્સવની ઊજવણી નિમિતે ગમ્મત કરવાને ભેગા થયેલા લોકો. મેળો ભરવો એટલે ઘણાં માણસ એકઠા કરવા, ઘણાં માણસો ઉત્સવ કે યાત્રા નિમિતે એકઠા થવા. નક્કી તારીખે અને મુકરર કરેલ સ્થળે ભરાતું વિધવિધ વસ્તુઓનું ગંજાવર બજાર. અગાઉ આવા મેળા આનંદોત્સવ નિમિતે ભરાતા. તે વખતે ફેરિઆ અને વેપારીઓ ઉત્સવ અર્થે આવા લોકસમુદાયનો સંપૂર્ણ લાભ ઉઠાવતા. અમેરીકા અને વિલાયતમાં કેટલાક વિશિષ્ટ પ્રકારના મેળા ભરાય છે. અમેરિકમાં ઉનાળો પુરો થવા આવે અને ખેતરોમાં ખળાં થઇ જાય એટલે દરેક રાજ્યમાં હજારો ખેડૂતો મેળો ભરે છે. મેળાઓમાં ખેડૂતો પોતાના ખેડ, ખાતર,ખેતીના ઓજારો, સારા ઢોરઢાંખર, પાકના નમુના વગેરે રજુ કરે છે.[8] લોક મેળાઓ ગુજરાતના સમગ્ર લોકસમુદાય માટે એક સવિશેષ મહત્વ ધરાવે છે. આ લોકસમુદાયના સીધા, સાદા અને પરિશ્રમ ભરેલા જીવનમાં આનંદ અને ઉત્સાહ પ્રગટાવનાર અવસર આ લોકમેળાઓમાં જ છે. આવા મેળાઓ એમણે મનોરંજન તો પૂરું પાડે જ છે. તદુપરાંત ઘરની બહાર મુક્ત વાતાવરણમાં વિહરવાનો, સમૂહમાં હરવા-ફરવાનો, મહાલવાનો લહાવો પણ આપે છે. પરિચિતોને મળવાનો અને નવા સબંધો બાંધવાનો મોકો પણ આ મેળાઓ જ પુરા પાડે છે.[9]

માનવ જીવનમાં આનંદ, ઉલ્લાસ અને ચેતનાના રંગ છાંટણા નાખી લોક હૈયાને હેલે ચડાવનાર મેળાઓ સદાયે મોખરે રહ્યા છે. મેળો એટલે હળવું-મળવું, પરંપરાગત રિવાજ મુજબ નક્કી કરેલા સ્થળે ભેગા થવું. મેળાઓ પાછળનો હેતુ જીવનને આનંદ થી માણવાનો તથા જીવનની ઉન્નત અને પરિપૂર્ણ ભાવનાઓનો સાક્ષાત્કાર કરાવવાનો હોય છે. ચોમાસાની ઋતુમાં શ્રાવણ અને ભાદરવા માસમાં પૂર્ણિમા અને અમાસના દિવસોમાં સૌથી વધુ મેળાઓ યોજાય છે.[10] મેળો એ ભક્તિ, શક્તિ, અને સૌંદર્યનો ત્રિવેણી સંગમ છે. લોકઊર્મિની અભિવ્યક્તિનું સહિયારું સ્થાન છે. મેળો માનવીના થાકેલા મનને હળવુંફૂલ બનાવી નવી તાજગી બક્ષે છે.[11] ભારતીય લોકપરંપરામાં ભારતના ભાતીગળ લોકજીવનમાં મેળા માનવજીવનનું પ્રતિબિંબ ઝીલે છે. મેળા લોકજીવનમાં એક અગત્યનું અંગ છે. જીવનમાં ઉત્સવ આનંદ છલકાવનારી એક વિશિષ્ટ લોક પ્રવૃત્તિ છે. મેળાનું મહત્વ કાશ્મીરથી કન્યાકુમારી અને ડિબ્રુગઢ થી દ્વારકા સુધી

ભારતમાં એકસરખું જ છે. પરંતુ ગુજરાતના લોકમેળાઓ તેની વિશિષ્ટ લોક સંસ્કૃતિને કારણે અલગ તારી આવે છે.[12] "માનવી સમૂહમાં હળે-મળે તે સમુદાયને સંસ્કૃતમાં '**मेलए** 'કે '**मेलक** ' કહેવાય છે. અમરકોશ' **मेलक सेगमो** 'એવી વ્યાખ્યા કરે છે. મેળામાં ભેગા થયેલા સમૂહનો પરસ્પર સંગ થતાં તેમનો સંગમ થાય. ભાષાઓમાં **मेलक** શબ્દ પરથી 'મેળો' શબ્દ આવ્યો હોય તેવી સંભાવના છે. તેની વ્યુત્પતિ '**मेलक, मेला**', **मेलो** 'એ રીતે થઈ શકે. આચાર્ય શ્રી હેમચંદ્રના' **बन्धलू मेलपाह** 'ની વૃતિમાં' **बन्धल्लो मेलक** 'એમ સમજાવ્યો છે. આ ઉપરાંત 'સહિત' સાથે મળવું એ અર્થમાં '**भेंडी** ,**भेंडी** અને **भेली** 'એવા ત્રણ પર્યાયો આવ્યા છે. સંભવત કે ગુજરાતી શબ્દ '**मेलक-मेली** 'ઉપરથી ઉતરી આવ્યો હોય. મેળા માટેનો અંગ્રેજી શબ્દ 'Fair' લેટિન શબ્દ 'ફ્રેઅપ' (Foire) પરથી બન્યો છે.[13] ગુજરાત સાર્થ જોડણી કોશ પ્રમાણે જોઈએ તો સસ્કૃતમાં '**मेलक**' પ્રાકૃત માં 'મલય' હિન્દી મરાઠીમાં '**मेला**' થાય છે.[14]

**લોકમેળાઓ ગુજરાતના સદર્ભમાં:**

ગુજરાતમાં વર્ષ દરમ્યાન નાના-મોટા મળીને ૧૫૨૧ કરતા વધુ મેળા ભરાય છે. આ મેળાઓ મુખ્યત્વે દેવી-દેવતાઓ, સંતો, મહંતો અને પીરના મેળાઓ હોય છે. એટલે કે મોટાભાગના મેળાઓ ધર્મોત્સવ માટે ઉજવાતા મેળાઓ છે. આજે મનોરંજનના અનેક સાધનો હોવા છતાં લોકોના મનમાંથી લોકમેળાઓ અને લોક ઉત્સવોનું આકર્ષણ જરા પણ ઘટ્યું નથી.[15] રાજ્ય સરકારો દ્વારા પ્રવસ સ્થળોએ મેળાઓનું આયોજન કરવામાં આવે છે. તેમાં પારંપરિક તથા મેળાના વાતાવરણને પુનઃજીવિત કરી પ્રવાસનને પ્રોત્સાહિત કારે છે. મેળો એ કોઈ ધાર્મિક ઉત્સવ અથવા સ્થળ થી નહિ જોડાયેલ હોય પણ કોઈ ઐતિહાસિક સ્મારક, પ્રાકૃતિક દૃશ્ય, રમતગમત, તથા આધુનિક મનોરંજનના સાધનો સાથે જોડાયેલ છે. સામાન્ય રૂપમાં જોઈએ તો આવા અવસર પર શિલ્પકારો એ પોતાની શિલ્પ વસ્તુઓ વેચવા માટે બોલાવવામાં આવે છે. પોતાની કલા હેતુ રાષ્ટ્રીય અથવા રાજ્ય સ્તર નો પુસ્કાર પ્રાપ્ત કરે છે.[16]

લોકમેળા અને ઉત્સવોની વણઝાર લોકજીવનમાં આનંદનો અબીલ ગુલાલ ઉડાડતા ઉત્સવો, તહેવારો અને મેળાઓનું મહાત્મય તો વળી અનેરા પ્રકારનું જ છે. લોક જીવનનું દૈવત એના સાંસ્કૃતિક લોકોત્સવોમાં દૃષ્ટિગોચર થાય છે. હોળી, હલોતરા, મેઘરાજાની છડી, જળઝીલણી અગિયારસ, દરીયાપીરનો ઉત્સવ, ઘોઘરાયનીઘડી, રૂપાલની પલ્લી, રબારીઓનો પુંજ ઉત્સવ, તુલસીવિવાહ, અને અખાત્રીજ જેવા ઉત્સવો પ્રંસગો જોવા મળતી મેરની ઘોડા દોડ,

કચ્છના રબારીઓની ઊંટ દોડ, અને ભાલ પંથકના ખેડૂતોની સાંતી ગાડાં દોડ જોનારના રુંવાડા ખડા કરી દે છે. [17]

મેળો ભારતીય સંસ્કૃતિના સામાજિક અને ધાર્મિક પરિવેશને જીવંત કરતું ઉત્તમ માધ્યમ છે. મેળોએ માનવસંસ્કૃતિના પ્રતિબિંબનું પ્રતિક છે. કોઈપણ સમાજ, સંસ્કૃતિ તેની આર્થિક વ્યવસ્થા, ચડતી-પડતીની સમગ્ર ગાથાનું સ્વરૂપ એટલે મેળો. આપણા રોજિદા રોજબરોજ માળખામાંથી બહાર નીકળી આપણી સામાજિક પ્રવૃત્તિ, ધાર્મિક ભાવના, આર્થિક પરિસ્થિતિ અને વૈજ્ઞાનિક પ્રગતિ આ બધાના સમન્વયનું પ્રતિક આપણને મેળામાં જોવા મળે છે. ગુજરાતમાં આવી સબળ સાંસ્કૃતિક ધરોહરને સાચવી રાખતા આવા કેટલાય વિશિષ્ટ મેળાઓ થાય છે. તેમાં જૂનાગઢ ભવનાથનો-શિવરાત્રિ મેળો, તરણેતર મેળો, શામળાજી મેળો, અંબાજી ભાદરવી પૂનમ મેળો, સિદ્ધપુર કાર્તિક પૂનમ મેળો, ડાકોર મેળો વગેરે ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિની પરંપરા સાચવતા વિશિષ્ટ મેળાઓ એ ગુજરાતની લોકસંસ્કૃતિના પ્રતિક સમાન છે. ગુજરાતના પ્રવાસન વિકાસમાં આવા વિશિષ્ટ મેળાઓનું મહત્ત્વનું સ્થાન રહેલ છે. ગુજરાતના મેળાઓમાં વિવિધ વિસ્તારોમાં વર્ષ દરમ્યાન મેળાઓ પ્રાચીન સમયથી ભરાતા આવ્યા છે. તેમાં કેટલાક મેળાઓ મોટા પ્રમાણમાં ભરાય છે અને તેના માટે રાજય સરકાર તથા તંત્ર દ્વારા તેની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. આવા મેળાઓમાં જોવા જોઈએ તો અંબાજીનો ભાદરવી પૂનમનો મેળો, શામળાજીનો મેળો, તરણેતરનો મેળો, વૌઠાનો મેળો, નકળંગ નો મેળો, ભવનાથ મહાદેવનો મેળો, પલ્લીનો મેળો, સાદરાનો મેળો, સિદ્ધપુરનો મેળો, કચ્છના મેળાઓ, આદિવાસી વિસ્તારમાં ભરાતા મેળાઓ, ગુજરાતમાં વિવિધ વાર તહેવારે મેળાઓ ભરાતા હોય છે. તેમાંથી કેટલાક મેળાઓ વિશે અહીં ચર્ચા કરીએ.

તરણેતરનો મેળો: ત્રિનેત્ર (શિવ)નો લોકબોલીમાં અપભ્રંશ થયો તરણેતર. અને તરણેતર તરીકે જાણીતું થયેલું સ્થળ વાસુકિ ની ભૂમિ ગણાય છે. વાસુકિ નાગનું આ મૂળ રહેઠાણ હતું. સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ થી આઠેક કિલોમીટર પર આવેલા ત્રિનેત્રેશ્વર મહાદેવના પ્રાંગણમાં તરણેતરનો મેળો પ્રતિવર્ષ ભાદરવા સુદ ૪-૫-૬ ના રોજ ભરાય છે. ત્યારે ગુજરાત બહારથી પણ લોક ઉમટે છે. ત્રણ દિવસના આ મેળાનો મોટો મહિમા પાંચમનો નો છે. ઋષિપાંચમ.[18] મેળામાં આસપાસના ગ્રામજનો પણ વાદન અને નૃત્યમાં મસ્ત રહે છે. રંગબેરંગી પોશાક ધારણ કરી ઘૂમતા ને રંગ બેરંગી સુશોભિત છત્રીઓ ધારણ કરી સૌરાષ્ટ્રની જાત જાતની જાતિઓ આહીરો, રબારીઓ, કાઠીઓ, ભરવાડો ઉપરાંત લોકો ભાતભાતના ભરત ભરેલા પોશાક પહેરી અહીં એકઠા મળે છે. હુંડો રાસ, દાંડિયા રાસ, છત્રી નૃત્યો, દ્વારા લોક લાગણી વ્યક્ત થતી હોય છે. તરણેતર એટલે લોક જીવનનો ઉમંગ મેળો, રંગમેળો, પ્રણય મેળો.[19]

શામળાજી ખાતે દર વર્ષે કારતક સુદ અગિયારસ થી પુનમ સુધી લોકમેળો ભરાય છે. કારતક સુદ અગિયારસે એટલું બધું માનવ મહેરામણ ઉમંગ અને ઉલ્લાસપૂર્વક ઉમટી પડે છે. કે ચારે બાજુ આનંદ ઉત્સવનું આહ્લાદક દૃશ્ય સર્જાય છે. આ દિવસોમાં લાખોની સંખ્યામાં યાત્રાળુઓ મંદિરની મુલાકાતે આવે છે. આદિવાસી ભાઈઓ-બહેનો પણ મોટી સંખ્યામાં મેળો મહાલવા આવે છે.[20] આમ, શામળાજીનો મેળો પણ ગુજરાતના મહત્વના મેળાઓમાં તેનું સ્થાન છે. શ્રાવણ માસ દરમ્યાન સતત સોમવારના અને અમાસના દિવસે પણ લાખોની સંખ્યામાં લોકો આવે છે.

ભાદરવી પૂનમનો અંબાજીનો મેળો: બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકા મથક થી ૨૦ કિ.મી અંતરે ગુજરાતની ઉત્તર સીમાએ અરવલ્લીના ડુંગરોમાં નૈઋત્ય ખૂણામાં આરાસુરના ડુંગરો છે. ત્યાં અંબાજી મુકામે માં અંબાજી માતાજી મંદિર આવેલ છે. અહીં દર વર્ષે આસો સુદ દશમ (૧૦), ભાદરવા સુદ પૂનમ(૧૫), ચૈત્ર સુદ પૂનમ(૧૫) અને કારતક સુદ પૂનમ(૧૫) ના રોજ મેળો ભરાય છે.[21] અંબાજી માતાના મંદિરે ભાદરવી પૂર્ણિમાના મેળામાં લાખોની સંખ્યામાં માઈ ભક્તો આવે છે. મેળામાં આવનાર પ્રવાસીઓ મોટાભાગના પગપાળા ચાલતાં આવે છે. આ ઉપરાંત કેટલાંક લોકો ગુજરાત રાજ્યની માર્ગ વાહનવ્યવહારની બસો અને ખાનગી વાહનો દ્વારા મેળામાં આવે છે. અહી મંદિર સંચાલિત ધર્મશાળા તથા પાણીની પરબની વ્યવસ્થા છે. સેવા ભાવી સંસ્થાઓ તથા ભક્તો દ્વારા વચ્ચે વચ્ચે વિસામો, ગરમ પાણી, ચા, નાસ્તો, જમવાનું, મેડીકલ સુવિધા જેવા વિવિધ કેમ્પો દ્વારા સેવાની વ્યવસ્થા કરવામાં આવે છે.[22] અંબાજી એ પ્રવાસન રીતે ઘણું વિકસ્યું છે. ગુજરાત રાજ્ય પ્રવાસન ખાતું તથા પવિત્ર યાત્રા ધામ વિકાસ બોર્ડ દ્વારા પ્રવાસન વિકાસ માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે.

વડોદરાથી ૫૦ કિ.મી. દૂર ચાંપાનેર પાસે આવેલું પાવાગઢ મંદિર જાણીતી શક્તિપીઠમાની એક શક્તિપીઠ છે. આ જગ્યા પર સતીની છાતીનો ભાગ કપાઈને પડ્યો હતો એવું માનવામાં આવે છે. નવરાત્રિમાં આ સ્થળ પર ભાવિકોની ભીડ વધારે જોવા મળે છે. એક જ પર્વત પર નાનાં-નાનાં મંદિર હોવાનાં કારણે આ જગ્યાનું નામ પાવાગઢ પડ્યું. દર પૂનમના દિવસે અહીં મેળો ભરાય છે. પાવાગઢમાં પ્રવાસીઓ પ્રવાસે આવે છે. અને ત્યાંના સ્થાનિક લોકોનો રોજગાર પ્રવાસન પર આધારિત છે.

વરદાયિની માતા પલ્લી મેળો - વરદાયિની માતાનું મંદિર ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામે ગાંધીનગરથી ૧૩ કિ.મી અંતરે આવેલ છે. ગાંધીનગર- ગોજારીયા માર્ગ પર આવેલું છે. રૂપાલ વરદાયિની માતાનું પ્રાચીન મંદિર આવેલું છે. વર્તમાનમાં આ સ્થળે નવીન મંદિરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. વિશાળ જગ્યામાં મંદિર બનાવવામાં આવી રહ્યું છે. વરદાયિની માતાનું સ્થાપન પાંડવોના સમયથી થયેલ છે. વરદાયિની માતા મહાત્મ્ય પુસ્તકમાં

ઉલ્લેખ મુજબ પાંડવોએ અહીં માતાજીની સ્થાપના કરેલી અને પછી વિવિધ પુરાણોમાં પણ તેના ઉલ્લેખો આવે છે.[23] આસો-સુદ ૯ સવારથી જ પલ્લી મેળાની તૈયારીની શરૂઆત થઇ જાય છે. આ તૈયારીમાં ગામમાં તમામ કોમના લોકો કોઈપણ જાતના ભેદભાવ વગર ઉમંગથી ભાગ લે છે. વણકર ભાઈઓ પલ્લી માટે ખીજડો કાપે છે. સુથાર ભાઈઓ પલ્લી ઘડે છે. વાળંદભાઈઓ વરખડાના સોટા બાંધે છે. કુંભાર ભાઈઓ કુંડા છાંદે છે. માળી ભાઈઓ ફૂલથી શણગારે છે. તથા માંડવીઓ બનાવીને  લાવે છે. મુસ્લિમ પિંજારા ભાઈઓ કુંડામાં કપાસ પૂરે છે. પંચોલી ભાઈઓ માતાજીના નૈવેધ માટે સવા મણનો ખીચડો બનાવે છે. ચાવડા ભાઈઓ પલ્લીની રક્ષા માટે ખુલ્લી તલવારે ઉપસ્થિત થાય છે. ત્રિવેદી ભાઈઓ પલ્લીની પૂજા કરાવે છે. ત્યારબાદ પટેલ ભાઈઓ પલ્લીની આગળ, ચાવડા ભાઈઓ પલ્લીની સન્મુખ મોં રાખી પલ્લીની રક્ષા માટે પાછા પગે પલ્લી યાત્રાના અંત સુધી ચાલે છે. તે દરમ્યાન વાળંદ ભાઈઓ પલ્લીની આગળ મશાલ લઈને ચાલે છે. પલ્લી યાત્રા દરમ્યાન ગામના ૨૭ ચકલાઓ આગળ પલ્લી ઉભી રાખવામાં આવે છે. જ્યાં લાખો ભક્તો, લાખો કિલો ઘીનો અભિષેક કરે છે. આમ, સવારે પલ્લી માતાજીના મંદિરની સામે બનાવેલ પલ્લી મંદિરમાં પરત આવે છે. ત્યારબાદ માતાજીની તથા પલ્લીની આરતી કરવામાં આવે છે. આમ, પલ્લી યાત્રા પૂર્ણ થાય છે.[24] પલ્લી મેળામાં ૧૦ લાખ કરતા વધુ લોકો આવે છે. ગુજરાત રાજ્ય સરકાર તથા વરદાયિની માતા ટ્રસ્ટ દ્વારા વિવિધ સગવડો ઉપલબ્ધ કરવામાં આવે છે. તેમાં સરકાર દ્વારા સમગ્ર પલ્લી મેળા દરમ્યાન પોલીસ બંદોબસ્ત તથા કોઈ ઘટના ન બને તેના માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવે છે. પલ્લી મેળામાં મોટા પ્રમાણમાં પલ્લી પર ઘી નો અભિષેક કરવામાં આવે છે. લાખો શ્રદ્ધાળુઓ પોતાની મનોકામના પૂર્ણ કરવા બાધા રાખે છે. ઘી ની અને ઘીના અભિષેક પલ્લીના મેળા દરમ્યાન પલ્લી પર અભિષેક કરવામાં આવે છે.[25] દર વર્ષે પલ્લી દરમ્યાન શુદ્ધ ઘીનો અભિષેક કરવાની જૂની પરંપરા છે. જેમાં મોટા પ્રમાણમાં ઘીનો અભિષેક કરવામાં આવે છે. પલ્લીના વધતા જતા મહત્ત્વને લઈને દર વર્ષે ભાવિકોની સંખ્યા વધતી જાય છે.[26]

વરદાયિની માતા મંદિર રૂપાલ પલ્લી મેળાના દિવસે લાખોની સંખ્યામાં લોકો આવે છે. આ ઉપરાંત દર માસની પૂનમે પણ મેળો ભરાય છે. નવરાત્રિના નવ દિવસ, દર રવિવાર તથા રજાઓના દિવસો દરમ્યાન શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં આવે છે. ગાંધીનગર કલોલ હાઈવે પર તથા પાટનગરની નજીક આવેલું હોવાથી વિવિધ સગવડતાઓ અહીં ઉપલબ્ધ છે. પૂનમે તથા પલ્લીના દિવસે પ્રસાદની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવે છે.[27] રૂપાલ ગામ હાઈવે પર હોવાથી આવનાર પ્રવાસીઓને વિવિધ સુવિધાઓ મળી રહે છે. એ.ટી.એમ. દેનાબેંક સુવિધા છે. ચા-નાસ્તા, હોટલ સુવિધા છે. આ ઉપરાંત માતાજીના પરિસરમાં લગ્ન પ્રસંગો તથા વિવિધ સામાજિક પ્રસંગોની ઉજવણી પણ કરવામાં આવે છે.[28]

જક્ષણી માતાજીનો સાદરાનો મેળો: સાદરાનો મેળો ધાર્મિક મહત્વ સાથે જોડાયેલો છે. મેળાના દિવસે જક્ષણી માતાના પ્રાંગણ અને સાદરા ગામની બજારે હજારોની સંખ્યામાં યાત્રાળુઓનો માનવ મહેરામણ ઉમટેલો જોવા મળે છે. ભાદરવા મહિનાના બીજા રવિવારે આ મેળો ભરાય છે. ધાર્મિક દૃષ્ટિએ આ મેળો વર્ષોથી ભરાતો આવે છે. વડીલોની રૂબરૂ મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે જક્ષણી માતાના મંદિરે વિવિધ જ્ઞાતિના લોકો જેવા કે ચૌધરી, રબારી, ઠાકોર, રાવળ, શીખ, લુહાર, દરબાર, સુથાર, બ્રાહ્મણ, પટેલ વગેરે આવી તેઓ જક્ષણી માતાજીની બાધા રાખે છે. આ ઉપરાંત ચૌલક્રિયાની બાધા (બાબરી) કરાવવાવાળા લોકો આ દિવસે બાધા ઉતારે છે. આ ઉપરાંત દરેક જ્ઞાતિના લોકો અનેક પ્રકારની બીજી બાધા રાખે છે. અને તે દિવસે બાધા ઉતારે છે. પહેલા મેળો એક દિવસનો હતો. હવે શનિવારના રાત્રે અને રવિવારના દિવસે મેળો ભરાય છે. મેળાની શરૂઆત ધાર્મિક દૃષ્ટિએ રવિવારના વહેલી સવારે ગામ તથા આજુ-બાજુના ગામના લોકો સ્ત્રી અને પુરુષો જે માતાજીની બાધા રાખે છે. તેઓ આવે છે, બાધા લોકોએ માટે રાખે છે કે તેમના પશુઓ અને પરિવારને  વર્ષ દરમ્યાન કોઈ રોગચાળો ન રહે. લોકો સવારે વહેલા રવિવારે માતાના મંદિરે દર્શન કરવા આવે છે. તે પહેલા નદી કિનારે જઈ વનસ્પતિનું લીલું દાતણ કરી, નદીમાં પાણી હોય તો ત્યાં સ્નાન કરી પ્રથમ માતાજીના દર્શન કરે છે. સવારે વહેલા માતાજીના પ્રાંગણમાં જઈ દાતણ કરવું એ વર્ષોથી પરંપરાગત અવિરત પણે જળવાઈ રહ્યું છે. ખાસ કરીને પશુપાલન કરનાર તથા ખેતી કરનાર ખેડૂતોની સંખ્યા વિશેષ પ્રમાણમાં આવતી જોવા મળે છે. ત્યાં માતાજીને શ્રીફળ, સુખડીનો પ્રસાદ ધરાવવામાં આવે છે. તેમાં રબારી, ચૌધરી સમાજના લોકો તો ફરજીયાત સુખડી અને શ્રીફળ ધરાવે છે. બપોરના ૧૦ કલાકની આસપાસ સાદરા આજુ-બાજુના ગામોના લોકો મેળામાં આવે છે. જક્ષણી માતાના દર્શન કરે છે. અને કેટલાક લોકો પોતાની મનોકામના પૂરી કરવા માટે સંકલ્પ કરે છે. અને તે સંકલ્પ પુરો થાય ત્યારે ફરી વાર માતાજીના દર્શનાર્થે આવે છે. એટલે કે આ મેળો ધાર્મિક દૃષ્ટિએ જક્ષણી માતાના મંદિરે હજારો શ્રદ્ધાળુઓ આવી દર્શનનો લાભ લે છે. જક્ષણી માતાએ વાણિયા જ્ઞાતિના લોકોની કુળદેવી પણ છે. એટલે તે પછી નવરાત્રી આવતી હોવાથી તેમાં આ લોકો ખાસ ઉપસ્થિત રહેતા હોય છે. ધાર્મિક પ્રવાસનની દૃષ્ટિએ સાદરાના મેળાનું મહત્વનું સ્થાન રહ્યું છે.

કચ્છમાં પણ અનેક મેળાઓ પરબ-તહેવારે યોજાય છે. અને તેની વિશિષ્ટ સૌરભ પ્રસરતી રહે છે. વસ્તુત મેળો યોજાય છે. કોઈ આસ્થા કે શ્રદ્ધાના કેન્દ્ર સ્થાને પ્રજા જીવનને બળ અને પ્રેરણા તો ત્યાંથી મળે જ છે. પણ સાથે ભળે છે અનોખો આનંદ અને શુભ તત્વ પ્રત્યેની નિરપવાદ નિષ્ઠા એટલે કે કચ્છના મેળાઓમાં કોમી સંવાદિતતાને અદભુત સમન્વય જોવા મળે છે. હાજીપીર, રૂકશાનાપીર, કારોલ પરથી માંડી મેકણદાદા, જેસલ તોરણ, રમદેપીર ના

મેળાઓમાં અનોખો સંસ્કૃતિ સંગમ દૃષ્ટિગોચર થાય છે. અહીં વિવિધ જાતિઓ જાણે આ ભૂમિના લોક સાગર તીરે એક મંત્ર, એક તંત્ર થઈને ઉભું રહે છે.[29] કચ્છના મેળાઓમાં નારાયણ સરોવર, વરણુંદાદા, મેકણદાદા, હાજીપીર, રૂકશાનાપીર, જેસલ તોરણ, રાવળપીર, રવેચી, સાંગવારી માતાજી, મોટા યક્ષ, રામદેપીર, હબુચમાતાજી, લોલાશાનો મેળો, ગુરુદત્ત મેળો, હિંગરિયા, માઈનો મેળો, શિવરાત્રીના મેળા, સાતમ-આઠમના મેળાઓ, ભુજિયાનો મેળો, ભાદરવાના મેળાઓ વગેરે મેળાઓ કચ્છમાં ભરાય છે.

ગુજરાતના વિવિધ આદિવાસી વિસ્તારમાં વિવિધ મેળાઓ ભરાય છે. તેમાં જોઈએ તો દાહોદ વિસ્તારમાં આમળી અગિયારસનો મેળો ચોસાલ, હોળીનો મેળો રંધીકપુર, ચુલનો મેળો રણીયાર, ગોળ ગધેડાનો મેળો જેસાવાડા, અખાત્રીજનો મેળો રતનમાળ, જન્માષ્ટમીનો મેળો સંજેલી, દશેરાનો મેળો દેવગઢ બારીયા વગેરે મેળાઓ ભરાય છે. ચાડીયાનો મેળો, અગ્નિદેવની બાધા, લાવડી ખેચવનો મેળો, શ્રદ્ધાનો મેળો, ગણદેવનો મેળો, હોળીનો મેળો, દિવાળીનો મેળો, ડાંગ દરબારનો મેળો, ગુણભાંખરીનો ચિત્ર વિચિત્રનો મેળો, ભાંખરનો આગિયાવીર વૈતળનો મેળો, પાલોદરનો ચોસઠ જોગણીઓનો મેળો, માધવપુરનો મેળો, વગેરે મેળાઓના ગુજરાતના વિવિધ વિસ્તારમાં ભરાતા હોય છે.

**મૂલ્યાંકન:**

આમ, સમગ્ર રીતે જોતા ભારતીય સંસ્કૃતિની વિવિધ પરંપરાઓ પ્રાચીન સમયથી ચાલી આવે છે. તેવી જ લોક સંસ્કૃતિની પરંપરા એટલે લોક મેળાઓ. લોકમેળાઓ ગુજરાતમાં લોક સમુદાયને આકર્ષે છે. મેળામાં વિવિધ પરિબળો માણસને પરંપરા ટકાવી રાખવામાં અગત્યનું સ્થાન ધરાવે છે. મેળામાં માણસો સિવાય પણ વિવિધ ચીજ વસ્તુઓનું વેચાણ પણ થાય છે. સાથે સાથે સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ મેળાઓનું સ્થાન મહત્વનું રહ્યું છે. ગુજરાતમાં વિવિધ લોક સંસ્કૃતિના પાસાઓમાં લોકમેળાઓની પરંપરા વર્ષોથી ચાલી આવતી પરંપરા છે. આજે પણ એટલું જ મહત્વ રહ્યું છે. જેમ જેમ મનોરંજન ના સાધનોનો વિકાસ થતો જાય છે તેમ તેમ મેળાઓમાં પણ એ મનોરંજન સાધનો ઉપલબ્ધ થતાં જાય છે. ઘણા બધા ગુજરાતના મેળાઓ એવા છે કે તેમાં લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. તેની વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવે છે. બસોની સુવિધા, વહીવટ તંત્ર દ્વારા મેળો માણવા આવેલા લોકોને કોઈ મુશ્કેલી ના પાડે તેના માટેની વ્યવસ્થાઓ અને સુવિધાઓ ઉભી કરવામાં આવતી હોય છે. આમ, ભારતીય સંસ્કૃતિ ની પરંપરામાં મેળાનું સ્થાન મહત્વનું રહ્યું છે.

**પાદટીપ**

1. મુકરજી, રવીન્દ્રનાથ, ભારતીય સમાજ વ સંસ્કૃતિ, વિવેક પ્રકાશન, દિલ્હી, પ્રથમ આવૃત્તિ-૧૯૬૪, પુન:મુદ્રણ-૨૦૧૧, પૃ.-૩૫૮.

2. શર્મા રાજેશ, ભારતીય સમાજ, કલા ઔર સંસ્કૃતિ, ઈશિકા પબ્લિશિંગ હાઉસ, જયપુર, ૨૦૧૩, પૃ.-૫૩.
3. ભટ્ટ રક્ષા, ગુજરાતની સંસ્કૃતિ – સભ્યતા અને વારસાની શાશ્વત ક્ષણો, માહિતી કમિશ્નર, ગાંધીનગર, ૨૦૧૧, પૃ.-૧૨૭.
4. ઠાકર ધીરુભાઈ (પ્રમુખ સંપાદક), કસ્તુરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથ શ્રેણી-૩, ગુજરાત, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૯૫, બીજી આવૃત્તિ-૨૦૦૦, પૃ.-૨૩૪.
5. જાદવ જોરાવરસિંહ, ગુજરાતની લોક સાંસ્કૃતિક વિરાસત, માહિતી કમિશ્નર, ગાંધીનગર, ૨૦૧૦, પૃ.-૧૮૦.
6. પટેલ રામુ (પ્રધાન સંપાદક), વેસ્ટર્ન ટાઈમ્સ, ગુજરાત, ૨૦૦૦, પૃ.-૫.
7. પરમાર જયમલ્લ, આપણી લોક સંસ્કૃતિ, ભારતીય સાહિત્ય સંઘ લિમિટેડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૫૭, બીજી આવૃત્તિ-૧૯૭૬, પૃ.-૨૯૦.
8. ભગવતસિંહજી, ભગવત ગો મંડલ, ભાગ-૮, પ્રવિણ પ્રકાશન, રાજકોટ, પ્રથમ આવૃત્તિ,૧૯૫૪, પુન:મુદ્રણ-૧૯૮૬, પૃ.-૭૩૭૨.
9. સેદાણી હસુતાબેન, ગુજરાતની લોક સંસ્કૃતિ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૯૪, બીજી આવૃત્તિ-૨૦૧૪, પૃ.-૭૭.
10. રામાનુજ જાગૃતિ, રામાનુજ વી., આપનું ગુજરાત પ્યારું ગુજરાત, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૧૭, પૃ.-૧૧૩.
11. જાદવ જોરાવરસિંહ, ઉપરોક્ત, પૃ.-૧૮૭.
12. ઓઝા રશ્મિ હર્ષદરાય, લોક જીવનમાં મેળાનું મહત્વ, પથિક, અંક-૧૨, ૨૯ સપ્ટેમ્બર,૧૯૯૯, પૃ.-૧૧.
13. એજન, પૃ.૧૧.
14. સાર્થ ગુજરાતી જોડણી કોશ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૮, પૃ.-૬૭૯.
15. બ્રહ્મભટ્ટ આલાપ, ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ, માહિતી કમિશ્નર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ૨૦૧૪, પૃ.-૮૬.
16. સુરજીતસિંહ, પર્યટન કે સિદ્ધાંત, રાવત પ્રકાશન, દિલ્લી, ૨૦૧૨, પૃ.-૨૧૭.
17. ઠાકર ધીરુભાઈ (મુખ્ય સંપાદક), ઉપરોક્ત, પૃ.-૨૪૦.
18. ઓઝા દિગંત, ગૌરવભૂમિ ગુજરાત, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૧૦, પૃ.-૧૫૬-૧૫૭.
19. ઠકાર મિનાક્ષી, તીર્થભૂમિ ગુજરાત, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૦૨, પૃ.-૪૪.

20. એજન, પૃ.૧૧૨.
21. પટેલ સુરેશભાઈ સી., બનાસકાંઠા જિલ્લાના મહત્વના લોકમેળાઓ- એક ઐતિહાસિક અધ્યયન, ડૉ.સુરેશભાઈ સી.પટેલ, પાલનપુર, ૨૦૧૩,પૃ.-૭૩.
22. એજન, પૃ.-૭૭.
23. દવે નટવરલાલ મણિશંકર, શ્રી વરદાયિની મહાત્મય, શ્રી વરદાયિની માતાજી સંસ્થા, રૂપાળ, ગાંધીનગર,૨૦૦૧.
24. અરવિંદભાઈ ત્રિવેદી, મેનેજર, વરદાયિની માતા મંદિર, રૂપાલ, રૂબરૂ મુલાકાત, તા-૬-૧૧-૨૦૧૬.
25. પ્રહલાદભાઈ અંબાલાલભાઈ પટેલ, રૂપાલ, રૂબરૂ મુલાકાત, તા-૬-૧૧-૨૦૧૬.
26. ગુજરાતના મેળા અને ઉત્સવો, માહિતી કમિશનર, ગાંધીનગર, ૨૦૧૪, પૃ.-૪૬.
27. નાગજીભાઈ રામાભાઈ રબારી, રૂપાલ, રૂબરૂ મુલાકાત, તા-૧૭-૭-૨૦૧૬.
28. અતુલકુમાર ભાનુંપ્રસાદ દવે, પુજારી, વરદાયિની માતા, રૂપાલ, રૂબરૂ મુલાકાત, તા-૬-૧૧-૨૦૧૬.
29. ગાંધી વનું, ગૌસ્વામી પ્રાણગિરિ, (સંપાદન-રમેશ સંઘવી), કચ્છના લોક મેળાઓ, વિચારશીલ પ્રકાશન, મુંબઈ, ૧૯૯૩, પૃ.-૪.

# પાટણનું પટોળું – એક વૈભવી વિરાસત

સાધુ ખુશ્બુ વિનોદભાઈ
પીએચ.ડી. સ્કોલર, સમાજવિદ્યા ભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

## પ્રસ્તાવના

ભારત સમૃધ્ધ સાંસ્કૃતિક વારસો ધરાવતો દેશ છે. જેમાં ભૌતિક અને જૈવિક વારસાનો સમાવેશ થાય છે. બાળકને જન્મ સાથે જ મા-બાપનાં શારીરિક અને માનસિક લક્ષણો મળે છે. જેને જૈવિક વારસા તરીકે આપણે ઓળખીએ છીએ. જ્યારે ઘર, જમીન, જાગીર કે સ્થાવર-જંગમ મિલકત વારસામાં મળે તેને આપણે ભૌતિક વારસા તરીકે ઓળખીએ છીએ. તે રીતે માનવી પોતાની આવડત, બુધ્ધિ, શક્તિ, કલા-કૌશલ્ય દ્વારા જે કાંઈ મેળવે છે કે સર્જન કરે છે તેને સામાન્ય રીતે સાંસ્કૃતિક વારસો કહેવાય છે. તે જ રીતે સમાજ-જીવનમાં પૂર્વજો દ્વારા શરૂ થયેલી પરંપરાઓ, રૂઢિઓ, રીત-રિવાજો અને એક વિશેષ પ્રકારની જીવનશૈલીને પણ આપણે સાંસ્કૃતિક વારસા તરીકે ઓળખી શકીએ. આ ઉપરાંત આપણે બીજી બાબતો જેવી કે શિક્ષણ, ખેતી, વેપાર, રોજિંદા જીવન માટેના નીતિ નિયમો, ઉત્સવો, મનોરંજન, કલા કારીગરી, માન્યતો, કૌશલ્યોનો સમાવેશ પણ તેમાં કરી શકીએ. ભારત એ વિશ્વનો પ્રાચીન દેશ હોવાના લીધે તેની ઉત્તમ પરંપરાઓ, સામાજિક મૂલ્યો, રૂઢિઓ, રીત-રિવાજો, પરિવાર વ્યવસ્થા સાથેની ખાસિયત ધરાવતા સાંસ્કૃતિક વારસાનું જતન અને જાળવણી કરવાની આપણી ફરજ બની રહે છે. પ્રાચીન ભારતની ચોસઠ કલાઓ જેમાં હસ્તકલા, કારીગરી, કસબ, હુન્નર, ચિત્ર, સંગીત, નાટ્યકલા અને નૃત્યકલા ઈત્યાદિ ગણાવી શકાય. આપણી પ્રાચીન મુદ્રાઓ પણ મૂલ્યવાન હતી. ભૂતકાળમાં વિદેશી પ્રવાસીઓ કે આક્રમણો માટે ભારતની સમૃદ્ધિ આકર્ષણનું કેન્દ્ર હતું. ભારતના સાંસ્કૃતિક વારસાનું સૌંદર્ય ભારતીય કારીગરો અને કસબીઓની હુન્નર પારંગતતામાં સમાયેલું છે. ભારતના ભાતીગળ જીવનને તેઓ તેમની કલા કારીગરી અને હુન્નર ઉદ્યોગો દ્વારા કુશળતાથી વિકસાવેલી છે. ભરત-ગૂંથણ, કાપડ વણાટ, કાષ્ઠકલા, માટીકામ, ધાતુકામ, ચિત્રકલા, કાપડ રંગાટીકામ, ચર્મ ઉદ્યોગ, મીના કારીગરી, નકશીકામ, અકીક અને હીરાને લગતી કૌશલ્યપૂર્ણ કારીગરી, શિલ્પ-સ્થાપત્ય, હાથવણાટને લગતી કારીગરી વગેરેએ ભારતની એક આગવી ઓળખ છે. પ્રાચીન સમયથી ભારત વસ્ત્ર-વિદ્યા ક્ષેત્રે જાણીતું છે. ભારતના કુશળ કારીગરો દ્વારા

તૈયાર થતી ઢાકાની મલમલનો તાકો દિવાસળીની પેટીમાં સમાતો અથવા સાડી વીંટીમાંથી પસાર થઈ જતી હોવાની વાતો જાણીતી જ છે. કશ્મીર સહિત ભારતમાં બનતા ગાલીચા, પાટણનાં પટોળાં, કાંજીવરમ તેમજ બનારસી સાડીઓ રાજસ્થાનની બાંધણીઓ જેવા હાથવણાટના બેનમૂન હુન્નરના નમૂના એ ભારતની એક આગવી ઓળખ અને સાંસ્કૃતિક ધરોહર ગણી શકાય છે. ગુજરાતમાં સોલંકી યુગના સુવર્ણકાળ દરમ્યાન તે વખતના પાટનગર પાટણમાં અનેક કારીગરો જે સાળવીઓ હતા તે આવીને વસ્યા હતા. તેમની આવડત અને કૌશલ્યને લીધે ખાસ કરીને પાટણનાં પટોળાં જગતભરમાં વિખ્યાંત બન્યા. પાટણનો આ હુન્નર આશરે ૭00 વર્ષો કરતાં પણ પ્રાચીન હોવાનું જણાય છે. અત્યંત અટપટી, જટિલ અને સમય માંગી લેતી આ કલા હાલમાં મર્યાદિત કારીગરો પાસે રહી છે. પાટણમાં બનતાં આ રેશમી વસ્ત્ર 'બેવડ ઈક્ત' (ઈક્ટ વણાટ) ને પટોળાં તરીકે ઓળખવામાં આવે છે. જેમાં બંને બાજુ એક જ ભાત દેખાતી હોઈ બન્ને બાજુ પહેરી શકાય છે. પટોળાં વર્ષો સુધી ટકે છે અને તેનો રંગ પણ જતો ન હોવાથી આપણે ત્યાં 'પડી પટોળે ભાગ, ફાટે પણ ફીટે નહિ' કહેવત પણ પ્રચલિત થઈ છે.

## પાટણની ઐતિહાસિકતાઃ

ભૌગોલિક દ્રષ્ટિએ સમૃધ્ધ એવા પ્રદેશની શોધમાં નિકળેલ વનરાજ ચાવડાએ ઈ.સ. 746 માં સરસ્વતિ નદી તટે આ નવું પતન (પાટણ) વસાવ્યું હતું. જેનું નામ પોતાના મિત્ર અણહિલ ભરવાડના નામ પરથી અણહિલપુર રાખ્યું હતું. આદ્ય ઐતિહાસિક કાલના શાર્યાતવંશના શાસનકાળ દરમ્યાન ગુજરાતને 'આનર્ત' નામે ઓળખવામાં આવતું ત્યારબાદ આ પ્રદેશ ગુર્જર દેશ, ગુર્જરાજ કે અણહિલપુર પટ્ટન જેવા નામથી ઓળખવામાં આવતું હતું. ગુજરાતમાં સોલંકી-વાઘેલા કાલીન સમયને સુવર્ણયુગ તરીકે ઓળખવામાં આવે છે. આ યુગની શરૂઆત ઈ.સ.942માં મૂળરાજ પહેલાએ સોલંકી વંશની સ્થાપના કરી હતી. ત્યારબાદ પાટણની ગાદી ઉપર ચામુંડરાજ, વલ્લભરાજ, સિધ્ધરાજ, ભીમદેવ, કુમાળપાળ જેવા વીર પરાક્રમી રાજાઓ થઈ ગયા. જેમના સમયમાં પાટણમાં રાજકીય, સાંસ્કૃતિક, આર્થિક વગેરે ક્ષેત્રોમાં વિકાસ થયો. સંસ્કૃતિનો અર્થ એવો હોય છે કે ઊંચી જાતનું વિજ્ઞાન, રાજ્યવ્યવસ્થા, વહેમોનો નાશ, તેમજ સારી ખેતી, સારા ઉદ્યોગો સ્થાપી પોતાની જીવન જરૂરિયાતોની ચીજ-વસ્તુઓ બનાવી શકે. ઈ.સ.પૂર્વે 2400 ખંભાતનો મણિયારો હડપ્પીય પત્થર કારીગરોએ જે કળા વિકસાવી હતી તે જ

પ્રક્રિયાનું અનુકરણ આપણે કરતા આવ્યા છીએ. સોલંકી સમયમાં અણહિલવાડના રાજાઓ જેમ ભોયની ઉપજ લેતા તેમ દેશમાંની જતા માલ ઉપર દાણ લેતા હતા. સમુદ્રગમન અને વ્યાપારના કામકાજ સંબંધી થોડુંક જ લખવામાં આવેલ છે તો પણ વહાણ, વહાણવટા અને ચાંચવાના નામ આવે છે. સિધ્ધરાજના સમયમાં વહાણવટિયા અથવા સાયાંત્રિક, ચાંચવાઓની બીકથી પોતાની માલમતા કોથળામાં સંતાડીને દેશમાં લાવતા હતા. પાટણના વહાણવટા વિશે જાણતા સમજાય છે કે પાટણમાં નાના-મોટા ઉદ્યોગો વિકાસ પામેલા અને જેની આયાત-નિકાસ વિદેશ સાથે પણ કરવામાં આવતી હશે. ગુજરાતમાં આ સમય દરમ્યાન અનેક જ્ઞાતિઓ બિરાજમાન હતી. જેમાં હજામ, સોની, કાસ્યકાર, છાપકામ, ઝવેરી, કંસારા, ભીસ્તી, વણકર, સુથાર વગેરે જ્ઞાતિઓ પ્રમાણે તેમના ધંધાઓનો વિકાસ થયો હતો. જેની નોંધ દેશીનામાવલી તથા અન્ય સાહિત્યોમાંથી મળે છે. આ સમય દરમ્યાન શિલ્પ-સ્થાપત્ય, સાહિત્ય, કલા, રાજકીય, સાંસ્કૃતિક ક્ષેત્રોનો વિકાસ ચરમસીમાએ રહ્યો હતો. ઈ.સ.1304 માં અલ્લાઉદ્દીન ખીલજીના સૈન્યએ સોલંકી-વાઘેલા વંશના છેલ્લા રાજા કર્ણદેવ પાસેથી પાટણનો કબજો લીધો અને પાટણમાં મુસ્લિમ સત્તા સ્થપાઈ. મોઘલકાલીન સમયમાં પણ પાટણ તેમનું જુનું પાટનગર રહ્યું હતું. આ સમયગાળામાં ગુજરાત આર્થિક અને હુન્નર ઉદ્યોગની દ્રષ્ટિએ સમૃધ્ધ હતું. અહમદશાહે ઈ.સ.1411માં અમદાવાદ વસાવ્યું. ત્યારબાદ થોડાક સમય પછી ગુજરાતની જૂની રાજધાની પાટણને બદલે અમદાવાદ બની હશે તેમ છતાંય પાટણમાં મુસલમાન સુલ્તાનોએ હુન્નર ઉદ્યોગોને ઉત્તેજન આપવા ઘણા પ્રયત્નો કર્યા હતા. જૂના પાટણનો અસ્ત ક્યારે થયો અને નવું પાટણ ક્યારે ઊભું થયું તે વિશેની ચોક્કસ માહિતી મળતી નથી. પરંતુ અમદાવાદ રાજધાની બન્યા પછી પાટણના હસ્તકળા ઉદ્યોગ સાથે સંકળાયેલ કારીગર વર્ગમાં ધીરે ધીરે ઘટાડો થવા લાગ્યો.

## પાટણના પટોળાની ઐતિહાસિકતા

પાટણમાં પટોળાં ક્યારથી વણાય છે તે અંગે ચોક્કસ માહિતી મળતી નથી. તેમ છતાંય પટોળાના સર્જનહાર સાલવી લોકોને પાટણમાં કુમાળપાળ કે સિધ્ધરાજ કે કર્ણદેવના સમયમાં આવેલા કેટલાક ઇતિહાસકોરો તેમને દક્ષિણાના જાલના પ્રદેશમાંથી આવ્યા હોવાનું માને છે તેમ છતાંય સાહિત્યો, ઇતિહાસકારના લખાણો, લોકગીતો, દંતકથાઓ અનુસાર તેમને સિધ્ધરાત જે કર્ણદેવના સમયમાં આવ્યા હોય તેમ માનવામાં આવે છે. વળી સાલવીઓની જાતિ અને ધર્મ

વિશે પણ અલગ-અલગ માહિતી મળે છે. પાટણમાં સાલવીઓ સિધ્ધરાજના સમયમાં માતા મયણલ્લા સાથે દક્ષિણ ભારતમાંથી આવ્યા હોવાનું મનાય છે. આમ જોઈએ તો સાલવીઓ કર્ણદેવના સમયમાં આવેલા જણાય છે. આ ઉપરાંત અનેક લોકકથાઓ મુજબ આપણને જાણવા મળે છે કે પટોળા બનાવનાર સાલવીઓ પાટણના નહી પણ અન્ય વિસ્તારમાંથી આવેલા જણાય છે.

રાસમાલામાં જણાવ્યા મુજબ કુમારપાળે સપાલદક્ષના રાજાએ ઉત્તરાસન વસ્ત્ર મોકલ્યું તે તેણે રાખ્યું નહિ. તેથી કુમારપાળે ચાહડને સૈન્ય લઈ મોકલ્યો. ચાહડે બંબેરામાં ઘેરો નાંખીને 700 કુશળ સાલવી લઈને પાટણ આવ્યો. કુમારપાળ રાસામાં બંબેરી નગરના રાજા પાસે કોરું પટોળું લેવા દુતને મોકલ્યો તેણે ન આપ્યું તેથી બાહડ સૈન્ય લઈને ગયો તેને સાત હજાર સાલવીઓને પાટણમાં લાવીને વસાવ્યા.

પ્રબંધ ચિંતામણીમાં જણાવ્યા મુજબ બંબેરક પત્તનના સ્વામી રાજા વીસલદેવ પત્તન (પાટણ)માં કુમારપાળ ભૂયાલને પ્રતિભૂત તરીકે ઉત્તમ પટોળું (पट्टकुलवर्य) મોકલ્યું હતું. ચાહડને વસ્ત્ર પહેરેલ જોઈને કુમારપાળો પૂછ્યું, ત્યારે તેણે જણાવ્યું કે બંબેરમાં રાજા બળવાન છે ત્યાં પટોળા વણનાર સાલવીઓના સાતસો ઘર છે. અને વીસલદેવ આ પટોળા પહેરીને પછી વેચાણ માટે નગરની બહાર મોકલે છે. આમ, ચાહડે પટોળા વણનારને પાટણમાં લાવવા બિંબેર ઉપર આક્રમણ કર્યું.

ગુરુપટ્ટાવલીમાં જણાવ્યા મુજબ કુમારપાળ પટોળું પહેરીને શ્રી પાર્શ્વનાથજીની પૂજા કરે છે, ત્યાં મુંગીપટ્ટણથી રાજાનો મિત્ર વેપારી દેરાસરમાં દર્શન કરતાં આ દ્રશ્ય જોવે છે. તે રાજાને જણાવે છે કે આ પટોળું પવિત્ર નથી પણ તે બીજાએ પહેરેલું છે. વધુ માહિતી આપતાં તે જણાવે છે કે મુંગીપટ્ટણના રાજા જેટલા ચીર ઉતારે તે લઈ વેપારોને પરદેશમાં વેચવા મોકલે છે. ત્યારે કુમાળપાળ સેવકને મુંગીપટ્ટણ જઈ સાલવીઓને પાટણ લાવવા મોકલે છે. સાવલીઓની સાથે દેવ શ્રી નેમીનાથ, આદિશ્વર અને ગૌતમસ્વામી તથા ગુરુ બગસેન ભટ્ટારક તમામને પાટણમાં લાવી સાતપરાં વસાવવામાં આવ્યા હતા. પાટણમાં સાલવીઓના ઘણા મહોલ્લા છે. ઈ.સ.1664-94માં કર્ણદેવના સમય દરમ્યાન પાટણમાં સાલવી હોવા જોઈએ. સિધ્ધરાજના રાણકદેવીના દોહામાં “પાટણનાં પટોળાં”નો ઉલ્લેખ છે. આમ જો સાલવીઓ કુમારપાળના

સમયગાળામાં એટલે કે ઈ.સ.1164-65ના સમયગાળામાં પાટણમાં વસવા આવ્યા હશે. અને કુમારપાળના સમયથી આજ સુધી સાલવીઓ પાટણમાં આવીને વસ્યા હોવા જોઈએ.

ભારત સરકાર દ્વારા 900 વર્ષ પ્રાચીન પાટણનાં પટોળાને જીઓગ્રાફીકલ ઇન્ડિકેશન- Geographical Indication માં રજીસ્ટ્રેશન આપવામાં આવ્યું. પરંતુ ગુજરાતની પાટણના પટોળાને તેમાં સ્થાન મળ્યું નહી.

## પટોળાના વિવિધ શાબ્દિક અર્થઃ

પટોળાનો શાબ્દિક અર્થ જોઈએ તો સદીઓથી 'પટ્ટ' શબ્દ ઉપરથી ઉદભવેલ છે. સંસ્કૃતમાં 'પટ્ટ' રેશમ માટે વપરાતો શબ્દ છે. વર્ણક સમુચ્ચયમાં વિવિધ વસ્ત્રોના નામનો ઉલ્લેખ મળે છે. 12મી સદી પૂર્વે તેને અલગ-અલગ નામથી ઓળખવામાં આવતું. જેમ કે, **पट्टकुल**, **पट्टपाटु**, **पट्टहीर**, **हीरपट्ट** વગેરે જેવા રેશમના વસ્ત્રો હતા. 12મી સદી પછી **पटोलक** નામનો ઉલ્લેખ સંસ્કૃત ભાષામાંથી મળે છે. રેશમી ઝીણા વસ્ત્રોને **पदांशुक** અને તેના આખા તાકાને **पटपाद्ध** કહેતા હશે. **पटपाटू** પાટણમાં બનતા, જે તેના "**पटणी पटपाटू**" ઉલ્લેખ પરથી લાગે છે. બંબેરક પત્તનનો રાજા વિસલદેવે પત્તન (પાટણ) માં શ્રી કુમાળપાળ ભૂપાલને પ્રતિભાભૂત તરીકે ઉત્તમ પટોળું (**पट्टकुलवर्य**) મોકલાવ્યું હતું. 17મી 18મી સદી બાદ પટોળાનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થતો. મધ્યયુગમાં પટોળાનો વિકાસ વધુ જોવા મળે છે. પરંતુ પટોળામાં સોના અને ચાંદીના તાર, રેશમનો ઉપયોગ થવાથી તે ઘણું મોંઘુ બન્યું. જેના કારણે સામાન્ય માનવીને તે પરવડે તેમ ન હતું. 19મી સદીમાં તેની માંગ ઓછી થઈ અને સુતર-રેશમના પટોળાં બનાવવાનું શરૂ થયું.

## પટોળાની રચના

પટોળાની રચના ખૂબ જ જટિલ છે. તેને અલગ અલગ પ્રક્રિયામાંથી પસાર કરીને પટોળું તૈયાર કરાય છે.

- શુધ્ધ સ્વદેશી રેશમનું બંડલ અને રેશમની આંટીઓ જે કાચા રેશમના બંડલ રૂપે પ્રાપ્ય છે.
- કાચા રેશમની આંટીઓ લઈ ખોલી અને પરતી (ફીરકી) ઉપર લેવાય છે. 8 પરતીમાંથી એક તાર બનાવાય છે. જેને અંગ્રેજીમાં (Multi-Planning of Thread) કહેવામાં આવે છે.

- રેશમની આંટીઓ લઈ તેના ઉપરના કીડા અને લાળને દૂર કરવા સોડા વોટર (ધોવાના સોડા)ની સાથે ઉકાળવામાં આવે છે અને તેને સફેદ બનાવાય છે.
- રેશમને બાફીને સફેદ કર્યા પછી તેને સ્વચ્છ પાણીમાં ધોવામાં આવે છે.
- 8 તાર ભેગા કરીને બનાવેલ આંટીઓ સ્પિનીંગ મશીનમાં (ચરખા ઉપર) વળ આપવાનું કાર્ય શરૂ થાય છે અને પછી તે રેશમ પટોળું બનાવવા ઉપયોગમાં લઈ શકાય તેવું બની જાય છે.
- સાડીની ભાતને ગ્રાફ પેપર ઉપર દોરી તેમાં તારની ગણતરી કરી તાણો અને વાણો તૈયાર કરાય છે. લંબાઈ અને પહોળાઈને પણ ધ્યાનમાં લેવાય છે.
- તાણો અને વાણો તૈયાર કરી લાકડાની ફ્રેમ ઉપર લઈ ગ્રાફ પેપરમાં તૈયાર કરેલ ડિઝાઈન અને કલરને અનુરૂપ બાંધણી તૈયાર કરાય છે.
- બાંધણી પ્રક્રિયામાં જે ભાગ રંગવાનો હોય તેને ખુલ્લો રાખી બાકીના ભાગમાં માપસરની ગાંઠો મારી સુતરાઉ દોરાથી બાંધી દેવામાં આવે છે આ પ્રક્રિયાને ટેક્ષટાઈલ ક્ષેત્રમાં 'ટાઈ અને ડાઈ' પધ્ધતિથી ઓળખાય છે.
- આ પ્રક્રિયા મુજબ સાડીમાં ક્રમશઃ કલર આવતા હોય તે ભાગને બાંધી છોડીને આ પ્રક્રિયા પૂર્ણ કરાય છે. આ કામ માટે બે થી અઢી મહિનાનો સમય લાગે છે.
- તાણા અને વાણાને ધોવાનું કામ કરાય છે અને તે પછી જ રેશમ વણવા લાયક બને છે.
- તાણાને રંગાઈ ગયા બાદ તેમને માપસર, હારબંધ તેની ડિઝાઈન પ્રમાણે શાળ ઉપર લેવાય છે અને વાણાને બોબીન ઉપર વીંટી દેવાય છે.
- તાણા અને વાણાને શાળ ઉપર લેવાય છે. શાળ ડાબી બાજુથી નીચી અને જમણી બાજુથી ઊંચી ઢાળવાળી હોય છે. વાંસના કાઠલામાંથી બોબીન મૂકી વારંવાર તાણામાંથી પસાર કરી વણાટકામ કરાય છે.

આમ 19 ફુટ લાંબુ અને 4 ફુટ પહોળું પટોળું તૈયાર કરતાં 3 થી 4 માસનો સમય કે તેથી વધુ સમય પણ લાગે છે. બે વ્યક્તિ દ્વારા દિવસમાં 6 થી 7 ઈંચ વણાટકામ થાય છે. પટોળાની આ સમગ્ર પ્રક્રિયા ખૂબ જ જટિલ હોય છે.

## પટોળાની રચના માટેની સાધન સામગ્રી

પટોળાની રચના માટે ઉપયોગમાં લેવાતા મોટાભાગના સાધનો લાકડાના હોય છે. જેમાં વાંસ, સીસમ અને સાગના લાકડાનો ઉપયોગ કરવામાં આવે છે.

(1) પરતી (ફીરકી) - તેનો ઉપયોગ તારને વીંટવા માટે થાય છે.

(2)સ્પિનીંગ મશીન – જે રેશમના તારને વળ આપવાનું કામ કરે છે અને તે લોખંડનું બનેલું હોય છે.

(3)અન્ય સાધનો – જેમાં લાકડાની ફ્રેમ (ચોકઠું) આંટી ખોલવા માટેનો ચરખો, કાંબળી, ટોકરું વગેરે જેવા સાધનોનો ઉપયોગ પ્રથમ તબક્કામાં થાય છે.

**શાળના સાધનો**

(1) તોર – જેને અંગ્રેજીમાં બીમ (Beam) કહે છે. જેની ઉપર કપડું તૈયાર થયા બાદ વીંટવામાં આવે છે.

(2) વી – જેને અંગ્રેજીમાં બીટર (Beater) કહે છે. તેનો ઉપયોગ વણાટ કરતી વખતે તારને ચુસ્ત કરવા માટે થાય છે.

(3) વેહ – વેહ દ્વારા તેને ક્રોસ આપવામાં આવે છે.

(4) ખસરા – તે સાગના લાકડાના બનેલ હોય છે. સાડીના પનાની લંબાઈને ધ્યાનમાં રાખી તાર ગૂંચાય નહી તેને માટે પ્રયોગ કરવામાં આવે છે.

(5) માંકડી – આ સાધન ઉપર શાળનો આધાર છે. તેની મદદથી શાળને દોરડા વડે બાંધી શકાય છે.

(6) બોબીન – તેનો ઉપયોગ રેશમના આડા તારને વીંટવા માટે થાય છે.

(7) નળી – તે વાંસના લાકડામાંથી બનાવાય છે. તેનો ઉપયોગ આડા તારને વણવા માટે કરવામાં આવે છે.

આ ઉપરાંત સ્ટીલનું વેલણ, લાકડાનો ભડો અને અનેક એવા નાના-મોટા સાધનો જેનાથી સૂક્ષ્મ કાર્ય થઈ શકે તેવા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.

**(6) પટોળાની વિવિધ ડિઝાઈન અને રંગ (કલર)**

પટોળામાં રાસાયણિક રંગોના બદલે કુદરતી રંગનો ઉપયોગ કરાય છે. આજથી 200 વર્ષ પહેલા પટોળામાં વનસ્પતિજન્ય રંગોનો ઉપયોગ થતો. પરંતુ અંગ્રેજી સત્તાની શરૂઆત થતાં ભારતમાં જે રાસાયણિક રંગો બજારમાં મુકવામાં આવ્યા ત્યારથી કારીગરોએ રાસાયણિક

રંગનો ઉપયોગ શરૂ કર્યો. પરંતુ વિદેશી પર્યટકોની તેમના પ્રત્યેની લાગણીને માન આપીને કેટલાક પરિવારે "Old is always Gold" ની કહેવાત સાર્થક કરી અને પર્યાવરણના પ્રાકૃતિક રંગોનો વપરાશ શરૂ કર્યો. તેમને શાકભાજીના મૂળ તત્ત્વોનો ઉપયોગ કરી રંગ બનાવવાનું સંશોધન કરેલું. જેમાં હળદર, ગલગોટા, ડુંગળીની છાલ, દાડમની છાલ, કાથો, ગળી, આવળ, લાખ, મજીઠ, કિરમજ વગેરેનો ઉપયોગ કરી આંખને ગમે તેવા રંગ બનાવ્યા.

પટોળાની ભાત વિશે કહેવાય છે કે "પડી પટોળે ભાત ફાટે પણ ફિટે નહી" પટોળું ગમે તેટલા વર્ષ જૂનું હોય પરંતુ તેની ડિઝાઈન અને કલર એવા જ સ્મરણીય આંખોને પણ અંજાવી દે તેવા હોય છે. સાલવીઓના જણાવ્યા મુજબ કુંજરભાત, ફુલભાત, રાસભાત, છાબડીભાત, ચોકઠાભાત, બાર હાથી ભાત, અખરોટ ભાત, ઝુમ્મરભાત, દાંડિયારાસ ભાત, વોરાગજી ભાત, નવરત્નભાત વગેરે જૂની અને પરંપરાગત ચાલી આવતી ભાતો છે.

**1. નારીકુંજર ભાતઃ**

આ ભાત ત્રણસો વર્ષ જૂની છે. વર્ણક સમુચ્ચયમાં રેશમમાંથી બનતા વસ્ત્રોની ભાતોમાં નારીકુંજ ભાતનો ઉલ્લેખ છે. જેમાં નૃત્ય કરતી મહિલા, પોપટ, હાથીનું સંયોજન હોય છે. પોપટ, સ્ત્રી અને હાથીની ડિઝાઈનથી બનેલ "પોપટ નારીકુંજ"નો આ સમૂહ જેમાં સંપૂર્ણ પ્રતીકનો આધાર એક ઝારીદારની અંદર બનાવેલ હોય છે.

**2. શ્રીકારભાતઃ**

આ ભાત સાલવી કુટુંબના પૂર્વજોએ બનાવી હતી તેમજ કુંવરબાઈના મામેરામાં પણ તેનો ઉલ્લેખ છે. તેને ગજવાડે પણ કહેવાય છે. તે ગજવાડે અથવા ગજની વડિ એમ સમાસરૂપે બનેલો છે. ગજનો અર્થ હાથી સ્પષ્ટ છે અને વડિ શબ્દ વટી ગોળી જેવા અર્થનો સૂચક છે. આ વટી કે વડિ શબ્દ વસ્ત્રોમાં આવતી ગોળી જેવી છે કે છુટી ભાતો માટે વપરાયો હોવાનો સંભવ છે. આ ભાતનો એક પીસ સ્વિટ્ઝરલેન્ડના બાસલ મ્યુઝિયમમાં અને બીજા પીસ ગાર્ડન સિલ્ક મિલ્કના માલિકના તાપી કલેકશનમાં રાખેલ છે. જેમાં કુમારપાળનો પ્રિય હાથી શ્રીકાર દર્શાવેલ છે. આ ડિઝાઈનના નિર્માણ બદલ સાલવીઓને Master of Cloyhs એવોર્ડ 2006માં મળેલ છે.

**3. અખરોટ ભાતઃ**

આ ભાતમાં અખરોટ જેવી ડિઝાઈનનો ઉપયોગ થતો હોવાથી તેને અખરોટ ભાત કહેવામાં આવે છે.

**4. રતનચોક ભાતઃ**

જેમાં ભૌમિતિક તથા હીરાના આકારના પ્રતીકો બનાવાય છે. જેમાં ચોકડીની ભાતમાં વિભિન્ન પ્રકારના ભાતનું આયોજન કરવામાં આવે છે.

**5. ફૂલવડી ભાતઃ**

જેમાં ફૂલના પ્રતીકનો પ્રયોગ કરીને વિશેષ રીતે ત્રણ ત્રણ ફૂલોની ભાત બનાવવામાં આવે છે.

**6. પોપટ મોર ભાતઃ**

જેમાં પોપટની આકૃતિ બનાવવામાં આવે છે. આ ડિઝાઈન વણકર સેવા કેન્દ્ર દ્વારા વિકસીત કરવામાં આવી છે. આ ભાતને એક ઝાળીદાર રેખાઓની અંદર ક્રિયાશીલ કરવામાં આવે છે. જેની પ્રેરણા આંધ્ર પ્રદેશના પારંપરિક "તેલિયા રૂમાલ" માંથી લેવામાં આવી છે.

આ કલા રસિકોએ અન્ય ડિઝાઈનનો વિકસાવેલ છે. જેમાં સરવરિયું, રૂદ્રાક્ષભાત, વેલેન્ટાઈન-ડે ભાત, સાંકળી ભાત, દિવડાભાત, કમળભાત, રસભાત, છાવડી ભાત વાઘકુંજ ભાત, વગેરેનો સમાવેશ થાય છે. પાટણ, ખંભાત, અમદાવાદ તથા સુરતમાં પટોળા સાડી બનાવવાની પદ્ધતિ એક સમાન છે. પરંતુ તેની અંદરની ભાતમાં ભિન્નતા જોવા મળે છે. ખંભાત, પાટણ તથા સૂરતના પટોળાના પ્રતીકોમાં અંતર જોવા મળે છે.

- **ખંભાતઃ**

ખંભાતમાં સફેદ રેખાઓથી ફૂલના પત્તા બનાવવામાં આવે છે. ઝાળીમાં વચ્ચે ગાઢા રંગના આંગણામાં (સાડીનો વચ્ચેનો ભાગ) ત્રણ સફેદ ફૂલો, કથ્થઈ રંગની ડાળીઓ બનાવવામાં આવે છે, જે કિનારી બાજુ હોય છે. અને તેમાં પત્તા અને ધારીઓ હોય છે.

- **પાટણઃ**

પાટણની પટોળા સાડીઓમાં ફૂલ પત્તાની ઝાળ નથી હોતી. આલંકર પાલવના બદલે કિનારી બાજુ રાખવામાં આવે છે. કિનારી ઉપર હાથી, ફૂલના ઝાડ, પોપટ તથા મનુષ્યની ભાત બનાવવામાં આવે છે. આ ભાતને એ રીતે બનાવવામાં આવે છે કે જેમાં પશુપક્ષિઓના પગ કિનારી બાજુ નહી પણ અંદરની બાજુ હોય છે. પાટણની સાડીઓમાં આંગણાના રંગ ઘાટ્ટા હોય છે. જેમાં લાલ, પીળા અને લીલા રંગની પ્રતીક બનાવવામાં આવે છે.

- **સૂરતઃ**

સૂરતની સાડીઓમાં કિનારી અને આંગણાના રંગમાં સામાન્ય લીલો રંગ હોય છે અને આંગણામાં લાલ રંગ હોય છે. વર્તમાન સમયમાં પટોળાનું કૃત્રિમ અને સસ્તુ રૂપ જોવા મળે છે જે વિશેષ રૂપથી સૌરાષ્ટ્ર રાજકોટના પટોળાના નામથી ઓળખાય છે. જે વાસ્તવમાં ડબલ ઇક્ત નથી પરંતુ તાના ઇક્ત રેશમી સાડી છે.

**7. પટોળાની કિંમત**

પટોળા બનાવવા માટેના શુધ્ધ રેશમ અને રંગોની કિંમત વધતા પટોળાની કિંમત પણ વધવા લાગી. વર્તમાન સમયમાં 70,000 થી માંડીને 1.5 લાખ સુધીની થાય છે. આ પૂર્વે પરંપરાગત રીતે નવ વાર ધરાવતી અને 45 થી 54 ઈંચ પહોળાઈ ધરાવતી સાડીઓ વણવામાં આવતી જેની કિંમત સામાન્ય માનવીને પરવડે તેમ ન હતી. તેથી સાલવીઓએ 19મી સદી બાદ હાથરૂમાલ, ટેબલક્લોથ, દુપટ્ટા, સ્કાપ અને ધોલપીસ વગેરે બનાવવાનું શરૂ કર્યું. સામાન્ય રીતે તેની કિંમત 5000 થી 10,000 સુધીની અંકાય છે. બીજા વિશ્વયુદ્ધ બાદ પટોળાની નિકાસ સામાન્ય કારણસર ઇન્ડોનેશિયાની સાથે તૂટી ગઈ જેના કારણ રૂપે સાલવીઓ જણાવે છે કે કુદરતી આપત્તી, અકસ્માત કે માનવ ઘટના હોઈ શકે. 19મી સદી બાદ પટોળાનું મોટા ઉદ્યોગપતિઓ, ગર્ભશ્રીમંતો, ખ્યાતનામ વિભૂતિઓ કે આર્થિક રીતે સધ્ધર એવા લોકો જ તેનો ઉપયોગ કરે છે.

**(7) ઉપસંહારઃ**

ગુજરાતના પ્રખ્યાત પાટણના પટોળાની કિંમત ઈ.સ. 1934માં 100 રૂપિયા હતી. પરંતુ આજે તેની કિંમત ચાર લાખ સુધી પહોંચી ગઈ છે. આ કલા લુપ્ત થઈ રહી છે. કારણ કે ચાર પરિવારો જ પટોળા બનાવે છે. ત્યારે ગુજરાત સરકારે આ કલાને જીવંત રાખવા માટે ટ્રેઈનીંગ આપવાનું શરૂ કરવાનું વિચાર્યું છે. પટોળું મશીનમાં નહી પણ હાથથી બનતું હોવાથી તેની રચનામાં લગભગ 4 થી 6 મહિના લાગે છે. અને જો પટોળા બનાવવામાં અન્ય કારીગરો તાલીમ લઈને પટોળા બનાવે તો આ કાર્ય ઝડપી બની શકે છે. 900 વર્ષ જૂની આ કળાને ખરીદનાર દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ ઘણા છે. પાટણમાં વિદેશથી આવેલ ઓર્ડર વર્ષમાં 50 થી 60 હોય છે. એટલે કે પાટણમાં બનેલ સાડીનું 40% એક્સપોર્ટ વિદેશમાં થાય છે. સંપૂર્ણ વિશ્વમાં પ્રખ્યાત પ્યોર સિલ્કમાંથી બનતી ઓરિજનલ પટોળા સાડી માત્ર ગુજરાતના પાટણમાં જ બને છે. એક લુમ પર વર્ષમાં અંદાજે 4 થી 5 સાડી જ બને છે. પાટણમાં કુલ 20

લુમ આવેલ છે. જેમાંથી એક વર્ષમાં એવરેજ 100 સાડી બની શકે છે. આમ, પાટણના પટોળાની કલાને જીવંત રાખવી જરૂરી છે. પાટણમાં પટોળાની સાડીનું એક મ્યુઝિયમ છે જેની મુલાકાત દિવસમાં અંદાજે 100 વિઝિટર્સ લેતાં હોય છે. જેના પરથી જાણી શકાય છે કે ટુરિઝમ ક્ષેત્રે પણ પાટણના પટોળાનું ખૂબ જ અનેરું મહત્વ રહેલું છે. પાટણનું પટોળું એ ભારતનો વૈભવી વારસો છે અને ગુજરાતની ઓળખ છે. આવી સાંસ્કૃતિક કલાને હેરિટેજમાં સ્થાન મળે તેવી અપેક્ષા લગભગ બધા જ ગુજરાતીઓને હશે જ.

## સંદર્ભસૂચિ


### ગુજરાતી ગ્રંથ

1. કડિયા ચંદ્રકાંત, 'પાટણના જિનાલયો', શેઠ આણંદજી કલ્યાણજી. અમદાવાદ, 2000.
2. ગિજુભાઈ, 'કલા કારીગરીનું શિક્ષણ', ભાગ-2, શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર-1934.
3. ગુજરાત સાહિત્ય પરિષદ 41 મું અધિવેશન 'પાટણની અસ્મિતા', ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણ, 2004
4. જોટે રત્નમણિરાવ ભીમરાવ, 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ', ભાગ-1-2, 1945.
5. દિવેટીયા હરિસિધ્ધભાઈ વજુભાઈ, 'ગુજરાતના ઐતિહાસિક લેખો' – ધી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ- ભાગ-3, 1942.
6. પટેલ સોમાભાઈ ડાહ્યાભાઈ, 'વણાટ પરિચય', ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-1957.
7. પાઠક ચંદ્રકાન્ત, 'ગુજરાતના ઉદ્યોગો', ભાગ-1, ગુજરાત ઉદ્યોગ માહિતી કેન્દ્ર, મુંબઈ-1968.
8. ફાર્બસ આનરેબલ, 'રાસમસાલા', વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ ભાગ-1, 1899.
9. શાહ જયેશ એન. રાજેન્દ્ર જે. 'પાટણની અસ્મિતા', 2001
10. સાંડેસરા ભોગીલાલ જે. 'સંશોધનની કેડી', ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, 1961.

### હિન્દી ગ્રંથ

1. गुरुपट्टावली
2. सांडेसरा भोगीलाल, 'वर्णक समुच्चय', भाग-2, ग्रंथ-8

**Website**

1. https://gu.m.wikipedia.org
2. https://patan.nic.in
3. https://www.gujarattourism.com
4. sharein india pp.
5. www.kankatala.com
6. www.patanpatola.com

# ગુજરાતનાં ઇતિહાસ અને સંસ્કૃતિનાં લેખનમાં ડૉ. ભારતીબેન શેલતનું વાવ શિલાલેખના ક્ષેત્રે પ્રદાન

વાઘેલા હેતલબહેન ગિરીશભાઇ
ગુજરાત યુનિવર્સિટી
Email : hetalvaghela6666@gmail.com

**પ્રસ્તાવના:-**

ભારત એ પ્રાચીન સંસ્કૃતિ અને ઇતિહાસનો અમૂલ્ય વારસો ધરાવતો વિશાળ દેશ છે. પ્રાચીન વિરાસતની બહુલતા ધરાવતા આપણાં આ દેશનાં ઇતિહાસ અને સંસ્કૃતિના અન્વેષણ અને નિરૂપણ માટે મૂળ પ્રાચીન અવશેષો અત્યંત મહત્વનું સ્થાન ધરાવે છે. ભારતવર્ષના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસના એક એકમ તરીકે ગુજરાતનો ઇતિહાસ એનાં ઉપલબ્ધ પ્રાચીન પુરાવશેષીય અને સાહિત્યિક સાધનોની વિપુલતાને લીધે અત્યંત સંપન્ન છે. આ સાધનોમાં અભિલેખો, સિક્કાઓ, શિલ્પ-સ્થાપત્ય, હસ્તપ્રતો, દસ્તાવેજો, ખતપત્રો અને ફરમાનોનો સમાવેશ થાય છે. ગુજરાતના રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક, ધાર્મિક અને ભૌગોલિક ઇતિહાસના સર્વાંગી નિરૂપણ માટે આ સાધનોનું સંશોધનપૂર્ણ અધ્યયન અતિ આવશ્યક છે.

પુરાવસ્તુકીય તેમજ પ્રાચીન અવશેષો જેવી સાધન-સામગ્રીમાં ભારતનાં બીજા રાજ્યો કરતાં ગુજરાત સમૃદ્ધ હોવા છતાં એમાં લિપિવિદ્યા,અભિલેખવિદ્યા, સિક્કાશાસ્ત્ર અને હસ્તપ્રતવિદ્યાના વિદ્વાનો આંગળીના વેઢે ગણી શકાય એટલા જ છે. ભારતીય વિદ્વાનો પૈકી ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી, શ્રી ગિરિજાશંકર આચાર્ય અને શ્રી દત્તાત્રેય બાલકૃષ્ણ ડિસકળકરના પ્રદાન પછી આધુનિક વિદ્વાનોમાં ગુજરાતના ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનું આ ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન છે.[૧] તેમની જ પરંપરામાં તૈયાર થયેલા ડૉ. ભારતીબેન શેલતનો ફાળો આ ક્ષેત્રે અમૂલ્ય રહેલો છે.

## ડૉ. ભારતીબેન શેલતનું પ્રારંભિક જીવન :

ઉચ્ચકોટિના સંશોધક અને અધ્યાપકની બેવડી ભૂમિકા ભજવનાર ડૉ. ભારતીબેન કીર્તિકુમાર શેલતનો જન્મ ૩ જુલાઇ, ૧૯૩૯ ના રોજ મહેસાણા મુકામે થયો હતો.[૨] તેમણે અભિલેખવિદ્યાના ક્ષેત્રે

શિલાલેખો, તામ્રપત્રલેખો, જળાશયોના શિલાલેખો, પ્રતિમાલેખો તેમજ અપ્રગટ અભિલેખોના વાચન અને સંપાદન દ્વારા ગુજરાતનાં રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસમાં ખૂટતી કડીઓનું અનુસંધાન કરવાનું મહત્વનું કાર્ય કર્યું છે.

ડૉ. ભારતીબેન શેલતે પ્રાથમિક શિક્ષણ મહેસાણા અને વડોદરામાં તથા માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં મેળવ્યું. ૧૯૬૦ માં સંસ્કૃત વિષય સાથે બી.એ. અને ૧૯૬૨ માં એમ.એ. ની પદવી મેળવી હતી. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કોલેજ, અમદાવાદમાં અધ્યાપક તરીકે સેવા આપી હતી. આ દરમ્યાન એમણે સંસ્કૃત(અભિલેખવિદ્યા) વિષયમાં 'Chronological systems of Gujarat' શીર્ષક હેઠળ પીએચ.ડી ની પદવી મેળવી.[3]

ડૉ. ભારતીબેન શેલતે સંસ્કૃત ભાષા અને સાહિત્ય, ભારતીય અભિલેખવિદ્યા, કાલગણના, ભારતીય પ્રાચીન સિક્કાશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, હસ્તપ્રતવિદ્યા, પ્રાચીન લિપિવિદ્યા જેવા વિષયોમાં સંશોધનકાર્ય કર્યું છે. ડૉ. ભારતીબેન શેલત લિપિવિદ્યાના જાણકાર હોવાથી તેઓએ પ્રાચીન અભિલેખો, સિક્કાઓ અને હસ્તપ્રતોમાં પ્રયોજાયેલી લિપિઓને ઉકેલી ઇતિહાસની મહત્વની વિગતોને બહાર લાવવાનું કાર્ય કર્યું છે.

તેમણે ભો.જે. વિદ્યાભવન તેમજ ગુજરાત યુનિવર્સિટી જેવી વિવિધ સંસ્થાઓમાં ભારતીય સંસ્કૃતિ વિષયના વ્યાખ્યાતા તરીકે, અનુસ્નાતક અધ્યાપક તેમજ નિયામક તરીકેની કામગીરી સંભાળી હતી. ડૉ. શેલત ગુજરાત ઇતિહાસ પરિષદની કારોબારી સમિતિના કોષાધ્યક્ષ, ઉપપ્રમુખ અને પ્રમુખપદે પણ રહ્યા હતા.

ડૉ. શેલતે પોતાની કારકિર્દીના ઘડતર અને જીવનઘડતરની સાથે વિભિન્ન વિષયોમાં મૌલિક ગ્રંથો આપવાની સાથે ગુજરાતનાં ઇતિહાસના કેટલાક ગ્રંથોનું સંપાદનકાર્ય પણ કર્યું છે. જેમાં 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', 'Jain Image Inscription of Ahmedabad' અને

'ભાગવતપુરાણની સમીક્ષિત આવૃત્તિ' નું સંપાદન મુખ્ય છે.[૪]

ઇતિહાસ અને સંસ્કૃતિ તેમજ સંસ્કૃતવિદ્યાના વ્યુત્પન્ન તજજ્ઞ અને વિદ્વાન ડૉ. ભારતીબેને પુરાતત્વીય અને સાહિત્યિક સાધનોમાંના અભિલેખો, સિક્કાઓ અને પ્રાચીન હસ્તપ્રતોના ક્ષેત્રે નોંધનીય પ્રદાન કર્યું છે.

ડૉ. શેલતે અદ્યપર્યંત પ્રાચીનકાલ, મધ્યકાલ અને અર્વાચીનકાલના મળી કુલ 300 જેટલા અપ્રગટ અભિલેખો ઉકેલ્યા છે અને સંશોધનપૂર્ણ પ્રસ્તાવના, અભિલેખનો પાઠ,

ભાવાનુવાદ, એમાં પ્રતિબિંબિત રાજકીય-સાંસ્કૃતિક ઇતિહાસ, ભાષા, લિપિ, મિતિ, સ્થળનામ-અભિજ્ઞાન તટસ્થતાપૂર્વક રજૂ કર્યા છે. આ અભિલેખોમાં મંદિરના તકતીલેખ, પાળિયા-લેખ, કબરલેખ, તામ્રપત્રો તેમજ પ્રતિમા- લેખોમાં આરસની પ્રતિમાની પીઠિકા ઉપરના અને ધાતુપ્રતિમાઓ પરના લેખો ઉકેલ્યા છે. જળાશયના શિલાલેખોમાં વાવ અને કુંડના લેખોનો સમાવેશ થાય છે.[૫]

## જળાશયોના શિલાલેખ :-

પ્રાચીનકાલથી જળાશયોની વ્યવસ્થા, પુર કે નગરની રચનામાં અનન્ય સ્થાન ધરાવે છે. ભારતીય સંસ્કૃતિના વિકાસમાં જળાશયોએ અનોખી ભૂમિકા નિભાવી છે. ભારતીય પૌરાણિક પરંપરામાં દેવો, તીર્થસ્થાનો, સરોવર, તળાવ, કુંડ, વાવની પ્રતિષ્ઠાનું માહાત્મ્ય વર્ણવવામાં આવ્યું છે. આ પ્રકારના કાર્યોને પૂર્તનિર્માણનાં કાર્યો અર્થાત જનકલ્યાણનાં કાર્યો કહે છે. છેક મૌર્યકાલથી વિવિધ પ્રકારના જળાશયોના બાંધકામ થતાં હોવાના પ્રત્યક્ષ અને અભિલેખોના પુરાવા મળે છે. જળાશયોનો ઈતિહાસ જાણવા માટેનાં નક્કર સાધનોમાં એક સાધન શિલાલેખો છે. ઘણીવાર વાવ, કૂવા કે કુંડ તથા તળાવની પાળ ઉપર શિલાલેખ જોવા મળે છે.[૬] જેમાં ડૉ. શેલતે વાવ શિલાલેખના ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન આપી તેનું સર્વેક્ષણ કર્યું છે.

## વાવોના શિલાલેખ :-

નાગરિક સ્થાપત્યમાં વાવની રચના વિશિષ્ટ હોય છે. લંબચોરસ વાવના એક છેડે કૂવો હોય અને એ કૂવાની સામેના છેડેથી પાણીની સપાટી તરફ ઊતરવાનાં પગથિયાં હોય છે. વાવને “ वापी ” કે “ वापिका ” સંસ્કૃતમાં કહે છે. જે સ્થળે કૂવો કરવાનો હોય તેમાંથી અમુક અંતરે એક પીઠિકા(ઓટલો) બાંધવામાં આવે છે. તેની એક બાજુએ ચોરસ કદનાં પગથીયાંની સીડીવાળી રચના હોય છે. ઊતરનારને શ્રમ ન પડે માટે આંતરે આંતરે પડથારની યોજના કરેલી હોય છે. પગથીયાંની બંને બાજુ દીવાલ કરેલી હોય છે. દીવાલને મજબૂત બનાવવા પગથીયાંની શ્રેણી વચ્ચે સ્તંભો અને પાટડા ગોઠવવામાં આવે છે.

કૂવા સુધી પહોંચતા ત્રણ પાંચ કે સાત માળની રચના થઇ જાય છે, એ માપને કૂટ કહે છે. ગુજરાતની વાવો મોટેભાગે એક પ્રવેશદ્વાર અને ત્રણ કૂટની હોય છે. આ વાવોને નંદા(એક જ પ્રવેશદ્વાર) પ્રકારની વાવો કહે છે.

સોલંકીકાલની પ્રસિદ્ધ વાવોમાં સહુથી પ્રાચીન વાવ પાટણની રાણી ઉદયમતીની વાવ છે. તાજેતરમાં ઉત્ખનન દ્વારા જે શિલ્પસમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે તે પરથી આ વાવ ગુજરાતની સર્વોતમ

કોતરણીવાળી વાવ તરીકે પ્રસિદ્ધ છે. તાજેતરમાં પાટણની રાણી ઉદયમતીની વાવની ગણના વિશ્વ વારસામાં કરવામાં આવી છે.

વઢવાણ (જિ. સુરેન્દ્રનગર) ની માધાવાવના લેખો પરથી વાઘેલા રાજા કર્ણ ૨ જાના નાગર મંત્રી માધવે પોતાના માતા-પિતાના સ્મરણાર્થે બંધાવી હોવાની પ્રતીતિ થાય છે.[૭]

## સલ્તનતકાલની વાવો:-

પેટલાદ (જિ. આણંદ) ની વાવનો શિલાલેખ (સં. ૧૩૮૦ - ઇ.સ. ૧૩૨૩) અને મહુવા (જિ. ભાવનગર) ની સુદાવાવનો શિલાલેખ (સં. ૧૪૩૭ - ઇ.સ. ૧૩૮૦-૮૧) સંસ્કૃત ભાષામાં છે. પેટલાદની વાવના શિલાલેખમાં જણાવ્યા અનુસાર દિલ્હીના સુલતાન ગ્યાસુદ્દીન તુઘલુકના સમય દરમ્યાન અણહિલવાડના દીવાનના હુકમથી સ્તંભતીર્થના નિવાસી ઈસ્માઈલ ઉસ્માન શિરાજે વાવના જીર્ણોદ્ધાર માટે ભૂમિદાન કર્યું હોવાનું પ્રતીત થાય છે.[૮]

મહમૂદ બેગડાના સમયની સાંપા (દહેગામ)ની વાવના વિ.સં. ૧૫૧૮ (ઇ.સ. ૧૪૬૨)ના બે શિલાલેખ સ્થળતપાસ દ્વારા ડૉ. શેલતે વાંચેલા અને એને સંપાદિત કરી પ્રસિદ્ધ કર્યા છે. નંદા પ્રકારની આ વાવ એક પ્રવેશદ્વાર ની છે. છેક પાછળના ભાગે કૂવો છે. પ્રથમ માળ ઉપર નવ ગ્રહોનો શિલ્પપટ્ટ છે. મહમૂદ બેગડાના સમયમાં તાજખાન સાંપાની જાગીર (સરકાર તરફથી બક્ષીસ તરીકે મળેલી જમીન) સાંભળતો. તે સમયે વૃદ્ધ નાગર કુળના તિલક સમાન શ્રેષ્ઠી કાલૂ અને ભૂચરના પુત્ર સત્યે ખૂબ દ્રવ્ય ખર્ચી સંપત્પુર (સાંપા) ની આ વાવ ચતુર્વિધ પ્રકારના પ્રાણીઓની તરસ છીપાવવા બનાવી.[૯]

મહમૂદ બેગડાના સમયની વડવા (ખંભાત)ની વાવના સં ૧૫૩૮, ૧૫૩૯ અને ૧૫૪૪ ના સંસ્કૃત દેવનાગરી લેખોમાં જણાવ્યા અનુસાર મેહર કુળના તંબોળી જ્ઞાતિના ધનદે દ્વારકામાં છ માસ રહી, શરીરે

ચક્રનું ચિહ્ન કરાવી બ્રાહ્મણો અને પીડિતોને તથા પૂર્તનિર્માણનાં કાર્યો માટે દાન આપ્યું હતું. લેખમાં

ધનદના સત્કાર્યોની રુચિર પ્રશસ્તિ કરવામાં આવી છે. સૂત્રધાર (સલાટ) ધનાક અને ખેતાકે વાવનું બાંધકામ કર્યું. લેખમાં ‘વડવા’ નું સંસ્કૃત ‘વડુવક’ જણાવ્યુ છે.[૧૦]

મહમૂદ બેગડાના સમયની અમદાવાદ નજીકની અડાલજની વાવના લેખમાં (વિ.સં. ૧૫૫૫ - ઇ.સ. ૧૪૯૯) દંડાહી પ્રદેશ (કલોલ-મહેસાણા વિસ્તાર)ના વાઘેલા રાજા વીરસિંહની રાણી રૂડાદેવીએ પાંચ લાખ ટંકા (તત્કાલીન રૂપિયા જેવુ ચલણ) ખર્ચીને આ વાવ બંધાવી

હોવાનું જણાવાયું છે. કવિએ આ લેખમાં રૂડાદેવીની પ્રશંસા કરી છે. અડાલજ ગામનું પ્રાચીન નામ 'અહ્રાલિજ' દર્શાવ્યું છે.[૧૧]

અમદાવાદની બાઈ હરીરની વાવ વિશે નોંધતા ડૉ. શેલત જણાવે છે : આ વાવમાં સંસ્કૃત અને ફારસી બંને ભાષામાં બે શિલાલેખ છે. મહમૂદ બેગડાના રાજ્યમાં રાજાના અંત:પુરની અધ્યક્ષા બાઈ હરીરે શ્રીનગર (અમદાવાદ) ની ઈશાન દિશામાં હરિપુર (અસારવા) મધ્યે ચારે દિશાએથી આવેલા તરસ્યાં મનુષ્યો, પશુ-પક્ષીઓ વગેરેના ઉપયોગ માટે ૩,૨૯,૦૦૦ ટંકા ખર્ચીને વાવ કરાવી.[૧૨]

નડિયાદની અમદાવાદી ભાગોળની વાવનો સં. ૧૫૭૨ (ઇ.સ. ૧૫૧૬)નો શિલાલેખ સલ્તનતકાલનો એક મહત્વનો વાવ-શિલાલેખ છે. એમાં વાવના બંધાવનાર ગુર્જર વણિક વેણીદાસે હજારો ગાયો અને દ્રવ્યથી યુક્ત એવી બ્રહ્મપોળો દાનમાં આપી અને આ વાવ કરાવી. સુલતાન મુઝફ્ફરશાહ ૨ જાના શાસન દરમ્યાન નટપદ્ર (નડિયાદ) માં શ્રેષ્ઠી વેણીદાસે લોકકલ્યાણનાં અનેક કાર્યો કર્યાં હોવાનો નિર્દેશ આ લેખમાં છે.[૧૩]

ગુજરાતના સલ્તનતકાલ દરમિયાન મોટી સંખ્યામાં વાવો બંધાઈ હતી. એમાંય સુલતાન મહમૂદ બેગડા અને મુઝફ્ફરશાહ ૨ જાના સમયમાં વાવ સ્થાપત્યનો વિકાસ એની ચરમસીમાએ હતો. લોકકલ્યાણનાં કાર્યો માટે થતાં આવાં પૂર્તકાર્યો આ કાલના ધાર્મિક અને સામાજિક ઇતિહાસ માટે નોંધપાત્ર છે.

પેટલાદ (જિ. આણંદ) ની શિકોતરી માતાની પ્રસિદ્ધ વાવમાં ફારસી, સંસ્કૃત અને ગુજરાતી ત્રણ ભાષામાં શિલાલેખ કોતરેલો છે. એમાં કલિયુગ સંવત (૪૭૯૯), વિક્રમ સંવત (૧૭૫૫) અને હિજરી સન આપેલો છે. લેખમાંની ઐતિહાસિક વિગત પ્રમાણે ઔરંગઝેબના પુત્ર કુમાર મુહમ્મદ આઝમશાહને પેટલાદ ગામ જાગીર તરીકે આપવામાં આવ્યું હતું. મહેસૂલ અને પોલીસ ખાતાના અધિકારીઓ અનુક્રમે અમીન ફોઝદાર મીરઝા અને મુસ્તફા કુલીબેગ વહીવટ કરતા. પંચકુલમાં ઠાકુર રાયમલ,

દેસાઇ મથુરાદાસ શામળજી, શ્રેષ્ઠી ગાંધી મનજી દ્વારકાદાસનો સમાવેશ થતો. આ પંચકુલની મંજૂરીથી વડનગરા નાગર ઠાકર રામજીએ મનોહર વાવ કરાવી.[૧૪]

ધોળકા તાલુકાની ગાંગડ ગામની વાવના બે શિલાલેખ સ્થળતપાસ દ્વારા ડૉ. શેલતે સંપાદિત કર્યા છે. આ લેખમાં વાઘેલા રાણા સેસમલ્લજીનાં રાજયકાલનો નિર્દેશ છે. એમાં સેસમલ્લજીનાં માતા બાઈ ગોરાંજીએ વિ.સં. ૧૭૬૩ (ઇ.સ. ૧૭૦૬)માં વાવ બંધાવ્યાનો નિર્દેશ

છે. લેખમાં વાવ બંધાવવાનો ઉદ્દેશ યશ માટેનો, સ્નેહીજનો, ગાયો, બ્રાહ્મણો, સજ્જનો અને યાચકો (માંગનાર)ના પુણ્યનો, વિપતિનાશ માટેનો અને મોક્ષપ્રાપ્તિનો હતો. આરંભમાં કૃષ્ણ, ગણેશ, રુદ્ર, બુધ(ત) ભવાની દેવીને પ્રણામ કરવામાં આવ્યા છે. આ બુત ભવાની માતાની સ્થાપના કોઠ-ગાંગડ પાસેના અરણેજ ગામમાં થઈ હોવાનું કહેવાય છે.[૧૫]

અમદાવાદમાં પાંચકુવા દરવાજા પાસે કોટની દીવાલને અડીને બંધાયેલી અમૃતવર્ષિણી વાવમાં સંસ્કૃત અને ફારસી બે લેખ છે. લેખમાં જણાવ્યા અનુસાર ક્ષાત્ર કુલના રઘુનાથદાસે ગુર્જરનગરમાં વિશ્વોપકાર માટે પિયુષવર્ષિણી વાવ સં. ૧૭૭૯ (ઇ.સ. ૧૭૨૩) માં કરાવી.

અમદાવાદમાં સરસપુર ચાર રસ્તાથી થોડા અંતરે બંધાવેલી આશાપુરાની વાવ ઇ.સ.ની ૧૫ મી સદીની હોવાનું જણાય છે. લેખ (સં. ૧૫૨૦)ની ઉપર સૂર્ય ચંદ્રની આકૃતિ, પશુની આકૃતિ, અને નીચે ગાયનું શિલ્પ કંડારવામાં આવ્યું છે.[૧૬]

શિમરોલી (તા. કેશોદ) માંથી વિ.સં. ૧૯૧૨ (ઇ.સ. ૧૮૫૬)નો બ્રિટીશકાલીન વાવ શિલાલેખ મળ્યો છે. આ ગુજરાતી ભાષાના લેખમાં નવાબશ્રી બહાદુરખાનના શાસનકાલમાં સં. ૧૮૩૧ માં ઊંડી વાવ ખોદાવી અને એના નિભાવ માટે મહેતા અમરજી દીવાનના સમયમાં ગામ ગરાસ (ગામનું રક્ષણ કરવાના બદલામાં કાઢી આપેલી જમીન અથવા ઊચક રકમ)માં આપ્યું. સં. ૧૯૧૨ માં મુગટરામે ૩૨૧૬ કોરી (સિક્કા) ખર્ચીને આ વાવનો જીર્ણોદ્ધાર કરાવ્યો.[૧૭]

મારા પીએચ.ડી. નો વિષય "ગુજરાતનાં ઇતિહાસલેખન ક્ષેત્રે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને ડૉ. ભારતીબેન શેલતનું પ્રદાન" છે. મારા પીએચ.ડી. ના સંશોધનના ભાગ રૂપે આ રિચર્ચ પેપર રજૂ કરેલ છે.

મૂલ્યાંકન :

આમ, ડૉ. ભારતીબેન શેલતે ગુજરાતનાં વાવ શિલાલેખોનું સર્વેક્ષણ કરી, કેટલાક શિલાલેખ વાંચી તેનું સંપાદન કર્યું અને અભ્યાસને આધારે તેની ગુજરાતના ઇતિહાસમાં મહત્તા દર્શાવી. આ શિલાલેખોને આધારે પ્રાચીન, મધ્યકાલીન ગુજરાતના ઈતિહાસમાં સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રે ઘણી ઉપયોગી માહિતી સાંપડે છે.

ગુજરાતનાં રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસલેખન ક્ષેત્રે ડૉ. ભારતીબેન શેલત અગત્યનું સ્થાન ધરાવે છે. ૩૦ માર્ચ, ૨૦૧૮ ના રોજ અમદાવાદ મુકામે તેમનું અવસાન થયું

હતું. તેમના જેવા વિદુષી જતાં અભિલેખવિદ્યા અને લિપિવિદ્યા ના ક્ષેત્રે મોટો શૂન્યવકાશ સર્જાયો છે.

## સંદર્ભસૂચિ


1. પરીખ, પ્રવીણચંદ્ર અને શેલત, ભારતી, 'ગુજરાતના અભિલેખોઃ સ્વાધ્યાય અને સમીક્ષા', ગુજરાત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૧, પૃ. ૧
2. નાયક, ચીનુભાઈ, 'સ્વ. ડૉ. રમણલાલ નાગરજી મહેતા', "પથિક", ગ્રંથ ૩૬, અંક ૧૦, જુલાઇ,૧૯૯૭, પૃ. ૧
3. શુક્લ, જયકુમાર, 'ડૉ. ભારતીબહેન શેલત અને તેમનું ઇતિહાસલેખન', "કુમાર", સળંગ અંક ૯૯૦, જૂન ૨૦૧૦, પૃ. ૩૭૩
4. "ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક", પુ. ૬૩, અંક ૧-૪, જાન્યુ-જૂન-૨૦૧૮; જુલાઇ- ડિસે., ૨૦૧૮, પૃ. ૩૫-૩૬
5. શુક્લ, જયકુમાર, 'ડૉ. ભારતીબહેન શેલત અને તેમનું ઇતિહાસલેખન', ઉપર્યુક્ત , પૃ. ૩૭૪-૩૭૫
6. "સામીપ્ય", એપ્રિલ, ૨૦૧૩-માર્ચ, ૨૦૧૪, પૃ. ૮૬
7. આચાર્ય, નવીનચંદ્ર, 'ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ', ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, પૃ. ૪૪૪
8. શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., 'ગુજરાતના ઐતિહાસિક લેખો', પૃ. ૪, નં. ૨
9. પરીખ, પ્રવીણચંદ્ર અને શેલત, ભારતી, 'ગુજરાતના અભિલેખો; સ્વાધ્યાય અને સમીક્ષા', ઉપર્યુક્ત, પૃ. ૮૫-૯૩
10. "સામીપ્ય", પુ. ૩, અંક ૩-૪, ઓક્ટો., ૮૬- માર્ચ ૮૭, પૃ. ૧૮-૨૪
11. શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., 'ગુજરાતના ઐતિહાસિક લેખો', પુ. ૪, નં. ૨૦; "બુધ્ધિપ્રકાશ", પુ. ૧૦૪, પૃ. ૧૯-૨૩
12. રત્નમણિરાવ ભીમરાવ, 'ગુજરાતનું પાટનગર અમદાવાદ', ગુર્જર ગ્રંથરત્ન પ્રકાશક, બીજી આવૃત્તિ, ૨૦૧૪, પૃ. ૪૬૬
13. શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., 'ગુજરાતનાં ઐતિહાસિક લેખો', પુ. ૪, નં. ૨૩, "બુદ્ધિપ્રકાશ", પુ. ૨, પૃ. ૮૫-૮૭ અને ૧૦૨-૧૦૬
14. શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., 'ગુજરાતના ઐતિહાસિક લેખો', ભાગ-૫ , ફાર્બસ ગુજરાતી સભા, મુંબઇ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૧, નં. ૫૪, પૃ. ૯૦
15. "સામીપ્ય", પુ. ૧, અંક ૧ (એપ્રિલ ૧૯૮૪), પૃ. ૫૪-૬૦

16.રત્નમણિરાવ ભીમરાવ, 'ગુજરાતનું પાટનગર અમદાવાદ', ઉપર્યુક્ત, પૃ. ૪૬૭

17.Diskalkar, D.B., "Inscriptions of Kathiyawad" , No.191, p. 407

# પ્રાચીન સાંસ્કૃતિક પરંપરામાં 'ચંદ્રાવતી'

**SEJALBEN R. PATEL**

M.A., Gold Medallist - M.Phil. & M.S.W.

Email ID- sejal1989.srp@gmail.com

રાજસ્થાન પોતાની ભવ્ય સાંસ્કૃતિક ઇમારતો અને તેની કળા માટે પ્રખ્યાત છે. રાજસ્થાનમાં આવેલી તેવીજ એક નગરીમાંથી શૈલચિત્રો મળ્યા છે.તેના પરથી તે પ્રાચીન કાળથી અસ્તિત્વ ધરાવતી હશે તેવું કહી શકાય. તે ઉપરાંત માટીના વાસણોના અવશેષો પણ મળ્યા છે. ચંદ્રાવતીમાંથી સંગેમરમર, ચૂનાના પથ્થરના કેટલાય અવશેષો મળી આવ્યા છે. અહીં મળેલ મુર્તિકલા અને સ્થાપત્ય કલા પરથી અહીંના સ્થાપત્યકારો તેમની કુશળ કલા કારીગરી માટે વિખ્યાત હશે. આ મૂર્તિઓ કુશળ સ્થાપત્યકારોની આછી ઝલક આપે છે. ચંદ્રાવતીમાંથી માટીના બનેલા અવશેષો મળ્યા છે. જેમાં બંગડીઓ, મણકા બીજા પણ ધાતુમાંથી બનેલા ઓજારો મળ્યા છે. તે ઉપરાંત પાકી ઈંટોના બનેલા સુંદર અવશેષો મળ્યા છે. તેમાં બાળકોના મનોરંજનના રમકડાં પણ મળ્યા છે.આ અવશેષો પરથી તેની પ્રાચીનતાના દર્શન થાય છે.પાંડવોએ જ્યારે વનવાસ કરવો પડ્યો ત્યારે ભીમે આ નગરીની પ્રતિષ્ઠા કરી હશે, આ કાર્યમાં દૈત્યોએ વિઘ્ન કર્યું ,ભીમે તેને બાણ માર્યું જે જગ્યાએ બાણ વાગ્યું ત્યાંથી ચંદ્રભાગા નદી નીકળી. આ રીતે આ નગરીની પ્રાચીનતા પાંડવો સુધી લઈ જવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

અન્ય સંસ્કૃતિઓનો વિકાસ નદીઓના કિનારે થયો, તેમ આ સંસ્કૃતિનો વિકાસ પણ સેવાણી અને બનાસ નદીના કિનારે થયેલો જોવા મળે છે. આ નગરી પરમાર રાજાઓની રાજધાની હતી . આ સમયે આ નગરી વૈભવ અને સમૃદ્ધિની નગરી હતી. આ પરમારોની ઉત્પત્તિ અર્બુદાચલના અગ્નિકુંડમાંથી થઈ હતી ,વસિષ્ઠમુનિએ હવન કર્યો અને તે અંગનિકુંડમાંથી ચાર ક્ષત્રિય કુલ ઉત્પન્ન કર્યા, જેમાં ચૌહણ, ચૌલુકય, પરમાર અને પ્રતિહારનો સમાવેશ થાય છે. આ અગ્નિકુંડમાંથી ઉત્પન થયેલ પરમારોનું ગોત્ર વત્સ હતું .તેમની કુળદેવી સચિયાય માતા હતા. નગરીમાં યશોધવલ, ભોજ, ધારાવર્ષ, જેવા પ્રતાપી રાજાઓએ શાસન કર્યું. અહીંના પરમાર રાજ્યની સમાપ્તિ દેવડા ચૌહાણોએ કરી હતી. પાછળથી આ દેવડાઓ એ પોતાની રાજધાની શિરોહીમાં વસાવી. તેના પછી કોઈ યોગ્ય દેખરેખ થઈ નહિ અને આ નગરી આજે ખંડેર હાલતમાં છે.

ચંદ્રાવતી નગરીમાંથી મોટી સંખ્યામાં મંદિરોના અવશેષો મળી આવ્યા છે. આજે પણ ત્યાંથી મળેલ આ અવશેષો જૈન અને હિંદૂ ધર્મનો ત્યાં ખૂબ મોટા પ્રમાણમાં વિકાસ થયો હશે તે દર્શાવે છે. લોકો માને છે કે, અહીં વૈદિક કાળમાં મહાન તીર્થ સ્થાન હશે. અહીંથી મળેલા અવશેષો આજે અલગ- અલગ મ્યુઝીયમમાં રાખવામાં આવ્યા છે. આ અવશેષો પરથી કહી શકાય છે કે , આ નગરી તે સમયે ખૂબ સમૃદ્ધ નગરી હશે .૧૧-૧૨ મી સદી દરમિયાન મળી આવેલા અવશેષોમાં શિવ, વિષ્ણુ, બ્રહ્મમાં, ગણપતિ, સરસ્વતી, કુબેર, દિગપાલ, પાર્વતી, સરસ્વતી વગેરે સુંદર મૂર્તિઓ જોવા મળે છે.

અહીંથી મળેલા અવશેષો પરથી આ નગર દૈવી નગર હશે તેવું કહી શકાય છે. બ્રહ્માંજીની મૂર્તિ મળી છે. તેમને તેમના પત્ની સાથે દર્શાવામાં આવ્યા છે. તે રીતે વિષ્ણુ ભગવાનની જે મૂર્તિ મળી છે, તેમાં વિષ્ણુ ભગવાનને ઉભા દાર્શવામાં આવ્યા છે. તેમના હાથમાં શંખ, ગદા, કમળ છે. શિવની જે મૂર્તિ મળી છે ,તેમાં શિવને આસનમાં બેઠેલા દર્શાવે છે. તેમના હાથમાં ત્રિશુલ, ખોપરી જોવા મળે છે, ગળામાં સર્પ જોવા મળે છે. દિગપાલની મૂર્તિ મળી છે,જે મૂર્તિ હિન્દૂ અને જૈન ધર્મ બન્નેમાં હોય છે. આઠ દિશાઓમાં રહેલ આ આઠ દિગપાલ દિશાઓનું રક્ષણ કરે છે. ચંદ્રાવતી નગરી મધ્યકાળમાં પરમારોની રાજધાની હતી, તે સમયે આ નગરીનો ખૂબ વિકાસ થયો હતો ,તે સમયના

મળેલા અવશેષો પરથી જાણવા મળે છે. અનેક શિલાલેખોમાં  પણ તેની ધાર્મિક માહિતી જોવા મળે છે. રાજાઓ બદલાતા રહ્યા અને સમયે  સમયે આ નગરીના મંદિરોનો જીંર્ણોદ્ધાર થતો રહ્યો. અહીંથી મોટાપ્રમાણમાં બ્રાહ્મણધર્મી મંદિરો મળી આવ્યા છે . આ મંદીરો સંગેમરમરથી બનાવેલા છે. આ બ્રાહ્મણધર્મી વસ્તુ કલાના એક સર્વોત્કૃષ્ટ નમૂનો છે.  આ મોટી માત્રામાં અલંકૃત છે.  તેનું રૂપાંકન ખૂબ જ સુંદર જોવા મળે છે .આજે આ નગરી ખંડેર બનીને ઉભી છે. આપણો સમૃધ્ધ વારસો આવી નગરીઓમાં દફન છે.

જૈન ધર્મની પણ આરસની મૂર્તિઓ મળી આવી છે. આ નગરીમાં  પીવાના પાણી માટે લોકો વાવો, કુવા બંધાવ્યા હતા ,આજે તે તૂટેલી હાલતમાં જોવા મળે છે. કેટલીક વાવો આજે પણ સચવાયેલી છે. જેમાંથી લોકો પીવા માટેના પાણીનો ઉપયોગ કરે છે.જૈન ધર્મના આચાર્યો એ પણ આ નગરીની અનેક વાર મુલાકાત લઈ અને આ નગરીને સમૃદ્ધ બનાવામાં ખૂબ યોગદાન આપ્યું હતું. અહીંથી મળેલ વાવો આરસના પથ્થરોમાંથી બનેલ જોવા મળે છે.પાણી લોકોને પૂરતા પ્રમાણમાં મળી રહેતું હશે. આજે પણ નદીના પાણી દ્વારા લોકો ખેતી કરતા જોવા મળે છે. આમ આ નગરીનો ધાર્મિક અને સ્થાપત્યની દ્રષ્ટિએ મધ્યયુગમાં ખૂબ વિકાસ અને વિસ્તાર થયો હતો.

ચંદ્રાવતી  મધ્યયુગમાં મુખ્ય નગરો પૈકી હોવું સ્વાભાવિક છે. સંસ્કૃત કથાઓ ચંદ્રવતીમાં રચાયેલી જોવા મળે છે. બારમાથી ચૌદમાં સૈકામાં અનેક તાડપત્રોની હસ્તપ્રતોની નકલો ચંદ્રાવતી માંથી મળેલી છે. આ નગર અરવલ્લી પર્વતની શ્રેણીમાં આવેલી હોવાથી ઘણા સમય સુધી બાહરી આક્રમણોથી સચવાયેલી રહી  હશે.

ગુજરાતમાં ચડાઈ કરવા આવતા આ નગરી રસ્તામાં આવતી હોવાથી અલાઉદ્દીનખીલજી એ આ નગરીના મંદિરોને ખંડિત કર્યા હશે. તે ઉપરાંત એવું પણ કહી શકાય છે કે, તે સમયે આ નગરી માં ભૂકંપ આવ્યો હશે અને  આ નગરી ધરતીમાં સમાઈ ગઈ હશે, એક બીજી પણ લોકવાયકા છે કે, આ નગરીમાં પુર આવ્યું હશે તેથી આ નગરીનો વિનાશ થયો હશે.આમ  આ નગરીના અવશેષો વિરવિખેર થઈ ગયા.  રેલવેનો રસ્તો બનાવતી વખતે પણ આ નગરીના મંદિરોના અવશેષોનો તેમાં ઉપયોગ કર્યો . ચંદ્રાવતી નગરીના અવશેષો આજે પણ આજુબાજુ ના ગામોમાં લોકો બાંધકામમાં

ઉપયોગ કરેલા જોવા મળે છે. ચંદ્રાવતીના  કેટલાય મંદિરો તોડી એના પથ્થર અહમદશાહ અમદાવાદ  લઈ આવ્યો હતો. આજે આ નગરીના આજુબાજુ ફેલાયેલ પથ્થરો પરથી જાણી શકાય છે કે ,આ નગરી પ્રાચીન સમયમાં ખૂબ મોટા વિસ્તારમાં ફેલાયેલ હશે.

આમ આજે આ ચંદ્રાવતી નગરી ભૂતકાળનો સમિયાનો બનીને ઉભી છે.સાંસ્કૃતિક દ્રષ્ટિએ આ નગરી ખુબજ ભવ્ય હતી. આજે માત્ર વિરવિખેર પડેલા આરસના પથ્થરો  કાટમાળ અને રખડતા શિલ્પો તેની પ્રાચીનતાની સ્મૃતિની અવ્યક્ત ગાથાને વ્યક્ત કરવા શેષ રહ્યા છે. આજે આ નગરીમાં જોવા મળતા મંદિરો પ્રાચીન કાળના સૌન્દર્યની પરાકાષ્ઠા બતાવી રહ્યા છે.

**સંદર્ભ સૂચિ:**


1. દશરથ શર્મા ,પવાર વંશ દર્પણ ,રાજસ્થાની ગ્રંથાગાર,૧૯૬૦
2. શશિ વર્મા આહીરાવલ , પૂર્વી માળવાના મૂર્તિશિલ્પ ,બી.આર પબ્લિકેશન , દિલ્લી, ૨૦૧૩
3. રસિકલાલ છોટાલાલ પરીખ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, શેઠ ભોળાભાઈ જેશીંગભાઈ અધ્યયન સંશોધન વિદ્યાભાવન, અમદાવાદ,ભાગ ૧
4. રામનારાયણ ચૌધરી,આધુનિક રાજસ્થાનનું ઉત્થાન,  રાજસ્થાન પ્રકાશન મંડળ, અજમેર,૧૯૦૪
5. બનાસ વિકાસ વાટિકા, માહિતીકામિશ્નર કચેરી ,ગાંધીનગર
6. દિપક પટેલ, પાલનપુર રાજ્યનો ઇતિહાસ( ઇ.સ ૧૬૩૫ થી ઇ.સ ૧૯૪૮)  દામિની પબ્લિકેશન, અમદાવાદ,૨૦૧૩
7. સુખવીર સિંહ ગહલોત, યુગ યુગીન રાજસ્થાન, હિન્દી સાહિત્ય મંદિર, જોધપુર, ૧૯૯૧

# ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓ અને હિન્દુ કુંભાર સમાજ

**પ્રજાપતિ ભાવેશકુમાર કાન્તિલાલ**
મદદનીશ પ્રાધ્યાપક – ઇતિહાસ
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ - જાદર

ભારતવર્ષ પ્રાચીનકાળથી જ 'વિવિધાતામાં એકતા' ધરાવતો પ્રદેશ રહ્યો છે. જે 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના સાથે સમગ્ર વિશ્વ સાથે પ્રાચીનકાળથી રાજકીય અને આર્થિક સંબંધો ધરાવે છે. ભારતના ઇતિહાસ પર ઝલક કરીએ તો જાણવા મળે છે કે ભારતભૂમિ આર્થિક સમૃદ્ધિ ધરાવતો પ્રદેશ હોવાની સાથે સાથે સામાજિક અને સાંસ્કૃતિક ધરોહર ધરાવતો પ્રદેશ પણ છે. જેનાથી આકર્ષાઈને સમયે સમયે મધ્ય એશિયા અને અન્ય પ્રદેશોની જુદીજુદી પ્રજા અને શાસકોએ આક્રમણો કર્યા. કોઈએ ભારતમાં પોતાની સત્તા જમાવવા પ્રયાસ કર્યા તો કોઈએ માત્ર આર્થિક લાભ લેવા માટે આક્રમણ કર્યાના ઐતિહાસિક પુરાવા જોવા મળે છે. આ પ્રકારની ભયાવહ અને વિકરાળ સ્થિતિમાં પણ ભારતની પ્રજા પોતાની સંસ્કૃતિ ખુમારી સાથે જાળવી રહી છે. જે બતાવે છે કે આ ભારતીય પ્રજા વિદેશી પ્રજાઓની જેમ સત્તા લોલુપ અને લાલચુ નહીં, પણ પોતાની સંસ્કૃતિ અને સમાજની જાળવણીમાં જ રસ ધરાવે છે.

ભારતમાં હિન્દુ સમાજવ્યવસ્થાનો પાયો વર્ણવ્યવસ્થા પર આધારિત છે. જે પ્રાચીનકાળથી સમાજના વર્ગોમાં કાર્યો વિભાજિત કરતી એક સુવ્યવસાથા છે. જેનાથી માનવસમાજ એકબીજાની જરૂરિયાતોની પૂરક પૂર્તિ કરે છે. જેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર - એમ ચાર વર્ણો અસ્તિત્વમાં હતા. આ પૈકીના શૂદ્ર વર્ગમાં કારીગરવર્ગનો સમાવેશ સેવાના હેતુથી થતો હતો. જેમાં સુથાર, લુહાર, કુંભાર, સોની વગેરે જેવા કારીગર સમૂહોનો સમાવેશ થતો હતો. આ કારીગર વર્ગો એકબીજા સાથે વસ્તુ વિનિમય પ્રથાથી સંબંધો ધરાવતા હતા. જે ભારતીય સંસ્કૃતિની એક આગવી ખાસિયત ગણાવી શકાય. અહીં અભ્યાસકે કુંભાર સમાજનું ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં પ્રદાન અંગે અભ્યાસ હાથ ધરવાનો પ્રયાસ કર્યો છે. અહીં 'કુંભાર'ને સ્થાને કોઈક જગ્યાએ 'પ્રજાપતિ' શબ્દ પ્રયોજ્યો છે. જે કુંભાર જ્ઞાતિ અને સમાજની જ અટક છે જ સર્વવિદિત છે.

- **ચાવીરૂપ શબ્દો :** સમાજ, સંસ્કૃતિ, સંસ્કૃતિકરણ, કુંભારીકામ, સાંસ્કૃતિક પરંપરાઓ.

સૌ પ્રથમ અહીં આપણે સમાજની સંકલ્પના સમજવાનો પ્રયાસ કરીશું. જુદાજુદા વિદ્વાનો દ્વારા આપવામાં આવેલી સમાજની સંકલ્પના સમજીએ.

- ભગવદગોમંડલમાં આપેલ સમાજનો પારિભાષિક અર્થ, "એક સરખા ધર્મ કે આચરણવાળો જન સમુદાય; વ્યવસ્થિત જન સમુદાય; જનતા; જનમંડળ; જનસમૂહ; શિષ્ટ સમાજ; સોસાયટી."

સમાજ એ સામાજિક સંબંધોનું ગૂંફન છે. જે અનુસાર સમાજને બે પ્રકારે સમજી શકાય : (૧) જૈવિક સમાજ અને (૨) સામાજિક સાંસ્કૃતિક સમાજ.

સમાજમાં અમુક લાંબા સમય સુધી એક એક સમૂહમાં રહેતા લોકો સર્વ સામાન્ય વિચારસરણી અને રહેણીકરણીની રીતો વિકસાવે અને અપનાવે છે. જેને 'સંસ્કૃતિ' કહી શકાય. સંસ્કૃતિ સમૂહની આંતરક્રિયાથી ઉદભવે છે.

- ટાઈલરના મતે, "સમાજના સભ્ય તરીકે મનુષ્યો જ્ઞાન, કળા, માન્યતા, નીતિ, રિવાજ વગેરે જે કઈ પ્રાપ્ત કર્યું હોય તેવા જટિલ જથ્થાને 'સંસ્કૃતિ' કહેવામાં આવે છે"

માનવસમાજમાં સંસ્કૃતિકરણ અને સંસ્કૃતિ એકબીજા સાથે સંકળાયેલા છે. સંસ્કૃતિકરણ એવી પ્રક્રિયા છે જે કોઈ નિમ્ન ગણાતી હિન્દુ જ્ઞાતિ, આદિવાસી જૂથો કે અન્ય જૂથો પોતાના રીતરિવાજો, ધાર્મિક વિધિઓ, વિચારસરણી અને જીવન પદ્ધતિને કોઈ ઉચ્ચ મનાતી જ્ઞાતિની દિશા અને કક્ષા અનુસાર બદલે છે. એકબીજાના રીતરિવાજો અને પ્રથાઓ વગેરે અપનાવે છે. વર્તમાન સમયમાં ભારતમાં લગભગ મોટાભાગના સમાજો અને જ્ઞાતિઓ એકબીજાની પ્રથાઓ અને પ્રણાલિકાઓથી પ્રભાવિત થયેલા જોવા મળે છે. એકબીજાની સંસ્કૃતિની આપ-લે કરે છે. જેમાં આ સંશોધન લેખમાં અભ્યાસકે તરીકે ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓમાં કુંભાર સમાજે આપેલા પોતાના પ્રદાન વિષે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

- **કુંભાર શબ્દની સંકલ્પના અને અર્થ :**

કુંભાર શબ્દ માટીકલા અને માટીકામ સાથે સંકળાયેલો છે. માટી કુંભારોની અધિષ્ઠાત્રી છે. કુંભાર શબ્દનો અર્થ થાય છે "કુભ બનાવનાર.". જેઓના માટે બીજો શબ્દ "દલવાડી અર્થાત

માટી(દલ) વડે આજીવિકા મેળવનાર." કુંભારો માટે "ઓઝા અર્થાત ઓજસ, પ્રકાશ કે જ્ઞાન ધરાવનાર."

આ બધાથી સર્વ સામાન્ય શબ્દ વપરાય છે 'પરજાપત'. જેનો અર્થ થાય છે 'જનસમાજની આબરૂ જાળવનાર, ટકાવનાર.' અહીં આબરૂ એ એવા અર્થમાં વપરાયો છે કે જે સમાજમાં પોતાની માટીકલાથી માટીના પાત્રો બનાવીને લોકોની જીવન જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડે છે. જેમાં માનવના જન્મથી માંડીને મૃત્યુ સુધીની જીવનયાત્રામાં માટીનાં પાત્રો પ્રત્યક્ષ કે પરોક્ષ ઉપયોગ થાય છે. જે એક પ્રાચીનકાળથી ચાલી આવતી સંસ્કૃતિ મનાય છે. તો તેને વિશેષ સમજવાનો પ્રયાસ કરીએ.

- **ભારતીય સંસ્કૃતિ અને કુંભાર સમાજ :**

માટીના વાસણો બનાવવાનો વ્યવસાય માનવ ઈતિહાસમાં સૌથી પુરાણો હુન્નર મનાય છે. જે કુંભારીકામ તરીકે ઓળખાતી કલાની વિશેષરૂપે પદ્ધતિ નવપાષાણયુગ દરમિયાન શોધાઈ હશે એવું મનાય છે. આ માટીના વાસણોને બનાવ્યા પછી તેને લાંબો સમય ટકાવી શકાય તે માટે તેને 'નીંભાડા'માં આગમાં પકવવામાં આવે છે. તથા આકર્ષક લાગે તે માટે તેનો લાલ, કાળા અને સફેદ ઘેરુથી રંગવામાં આવે છે. ભારત જ નહીં, વિશ્વમાં જ્યાં જ્યાં માનવસમાજ વસે છે ત્યાં ત્યાં માટીનાં પાત્રો અસ્તિત્વ ધરાવે છે. જે આ કુંભાર સમાજની સાર્વત્રિકતા અને જનસમુદાયમાં તેઓના પ્રદાનની સાક્ષી પૂરે છે. કુંભારો દ્વારા બનાવવામાં આવતા પાત્રો ૩૬ પ્રકારના છે : (૧) માટલી, (૨) માટલું,(૩) ગોળો, (૪) માણ, (૫) માણિયો, (૬) તાવડી, (૭) કોડિયું, (૮) છાશની મોટી ગોળી, (૯) કથરોટ, (૧૦) ગરબો, (૧૧) નળિયાં, (૧૨) છાશની દોણી, (૧૩) ગાગર બેડિયું, (૧૪) રામૈયું (રામપાતર), (૧૫) ચકલો, (૧૬) પડઘલો, (૧૭) ગડું, (૧૮) ઢાંકણી, (૧૯) લોટી, (૨૦) આવળિયું, (૨૧) ગુજરડો, (૨૨) મોરિયો, (૨૩) ઘડુલોટી, (૨૪) બતક, (૨૫) ધૂણિયો, (૨૬) જાકરો, (૨૭) કદો (પાટિયો કે નાકાવાળી કડાઈ), (૨૮) ઘીની વાઢી, (૨૯) કૂંડું-કૂંડી, (૩૦) તાવો, (૩૧) કુલડી ભંભો, (૩૨) કદહળી, (૩૩) હેણાની કૂંડી, (૩૪) ધોધા, (૩૫) સાંતકિયા, (૩૬) મોભિયો.

માટીનો સંબંધ માનવશરીર સાથે જેમ છે તેવો સંબંધ માટીનો માનવજીવન સાથે પણ અજોડ છે. ઉપરોક્ત માટીના પાત્રો દૈનિક પ્રવૃત્તિઓમાં વપરાશ માટે તો વપરાય જ છે, પણ માનવસમાજમાં શુભ-અશુભ પ્રસંગોએ પણ આ જ માટીનાં પાત્રો પૈકીનાં કેટલાક ધાર્મિક પ્રસંગોએ વપરાય છે. જેની ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓ સાથે જાણવાનો પ્રયાસ કર્યો છે.

- **હિન્દુ ધર્મના સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગો સાથે કુંભાર અને તેના માટીના પાત્રોની પરંપરા:**

ભારતમાં હિન્દુઓના સામાજિક અને સાંસ્કૃતિક તથા ધાર્મિક પ્રસંગોએ પ્રાચીનકાળથી ચાલી આવતી સાંસ્કૃતિક પરંપરાઓમાં કારીગર વર્ગો પોતાનું યથાયોગ્ય યોગદાન આપે જ છે. જેમ કે, સુથાર, લુહાર, મણિયારી, સાળવી, ફૂલમાળી, મોચી, કુંભાર વગેરે. આ પૈકી કુંભાર સમાજનું પ્રદાન અને સ્થાન પ્રાચીન સમયથી ચાલી આવતી હિન્દુ સમાજની ધાર્મિક અને સામાજિક - સાંસ્કૃતિક પ્રસંગોની પરંપરાઓમાં ન ટાળી શકાય તેવું છે.

(૧) મૂહુર્ત માંડવો : લગ્ન પ્રસંગે થતો 'માંડવો મુહૂર્ત વિધિ' હિન્દુ સમાજોમાં અનિવાર્ય છે. આ વિધિમાં કન્યાપક્ષની સ્ત્રીઓ સંગીતના સૂર સાથે ફટાણાં ગાતી ગાતી કુંભારના ઘરે ચાકપૂજા કરવા અને માટીનો કુંભ લેવા જાય છે. કુંભારના ચાકની પૂજા કંકુ, ચોખા અને ફૂલથી કરે છે અને કુંભારને દાન-દક્ષિણા રૂપે શ્રીફળ, ચોખા, ગોળ તેમજ સાડી આપી માટીના કુંભ સાથે પરત ફરે છે.

(૨) ચાકપૂજા : "માટીના વાસણ બનાવવામાં વપરાતા કુંભારના ચકડાને હિન્દુઓના ધાર્મિક પ્રસંગોએ ચાકડો પૂજવાની કે વધાવવાની પ્રથા જોવા મળે છે. જે પ્રગતિ અને પવિત્રતાનું સૂચક છે. આ પ્રસંગે કુંભાર અને ચાકડાને ચાંલ્લો કરવો, ગીત(ફટાણાં) ગાવાં, ઘીનો દીવો કરવો, ટકો મૂકવો વગેરે સાંસ્કૃતિક અને ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે.

(૩) ગોત્રદેવ (ગોત્રીજો)ની સ્થાપના : હિન્દુ સમાજની લગ્નવિધિમાં જેવી રીતે કંકોત્રી આપી સગાં-વહાલાંને તેડાવીએ છીએ તેમ પોતાના પૂર્વજ કે કૂળદેવ(ગોત્રદેવ, ગોત્રજ કે ગોતરડાં)ને પ્રાચીન અને પવિત્ર પરંપરા મુજબ દેવ સમાન માની પ્રજાપતિ(કુંભાર)ના ઘરેથી માત્ર બે માટીના ઘડારૂપે પોતાના ઘરે આમંત્રે છે. જેના વિકલ્પમાં તાંબા કે પિત્તળના ઘડા વપરાતા નથી. આ સાંસ્કૃતિક પરંપરા અનુસાર સ્ત્રીઓ પ્રજાપતિના ઘેર ગોત્રદેવ લેવા જાય છે. જ્યાં ગોર(બ્રાહ્મણ) પૂજા કરે છે, માળી ફૂલહાર ચઢાવે છે તથા હજામ સેવાચાકરી તથા પાણી પાવાનું કામ કરે છે અને પછી ગોત્રજ લેવાય છે. સાથે દાન-દક્ષિણા રૂપે કુંભારને અક્ષત - અચ્છાનું (સવાશેર થી પાંચશેર), ગોળ (સવાશેર), ઘી (પાશેર) તથા વસ્ત્ર વગેરે અપાય છે અને પવિત્ર પ્રસંગને નિર્વિઘ્ને પૂરો કરવાની આ પરંપરા ચાલી આવે છે.

(૪) ગુર્જર કે ગુજરડાં (કુંભાર) : હિન્દુઓની સાંસ્કૃતિક પરંપરા મુજબ લગ્ન પ્રસંગે ગ્રહશાંતિ કરવા જરૂરી ગુજરડાં કે ગુર્જરો કુંભારો(પ્રજાપતિ)ની હાજરીના પ્રતીકરૂપે માટીમાંથી બનેલા ગુજરડાં મૂકવામાં આવે છે. જે હિન્દુ સમાજના લગભગ બધા જ્ઞાતિ સમૂહોમાં જોવા મળે છે. ઉત્તર ભારતના

ગુજ્જરો દક્ષિણ તરફ વસ્યા અને ગુજરાતમાં જે ગુર્જર તરીકે ઓળખાયા. આ ગુર્જરો પોતાના મૂળ સમૂહની યાદગીરી રૂપે લગ્ન પ્રસંગે ગ્રહશાંતિ વિધિમાં ગુર્જરડાં મૂકે છે. હાલ ગુર્જરો(કુંભારો) સિવાય અન્ય જ્ઞાતિઓ પણ આ ગુજરડાં લાવવાની સાંસ્કૃતિક પરંપરા અપનાવે છે.

(૫) ચોરિ(ઉતરડ) : લગ્નમંડપમાં પ્રજાપતિ દેવોની હાજરીના પ્રતીકરૂપે હાલના હિન્દુ સમાજોમાં પ્રજાપતિ(કુંભાર)ની હસ્તકૃતિ એવી ઉતરડની ગોઠવણી મંડપની ચારેબાજુ ગોઠવી પ્રજાપતિ દેવોની હાજરીનો સ્વીકાર કરાય છે. જે પ્રજાપતિ(કુંભાર) જ્ઞાતિના લગ્નમંડપમાં જોવા મળતી નથી. કોઈ જગ્યાએ તાંબા પિત્તળના ઉતરડની પણ ગોઠવણ જોવા મળે છે. જે અંતે તો તે ધાતુની ઉતરડ પણ કંસારા જેવા કારીગર વર્ગે જ બનાવ્યા છે. લગ્નની જગ્યા પર એક સાથે દંપતીના સાક્ષી તરીકે જે તે સમાજ અને જ્ઞાતિના વડીલોને નિમંત્રણથી, દેવોને મંત્રોચ્ચારથી, પૂર્વજોને ગોતરડાંથી, વિશ્વકર્માને ધાતુ - માટીની ઉતરડથી હાજર રાખવાની પ્રથા હાલ પણ બધી હિન્દુ જ્ઞાતિઓ અને સમાજોમાં જોવા મળે છે.

(૬) કુંભપૂજા : ભારતીય સમાજોમાં થતાં સામાજિક અને સાંસ્કૃતિક શુભ કાર્યો જેવા કે વાસ્તુપૂજન, સીમંત સંસ્કાર, જાતર, હોમ, હવન, લગ્ન, ગૃહપ્રવેશ વગેરે શુભ પ્રસંગોએ જવારા વાવેલાં રામપાત્ર (સાખીયાં) કે જે નાના કુંભની ઉપર મૂકી પ્રજાપતિ દેવોની પૂજા કરી આશીષ શ્રદ્ધાપૂર્વક મેળવવામાં આવે છે. જે પ્રાચીનકાળમાં ખાતરીપૂર્વક માનેલ સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરા હાલ પણ લગભગ બધા હિન્દુ સમાજોમાં જોવા મળે છે.

(૭) કુંભાર (કુંભકાર)નું ગોરપદું : શ્રીયુત નારાયણ ગોવિંદ ચાપેકર (બ્રિટિશ પેન્શનર) કે જે બદવાપુર (મુંબઇ)ના વતની કે જેમણે પોતાના પુસ્તકમાં જણાવ્યું છે કે "કુંભારનું પુષ્કળ જ્ઞાતિઓમાં લગ્નક્રિયામાં તથા ઉત્તરક્રિયા(મરણ પછી સરાવવું)માં માનભર્યું સ્થાન છે." આમ, મહારાષ્ટ્રમાં ચાંભાર, ભોઇ, તેલી, હપસાણી, આગટી જેવી જ્ઞાતિઓમાં ધાર્મિક ક્રિયા માટે કુંભાર(પ્રજાપતિ)ને બોલાવવાનો રિવાજ છે. કુંભારનું ઘર પાણી પીવા માટેનું શુભ સ્થળ મનાય છે. બ્રાહ્મણો ગરુડપુરાણ વાંચે છે તેમ કુંભારો(પ્રજાપતિઓ) પાંડવોનું આખ્યાન કરે છે. લગ્ન પ્રસંગે ગૌરીહાર, વટી, આયરીના પ્રસંગોએ કુંભાર(પ્રજાપતિ)ના ઘેર જઇ પાનનું બીડું, પૈસો, સોપારી, સીધું આપવાનો રિવાજ છે. જે બ્રિટિશકાલીન સમયમાં નોંધાયેલ જોવા મળે છે.

(૮) ગણેશ માટલી (માહ્ય માટલી) : લગ્ન પ્રસંગે ગણેશ સ્થાપન સાથે જ કુંભારને ઘેરથી માટલી લાવીને તેમાં દીપ પ્રગટાવી પ્રસંગ પૂરો થાય ત્યાં સુધી મૂકાય છે. જે હાલ લગભગ તમામ હિન્દુ સમાજો અને જ્ઞાતિઓમાં આ સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રથા જોવા મળે છે.

(૯) વરધ(વંશવૃદ્ધિ) કુંભ : દરેક હિન્દુ જ્ઞાતિ અને જ્ઞાતિ પરિવાર પોતાના કૂળની વૃદ્ધિ માટે પ્રજાપતિ દેવ-દેવીઓના આશીષ મેળવવા કુંભાર(પ્રજાપતિ)ઓને ઘેર જાય છે અને દાન-દક્ષિણા આપી વંશવૃદ્ધિના આશીષરૂપે સાત જોડ કુંભ લાવે છે અને તેમાં પાણી ભરી લગ્નમંડપમાં સદભાવના સાથે મૂકે છે. આ પરંપરા હિન્દુ સમાજોમાં જોવા મળે જ છે.

(૧૦) માહ્ય(મહા) માટલું : કન્યાની વિદાય વખતે તેના સાસરી પક્ષમાં તે સુખી અને વૈભવી જીવન જીવે તેના પ્રતીકરૂપે કુંભાર (પ્રજાપતિ)ના ઘરેથી માટી કે કંસારાને ત્યાથી તાંબા-પિત્તળની માટલી આપવામાં આવે છે. જે પરંપરા હાલ પણ લગભગ તમામ હિન્દુ સમાજો અને જ્ઞાતિઓમાં જોવા મળે છે.

(૧૧) સીમંત કુંભ : મનવાંછિત સંતાન પ્રાપ્તિ માટે પ્રજાપતિ દેવોના આશીર્વાદ મેળવવા માટે કુંભારને ત્યાંથી હાથે ઘડેલો અને ચીતરેલો અક્ષત(ચોખા) ભરેલો કુંભ સીમંત વિધિમાં અપાય છે.

(૧૨) વાસ્તુ કુંભ : નવીન ઘર કે મકાનમાં ગૃહપ્રવેશ સમયે સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રજાપતિ દેવોના આશીષ મેળવવાના પ્રતીકરૂપે માટીનો વાસ્તુ કુંભ મૂકવાની પ્રથા હાલ તમામ હિન્દુ સમાજ અને જ્ઞાતિઓમાં જોવા મળે છે.

(૧૩) જવારા કુંભ : શુભ અને માંગલિક પ્રસંગે પૂજાવિધિ સમયે જવારા અને પાણી ભરેલો કુંભ અગ્રસ્થાને રખાય છે.

(૧૪) ટાઢી કુંભ : મરણોત્તર ક્રિયા માટે મૃતકના આત્માની શાંતિ માટે તેની રાખોડીને ટાઢી કરવાની ક્રિયા (ઠંડી કરવા) માટે કુંભારને ત્યાંથી કોરો અને નવો ઘડો લઈ જવાની પ્રથા હાલ પણ શ્રદ્ધાપૂર્વક થાય છે. જેની સાથે પ્રજાપતિ દેવોના આશીષ મેળવવાની ભાવના પણ સંકળાયેલી છે.

(૧૫) છારોડીઆ : મરણોત્તરની ક્રિયામાં મૃતકના શરીરની રાખ અને હાડકાંની પવિત્ર નદીમાં વિસ્તરણ કરવા માટે શ્રાદ્ધ સરવ્યા પછી મોકલવા ત્રિલોકના પ્રતીકરૂપે ત્રણ માટીના પાત્રો ઝાંપા સુધી વળાવાય છે. જેની પાછળ પ્રજાપતિ દેવોના આશીષની ભાવના રહેલી છે. જે સાંસ્કૃતિક પરંપરા હાલ પણ હિન્દુ સમાજોમાં જોવા મળે છે.

- **ભારતના પૂર્વાંચલ પ્રદેશોમાં જોવા મળતી કુંભારોની શિલ્પકળા અને સાંસ્કૃતિક પરંપરાઓ :**

પૂર્વ ભારતમાં કુંભારોને 'કુંભકાર' અથવા 'પતુઆ' તરીકે ઓળખવામાં આવતા. આસામમાં માટીના શિલ્પોના કલાકાર પુરુષો નહિ, પણ સ્ત્રીઓ છે. આ આસામી પ્રજાપતિઓમાં 'હીરા' અને 'કુમાર' નામની બે શાખાઓની બહેનો શિલ્પકલામાં કાબેલ અને પારંગત છે. પૂર્વાંચલના ગૌહાટીના કામાક્ષી મંદિર સાક્ષ્ય પૂરે છે કે આ પ્રદેશમાં માતૃકા સંપ્રદાય અથવા શક્તિ સંપ્રદાયનું પ્રચલન હતું.

અહીંના ભારતીય હિન્દુ સમાજોમાં રામ-સીતા વિવાહ, શંકર - પાર્વતી વિવાહ, રાધા - કૃષ્ણ વિવાહ જેવા ઉત્સવો ઉજવાય છે. આ ઉત્સવોમાં વર - કન્યાની પકવેલી માટીની મૂર્તિઓ બનાવી ઉત્સવ ઉજવ્યા બાદ તેને વડના ઝાડના લાકડાના તરાપામાં મૂકી, બે સફરજનનો અર્ધ્ય આપી, નદીમાં પધારવવામાં આવે છે. નિ:સંતાન દંપતી પણ આવી પ્રણાલિકા અપનાવે છે. આ પરંપરા રિવાજ સ્વરૂપે વર્ષોથી ચાલતી હોવાના પુરાવારૂપે પૂર્વાંચલની નદીઓના પટમાંથી અસંખ્ય મૃતશિલ્પો પ્રાપ્ત થયાં છે. જેના આધારે એ સમયના કુંભારો (પ્રજાપતિઓ)ની કલાનુ મહત્વ અને કારીગરીની કુશળતા સાથે તેઓની સામાજિક અને સાંસ્કૃતિક પરંપરામાં પ્રદાન અને ફાળો જાણવા મળે છે.

આજે પણ આ કળા આસામના ‘માજુલીનગર’ અને ‘લોઅર આસામ’માં જોવા મળે છે. આ કલાનું બીજું કેન્દ્ર ગૌરીપુર નગરની પાસે આવેલ ‘અશ્કર્કિંન્ડી’ ગામ છે. આ મૃતશિલ્પોની શૈલી નગ્ન નથી, પણ સમગ્ર દેહને કપડાં પહેરાવેલાં છે તથા માથું, ગળું, હાથ વગેરે અંગો ઘરેણાંથી સુશોભિત છે તેથી તદન અલગ દેખાઈ આવે છે. દક્ષિણ કામરૂપ જિલ્લામાં હાથી, ઘોડા, હરણ જેવાં પશુઓની મૂર્તિઓ બને છે. ક્યાંક હાથી પર મહાવત અને ઘોડા પર અસવાર બેઠેલો બતાવવામાં આવ્યો છે. આ કલા પૂર્વાંચલ ભારતના પ્રજાપતિઓની છે. જે પ્રાચીન સમયમાં તેનું કલાકૌશલ્ય અને સાંસ્કૃતિક પ્રદાન બતાવે છે અને માનવસમાજમાં કુંભાર જ્ઞાતિની સામાજિક અને સાંસ્કૃતિક અગત્યતા અને તેની આગવી કલાનું પ્રતિનિધિત્વ દર્શાવે છે.

- **સમાપન :** આપણે જોયું કે આ કુંભાર સમાજ કે જે માટીકામ સાથે સંકળાયેલો કારીગર વર્ગ છે. પ્રાચીન ભારતની હિન્દુ વર્ણવ્યવસ્થાનો મૂળ ઉદેશ્ય માનવ સમાજો વચ્ચે જરૂરિયાતોની પૂરતી કરવાનો હતો. જે ભારતીય હિન્દુ સમાજોમાં કારીગર વર્ગોના કાર્યોની વહેંચણી પરથી જોવા મળે છે. જે પ્રાચીન ભારતીય હિન્દુ સમાજોની પરંપરાઓના સ્વરૂપે વણાઈ ગયું છે. જેમાં વસ્તુ વિનિમય પ્રથા કેન્દ્ર સ્થાને હતી. જે વર્તમાન સમાજોમાં આ પ્રથા લુપ્ત થતી જોવા મળે છે. આ અંતર્ગત કુંભાર સમાજ પણ પોતાનું યથાયોગ્ય યોગદાન આપી ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓ જાળવી રાખી ભારતીય સમાજો વચ્ચે વ્યવહારોનું સમતોલન જાળવી રાખવા પ્રયત્નશીલ છે. ભારતનો કુંભાર સમાજ પોતાનું યોગદાન ઉપર્યુક્ત માનવની જન્મની ક્રિયાઓથી લઈને તેના મૃત્યુ પછીની ક્રિયાઓ સુધી આ સમાજ પોતાનું યોગદાન આપી ભારતીય પરંપરાઓ નિભાવતો આવ્યો છે. ભારતમાં વિદ્યમાન અન્ય સમાજો પર વત્તે - ઓછે સંશોધનો અને લેખનકાર્યો થયાં છે, પરંતુ આ હિન્દુ કુંભાર સમાજ પર પ્રમાણમાં નહિવત સંશોધન થયાનું જાણવા મળે છે. અન્ય સમાજોની તુલનામાં કુંભાર સમાજ ભારતીય હિન્દુ સમાજોના સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાઓમાં પાયારૂપ સ્થાન ધરાવે છે. તેવા આ કુંભાર સમાજ પ્રત્યે સંશોધન અને લેખનકાર્ય પર કોઈ વિશેષ ધ્યાન

અપાયું નથી. જો આ સમાજ પર કાર્ય કરવામાં આવે તો માનવ ઉત્પત્તિ સાથે જ અસ્તિત્વ ધરાવતા કુંભાર સમાજ વિશે ઘણું સંશોધનનું કામ થઈ શકે એમ છે. ઉપરાંત, ભારતીય સંસ્કૃતિમાં આ સમાજનું વિશેષ પ્રદાન યુગે યુગે અને સમયાનુસાર જાણી શકાય તેમ છે.

- સંદર્ભ નોંધ :


1. ભગવતસિંહજી, "ભગવદગોમંડલ : ભાગ-૨", રાજકોટ, ૧૯૪૮.
2. ભગવતસિંહજી, "ભગવદગોમંડલ : ભાગ-3", રાજકોટ, ૧૯૪૮.
3. વસવેલીયા વસંતભાઇ, "વિશ્વનિર્માતા પ્રજાપતિ", વડોદરા, જૂન-૧૯૯૭.
4. "Gazetteer of India, Gujarat State, Surat District", Directorate of Govt. Printing Stationery & Publication, Gujrat State, First Edition (Surat and Broach)-1877, Revised-1962.
5. "ગુજરાત પ્રજાપતિ પરિચયગ્રંથ", ગુજરાત પ્રજાપતિ સભા - અમદાવાદ, ૧૯૭૮.
6. ઓઝા ઈશ્વરલાલ ગિ., "પુરાવૃત", વિસનગર, ૨૦૦૬.


## મહારાવ ખેંગારજી ત્રીજાના સમયની કચ્છની સામાજિક પરંપરાઓ.


**રમેશભાઈ હીરાજી રબારી**

પીએચ.ડી.,સંશોધક, ઈતિહાસ વિભાગ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ

**પ્રસ્તાવના:**

માણસ તેના ભૂતકાળની જેમ વર્તમાન સમયમાં પણ તેની ધાર્મિક ગતિ - વિધિઓ તે અભ્યાસની તેની ખાસિયતો, પરંપરાઓ, રીત - રીવાજો, સામાજિક જીવન વ્યવહાર સબંધી સર્વગ્રાહી બાબતોમાં માણસના કેટલાક પાસાઓ નો ખ્યાલ આવે છે. સામાજિક વિકાસ અને સામાજિક જાગૃતિ કરવા, સ્વાવલંબી બનાવવા વગેરે બાબતોની સઘળી માહિતી મહારાવ ખેંગારજી ત્રીજાના સમયગાળાની ગતિવિધિઓ દ્વારા મળે છે. સામાજિક, ધાર્મિક તથા આર્થિક બાબતોને ધ્યાનમાં રાખી સમાજ જાગૃતિ ના કાર્યો કરવામાં આવ્યા હતા. તે ઇતિહાસની સાથે, સમાજમાં કરેલ કોતરવામાં આવેલ લખાણો તેની સાક્ષી પૂરે છે. કોઈપણ સભ્યતા અને સંસ્કૃતિને સમજવા માટે તે જ્યાં વસે છે. ત્યા એ પ્રદેશના પરિચય આવશ્યક છે. હંમેશા પ્રજાના સામાજિક ઘડતરમાં હવામાન ધરતી, પ્રાણી, પર્યાવરણ સૃષ્ટિ વગેરેનો ફાળો અગત્યનો હોય છે. ત્યારે નવી દિશા તરફ સમાજ પ્રગતિ કરી શકે. સામાજિક પાસા જેટલા મહત્વ ધરાવે છે. તેટલા જ ધાર્મિક અને આર્થિક બાબતોનો પણ સમાજ ઘડતરમાં આવશ્યક ફાળો હોય છે. કચ્છની ભૌગોલિક રચના જ એવા પ્રકારની છે કે જેમાં સામાજિક, ધાર્મિક ની સાથે આર્થિક બાબતોમાં પણ હાલી જોઈ શકાય છે સમાજ જીવન ઉપર દરેક વ્યક્તિ પોતાની છાપ ધાર્મિક અને આર્થિક પાસાને આધિન હોય છે. કચ્છમાં હંમેશા રાજ્ય સતાઓ સીધી કે આડકતરી રીતે જમાવા માટે કેવા કેવા પ્રયાસો કરતા તે આપણે જોયા છે. સમાજ ઘડતર અને સમાજ બંધારણ માં ધાર્મિક અને આર્થિક દ્રષ્ટિકોણ રાખવામાં આવ્યો છે.

**1. સામાજિક પરંપરાઓ:**

કચ્છ પ્રદેશમાં જ્યારે સામાજિક બાબતમાં નવી દિશાઓ ઉઘડે ત્યારે સમાજના કાર્યક્રમ માટે તે પડકાર પણ છે. સામાજિક અજ્ઞાનતા, જુનવાણી, વિચારસરણી, કેટલીક વારસાગત ટેવો વગેરે બાબતો સમાજ જાગૃતિ માટે અવરોધ રૂપ હોવા છતાં સમાજ ક્રાંતિ દ્વારા સમાજમાં વિશાળ સમાજને આગળ લાવવા માટેની એક તક મહારાવ ખેંગારજી ત્રીજાના સમયમાં નૂતન અભિગમ પ્રત્યે દ્રષ્ટિ કેન્દ્રિત થઇ હતી. એક ભવ્ય વિચાર પાછળ ધર્મ અને સમાજનું ઓઠું લઈને કેટલાક માટેના જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યા હતા. સમાજમાં કેટલીક એવી પણ હતી જે સમાજમાં રહીને ધંધો કરે છે. પણ ધંધા ના પ્રકાર, શિક્ષણ અને સંસ્કારમાં પછાત છે, જેથી તેમના ઉદ્ધાર માટે પણ નવી બાર જરૂરી હતી.[૧]

કચ્છમાં જો આમાંથી સતીપ્રથા, દૂધ પીતી કરવાનો રિવાજ, બાળ લગ્ન, ગુલામી પ્રથા વગેરે કુરિવાજોને બંધ કરાવવા કેટલાક માણસો નો સાથ સહકાર લઈ શિક્ષણથી સર્જાયેલી પેઢીનું પ્રતિનિધિત્વ કરવા સ્થાનિક કક્ષાએ વ્યક્તિઓ મળી રહે એ દિશામાં કેટલાક પ્રયત્નો કરવામાં આવ્યા હતા. બ્રિટિશ લખાણોમાં પણ યુરોપ સાથે ની સરખામણીએ પોતાનાથી અલગ પૂર્વગ્રહ યુક્ત સામાજિક પરિવેશ આ અંગે પણ હાથ ધરાયેલ વિષયને સમજવા ની ધગશ આ સમયગાળા દરમિયાન જોઈ શકાય છે. બ્રિટિશ લશ્કર ના તબીબી જેમ બર્નશે ઇતિહાસ વિષયમાં દૂધ પીતી કરવાનો રિવાજ અંગે પોતાના વિચારો રજૂ કરેલા છે.[૨]

કચ્છ પ્રદેશમાં 19મી સદી દરમિયાન વિવિધ જ્ઞાન શાખાઓ તથા સંશોધનકાર્ય થયેલા છે પ્રાકૃતિક, આર્થિક, ભૌતિક તથા માનવ વિદ્યા અને સામાજિક ક્ષેત્રે પણ કેટલાક મહત્વના પ્રયાસો થયા છે મહારાવ ખેંગારજી ત્રીજાના સમયમાં સામાજિક ક્ષેત્રે થયેલી કામગીરી નો ઉલ્લેખ કાળગણના પ્રમાણે તૈયાર કરાયેલા પાળિયાઓ માં જોઈ શકાય છે. તથા મ્યુઝિયમ, સંસ્કૃતિ જીવન તેમ જ જે તે ગામડામાં આવેલી છતરડીઓ તથા જુના દસ્તાવેજોમાં પણ કોતરાવેલ પડ્યા છે. આ સમયગાળા દરમિયાન ભારતીય ઉત્ખનન ના એક ઘટક તરીકે કચ્છ પ્રદેશમાં સામાજિક પ્રણાલી ગત કેટલાક રીતરિવાજો પોશાક તથા કેટલીક જનજાતિઓની સમાજ રચના તથા પ્રદેશની આબોહવા અને ભૂરચના સાથે કેટલુંક નજીકનું સબંધ ઈતિહાસના પાને લખાયું છે આ પ્રજાનું સામાજિક જીવનએ  તેની વર્તણુંક અને ખમીરના ઘડતરમાં પ્રજા ની લાક્ષણિકતા એક નક્કર ઓળખ આપે છે. સમાજની વિવિધ જાતિઓ તેના વંશજોની ઓળખની વિવિધતા રજૂ કરે છે. વિવિધ જાતિ આધારિત બોલી તથા તેની કામગીરી અને રજૂઆત વખતોવખતની સામાજિક ઓળખ આપે છે. કચ્છમાં સામાજિક અને વૈચારિક ક્રાંતિ લાવવા માટે આ સમયગાળા દરમિયાન મહારાજ ખેંગારજી ત્રીજા દ્વારા જબરજસ્ત બદલાવ લાવવામાં આવ્યો હતો.  કેટલાક બ્રિટિશ લશ્કરી અધિકારી અને અન્ય અભ્યાસીઓના લાંબા- ટૂંકાગાળાના પ્રવાસ પણ કચ્છમાં શરૂ થયા હતા. નવા પ્રકારની શિક્ષણ પદ્ધતિએ હકીકત સામાજિક જીવન વ્યવહારમા હલોચલો મચાવવાની શરૂઆત કરી હતી. સામાજિક સંસ્થાઓ ભારતીય કલા સ્થાપત્યથી માંડીને જ્ઞાન-વિજ્ઞાનની વિવિધ પદ્ધતિઓ અપનાવીને સમાજમાં કેટલાક રીત રિવાજો ને બદલવામાં પ્રયાસો થયેલા છે. આ સમયગાળા દરમિયાન કચ્છ બ્રિટિશ સંબંધ રાજકીય કરતાં સામાજિક બાબતોમાં વધુ જોવા મળે છે.[3]

**2. સામાજિક રહેણીકરણી:**

" નુરા તુરંગા જલવાયુ રમ્યા,
ગિરા મધુરી શિર – પેચ વક્રા
ન વિધતે કચ્છ વિહિન દેશે
તતો ગામિષ્યામી હિ કચ્છ દેશે."

**અર્થાત,**

'જે ભુમિના પુરુષો અને અશ્વો ઉત્તમ કોટિના છે, ત્યાં હવા પાણી સ્વાસ્થ્ય કારક છે.',જયાની વાણી મધુર છે, પાઘડો પેચ પણ વાંકો છે. એવી ધરતી કચ્છ સિવાય બીજે ક્યાંય નથી. આ કારણથી અમે કચ્છ જઈએ છીએ.

કચ્છના લોકો વિવેકી, સભ્યતા અને નમ્રતાના ગુણો જોવા મળે છે. પ્રાણી વધના વિરોધી છે. ઈશ્વરથી ખૂબ ડરે છે. કચ્છનું મોટા ભાગનું સમાજ અહિંસક જોવા મળે છે. લોહાણા સમાજના લોકો ખેતી અને મંજૂરીમાં વધારે ધ્યાન આપતા હતાફ જાડેજા પુરુષો સુંદર તથા સ્ત્રીઓ કદાવર, સાહસિક અને સ્વરૂપવાન હતી. ખોરાકમાં ખાસ કરીને અનાજ,શાકભાજી, ઘી,જુવાર,બાજરો વધારે પ્રમાણમાં ઉપયોગ કરતા હતા. દૂધ- છાસ મહત્વના હતા. હિંદુઓ અગ્નિ – સંસ્કાર કરતા, જ્યારે મુસ્લિમો આમલપનાહ પાસેથી જમીનમાં દફનવિધિ કરતા. રાજકીય કુટુંબો અંતિમ ક્રિયામાં ગાદીના સાચા વારદારે સ્મશાનમાં ન જવું તેવા રિવાજો પણ જોવા મળતા હતા. સમાજ વિવિધ જાતીઓથી ભરેલો હતો. સમાજ અંતિમ ક્રિયાની બાબતમાં રૂઢિચુસ્ત જોવા મળે છે.

મેકમર્ડોએ લખ્યું છે કે, કચ્છમાં યુરોપિયન મોડેલની સામંત શાહી જુદા સ્વરૂપ ની હતી. હિન્દુ રાજપૂતો ઉપરાંત બ્રાહ્મણ,ભાટિયા અને ચારણ જેવી વ્યવસાયલક્ષી જ્ઞાતિઓ વિકસાવી હોવાથી તેઓ પણ જમીન માંથી ભાગ પડાવતા કચ્છના રાજાઓ અડધા હિન્દુ અને અડધા મુસલમાન હતા. એકબીજાનું પાણી પીતા હતા. તેઓ આશાપુરા માતા રાજાઓની કુળદેવી છે અને તેમને હિન્દુ અને મુસલમાનો શ્રદ્ધાથી પૂજે છે. તેવી જ રીતે હાજીપીર ની દરગાહની માનતા હિન્દુ અને મુસલમાનો માંને છે.[૪]

**3. દૂધપીતી કરવાનો કુરિવાજ:**

કચ્છમાં સમાજમાં દૂધપીતી કરવાનો કુરિવાજ જોવા મળતો હતો. દીકરીનો જન્મ થતા જ દીકરીને મારી નાખવામાં આવતી હતી. ખાસ કરીને 19મી સદીના પ્રારંભમાં કચ્છ-સૌરાષ્ટ્રમાં

વિવિધ પ્રકારના કરાર આધારીત બાળકીને દૂધ પીતી કરવાની પ્રથાનો અંત લાવવા માટે જમાદાર ફતેહ મોહમ્મદ સાથે પત્ર વ્યવહાર કરવામાં આવ્યો હતો. કચ્છમાં અમુક વંશો જેવા કે જાડેજા, રાજપુત વગેરે જ્ઞાતિઓ માં દૂધપીતી કરવાનો રિવાજ ખૂબ જ વધારે પ્રમાણમાં હતું. તેઓ પોતાની ગાદીના વારસદાર માટે પુત્રને જ મહત્વનો ગણવામાં આવતો હોવાથી દીકરીને દૂધ પીતી કરવામાં આવતી હતી. બાળકીને દૂધ પીતી કરવાના રિવાજ ના કારણે સમાજમાં સ્ત્રી-પુરુષના પ્રમાણમાં અસમતુલા જળવાતી હતી. તેથી આ રિવાજને નાબૂદ કરવું અતિ આવશ્યક કાર્ય હતું. આ રિવાજ નાબૂદ કરવા માટે અનેક મથામણો ચાલી. દૂધ પીતી કરવાના રિવાજને અટકાવવાનું માન ખાટવા ઈચ્છતા બ્રિટિશરોના પ્રયત્નોની નીતિ શોષણ ભરી અને અન્યાયી હતી. કચ્છમાં આપણા સામાજિક કુરિવાજો નાબૂદ  કરવા માટે પણ મહારાવ ખેંગારજી ત્રીજાના સમયમાં તેમના દ્વારા અનેક પ્રયાસો થતા હતા. કુટુંબની ઈજ્જત  જાળવવાની ઈચ્છાને લીધે રાજપુતો બાળકીઓને જન્મવત [૫] જ મારી નાખવામાં આવતી. આપ કુરિવાજ સમાજ માટે એક કલંકરૂપ હતું. જેથી આ કુરિવાજ નાબૂદ કરવું જરૂરી હતું.

**4. અસ્પૃશ્યતાનું કલંક:**

ખાસ કરીને ગાંધીજીના ભાષણમાં અસ્પૃશ્યતાનું કલંક અને રાજા પ્રજા વચ્ચેના સંબંધો એ આ બાબતમાં ધ્યાનમાં રાખીને ગાંધીજીએ પોતાના વિચારો પ્રજા સમક્ષ મૂક્યા હતા. ગાંધીજીનું ભુજ નો કાર્યક્રમ એટલો બધો પ્રજાથી ભચ્ચક લાગતું હતું. કે જેમાં પ્રવૃત્તિમય કાર્યક્રમ જોવા મળતું હતું. કચ્છના મહારાવ ખેંગારજી ત્રીજા ને ગાંધીજીએ મળવાની ઉત્સુકતા હતી. એટલે એના બીજા દિવસે શરદ બાગ માં ગાંધીજી અને મહારાવ ખેંગારજી ત્રીજા વચ્ચે મુલાકાત યોજાઈ હતી. બંને વચ્ચે થયેલી મુલાકાતમાં બે-ત્રણ કલાકના સમયગાળા દરમિયાન ગાંધીજીએ પ્રજાના હિતમાં ઘણા બધા પ્રશ્નો વિશે મહારાવ ખેંગારજી ત્રીજા સાથે ચર્ચા વિચારણા કરી હતી.[૬] ભુજના પ્રવાસ પછી ગાંધીજી અબડાસા તરફ પ્રયાણ કર્યું. કોઠારા, વિંઝાણ, કોટડા, ડુમરા, નાચણ પર વગેરે ગામોની મુલાકાત દરમિયાન ગાંધીજી ના દર્શન કરવા માટે ત્યાં વસતા લોકો ઉમટી પડ્યા હતા. આ લોકોની સાથે ગાંધીજી અસ્પૃશ્યતાનું કલંક નાબૂદ કરવું તથા હિન્દુ મુસ્લિમ એકતા એ બાબતની સમજણ કચ્છી પ્રજાને ગાંધીજીએ આપી હતી.

અસ્પૃશ્યતા નિવારણના પ્રચારાર્થે ૧૯૨૫માં ગાંધીજીએ સમગ્ર હિન્દ નો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસ દરમિયાન ગાંધીજીનુ કચ્છમાં પણ આગમન થયું. આ સમય દરમિયાન કચ્છમાં ચાલી રહેલ રજા જાગૃતિની પ્રવૃત્તિમાં ગાંધીજીનું કચ્છમાં પ્રવેશ થતાં સામાજિક કાર્ય કરોની અંદર ગાંધીજીની લોકપ્રિયતા એટલી બધી વધી જતી હતી કે સમગ્ર જનતાએ પ્રવૃત્તિમાં રસ

લેતી થઇ. કચ્છ પ્રજાસંઘના આગેવાનો લોકો દ્વારા ગાંધીજીને કચ્છમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા.

ગાંધીજીની એક ધર્મશાળામાં સભા બોલાવવામાં આવી હતી. જેમાં અંજાર, માંડવી, અબડાસા, ભુજથી લગભગ 300 જેટલા માણસો હાજર રહ્યા હતા. ગાંધીજી દ્વારા ખાદી ગ્રામ ઉદ્યોગ, કોમી એકતા, અસ્પૃશ્યતા નિવારણ જેવી બાબતો વિશે ચર્ચા થઈ. અસ્પૃશ્યતા નિવારણ સમિતિના મેમ્બરો અને કાર્યવાહી સમિતિ ની નીમવી વગેરે બાબતોની દરખાસ્તો તૈયાર કરવામાં હતી. ગાંધીજીની સાથે સરદાર વલ્લભભાઈ પટેલ, મહાદેવભાઈ , જીવરાજ ગોકળદાસ, દેવદાસ ગાંધી વગેરે સમાજ કાર્યકર્તાઓ પણ સાથે હાજર રહ્યા હતા. ગાંધીજી જ્યારે સભામાં પોતાનું ભાષણ કરવા ઉભો થાય છે. ત્યારે તેઓ અસ્પૃશ્યતાનું કલંક આપણા દેશમાંથી નાબૂદ કરવા સમગ્ર દેશના પ્રવાસ ના ભાગરૂપે કચ્છમાં તેમનું આગમન થયું હતું. હરિજનો અને સવર્ણો વચ્ચેની આ દિવાલ ના હોવી જોઈએ માટેની રજૂઆત કહી. સભામાં બેઠેલા કેટલાક લોકોએ તેમનો વિરોધ પણ ઉઠાવ્યો હતો.

**5. ફરજિયાત ચાંદલાનો રિવાજ:**

મહારાવ શ્રી ખેંગારજી ત્રીજાના સમયમાં કચ્છના દીવાન શ્રી મણીભાઈ જશુભાઈ ની સહીથી કારતક વદ અમાસના વિ.સ.1940 (ઇ.સ.1884) ના રોજ એક ફરમાનમાં રાવશ્રી ખેંગારજી ત્રીજાના લગ્ન પ્રસંગે રાજ્યના તમામ કર્મચારીઓનો એક મહિનાનો પગાર વધાવું તરીકે આપવાનો હુકમ થયેલો. કચ્છમાં રાજાશાહિ સમયમાં રાજવી પરિવારમાં લગ્ન પ્રસંગે ફરજિયાત ચાંદલા ની પ્રથા પ્રચલિત હતી. રાવશ્રી ખેગારજી ત્રીજાના સમયમાં ફરમાન બહાર પાડવામાં આવ્યું હતું. એ પહેલાં પણ ફરજિયાત ચાંદલાની પ્રથા પ્રચલિત હતી. આ પ્રથા પહેલાના સમયથી ચાલતી આવતી હતી. ઈ.સ ૧૮૬૪ માં જ્યારે રાવશ્રી ખેંગારજી ત્રીજા દ્વારા ફરમાન બહાર પાડવામાં આવ્યું. ત્યારે વસતિ પ્રજા અને રાજ્યના કર્મચારીઓનો એક મહિનાનો પગાર રાજવી માં લગ્ન પ્રસંગે વધાવુ તરીકે આપવામાં આવતો. આ ફરમાન માં જો એકદમ મહિનાનો પગાર ચાંદલામાં આપી દેવામાં આવે તો નોકરોને અડચણ થાય તેવું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આથી કર્મચારીઓ પાસેથી ત્રણ મહિનાના પગારમાંથી 1/3 રકમ કપાત કરી વધાવું વસૂલ કરવામાં આવતું હતું. આ ફરમાનમાં પણ જણાવવામાં આવ્યું હતું કે કર્મચારીઓને મળતા ભથ્થાં ઓને વધાવું માં સમાવેશ કરવો નહીં. આ સમય દરમિયાન રાજ્યમાં કેટલાક એવા પણ કર્મચારીઓ હતા કે જેમની નિમણૂક રાજ્ય તરફથી કરવામાં આવતી હતી, જ્યારે તેમને પગાર જમીનદારો પાસેથી વસૂલવામાં આવતો હતો. આ ફરમાંનમાં કયા કયા કર્મચારીઓ પાસેથી વધાવુ વસૂલવું તેનો પણ ઉલ્લેખ હતો. આ

ફરજિયાત ચાંદલાની પ્રથા રાજાશાહી સમયમાં ચાલુ હતી. આમ, કચ્છમાં રાજવીઓના લગ્ન પ્રસંગે વધાવું આપવાની પ્રથા ઇતિહાસમાં નોંધપાત્ર છે.[૭]

**6. કચ્છના મેળા – ઉત્સવો :**

કચ્છમાં વસ્તી હિન્દુ અને મુસલમાનોની જ્ઞાતિમાં અનેક મેળા ઉત્સવો ઉજવાય છે. કચ્છમાં હિન્દુઓનો મુખ્ય તહેવાર હોળી અને નાગ પંચમી હતો. જ્યારે મુસ્લિમોને મુખ્ય તહેવાર મહોરમ હતો. નાગ પંચમી કચ્છમાં હિન્દુઓને મુખ્ય તહેવાર હોવાથી મહારાવ પણ તેમાં ભાગ લેતા. એ સમયે તહેવારોના દિવસે મેળાઓ પણ ભરાતા હતા. જેમાં મુખ્યત્વે ચૈત્ર વૈશાખ મહિનામાં મેળાઓ ઊજવાતા હતા. કચ્છના સૌ સમાજના લોકો આ મેળાઓમાં આનંદ-ઉલ્લાસથી ભાગ લેતા. કચ્છમાં મુખ્યત્વે હોળી ધુળેટી, જન્માષ્ટમી, દશેરા, નાગ પંચમી, દિવાળી, મોહરમ જેવા અનેક તહેવારો ઉજવાતા હતા. તહેવારોનું એ વખતે સામાજિક રીતે ખૂબ જ મહત્વ ગણાતું હતું. મેળાઓ ભલે સામાજિક મહત્ત્વ ધરાવતા હોય, પરંતુ લોકો તેમાં રોજિંદા જીવનની ઘટમાળ ભૂલી જઈ આનંદ ઉત્સાહભેર તેમાં જોડાતા હતા. આમ, મેળા ઉત્સવોનું સમાજમાં મહત્વનું યોગદાન રહ્યું હતું.[૮]

**7. કચ્છીઓનો ભાતીગળ પહેરવેશ :**

પ્રાચીન ઇતિહાસના પાના ઉપર કચ્છ પ્રદાન કેવું અદભુત રહ્યું છે. તેના અનેક પ્રમાણો મળી આવે છે. વિશ્વની અનેક યથાવત પ્રજાએ અહીં કચ્છમાં આવી તેમણે પોતાનું આશ્રય સ્થાન બનાવ્યું છે. કચ્છ પ્રદેશ ઉપર પણીઓ અને અંધકોથી લઈને છેલ્લે સમાવંશ ના જાડેજા સુધીના સત્તાધીશોએ રાજ કર્યું છે. અને અનેક જનજાતિઓ કચ્છમાં વસે છે. સદીઓથી સમગ્ર જગતને કચ્છમાં આવવાનું આકર્ષણ રહ્યું છે. આ પ્રદેશમાં રાજાઓના સૈન્યોની અવરજવર થતી રહી છે. કચ્છમાં નાની-મોટી 130થી વધારે જ્ઞાતિઓ અને સમાજ નો વસવાટ રહ્યો છે. અહીંની પ્રજા નો પોશાક રંગબેરંગી અને ભાતીગળ રહ્યો છે. કચ્છ પ્રદેશના લોકો (પ્રજા) નો પહેરવેશ અલગ ઓળખ ધરાવે છે. અહીંની જ્ઞાતિઓના પોશાકમાં પણ ભિન્નતા જોવા મળે છે.

કચ્છમાં રાજપૂત જાડેજાઓએ અઢાર અઢાર પેઢી સુધી રાજ કર્યું. રાજપુત પુરુષો માથે કચ્છી પાઘડી પહેરતા હોવાથી ભરાવદાર અને પ્રભાવશાળી લાગતા હતા. સ્ત્રીઓ કાયમ ઓજલમાં રહેતી અને માઝાવાળો પૂર્ણ શરીર ઢંકાય તેવુ પોલકુ, ચણિયો, ઓઢણી,કે સાડી નો પોશાક ધારણ કરતી.

કચ્છમાં રબારી લોકોમાં ત્રણ જાત જોવા મળે છે. ઢેબરીયા, કચ્છી, વાઘડા તેમાં ઢેબરીયા રબારી ની સ્ત્રીઓ પોશાક ચોલી તથા ઘાઘરો સાથે કાળી ઓઢણી પહેરે છે. કચ્છી રબારી માં સ્ત્રીઓ ચોડી લાલ રંગની મશરૂમ કાચવાળી તથા ઘાઘરો ભરત ભરેલ ઓઢણી કાળી પહેરે છે. વાગડિયા રબારી કોમની સ્ત્રીઓ નો પહેરવેશ ચોલી તથા કાળી ઓઢણી તથા ભરત ભરેલો ચણીયો પહેરે છે.[૯]

કચ્છમાં વસતા આહિરોનો પહેરવેશ બીજી જ્ઞાતિઓ કરતાં જુદા પ્રકારના હતો. આહીર ની સ્ત્રીઓ પોશાક રારી સ્ત્રીઓના પોશાકને મળતો આવતો હતો. આહીર જ્ઞાતિ ની સ્ત્રીઓ કાળા રંગની ભરતગુંથણ થી યુક્ત ચોલી પહેરી હતી. આહિર ના પહેરવેશ થોડાક વર્ષમાં પરિવર્તન આવ્યું હતું. આમ કચ્છની આહીર એ પોતાની અલગ સામાજિક ઓળખ ધરાવે છે.[૧૦]

છેલ્લા ઘણા વર્ષોમાં મુસ્લિમ સ્ત્રી અને પુરુષના પોશાકમાં પરિવર્તન આવ્યું છે. અગાઉ મુસલમાન પુરુષો ઇજાર, કેડિયું, ઈજાર પર આડિયો કે રેટો પહેરતા તથા માથે તેમના જ્ઞાતિ મુજબ ની ટોપી પહેરતા. સ્ત્રીઓ ચણીયો, ચોળી અને ઓઢણું પહેરી હતી. આથી કચ્છી મુસ્લિમ જ્ઞાતિ એ પોતાનો પરંપરાગત પોશાક જાળવી રાખ્યો છે.

ભાનુશાળી લોકો મુખ્યત્વે ખેતી વ્યવસાય સાથે સંકળાયેલ હોવાથી તેમનો પોશાક એ વ્યવસાય અનુરૂપ રહેતો. તેઓ માથે પાઘડી ને ખભે ખેસ રાખતા. તેઓ ખેડૂત હોવાથી મોટે ભાગે ધોતિયું પહેરતા. પ્રાચીન સમયના ભાનુશાળી લોકોના પોશાકમાં પણ હવે બદલાવ આવ્યો.[૧૧]

## પાદનોંધ


1. ધોળકિયા કુંદનલાલ જ., 'શ્રુતિ અને સ્મૃતિ', બાલગોવિંદ પ્રકાશન અમદાવાદ, પૃ.૧૮૪
2. ગાલા મણિલાલ જ., 'પ્રારંભિક ક્ષિતિજો', અમદાવાદ, પ્રકાશન વર્ષ:૧૯૮૯ પૃ.૧૫
3. ગાલા મણિલાલ જ., ' એજન ', પૃ.૧૩
4. ગુજરાતનો રજવાડી વારસો, પૃ.૧૮૯
5. ગાલા મણિલાલ જ., ' પૂર્વોકત ', પૃ.૪૫
6. જોષી રસિકલાલ, ' કચ્છની પ્રજા જાગૃતિના ઇતિહાસનાં પાનાં' પ્રકાશન વર્ષ: ૧૯૬૬ પૃ.૮૪
7. અંતાણી નરેશ: 'કચ્છ - કલા અને ઇતિહાસ' પૃ.૨૫

8. કારાણી કલેરાય, 'કચ્છ કલાધર' ભાગ – ૨ પ્રકાશક: પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.લાભ ચેમ્બર્શ મ્યુ. કોર્પો. સામે. ઢેબર રોડ રાજકોટ પૃ.૪૩૪
9. રૂબરૂ મુલાકાત, રબારી સાજણ ભાઈ હકાભાઇ, વરસામેડી, તા.૨૪/૧૨/૨૦૧૯
10. રૂબરૂ મુલાકાત, જાડેજા અજયપાલસિહ. તા:૧૧/03/૨૦૨૧
11. અંતાણી નરેશ, 'અતિતના ઝરૂખે કચ્છ' પ્રકાશક: ગોવર્ધન પટેલ 'કવિ' શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટયૂટ નાગપુર રોડ, માંડવી (કચ્છ) પૃ.૪૬


# સોલંકીકાલીન સ્થાપત્ય સાંસ્કૃતિક સંદર્ભમાં


**ફાલ્ગુની રમેશભાઈ વણકર**
એમ.એ, બી.ઍડ,પી.એચડી સ્કોલર
ઈતિહાસ વિભાગ,
ગુજરાતયુનિવર્સિટી


**પ્રસ્તાવના**

ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં સોલંકીકાળ રાજકીય તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રે સુવર્ણકાળ ગણાય છે. આ પ્રદેશને માટે 'ગુર્જરદેશ' અને 'ગુજરાત' જેવાં નામ આ કાળ દરમ્યાન પ્રયોજાવા લાગ્યાં. સાંસ્કૃતિક વિકાસ એ ઐતિહાસિક પ્રક્રિયા છે. ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસની સાધનસામગ્રીની ઉપયોગીતા જુદા જુદા સમયે જુદી જુદી રહી છે. પ્રાચીનકાળમાં પ્રાક્–સોલંકીકાળ માટે સિક્કાઓ, શિલાલેખો અને તામ્રપત્રો આધારભૂત સાધન મનાતાં હતાં. સોલંકીકાળના ઈતિહાસ માટે અભિલેખો, તામ્રપત્રો અને સમકાલીન સાહિત્ય આધારભૂત મનાય છે. કલા અને સ્થાપત્ય એ પ્રજાના સાંસ્કૃતિક જીવનનાં મહત્વના અંગ છે. વિભિન્ન સમયે સ્થાપત્યકલામાં સ્થાનિક અને પ્રાદેશિક સાંસ્કૃતિક પરંપરાઓ અને સામાજિક જરૂરિયાતો, આર્થિક સમૃદ્ધિ, ધાર્મિક રીતરિવાજો વચ્ચે સામંજસ્ય સ્થપાતું જોવા મળે છે. તેથી આ સ્થાપત્યકલાનો અભ્યાસ આપણને સાંસ્કૃતિક વિવિધતાનું અધ્યયન કરવામાં મદદરૂપ થાય છે. સોલંકીકાળ દરમ્યાન સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલામાં એકંદરે સારી પ્રગતિ થઇ હતી એમ જણાય છે.

## સોલંકીકાલીન સ્થાપત્યો

સોલંકીકાલીન સ્થાપત્યનો વિચાર કરતાં આ સમયમાં બંધાયેલ તરેહ-તરેહની ઈમારતો જેવી કે મહેલો, મંદિરો, તોરણો-કિલ્લાઓ તથા વાવ, કૂવા, તળાવ, કુંડ વગેરેનું મહત્વ સમજાય છે. સ્થાપત્યમાં સોલંકીઓની પોતાની અનોખી શૈલી અને પ્રતિભા જણાય છે.

## દેવાલયો

ભારતમાં મંદિર- સ્થાપત્યમાં શિખરાન્વિત શૈલી પ્રસ્થાપિત થયે ભારતીય વાસ્તુવિદ્યાનાં ગ્રંથોમાં આ શિખર શૈલીના નાગર, વેસર અને દ્રવિડ એમ ત્રણ ભેદ બતાવ્યા છે. ઉત્તર ભારતમાં અને પશ્ચિમ ભારતમાં નાગરશૈલીનો ઘણો પ્રસાર થયો. નાગરશૈલીનું તલમાન મુખ્યતઃ ચોરસ હોય છે, પરંતુ એની દરેક બાજુમાં એક પછી એક નાના થતા જતા કેટલાક પ્રક્ષેપ કાઢવામાં આવે છે, આથી એ છેવટે તારાકાર દેખાય છે.તારાકાર તલમાન અને રેખાન્વિત શિખર એ મંદિર સ્થાપત્યની નાગર શૈલીનાં વિશિષ્ટ લક્ષણ છે. અહીં આ મંદિર-સ્વરુપના તલમાનના નમૂના તરીકે મોઢેરાના સૂર્યમંદિરનાં તલમાન આપવામાં આવ્યું છે. જે આગળ આકૃતિમાં દર્શાવેલ છે.સોલંકીકાળ દરમિયાન આ શૈલી એનાં વ્યાપક સ્થાનિક લક્ષણો સાથે ગુજરાતના પ્રદેશોના મંદિરોમાં આવિર્ભાવ પામી, સોલંકીકાળના પ્રારંભથી ગુજરાતના મંદિર-સ્થાપત્યમાં ભારે પરિવર્તન નજરે પડે છે. તેથી આ હાલનાં મંદિર 'સોલંકી શૈલી' નાં મંદિર તરીકે ઓળખાય છે.

સોલંકીકાળમાં સંખ્યાબંધ મોટાં-નાનાં દેવાલય બંધાયાં હતાં, તે પૈકી થોડાંક મોજૂદ રહેલાં છે, જે સ્થાપત્ય-સ્વરૂપ પરથી સોલંકીકાળના હોવાનું માલૂમ પડે છે. સોલંકીકાળના અગ્રગણ્ય દેવાલયોનું વિગતે નિરૂપણ કરવું ઘટે છે.

## સૂણકનું મંદિર

સૂણક ગામમાં આવેલું નીલકંઠ મંદિર સોલંકીકાળના નાનાં મંદિરોના પૂર્ણ નમૂનારૂપ ગણાય છે. આ મંદિરનું પૂર્વાભિમુખ મંદિર ગર્ભગૃહ, રંગમંડપ અને શૃગાંરચોકીનુ બનેલું છે. ગર્ભગૃહ સમચોરસ છે, જયારે મંડપ લંબચોરસ છે. પીઠ સુશોભિત થરોથી અલંકૃત છે. આની પીઠના કુંભા પર દેવ-દેવાઓનાં મથાળે ચારુ તમાલપત્રોની હારમાળા છે. કલશ પર મુકતામાળાનાં સુશોભન છે. મંડોવરની જંઘાના થરમાં કોતરેલ નૃત્યાંગનાઓનાં શિલ્પ આ સમયની સારી રીતે જળવાયેલ સર્વોત્તમ કૃતિઓમાં સ્થાન પામે એવાં ઉદાત છે.એમાં દરેક બાજુના ભદ્રગવાક્ષમાં અનુક્રમે ભૈરવ, નરેશ, અને કાલીની મૂર્તિઓ આવેલી છે. ગર્ભગૃહનું શિખર કંઈક વિચિત્ર ઘાટનું છે.એનું શિખર ત્રિનાસિકા રેખાવાળું છે.



**સૂણકનું નીલકંઠ મંદિર**

## મોઢેરાનું સૂર્યમંદિર

મોઢેરાનું સૂર્યમંદિર ગુજરાતના ભવ્ય પ્રાચીન મંદિરોમાં અગ્રિમ સ્થાન ધરાવે છે. પૂર્વાભિમુખે આવેલ આ મંદિર આયોજન પરત્વે સ્પષ્ટતઃ બે વિભાગોમાં વહેંચાઇ જાય છે. ગર્ભગૃહ, એની ચારે બાજુ પ્રદક્ષિણાપથ, ગર્ભગૃહની આગળ અંતરાલ, ગૂઢમંડપ અને પ્રવેશચોકી વગેરે અંગેનો મૂલપ્રાસાદ બની રહે છે. આ મૂલપ્રાસાદની આગળ સભામંડપ, કીર્તિતોરણ અને સૂર્યકુંડ આવેલા છે. સૂર્યકુંડ રામકુંડ તરીકે ઓળખાય છે.



**મોઢેરાના મંદિરનું તલમાન**

મંડપના સ્તંભ ભરચક શિલ્પપટ્ટીકાઓથી વિભૂષિત છે. મંદિરના સ્તંભો તથા મંડોવરના થરોમાં રામાયણ-મહાભારતના પ્રસંગ તેમજ અનેકવિધ શિલ્પકૃતિઓ નજરે પડે છે. ગર્ભગૃહથી માંડીને સભામંડળ સુધીની એની લંબાઈ લગભગ ૪૪ મીટર છે. સભામંડપ ૧૫x૧૫ સમચોરસ મીટરનો છે. મંડપમાં પ્રવેશ માટે સ્તંભાવલીયુક્ત શૃંગાર-ચોકીઓ ચારે બાજુએ આવેલી છે અને એમાં પૂર્વ તરફથી શૃંગારચોકીથી સંમુખ આવેલ કીર્તિતોરણના બે સ્તંભ અવશેષરૂપે ઉભેલા છે. સભામંડપની ચારેબાજુ કક્ષાસનયુક્ત વેદિકા અને વામનસ્તંભો આવેલા છે. ગર્ભગૃહની નીચે

૩.૫ x ૩.૨ મીટરનો ખાડો છે, જેમાં સૂર્યમૂર્તિ માટેના આસનની વ્યવસ્થા છે. ગર્ભગૃહના પ્રવેશદ્વાર પર સૂર્ય, ગાંધર્વો, અપ્સરાઓ વગેરેના દ્રશ્ય સુંદર રીતે કંડારેલ છે.

મંદિરમાં સર્વત્ર સુંદર કોતરણી જોવા મળે છે. સાદા રેતિયા પથ્થરમાં પણ આરસના જેવું બારીક અને સફાઈદાર કોતરકામ એ અહીંના શિલ્પોની વિશિષ્ટતા છે. જે ગુજરાતભરમાં ક્યાંય જોવા મળતી નથી. સભામંડપની પૂર્વ તરફ આવેલા કુંડમાં ઉતરવાના માર્ગને કીર્તિતોરણના અવશેષરૂપે ઉભેલા બે સ્તંભ શોભાવે છે. લંબચોરસ ઘાટા સૂર્યકુંડની લંબાઈ ૫૨.૫ અને પહોળાઈ ૩૬ મીટર છે. પગથિયાં ઉતરતાં વચમાં નાની નાની દેરીઓ આવે છે. તેઓમાં વૈષ્ણવ પ્રતિમાઓ છે. પૂર્વ બાજુની વચલી દેરીમાં જલશાયી વિષ્ણુની પ્રતિમા છે, જે જલાશયના સંદર્ભમાં સમુચિત સ્થાન ધરાવે છે. મોઢેરાનું મંદિર સંપૂર્ણપણે સોલંકી શૈલીનું છે.

**<u>રુદ્રમહાલય</u>**

રુદ્રમહાલય- ગુજરાતના સ્થાપત્યની, શિલ્પની તથા ભવ્ય ધર્મસ્થાનો ઉભા કરવાની પ્રેરણા આપી છે. સિદ્ધપુરમાં સિદ્ધરાજે બંધાવેલ રુદ્રમાળ (રુદ્રમહાલય)નો થોડો ભાગ હાલ મોજૂદ રહેલો છે. ગૂઢમંડપના પશ્ચિમ તરફના ચાર સ્તંભ અને ઉત્તર બાજુની શૃંગારચોકીના ચાર સ્તંભ જળવાયા છે. વળી એના પર પણ સ્તંભ આવેલા છે. આ પરથી મંદિર ઓછામાં ઓછું બે મજલાનું હતું એ સ્પષ્ટ છે. મંદિરની ચોતરફ ૧૧ દેવકુલિકા હતી. મંદિરના મુખ્ય શૃંગારચોકીની બંને બાજુએ એકેક કીર્તિ તોરણ હતું, જે પૈકી ઉત્તર તરફનું તોરણ હાલ જળવાયુ છે. ઉત્તરબાજુની શૃંગારચોકી એના બેવડા મજલા સાથે સારી હાલતમાં જળવાઈ રહી છે. તે એના શિલ્પ વૈભવનો સારો ખ્યાલ આપે છે. સોલંકીકાળ દરમ્યાન સિદ્ધપુરનો સંસ્કારિત-વિસ્તારિત રૂદ્રમહાલય એ સોલંકી રાજ્યનું સહુથી વિશાળ અને ભવ્ય દેવાલય હતું.



૩. રુદ્રમહાલય - સિદ્ધપુર

**<u>દેલમાલનું લીબોજી માતાનું ઉત્તરાભીમુખ મંદિર</u>**

દેલમાલનું લીબોજી માતાનું ઉત્તરાભીમુખ મંદિર પુનઃનિર્માણ કાળનું છે. મંદિરની રચનામાં અસલ મંદિરના ઘણાં અવશેષ જળવાઈ રહ્યા છે. મંદિરના પ્રાંગણમાં મુખ્ય મંદિરની બાજુમાં રહેલ સૂર્યમંદિર તથા લક્ષ્મીનારાયણ સોલંકીકાળના મંદિરનો નાનો પણ સુંદર નમૂનો રજૂ કરે છે.

**<u>પ્રાચીનું સૂર્યમંદિર</u>**

પ્રાચી (તા.પાટણ જી. જૂનાગઢ) નું સાંધાર પ્રકારનું ધર્માદિત્યના મંદિર તરીકે જાણીતું સૂર્યમંદિર એમાં આવેલા કુમારપાળના સમયના લેખ કરતા ત્રણેક સૈકા જેટલું પ્રાચીન છે. આ મંદિરનું ગર્ભગૃહ પંચરથ પ્રકારનું છે. એની આગળનો ગૂઢ મંડપ જળવાઈ રહ્યો છે, પણ મુખમંડપ નાશ પામ્યો છે. ગર્ભગૃહ પરનું શિખર ૩૩ અંડકોથી વિભૂષિત છે.

**<u>તારંગા અજિતનાથ મંદિર</u>**

તારંગા (જી. મહેસાણા) ના અજિતનાથ મંદિરનું ગર્ભગૃહ અંદરથી સાદું છે, પરંતુ એની બાહ્ય દીવાલો નિર્ગમથી વિભૂષિત છે. પ્રદક્ષિણાપથના ભદ્રનિર્ગમની બંને બાજુએ એકેક ઝરૂખાની રચના છે. ગર્ભગૃહમાં અજિતનાથની ઊંચી પ્રતિમા છે. ગભારાની આગળ અંતરાલ છે. ગૂઢમંડપ ફૂલ ૨૨ સ્તંભો પર ટેક્વેલો છે. ગૂઢમંડપની ત્રણે બાજુએ એકેક શૃંગારચોકી છે. ગર્ભગૃહના પંચનાસિક તલમાન પર રેખાન્વિત શિખર ચારે બાજુએ ઉરાશૃંગો, શૃંગો આદિથી વિભૂષિત છે. શિખરના અગ્રભાગે અંતરાલ પર શુકનાસની રચના છે.

કુમારપાળે અનેક જૈન મંદિર બંધાવ્યા હતા, તે સર્વમાં હાલમાં તારંગા ઉપર સચવાયેલા અજિતનાથનું મંદિર નોંધપાત્ર છે. સોળમી સદીમાં અકબરના સમયમાં મંદિરનો જીર્ણોદ્ધાર થયેલ એવો ઉલ્લેખ કરતો એક લેખ મળી આવેલ છે.

**<u>પ્રભાસપાટણ</u>**

પ્રભાસપાટણના સોમનાથ મંદિરનો અનેકવાર જીર્ણોદ્ધાર થયેલો છે. ઈ.સ. ૧૦૨૬માં મહમૂદ ગઝનવીએ જૂના મંદિરનો ધ્વંસ કર્યો, પછી ભીમદેવ ૧લા એ નવું પાષાણનું મંદિર બંધાવ્યું. એ મંદિર થોડા વખતમાં જીર્ણ થતાં કુમારપાળે ઈ.સ.૧૧૬૯ માં એનું નવનિર્માણ કર્યું. ભીમદેવ ૨ જા એ એની આગળ ‘મેઘધ્વનિ’ નામનો મંડપ ઉમેરાવ્યો હોવાનું વર્ણન શ્રીધરપ્રશસ્તિમાં નિરૂપાયું છે. મંદિરના અગ્રસ્થાનમાં સુંદર સ્તંભોવાળો એક ઓરડો બંધાવ્યો હતો અને રૂપાના જલમાર્ગવાળું મંડુકના આકારનું શિવનું આસન બનાવ્યું હતું. દ્વિજો માટે વિશાળ ગૃહો બંધાવ્યા. કેટલીએવાર જુદા જુદા સમયે આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો હશે.કુમારપાળના સમયના મંદિરનું તલદર્શન ઘણું કલાત્મક અને વિસ્તૃત હતું. ગર્ભગૃહ મંડપની વચ્ચે અંતરાલ ઉમેરાયું હતું. મંદિરના પ્રાંગણમાંથી સોલંકીકાળનાં અનેક કલાત્મક મૂર્તિશિલ્પો તથા શિલ્પખંડો પ્રાપ્ત થયા હતા.આ અવશેષ ત્યાનાં સ્થાનિક મ્યુઝિયમમાં સંગૃહિત કરાયા છે.

**<u>ખંડોસણ</u>**

ખંડોસણના (જી. મહેસાણા) પ્રાચીન મંદિરમાં મધ્યના મંડપની એક બાજુએ એક પશ્ચિમાભિમુખ ગર્ભગૃહ અને બીજી બાજુએ એક દક્ષિણાભિમુખ ગર્ભગૃહ આવેલું છે. આવા મંદિરને 'દ્વયાયતન' કહે છે. આ મંદિર હરિ-હરનું કે શિવ-શકિતનું હશે એમ લાગે છે. વિરમગામમાં મુનસર કાંઠે આવેલાં બે મોટાં મંદિર તથા પાવાગઢનું લકુલીશ મંદિર પણ દ્વયાયતન સ્વરૂપ ધરાવે છે.

**<u>કુંભારિયા</u>**

કુંભારિયા (જી. બનાસકાંઠા) માં પાંચ પ્રાચીન જૈન મંદિર આવેલા છે. એમાંના નેમિનાથ, મહાવીર, શાંતિનાથ અને પાર્શ્વનાથના મંદિરોમાં પ્રાસાદને ફરતા ખુલ્લા ચોકની ચોતરફ પડાળીઓમાં ૨૪ દેવકુલીકાઓ કરેલી છે, એણે 'ચતુર્વિંશતિ જીનાલય' કહે છે.

એમાં નેમિનાથનું મંદિર સૌથી મોટું છે. એ ગર્ભગૃહ, અંતરાલ, ગૂઢમંડપ, ત્રિકમંડપ, સભામંડપ અને શૃંગારચોકી ધરાવે છે. મહાવીર સ્વામીના મંદિરમાં ગર્ભગૃહ, અંતરાલ, ગૂઢમંડપ, સભામંડપ અને શૃંગારચોકી છે. એમાં ૧૬ દેવકુલિકાઓ અને આઠ ખત્તકોની રચના કરી ૨૪ની પરીપાટી પૂરી પાડે છે. શાંતિનાથનું મંદિર ગભારો, અંતરાલ, ગૂઢમંડપ, સભામંડપ અને ૨૪ દેવકુલિકાઓનું બનેલું છે. એમાં સભામંડપની છતમાં પંચકલ્યાણક સાથે તીર્થંકરોના વિશિષ્ટ જીવનપ્રસંગ ખાસ જોવાલાયક છે.

**<u>જામનગર</u>**

જામનગર જીલ્લામાં ધૂમલી ગામ પાસે વહેતી નદીને તીરે નવલખા મંદિર આવેલું છે. આ નવલખા મંદિર પંચાંગી છે. એના સ્થાપત્ય અને રૂપમંડન પાછળ ખર્ચેલી અઢળક ધન-સંપત્તિને કારણે 'નવલખા' કહેવાયું હશે. આ મંદિર કુમારપાળના સોમનાથ મંદિરનું અનુકાલીન અને સેજકપુરના નવલખા મંદિરનું સમકાલીન છે. તેની જગતી ગુજરાતભરના સોલંકીકાલીન સ્થાપત્યોમાં સહુથી વધુ ઉંચી ૪૫.૭૨૭ x ૩૦.૪૮૫ મીટર છે. જગતીની સોપાનશ્રેણીના મથાળે બે સ્તંભ-કુંભીઓના અવશેષ મંદિર આગળ કીર્તિતોરણ હોવાનું સૂચવે છે. જગતીની ઊભણીમાં ચોતરફ ગવાક્ષો છે. એનો સભામંડપ બે માળનો અને ધુમ્મટ ફાંસનાકાર શૈલીયુક્ત છે. સોલંકીયુગના સ્થાપત્યનું મહત્વનું દ્રષ્ટાંત છે.

**<u>વિમલવસહિ</u>**

મોઢેરાના સૂર્યમંદિર પછી લગભગ પાંચ વર્ષે ભીમદેવ પહેલાના દંડનાયક મંત્રી વિમલશાહે આબુ-દેલવાડામાં ઋષભદેવનું આરસનું જૈન મંદિર બંધાવ્યું હતું. આ મંદિર વિમલવસહિ તરીકે પ્રખ્યાત છે. જેમાં ગર્ભગૃહ, ગર્ભમંડપ, રંગમંડપ, નવચોકી અને બાવન દેવકુલીકાઓ આવેલી છે. મંદિરના મુખ્ય ગર્ભગૃહમાં બેઠેલા આદિનાથની સુંદર પ્રતિમા છે. મંદિરના પ્રદક્ષિણાપથમાં બાવન દેવકુલિકા આવેલી છે. ભમતીની છતમાં ભરત-બાહુબલીનું યુદ્ધ, નેમિનાથજીના પંચ કલ્યાણક, નેમિનાથનું ચરિત, વગેરે દ્રશ્યો સુંદર રીતે કંડારેલા છે.

વિમલવસહિની સામે એક હસ્તીશાલા છે, તેમાં મોખરે અશ્વારૂઢ વિમલની પ્રતિમા મૂકેલી છે. એની આસપાસ દસ હાથીઓ ઉપર પૃથ્વીપાલના પૂર્વજો, પૃથ્વી-પાલ પોતે અને એના

વંશજોની પ્રતિમાઓ કોતરેલી છે. મંદિરનું આરસમાં કરેલ કોતરકામ અદ્દભુત છે અને એ દેશવિદેશના કલાકારોને આકર્ષે છે.

**લૂણવસહિ**

મંત્રી તેજપાલે વિમલવસહિના સમીપમાં પોતાની પત્ની અનુપમા દેવી અને પુત્ર લાવણ્યસિંહના પુણ્યાર્થે ઈ.સ. ૧૨૩૧માં નેમિનાથ ચૈત્ય આબુ પર્વત પર બંધાવ્યું જે આજે લૂણવસહિ તરીકે ઓળખાય છે. આરસનું આ એક ભવ્ય સર્જન છે, તેમાં ગર્ભગૃહ, અંતરાલ, ગૂઢમંડપ, શૃંગારચોકીઓ, નવચોકી, રંગમંડપ વગેરે આવેલાં છે. મંદિરને ફરતી દેવકુલિકાઓની હારમાળા આવેલી છે. વિમલવસહિ અને લુણવસહિ ના સ્તંભોની રચનામાં વિશિષ્ટ પ્રકારના ફેરફાર જોવા મળે છે. વિમલવસહિના સ્તંભો કરતાં લુણવસહિના સ્તંભોમાં વૈવિધ્ય વિશેષ જોવા મળે છે.

એકંદરે લુણવસહિના મંદિરનો શિલ્પ વૈભવ વિમલવસહિ કરતાં વધારે છે. છતાં એની કોતરણીમાં કલા ઊતરતી કક્ષાના છે.



૫. લુણવાહિની છત - આબુ

**ગિરનાર પર આવેલા વસ્તુપાલ વિહાર**

ગિરનારની જુદી જુદી ટૂંકો પર અનેક સુંદર જૈન મંદિર આવેલાં છે. આ સર્વમાં નેમિનાથનું ચૈત્ય સૌથી વિશાળ છે. મૂળ પથ્થરનું મંદિર સિદ્ધરાજના મંત્રી સજ્જને ઈ.સ.૧૧૨૯ માં બંધાવ્યું જણાય છે. ઈ.સ.૧૨૭૪ ના અરસામાં એનો જીર્ણોધ્ધાર થયો હોય એમ અભિલેખોમાં આવતા ઉલ્લેખો જણાય છે.

નેમિનાથ ચૈત્યની દક્ષિણે, પશ્ચિમે, અને ઉત્તરે વસ્તુપાલે સુંદર તોરણો કરાવ્યાં હતાં. વસ્તુપાલે નેમિનાથ ચૈત્યના પાછલા ભાગમાં આદિનાથ ઋષભદેવનો પ્રાસાદ કરાવ્યો. તે વસ્તુપાલવિહાર નામે ઓળખાય છે. એમાં મૂળનાયકની સુંદર પાષાણ મૂર્તિ પધરાવી એની બે બાજુએ વાસૂપૂજયની પ્રતિમાઓ સ્થાપી. આ ઉપરાંત મૂળ ગર્ભદ્વારની દક્ષિણ અને ઉત્તરે પોતાની તેમજ તેજપાલની અશ્વારૂઢ મૂર્તિઓ મુકાવી.

આ ઉપરાંત સંડેરના વિષ્ણુના મંદિર, રુહાવી અને વીરતાના નીલકંઠ મહાદેવના મંદિર, ધીણોજનું દેવી મંદિર, મણુંદનું વિષ્ણુ મંદિર, વાલમનું વૈષ્ણવ મંદિર, અસોડાનું જસમલનાથજીનું મંદિર, પંચમહાલમાં બાવડાનું મંદિર, પાવાગઢનું લકુલીશ મંદિર, થાનનું મુનીબાવાનું મંદિર, વઢવાણનું રણકદેવીનું મંદિર, ડભોઈનું વૈધનાથ મંદિર અને કાલિકા મંદિર વગેરે અનેક નાનાંમોટાં સોલંકી શૈલીનાં મંદિર ગુજરાતમાં મળી આવે છે. આમાંનો કેટલાકનો સમય એની સ્થાપત્ય તથા શિલ્પી શૈલી પરથી નક્કી કરવામાં આવેલ છે. સોલંકીકાળના સાંસ્કૃતિક ક્ષેત્રે આ મંદિરોનું કોઈક ને કોઈ રીતે મહત્વનું યોગદાન રહ્યું છે.

## જળાશયો

ગુજરાતના સોલંકીકાલીન સ્થાપત્યોની બીજી વિશેષતા તેના જળાશયો છે.

ભારતીય વાસ્તુગ્રંથોમાં જળાશયોની વ્યવસ્થા તથા પુર કે નગરની રચનામાં પણ એઓનું અનન્ય સ્થાન, પ્રકાર તથા વિવિધ ઘાટો વિશેનું નિરૂપણ જોવામાં આવે છે. જળાશયોમાં મુખ્યત્વે ચારે બાજુએ બાંધેલા સરોવર, એવી જ રીતે ચારે બાજુએ પથ્થરના રચનાવાળી વાવો મહત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં વરસાદનું પ્રમાણ કંઇક અંશે ખેંચવાળું હોવાથી અહીં પણ વિપુલ પ્રમાણમાં જળાશય બંધાયાં હોવાના ઐતિહાસિક ઉલ્લેખ મળે છે.

સોલંકીકાળની જળાશયોના ઉલ્લેખ આપણને અભિલેખો અને સાહિત્યમાંથી મળે છે. એમાંનાં કેટલાંક જળાશય હાલમાં મોજૂદ છે. રાજવીઓ તેમજ ધનાઢયો તરફથી લોકકલ્યાણ માટે આવાં જળાશય બંધાવવામાં આવતાં. સોલંકી રાજવી સિદ્ધરાજ જયસિંહ, મીનળદેવી, મહામાત્ય વસ્તુપાલ-તેજપાલ વગેરેએ પોતાના અમલ દરમ્યાન આ પ્રવૃત્તિને સારો વેગ આપ્યો હતો. આ એક ધાર્મિક કાર્ય મનાતું. આ જળાશયોમાં મુખ્યત્વે વાવ, તળાવ, કુંડ, કૂવા વગેરે હતાં. આ સમયનાં જળાશયોમાં વિરમગામનું માનસર તળાવ, પાટણનું સહસ્ત્રલિંગ તળાવ, ધોળકાનું મલાવ તળાવ, પાટણની ઉદયમતિ વાવ, વઢવાણની માધાવાવ, મોઢેરાના સૂર્યમંદિર આગળનો કુંડ વગેરે નોંધપાત્ર છે અને સ્થાપત્યની દ્રષ્ટિએ અદ્દભૂત છે.

### સહસ્ત્રલિંગ સરોવર

કવિ શ્રીપાલે સહસ્ત્રલિંગ સરોવર ઉપર એક સુંદર પ્રશસ્તિ રચી હતી. સરસ્વતી પુરાણમાંથી પણ આ સરોવર વિશેની વિસ્તૃત માહિતી મળે છે. સિદ્ધરાજના પુરોગામી દુર્લભરાજે પાટણમાં 'દુર્લભ સરોવર' બંધાવ્યું હતું. આગળ જતાં સિદ્ધરાજે એનું નવનિર્માણ 'સહસ્ત્રલિંગ સરોવર' નામે કરાવ્યું. સરસ્વતીપુરાણ તથા હેમચંદ્રના દ્વયાશ્રય કાવ્યના આધારે આ તળાવનું

ચિત્ર આપણી નજર સમક્ષ ઉભું કરી શકાય એમ છે. સિદ્ધરાજે આ મહાસરોવરના કાંઠે ૧૦૦૮ શિવમંદિર, ૧૦૮ દેવીમંદિર અને એક દશાવતારનું મંદિર બંધાવ્યું હતું.

આ સરોવરને કિનારે રાજાએ સત્રશાળા અને દાનશાળા કરાવી હતી. આથીયે વિશેષ રચનાકૌશલ આ સરોવરમાં પાણી ભરવામાં આવતું હતું. એ નહેર અને સરોવરની વચ્ચે ત્રણ રુદ્રકૂપ (નાગધરા) ની રચના હતી. નદી તરફના નહેરના મુખભાગે પથ્થરની જાળીવાળો ગરનાળાંની યોજના હતી. આ રીતે જળાશયનાં ત્રણ ગરનાળાં પર જલશાયી વિષ્ણુનું મંદિર હતું. નદીનું પાણી નહેર વાટે ગરનાળામાં પ્રવેશતું ને ત્યાંથી ગળાઈને વારાફરતી ત્રણ રુદ્રકૂપોમાં જતું.

સિદ્ધરાજના પિતા કર્ણદેવે પણ કેટલાંક વિશાળ અને સુંદર જળાશયોનું નિર્માણ કર્યું હતું. ચાણસ્માની પાસે વિશાળ કર્ણસાગર નામનું સરોવર એણે રચ્યું હતું. એના કેટલાક અવશેષ પણ ઉપલબ્ધ થયા છે.

સિદ્ધરાજની માતા મીનળદેવીના નામ સાથે બે સરોવર સંકળાયેલાં છે : વિરમગામનું માનસર કે મુનસર તળાવ અને ધોળકાનું મલાવ તળાવ. મુનસર તળાવ જયારે સહસ્ત્રલિંગ તળાવ બંધાયું એ જ સમયે જયસિંહની માતા મીનળદેવીના સ્મરણાર્થે બંધાવ્યું હોવાનું મનાય છે. એનો આકાર એકસરખો નથી, પણ વાંકોચૂકો છે, લગભગ શંખાકૃતિ જેવો એનો આકાર છે, તળાવમાં પાણીની આવજા માટેની યોગ્ય વ્યવસ્થા છે અને એના કાંઠે ૫૨૦ નાનાં-નાનાં મંદિર આવેલાં હતાં. એ પૈકીનાં હાલ ૩૫૭ જળવાઈ રહ્યાં છે. તળાવ પર પાણીની સપાટી સુધી પગથિયાંવાળા ઘાટ બાંધવામાં આવેલાં છે. ઉપર જવાના અને નીચે આવવાના માર્ગ જુદા પાડેલા છે.

મીનળદેવીના નામ સાથે ધોળકાનું મલાવ તળાવ પણ જોડાયેલું છે. આ તળાવ આજે પણ મીનળદેવીની લોકપ્રિયતા અને ન્યાયપ્રિયતાની સાક્ષી પૂરે છે. રચના પરત્વે આ તળાવ ચારે બાજુએ પથ્થરના ઘાટ તથા પગથિયાંથી બાંધેલું છે. તળાવની નજીક પથ્થરનો એક સુંદર રૂદ્રકૂપ છે. આ રુદ્રોની રચના એવી છે કે જયારે રુદ્રકૂપ ભરાઈ રુદ્રોના મુખ સુધી પાણી આવે ત્યારે તળાવ સંપૂર્ણ ભરાય. આ કૂપને સાંકળતાં ત્રણ ગરનાળાં અને નાનીશી પથ્થરની આવ બાંધવામાં આવી છે.

જળાશયોનો બીજો પ્રકાર '**વાવ**' છે. વાવ એ પગથિયાંવાળો કૂવો છે. એમાં એક છેડે કૂવો આવેલો હોય છે. એમાં એક છેડે કૂવો આવેલો હોય છે. એમાંથી ઉપરથી ગરગડી અને દોરડા વાટે પાણી ભરી શકાય. પરંતુ આ સગવડ ન હોય તો મુસાફરો તથા સ્થાનિક લોકો પગથિયાં વાટે નીચે ઉતરી કૂવાના પાણીની સપાટી સુધી પહોંચી શકે તેવાં પગથિયાં તથા વચ્ચે વચ્ચે પડથારોનું બાંધકામ કરવામાં આવતું. વાવના પડથારની બંને બાજુની દીવાલોમાં ગોખલાઓમાં દેવી-દેવતાઓની પ્રતિમાઓ તથા વિવિધ સુશોભનાત્મક શિલ્પ કંડારવામાં આવતાં. વાવનાં પગથિયાને એક, બે, ત્રણ કે ચાર મુખ અને ત્રણ, છ, નવ કે બાર કૂટ (મજલા) હોય છે. કેટલીક વાવોમાં મધ્યમાં કૂવો રાખી કૂવાની ત્રણે બાજુએ ઉતરી શકાય એ પ્રકારે પગથિયાંની રચના હોય છે.

ગુજરાતમાં આવી અનેક પ્રકારની વાવ બંધાઈ હતી. સોલંકી રાજ્યની વાવોમાં પાટણમાં રાણી ઉદયમતીએ ઈ.સ.૧૦૬૩માં તેમના પતિ સોલંકીવંશના રાજા ભીમદેવ પહેલાંની યાદમાં બંધાવેલી 'રાણકી વાવ' વાવનો સર્વોત્તમ નમૂનો છે. આખી વાવ પથ્થરની બાંધેલી હતી. પુરાતત્વ ખાતાએ ખોદકામ કરીને, એના દટાઈ ગયેલા ભાગ ખુલ્લા કરતાં, એના સાત મજલા દ્રષ્ટિગોચર થયા છે. એમાં અનેક દેવ-દેવીઓ, સુંદરીઓ, પશુઓ, અવતારો, સુશોભનો ઈત્યાદિ વિવિધ શિલ્પકૃતિઓની વિપુલ સમૃદ્ધિ કલાત્મક સ્વરૂપે ઠલવાઈ છે. આ ઉપરાંત નડિયાદમાં ડુમરાળ ભાગોળમાં આવેલી ચાર મજલાની વાવ સિદ્ધરાજની માતા મીનળદેવીએ બંધાવી હોવાનું મનાય છે. ઉમરેઠની સાત માળની ભદ્રકાળી વાવ પણ મીનળદેવીએ બંધાવી હોવાનું મનાય છે; એજ રીતે કપડવંજના તોરણ પાસે આવેલ કુંડ નજીકની જીર્ણશીર્ણ તથા મોટાભાગે દટાઈ ગયેલી વાવ સિદ્ધરાજે બંધાવી હોવાનું મનાય છે. આ સિવાય વઢવાણ પાસે ખેરાળાની વાવ, બનાસકાંઠામાં આવેલ બાયડ ગામની પ્રાચીન વાવ, વઢવાણની માધાવાવ. આ સમયની ઉત્તમ વાવો છે. કેટલીક ઉપયોગમાં લેવાય છે, જયારે કેટલીક હવડ દશામાં પડી રહી છે.

આમ, પ્રાચીન સમયમાં જાહેર વેપારમાર્ગો ઉપર મુસાફરોની સગવડ ખાતર એક નીચેથી પાણી લાવી શકાય તેવી પગથિયાંવાળી અનેક વાવ બાંધવામાં આવતી હતી. ગુજરાતની વાવો કેવળ જળસંગ્રહ અને લોકમિલનનું સ્થળ નથી બલકે મોટું અધ્યાત્મિક મહત્વ પણ ધરાવે છે.

આ બે પ્રકારો સિવાય **કુંડ** પણ જળાશયોનો એક ત્રીજો પ્રકાર છે. કુંડ એ સ્થાપત્યની દ્રષ્ટિએ વિશિષ્ટ પ્રકારનું બાંધકામ છે. મોઢેરાના સૂર્યમંદિર આગળનો કુંડ એ સોલંકીકાળનો એક સુંદર નમૂનો છે. સૂર્યમંદિર સાથે જોડાયેલો આ સૂર્યકુંડ છે એને સ્થાનિક લોકો રામકુંડ તરીકે ઓળખે છે. કુંડ સમચોરસ કે લંબચોરસ હોય છે. સૂર્યમંદિરની આગળ કુંડમાં ઉતરવાનો મુખ્ય ઘાટ આવેલો છે. આ ઉપરાંત વડનગરનો અજયપાલકુંડ પણ સોલંકીકાળનો મનાય છે. કોઈ મંદિર આગળ તળાવ કે નદી ન હોય તો ત્યાં સ્નાન કરવા માટે કુંડની વ્યવસ્થા કરવામાં આવતી હતી. લોટેશ્વરનો કુંડ પણ ઘણો પ્રસિદ્ધ છે.

## કિલ્લાઓ

પ્રાચીન સમયમાં રક્ષણની દ્રષ્ટિએ કિલ્લાઓનું મહત્વ વિશેષ હતું. સોલંકીકાળમાં ઝીંઝુંવાડામાં, ડભોઇમાં, વડનગરમાં વગેરે સ્થળોએ કિલ્લા બાંધવામાં આવ્યા હતા. ઝીંઝુંવાડા અને ડભોઈના કિલ્લા સ્થાપત્યની દ્રષ્ટિએ ઘણું મહત્વનું સ્થાન ધરાવે છે. એનું અસલ સ્વરૂપ નાશ પામ્યું છે.

ઝીંઝુંવાડા ગામમાં સોલંકીકાળમાં એક કિલ્લો લશ્કરી વ્યૂહની દ્રષ્ટિએ બાંધવામાં આવ્યો હતો. કિલ્લાની રચના સમચોરસ અને નાના વિસ્તારનો છે. એની ચારે બાજુએ મધ્યમાં પુરદ્વાર રચેલાં છે ને કિલ્લાના ચારે છેડે ચાર બુરજ કાઢેલા છે. કોટની દીવાલ સાદી છે, પણ પુરદ્વારો છેક નીચેથી ટોચ સુધી અંદર તેમજ બહાર સુંદર શિલ્પકૃતિઓથી વિભુષિત કરેલાં છે.



ગુજરાતની પૂર્વ-દક્ષિણ (અગ્નિકોણ)ની સીમાનો રક્ષક ડભોઇનો કિલ્લો અને પુરદ્વાર અત્યારની સ્થિતિમાં સચવાયા છે, ડભોઈનો કિલ્લો ઝીંઝુંવાડા કરતા ચારગણો મોટો છે. એ લંબચોરસ આકારનો છે. એમાં એકંદરે ૫૨ બુરજ હતા, બાકીના બધા લંબચોરસ હતા. ચારેય દિશાએ ચાર દરવાજા હતા; એ બેવડા ઘાટના હતા. પૂર્વના દરવાજા પાસે વૈધનાથ મહાદેવનું મંદિર હતું. બીજી બાજુએ કાલિકા માતાનું મંદિર આવેલું છે. પૂર્વ દિશામાં આવેલ પુરદ્વાર 'હીરા ભાગોળ' તરીકે ઓળખાય છે. આ ડભોઇનો કિલ્લો સૌપ્રથમ સિદ્ધરાજ જયસિંહના સમયમાં બંધાયો હોવાનું મનાય છે.

આમ, સોલંકીકાળના કોટ-કિલ્લા ઇંટો અને પથ્થરોના બનેલા હતા. ચણતરમાં મોટેભાગે માટી અને ચૂનાનો ઉપયોગ થતો. આ કિલ્લાઓની અંદર દરવાજા પાસે સૈનિકોને રાખવાની વ્યવસ્થા હતી તથા દરવાજો બંધ કરીને મજબૂત ભોગળો વડે એને રક્ષણ અપાતું. સ્થાપત્યની દ્રષ્ટિએ ડભોઇ અને ઝીંઝુંવાડાના કિલ્લામાં ઘણું સામ્ય દેખાય છે.

## <u>તોરણો</u>

વાસ્તુશાસ્ત્રમાં 'તોરણ' શબ્દ બે અર્થમાં વપરાયો છે : એક તો મંડપ વગેરેના સ્તંભ-અંતરાલના ઉર્ધ્વભાગે સ્તંભ-સંલગ્ન સામસામા મકરમુખમાંથી પ્રગટતી માલા કે વંદન-માલિકા, જેને સામાન્યત: 'કમાન' કહેવામાં આવે છે. તે અર્થમાં 'તોરણ' શબ્દ પ્રયોજાયો છે. તોરણ ને બીજા અર્થમાં સુવિખ્યાત 'કીર્તિતોરણ' ના અર્થમાં પ્રયોજાય છે. એની રચના ઘણે અંશે મંદિર કે મંડપના અગ્રભાગમાં થાય છે.



સોલંકીકાળ દરમ્યાન ગુજરાતમાં દેવાલયો સાથે તોરણો બાંધવાની પ્રવૃત્તિ સુંદર રીતે વિકસી હતી. તોરણો દેવાલયોની શોભામાં અભિવૃદ્ધિ કરતાં હતાં. દેવાલયોનું વિશિષ્ટ પ્રકારનું ઘરેણું હતું. તોરણો મંદિરની શોભા વધારવા સાથે ઉત્સવ દેવપ્રતિમાની ઘેલા વિધિ માટે રચવામાં આવતા. ગુજરાતમાં અનેક પ્રાચીન મંદિરો આગળ તોરણ હતાં. આજે ઘણાં મંદિરો આગળ તોરણો નષ્ટ થયેલ છે, છતાં કેટલાકની આગળ એના અવશેષ જળવાઈ રહ્યાં છે. આ તોરણોનો મૂળ હેતુ ન સમજવાથી સ્થાનિક લોકો અને પ્રાચીન યુગલોની ચોરી (વિવાહમંડપ) તરીકે ઓળખતા હોય છે. વડનગર તથા સિદ્ધપુરનાં તોરણ ભારત પ્રસિદ્ધ છે. મોઢેરાના સૂર્યમંદિર આગળ એના તોરણના અવશેષ જોવા મળે છે. હાલમાં એના સ્તંભ રહ્યાં છે. કર્ણદેવના સમયનું એક તોરણ પાટણમાં ઉદયમતિની વાવ પાસે હતું. હાલમાં એ નષ્ટ થયું છે. શામળાજીના જૂના મંદિર આગળ આવેલ 'હરિશ્ચંદ્રની ચોરી' નામે ઓળખાતું તોરણ ગુજરાતનાં તોરણોનો સૌથી પ્રાચીન નમૂનો છે.

અખંડિત તોરણો કપડવંજ અને વડનગરમાં જોવા મળે છે. કપડવંજનું તોરણ પ્રમાણમાં નાનું છે. એની બંને કમાન-પાટડાની નીચે તથા પાટડાની ઉપર ત્રિકોણ આકાર છે. આ ત્રિકોણ આકારને પાંચ ગોળ વળાંક આવેલા છે. ઉપલી કમાનમાં મધ્યમાં કાર્તિકેયની પ્રતિમા મૂકેલી છે. આ તોરણ કપડવંજમાં આવેલા કુંડના કાંઠા ઉપર આવેલું છે. કુમારપાળના સમયનું છે. આ સિવાય નાનાં તોરણ દેલમાલ અને વાલમના શ્રીકૃષ્ણ મંદિરના પ્રાંગણમાં, પિલુદ્રાના સૂર્યમંદિર સામે, આસોડાના જસમલનાથજીના પંચાયતનાં શિવાલયની જગતી પર છે. આ સ્થળોનાં તોરણ લગભગ નષ્ટ થયેલાં છે. ગુજરાતમાં કપડવંજ (કુંડના મથાળે આવેલું તોરણ) વગેરે સોલંકીકાળના ગણનાપાત્ર તોરણ છે.

## ઉપસંહાર

સોલંકીકાળમાં ગુજરાતનું સહુથી પ્રબળ અને પ્રતાપી રાજ્ય સોલંકી વંશનું હતું. જેનું પાટનગર અણહિલવાડ પાટણ હતું. સોલંકીકાળ દરમિયાન ગુજરાતે સ્થાપત્ય ક્ષેત્રોમાં અપ્પોર્વ વિકાસ સાધ્યો. ગુજરાતના ઇતિહાસમાં સોલંકીયુગની વિશિષ્ટ મહત્તા એટલા માટે છે કે આ યુગે સંસ્કૃતિના રાહ પર અનેક નોંધપાત્ર વિક્રમો નોંધાવ્યા હતા. આ યુગ દરમિયાન રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં સમકાલીન પ્રજાઓ અને ભાવિ પેઢીઓએ સોલંકીકાલીન ગુજરાતને હંમેશા માન અને આદરસહિત નિહાળ્યુ છે.

## સંદર્ભસૂચિ


1. જોટ રત્નમણિરાવ ભીમરાવ, 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ' ખંડ-૧, અમદાવાદ, ૧૯૪૫
2. પરીખ રસિકલાલ છોટાલાલ, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' ગ્રંથ-૪, સોલંકીકાળ, ભો.જે. અધ્યયન, સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૨૦૦૫
3. ડૉ. આચાર્ય નવીનચંદ્ર, 'ગુજરાતનો સોલંકીકાલીન ઈતિહાસ', યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૯૩
4. ડૉ. શાસ્ત્રી હરિપ્રસાદ ગં., 'ગુજરાતનો ઈતિહાસ પ્રાચીનકાળ', યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૨
5. ડૉ. શાસ્ત્રી હરિપ્રસાદ ગં., 'પ્રાચીન ભારત' ભાગ-૨, યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૦
6. આર. એન. મીના; ડૉ. રાજેશકુમાર, 'ભારતીય સંસ્કૃતિ અને વારસો' પુસ્તક-૧, રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલક્ષી શિક્ષણ સંસ્થાન, નોઇડા.
7. સ્વ. આચાર્ય નવીનચંદ્ર, 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ (ઈ.સ. ૧૩૦૪ થી ૧૮૧૮)', યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૫
8. 'ગુજરાતની સ્થાપત્યકલા'માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ૨૦૧૯
9. નાયક છોટુભાઈ, 'મધ્યયુગીન ભારત ખંડ ૧' , યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૨

# ભારતની પરંપરાગ કલાશિક્ષણના કેન્દ્ર તરીકે એન.આઈ.ડી. અમદાવાદ

**VAGH VIMLA GANPATBHAI**
Assistant Teacher;
SHREE SARASWATI SCHOOL
Email : vaghvimla@gmail.com

લોકસંસ્કૃતિ અને લોક કલાઓ લોકસમૂહનું સહિયારું સર્જન છે.એનાં મૂળ મનુષ્યનાં જન્મ જેટલાં જ પુરાતન છે.કલા અને સંસ્કૃતિ માનવીની મનોવૈજ્ઞાનિક અભિવ્યક્તિ કહેવાય છે. એનો પ્રારંભ કદાચ જરૂરીયાતોમાં થી થયો હશે, પણ પછી તેમાં ગમા-અણગમાની ભાવનાનો ઉમેરો થયો. એ દ્રષ્ટિએ લોક્કલાઓમાં માનવીની જરૂરિયાત અને સૌન્દર્ય દ્રષ્ટિ બંનેનો સમાવેશ છે.

માનવ સુસંસ્કૃત થયા પછી માનવ સમાજે સ્વીકાર કર્યો કે માનવજીવનમાં કલાનું સ્થાન ખુબજ અગત્યનું છે.કારણકે માનવ કલા વગર જીવન કઇ રીતે જીવે? ક્યાંથી દ્રષ્ટિમેળવે? ક્યાંથી ઉત્સાહ પ્રાપ્ત કરે? ક્યાંથી પ્રેરણા મેળવે? આજના યુગનો માનવી આનંદ માટેઅનેક ક્રિયા-પ્રક્રિયાઓનો સહારો લે છે.તેમાં સંગીત,સાહિત્ય,નૃત્ય કે અન્ય કલા પ્રકારોનો સમાવેશ થઇ જાયછે.માનવને પોતાના જીવનને સારી રીતે જીવવા,ચિંતામુક્ત બનાવવામાંકલાઓનો પ્રમુખ ફાળો રહ્યોછે. માનવનો આદિકાળથી કલા સાથે અવિભાજ્ય સંબંધ રહ્યો છે.‘કલા એ માનવ ને માનવ બનાવે છે.’અને માનવીયતાની સાચી ઓળખ કરાવે છે.

**કલાનો અર્થ** : કલા પ્રક્રિયા મનુષ્યની આંતરિક આવશ્યકતા છે,જે સહજ પણ છે.

- કલા એ એક જૈવિક પ્રક્રિયા છે.

- કલા એ મનોગત છે.
- કલાએ લયબધ્ધ આકૃતિનું નિર્માણ છે.
- કલાનો હેતુ નિર્મેળ આનંદ પ્રાપ્તિ છે.
- કલાની તુલના અન્ય કોઈની સાથે  કરી શકાય નહીં.

કલાઓ વિશે વિચારીએ ત્યારે આપણી નજર સામે કેટલીક લલિતકલાઓ અને ખાસ કરીને ગીત, સંગીત એટલે કે ગાયન-વાદન,સ્થાપત્ય-બાંધકામ અને કોતરણી,શિલ્પ-મૂર્તિવિધાન અનેપથ્થરમાં કોતરણી, ચિત્રકામ યાદ આવેછે, પરંતુ પ્રાચીનકાળમાં ચૌદ વિદ્યાઓ અને ચોસઠ કલાઓ જાણીતી હતી. ચૌદ વિદ્યાઓમાં ચાર વેદ, છ વેદાંગ અને ચાર ઉપવેદનો સમાવેશ હતો.પ્રાચીન સમયના ગ્રંથોમાં તેનો ઉલ્લેખ જોવા મળેછે. આમ,ભારતમાં કલાનો પરિચય લોકોને પ્રાચીન સમયથી જ હતો.

'કલા'શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં મળે છે.વાત્સ્યાયન મુનિના કામસૂત્ર અને શુક્રનીતિમાં પણ તેનો ઉલ્લેખ છે. જૈન ગ્રંથોમાં ૭૨ કલાઓનો ઉલ્લેખ છે. વરાહમિહિરની બૃહત્સંહિતામાં ૭૨ કલાઓનાંવર્ણન છે. બૌદ્ધગ્રંથોમાં ૬૪ કલાઓનો ઉલ્લેખ છે.કાશ્મીરી પંડિત શેમેન્દ્ર રહિત 'કલા વિલાસ' લલિત વિસ્તાર વગેરે ગ્રંથોમાં ૮૬ કલાઓનાં નામ મળેછે.

આમ,કલાનાં બે આવશ્યક તત્વો છે;ઉપયોગિતાવાદ અને સૌંદર્યબોધ  શુક્લ રામચંદ્ર આચાર્ય રચિત 'હિંદી વિશ્વકોશ,ભા.૨' મુજબ ભારતીય પરંપરા અનુસાર કૌશલ્ય અપેક્ષિત હોય તેવી ક્રિયાઓ કલા કહેવાય. કલાકાર તેના કૌશલ્ય,સૌંદર્યબોધ તથા ભાવનાઓનો સમન્વય કરીને જુદાં-જુદાં વિવિધ માધ્યમો દ્વારા અભિવ્યક્તિ કરે છે.

**એન.આઈ.ડી. ની સ્થાપના અને ઈતિહાસ:**

સ્વતંત્રતા મળ્યાબાદ ભારત સરકાર દેશના ઔધૌગિક વિકાસ અને આધુનિકરણ માટે સુધારા લાવવા ઈચ્છતી હતી.તે સમયે ઉધૌગો ને ખાસ પ્રકારની ડિઝાઇન ની જરૂરિયાત હતી.તે સમયે ભારત સરકાર ડિઝાઇન ઇન્સ્ટિટયૂટની સ્થાપના કરવાનું વિચારી રહી હતી.

ડો.વિક્રમ સારાભાઇ માટે આ એક ઉમદા તક હતી. તેમણે વૈજ્ઞાનિક સંશોધન ઉપરાંત રાષ્ટ્રઘડતર ના કાર્ય માટે ઇ.સ.૧૯૪૭ થી ૧૯૭૧ ના ૨૪ વર્ષના ગાળા દરમિયાન ૩૫ થી વધુ સંસ્થાઓ સ્થાપી.વિક્રમભાઈ એક વૈજ્ઞાનિક ની સાથે ઉધૌગપતિ અને દીર્ઘદ્રષ્ટા હોવાથી તેમનોઉદ્દેશ હતો કે સ્વતંત્રતા મળ્યા બાદ વિકસિત દેશોની હરોળમાં ઉભા રહેવા માટે ભારતે સ્વનિર્ભર બનવું જોઈએ અને આ ઉદ્દેશ ને ધ્યાનમાં રાખીને તેમણે તાલીમ વિષયક સંસ્થાઓ

સ્થપાવી જોઈએ તેના ઉપર ધ્યાન આપ્યું,અને કલા શિક્ષણ ને લગતી સંસ્થા એન.આઈ.ડી.સ્થાપવામાં મહત્વનું યોગદાન આપ્યું.ડો.વિક્રમસારાભાઇ ના પ્રયાસોથી કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ડિઝાઇન ની સ્થાપના ઈ.સ.૧૯૬૧માં અમદાવાદમાં પાલડી ખાતે સ્થાપવામાં આવી. ગૌતમ સારાભાઇ ના અધ્યક્ષપદે સંસ્થાની શરુઆત કરવામાં આવી.

આઝાદી પછી જવાહરલાલ નહેરુનું એક સપનું હતું કે ઔદ્યોગિકએકમો આગળ વધે, ઉત્પાદન ની ગુણવત્તા વધે. ભારતમાં બનતી ચીજવસ્તુઓની ડિઝાઈન આંતરરાષ્ટ્રી સ્તરે સ્પર્ધાનો મુકાબલો કરી શકે તેવી હોય તે માટે ભારત સરકારે અમેરિકા સ્થિત ડિઝાઈનર ચાર્લ્સ અને રે ઈમ્સને ભારત આવી, ભારતીય ઉદ્યોગો માટે જરૂરી ડિઝાઈનરો ને તાલીમ આપવાનો કાર્યક્રમ ઘડી આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું. ચાર્લ્સ અને રે ઈમ્સે દેશનાં તમામ ભાગોમાં પ્રવાસ કર્યો. લેખકો, કારીગરો, આર્કિટેકસ,વૈજ્ઞાનિકો, ઉધૌગપતિઓ, શિક્ષણશાસ્ત્રીઓ અને તત્વજ્ઞાનિઓ સાથે મુલાકાત અને વાત કરી. તેઓએ તેમની મુલાકાતના સેંકડો ફોટોગ્રાફ્સ લીધા. અને ભારત સરકાર સમક્ષ ભારત નો અહેવાલ રજૂ કર્યો. આ રીપોર્ટમાં કરવામાં આવેલી ભલામણોના આધારે ભારત સરકારે ફોર્ડ ફાઉન્ડેશન અને સારાભાઇ પરિવારની સહાયથી ૧૯૬૧માં સરદાર પુલના છેડે અમદાવાદના પાલડી વિસ્તારમાં રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થાની સ્થાપના કરી. જેને લોકો ટૂંકમાં એન. આઈ.ડી. તરીકે જાણે છે.

એન.આઈ.ડી. ની સ્થાપના અને સ્વરૂપ આપવામાં ગૌતમ સારાભાઇ અને ગીરાબહેન સારાભાઇની મૂખ્ય ભૂમિકા હતી. આ બંને પાછળ ડો.વિક્રમ સારાભાઇનું માર્ગદર્શન છુપાયેલું હતું.લાલભાઈ ગ્રુપ,ટાટા ગ્રુપ અને ગુજરાત રાજ્યના તત્કાલીન પ્રથમ મુખ્યમંત્રી ડો.જીવરાજ મહેતાના પ્રયત્નોને યશ આપવો રહ્યો. જેમના કારણે એન.આઈ.ડી. નો જન્મ થયો હતો.

એન.આઈ.ડી. ડિઝાઈન ક્ષેત્રે એશિયાની ટોચની સંસ્થા છે. જે અમદાવાદ અને ગુજરાત માટે ગૌરવ ની બાબત છે.ઈન્ડીયન એરલાઇન્સ, ભારતીય સ્ટેટબેંક અને દૂરદર્શન વગેરે સંસ્થાના પ્રતિકો એન.આઈ.ડી. એ વિકસાવ્યા છે.આજે ઔધૌગિક ક્ષેત્રે અવનવી ડિઝાઈન વિકસાવવામાં એન.આઈ.ડી.નો ફાળો રહ્યો છે.એન.આઈ.ડી. ઔધૌગિક ડિઝાઈન, સંચાર ડિઝાઈન, અને વસ્ત્ર-પરિધાન ડિઝાઈન ના ક્ષેત્રોમાં શિક્ષણ, સંસોધન, તાલીમ અને સેવા પૂરી પાડતી રાષ્ટ્રીય સ્તર ની સંસ્થા છે.

અહિયાં પ્રવેશ માટે ભારતભરના વિદ્યાર્થીઓની માંગ રહેછે. બારમું ધોરણ પાસ કરેલ વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષા અને ઇન્ટરવ્યુથી સંપૂર્ણપણે મેરીટ થી પ્રવેશ આપવામાં

આવેછે.આજે ભારતમાં એન.આઈ.ડી.ની સાત સંસ્થાઓ વિસ્તાર પામી છે.જેમાં અમદાવાદ, બેંગ્લોર, કુરુક્ષેત્ર, વિજયવાડા, જોરહટ, ભોપાલ, અને ગાંધીનગર સ્થળે આ સંસ્થાઓ આવેલી છે.અહીં બી.ડી.એસ, એમ.ડેસ, અને પી.એચ.ડી.ક્ક્ષા સુધીનું શિક્ષણ આપવામાં આવેછે. આ સંસ્થામાં એક વર્ષ ના ફાઉન્ડેશન પ્રોગ્રામ ની સાથે પ્રોડક્ટ, ફર્નીચર, સિરામિક, ગ્રાફિક, એનીમેશન ફિલ્મ અને વિડીયો, એપરલ ડિઝાઈન, કાપડ ડિઝાઈન,આંતરિક ડિઝાઈન, ડિજીટલ ગેમ ડિઝાઈન,ઇન્ફર્મેશન ડિઝાઈન, ફોટોગ્રાફી ડિઝાઈન, પરિવહન અને ઓટોમોબાઇલ ડિઝાઈન સુધીની દરેક બાબતોમાં પાયા થી લઈને ઉચ્ચ ક્ક્ષા સુધીનું શિક્ષણ આપવામાં આવે છે.

**કલા વિષયક પ્રવૃતિઓ :-**

- વિશ્વભરની સંસ્થાઓમાંથી ૫૦૦ થી વધુ મુલાકાત લેતી ફેકલ્ટી ની સાથે સ્થાનિક કારીગરો ને સંસ્થામાં વિદ્યાર્થીઓ સાથે કામ કરવા આમંત્રણ આપવામાં આવે છે.જેમકે સ્થાનિક વણકરો દ્વારા કાપડ વણાટની પરંપરાગત પધ્ધતિ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવામાં આવેછે. આ કારીગરો કાપડ વણાટમાં વિવિધ ડિઝાઈનો બનાવે છે અને તેમાં પ્રાકૃતિક રંગોનો ઉપયોગ કરેછે તેનું અવલોકન કરવાની તક વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાયછે.
- વણાટકામ ની સાથે સાથે વિદ્યાર્થીઓને ભરતકામ પણ શીખવવામાં આવેછે.પ્રાકૃતિક રંગોમાં ગળીનો છોડ ઉછેરવાની પધ્ધતિ અને ત્યારબાદ તેનો રંગ તરીકે ઉપયોગ શીખવવામાં આવેછે.
- વિવિધ રમકડા, રમત-ગમતના સાધનો અને કઠપૂતળીબનાવતા શીખવવામાં આવેછે.
- આ ઉપરાંત માટીકામ ના નમૂનાઓની સાથે ઈકોફ્રેન્ડલી મૂર્તિઓ પણ બનાવતા શીખવવામાં આવેછે.
- અહીં ૫૦૦ વર્ષ જૂની કચ્છની અજરખ પ્રિન્ટ એટલેકે હેન્ડમેડ બ્લોક પ્રિન્ટ આર્ટ. વિદ્યાર્થીઓ આ આર્ટ થી તૈયાર થયેલાં ચણિયા, ઓઢણી, પાઘડી, ફેંટો જેવા નમૂનાઓ એક્ઝિબિશન માં રજૂ કરેછે.
- અહીંના વિદ્યાર્થીઓ આધુનિક લોકોની માંગ મુજબ લાકડા ની મૂર્તિઓ, મંદિરો, ફર્નીચર, હીંચકા અને ગૃહ સુશોભનના નમૂના બનાવેછે.
- (નીડસ) એ એન.આઈ.ડી. ખાતે ની દુકાન છે જેમાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી દ્વારા બનાવેલી ડિઝાઈન પ્રદર્શિત થાયછે.
- વિદ્યાર્થીઓને સ્થાનિક કલાઓ શીખવા માટે પ્રોજેક્ટ વર્ક આપવામાં આવેછે. અને વિદ્યાર્થીઓ આ પ્રોજેક્ટ વર્ક માટે ગુજરાતના કચ્છ, સૌરાષ્ટ્ર, અને ગ્રામીણ વિસ્તાર માં જઇ ત્યાં ૧૫ કે ૨૦ દિવસ રહે છે. અને ત્યાંની પ્રાચીન હસ્તકલાઓ નું પ્રત્યક્ષ શિક્ષણ મેળવે છે.

આમ, આ સંસ્થાના વિદ્યાર્થીઓને પરંપરાગત ક્લા વિષયક કાર્યક્રમો અને પ્રવૃતિઓ દ્વારા શિક્ષણ પ્રાપ્ત થાયછે.

**રાષ્ટ્રીય મહત્વની સંસ્થા :-**

આજે એન.આઈ.ડી. એ ઔધૌગિક, સંદેશાવ્યવહાર, કાપડ, અને આઈ ટી ઇન્ટીગ્રેટેડ ડિઝાઈન માટેની શ્રેષ્ઠ શૈક્ષણિક અને સંસોધન સંસ્થાઓમાંની આંતરરાષ્ટ્રીય સ્તરે વખણાયેલી સંસ્થા છે. તે ભારત સરકાર ના વાણીજ્ય અને ઉધૌગ મંત્રાલયના નેતૃત્વ હેઠળ એક સ્વાયત્ત સંસ્થા તરીકે કાર્ય કરેછે.

એન.આઈ.ડી. એ પહેલી એવી ડિઝાઈન સંસ્થા છે જેને ભારતીય સંસદના અધિનિયમ દ્વારા ઇ.સ. ૨૦૧૪ માં "રાષ્ટ્રીય મહત્વની સંસ્થા" જાહેર કરવામાં આવીછે. ભારત સરકારના વાણીજ્ય અને ઔધૌગિક સંશોધન વિભાગ દ્વારા તેને વાણીજ્ય અને ઔધૌગિક સંશોધન સંસ્થા તરીકે પણ માન્યતા આપવામાં આવીછે.

એન.આઈ.ડી. ઉધૌગો નો સામનો કરવા માટે તૈયાર ડિઝાઈન વ્યાવસાયિકો બનાવવા અને ડિઝાઈન નેતૃત્વ પ્રદાન કરવા માટે સંપૂર્ણ વાતાવરણ પૂરું પાડેછે .ખુલ્લા બજારના અર્થતંત્રની સાથે ભારતીય ઉધૌગો માટે નવા પડકારો ઉભા કરવામાં આવેછે. ત્યારે એન.આઈ.ડી. તેનું નિરાકરણ પૂરું પાડવા માટેની ભૂમિકા પૂરી પાડેછે.

**મૂલ્યાંકન :-**

- એન.આઈ.ડી.માં પરંપરાગત કલા વિષયક કાર્યક્રમો અને પ્રવૃતિઓને પ્રાધાન્ય આપવામાં આવેછે. અહીં બધીજ કલાઓને વ્યાવસાયિક સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરવામાં આવેછે.
- અહીં વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન તેમનામાં જુદી-જુદી પ્રતિભા હોવાને કારણે અલગ રીતે જોવામાં આવેછે. જેથી વિદ્યાર્થીઓ પોતાની પ્રતિભા ને અનુરૂપ કૌશલ્ય શિક્ષણ પ્રાપ્ત કરેછે.તે એક ટેકનીકલ સંસ્થા છે.
- એન.આઈ.ડી. વિવિધ ક્ષેત્રોમાં ડિઝાઈન સેવાઓ પ્રદાન કરેછે. જાહેર અને ખાનગીક્ષેત્ર માટે ડિઝાઈન પ્રોજેક્ટ્સ હાથ ધરેછે.
- રોજગારીની તકો અને દેશના આર્થિક વિકાસ માટે હસ્તકલા, ગ્રામીણ તકનીક, નાના, મધ્યમ, અને મોટાપાયાના ઉધૌગો માટે ડિઝાઈન પ્રદાન કરવામાં આવેછે.જેથી સારી રીતે ડિઝાઈન કરેલા ઉત્પાદનો, સેવાઓ, પ્રક્રિયાઓ, સિસ્ટમો વગેરે દ્વારા જીવનની ગુણવત્તા વધારી શકાય.

➢ એન.આઈ.ડી.નું શિક્ષણ લોકોને ડિઝાઈન વિધાર્થી તરીકે જ નહીં પરંતુ એક જવાબદાર નાગરિક બનાવે છે.લોકો અને ઉધૌગોના વિકાસ માટે નવી તકો ઉભી કરવા માટે એન.આઈ.ડી. એ સંસ્થાકીય, રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક સીમાઓમાં નવા જોડાણો માટેની તકો પણ આપી છે.

એન.આઈ.ડી.ના ભૂતપૂર્વ ડીરેક્ટર એસ.પ્રધુમન વ્યાસ ના મત મુજબ "એન.આઈ.ડી.ના વિદ્યાર્થીઓને સ્થાનિક હસ્તકલાઓ સાથે કામ કરવા અને સામાજિક મુદ્દાઓ સાથે જોડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવેછે. આથી વિદ્યાર્થીઓ સમાજ પ્રત્યે સહાનુભૂતિપૂર્ણ દ્રષ્ટિકોણ વિકસાવી રહ્યા છે." એન.આઈ.ડી.એ સંસ્થાના શૈક્ષણિક સમુદાય દ્વારા શિક્ષણ ની પધ્ધતિ વિકસાવવા માટે પાંચ દાયકાથી ખુબ મહેનત કરી છે.છેલ્લા ૫૦ વર્ષ ના ગાળામાં, સંસ્થાએ ડીઝાઇનર્સ ના મન અને કુશળતાના વિકાસ દ્વારા નવીનીકરણની આગેવાનીવાળી ડિઝાઈનને શીખવા પર ભાર મુક્યો છે. આ તક્નીકી એ વિદ્યાર્થીઓને વધુ સારું પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે.એન.આઈ. ડી. ના સ્નાતકોએ ઉત્પ્રેરકોની ભૂમિકા લઈને અને વિચારશીલ નેતૃત્વ દ્વારા વાણિજ્ય, ઉધૌગ અને સામાજિક વિકાસના મુખ્ય ક્ષેત્રોમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.

## સંદર્ભ સૂચિ


૧. જોષી ઉષા, ' વિક્રમ સારાભાઇ', અમદાવાદ.૧૯૪૭ , પૃ.૧૧૮-૧૧૯

૨. જોષી પદ્મનાભ, પરિચય પુસ્તિકા. મુંબઈ.૨૦૦૩, પૃ.૨૩-૨૫

૩. ડૉ. રાઠોડ ભારતી, 'નૃત્યકલા નિષ્પતિ અને રસાનુભૂતી', ગાંધીનગર.૨૦૦૭, પૃ.૩-૪૦

૪. ડૉ. સેદાણી હસુતાબેન, 'ગુજરાત ની લોક સંસ્કૃતિ', અમદાવાદ.૨૦૦૧, પૃ. ૧૨૪-૧૩૪

૫. સાધના સાપ્તાહિક, 'લોક કલાવૈભવ', સાધના પ્રકાશન, અમદાવાદ.૨૦૧૧, પૃ. ૧૧-૧૩

૬. જોષી પદ્મનાભ, મુનિ દવે, 'સ્વપ્ન દ્રષ્ટા વિજ્ઞાની વિક્રમ સારાભાઇ', અમદાવાદ.૨૦૨૦, પૃ.૧૦૧-૧૦૩

૭. સ્વ મુલાકાત- એન.આઈ.ડી. સંસ્થા. અમદાવાદ. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૦

૮. સ્વ મુલાકાત- જોષી પદ્મનાભ,નહેરુ ફાઉન્ડેશન સંસ્થા,અમદાવાદ ૧૬ માર્ચ ૨૦૨૧


# સિદ્ધપુરના દાઉદી વ્હોરા સમાજની સામાજિક અને સાંસ્કૃતિક પરંપરાઓ


**બાવા ચેતનગર શંભુગર**

M. A., M. Phil., D. P. Ed., Ph.D. Pursuing
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, ચાણસ્મા

**પ્રસ્તાવના:**

ભારત દેશમાં અનેક જાતિઓ વસવાટ કરે છે. દરેક જાતિની પરંપરા- સંસ્કૃતિ એ તેમની આગવી ઓળખ છે. કોઈપણ સમાજના સારા પાસાંની નોંધ અન્ય સમાજ લે છે. ભારત દેશમાં મુસ્લિમો વસવાટ કરે છે, તેમાં મુખ્ય બે સંપ્રદાય છે. (1) શિયા અને (2) સુન્ની, જેમ હિંદુ સમાજમાં ઘણી બધી પેટા જ્ઞાતિઓ છે, તમે મુસ્લિમ સમાજમાં પણ 72 ફિરકાઓ (સંપ્રદાયો) છે. દરેકના રીતે રિવાજ, ભાષા, પહેરવેશ વગેરે બાબતોમાં નવીનતા જોવા મળે છે. તેમની અલગ સંસ્કૃતિ - પરંપરા જોવા મળે છે. જે બીજા લોકોને પ્રભાવિત કરે છે. કેટલીક બાબતોમાં પ્રેરણા પણ આપે છે. દાઉદી વોરા સમાજ મુસ્લિમ જાતિ નો એક ફિરકો જ છે. મૂળગત રીતે જોઈએ તો હિંદુ સમાજમાંથી જ તે સમયે વટલાઈને જે તે સમયે મુસ્લિમ ધર્મ અંગીકાર કરેલ છે. લાખોની મેદનીમાં આ સમાજના લોકો પોતાના પોશાક થકી અલગ તરી આવે છે. તેમની ભાષા, સામાજિક રીત-રિવાજોમાં હિન્દુ સમાજના ઘણા બધા ગુણો જોવા મળે છે. પોતાની અલગ સંસ્કૃતિ અને વર્ષોથી જાળવી રાખી છે. એટલું જ નહીં માનવતાવાદી ગુણો પણ ધરાવે છે. સિદ્ધપુર શહેરમાં શૈક્ષણિક સંસ્થાઓ, પુસ્તકાલય, સરકારી દવાખાનું, નગરપાલિકાનું મકાન, ટાવર વગેરે બનાવી બીજા સમાજને પણ લાભ આપ્યા છે, તેમની વ્હોરવાડમાં નકશીકામ, મકાનોના બાંધકામમાં દિર્ઘ દ્રષ્ટિ, શિલ્પ સ્થાપત્યમાં હિંદુ- મુસ્લિમ વિચારસરણીનો સમન્વય જોવા મળે છે. મુસ્લિમ સમાજમાં ખૂબ જ શિક્ષિત, વિકસિત સમાજ છે. તેઓ અંગત રીતે માને છે કે સમાજ પોતાના રીત -રિવાજોમાં પરિવર્તન નહીં લાવે તો દુનિયાના બીજા સમાજમાં સામે નહીં ટકી શકે.

સિદ્ધપુરના દાઉદી વ્હોરા સમાજની સામાજિક પરંપરાઓ:-

1. કુટુંબ પ્રથા :- આ સમાજના લોકો સંયુક્ત કુટુંબ પ્રથામાં વિશેષ માને છે. સ્વભાવે શાંત પ્રકૃતિ ધરાવતા આ લોકો સાથે હળીમળીને રહે છે.
2. ગોદભરાઈ (ખોળો) પ્રસંગ :- બીજા સમાજની જેમ આ લોકોમાં પણ ખોળો ભરવાનો રિવાજ છે. દીકરીને પ્રથમ પ્રસુતિ વખતે હિન્દું સમાજની જેમ ખોળો ભરાવે છે અને પછી દીકરીને પિયરમાં મોકલે છે. બાળકના જન્મ પછી સવા ચાર માસે સાસરે મોકલે છે.
3. પ્રસુતિ :- આ સમાજના લોકો શિક્ષિત છે. તેથી બાળકના જન્મ સમયે નજીકના દવાખાને જ પ્રસુતિ કરાવે છે. પ્રસૂતિ બાદ હિંદુ સમાજના રીત-રિવાજ મુજબ કપડાં- દાગીના આપી સાસરે વળાવે છે.
4. નામકરણ :- આ સમાજના લોકો બાળકનો જન્મ થાય ત્યારે હિન્દુ સમાજની માફક નામ ફોઈ દ્વારા છઠ્ઠા દિવસે આપે છે, પણ એક વિશેષતા એ છે કે બાળકના જન્મ પહેલાં તેમના 'ગુરુ' (દાઈ) પાસેથી બે નામ મંગાવે છે. તેમાં છોકરા અને છોકરીનું નામ હોય છે

તેથી જે નામ આપવાનું હોય તે આપે છે. બીજી ચિઠ્ઠી બંધ કરી સાચવી રાખે છે. જે બીજા સમયે કામમાં લે છે.

5. જબહિત કે અકીકો :- બાળકના જન્મ બાદ આ સમાજના લોકો જબહિત કે અકીકો પસંદ કરે છે. તે બાળકના જન્મના આનંદમાં જમણવાર રાખે છે. પોતાના પાડોશીને જમવા બોલાવે છે.
6. સુન્નત અથવા ખતના :- મુસ્લિમ સમાજમાં સુન્નત એક રિવાજ છે. પ્રાચીન સમયથી ચાલી આવતી આ પરંપરા છે. તેમના ધર્મ પુસ્તક કુરાનમાં ક્યાંય ઉલ્લેખ નથી છતાં આ રિવાજ વર્ષોથી છે. છોકરા - છોકરીને જન્મ પછી સુન્નત કરવામાં આવે છે. સામાન્ય રીતે છોકરાને સાતમાં દિવસ પછી ખતના કરનારની પાસે જઈ સુન્નત કરાવે છે. જ્યારે છોકરીને સાત વર્ષ પછી સુન્નત કરવાનો પ્રચલિત રિવાજ ધરાવે છે.
7. શિક્ષણ :- "જ્ઞાનની શોધ દરેક મુસ્લિમ માટે અનિવાર્ય છે. " તેવું તેમના ધર્મના પુસ્તક 'હદીસ'માં જોવા મળે છે. આ સમાજ મુસ્લિમ સમાજમાં શિક્ષણમાં અગ્રેસર છે. 100% શિક્ષિત આ સમાજ પ્રથમ ગુજરાતીમાં શિક્ષણ લેતા હતા, પણ સમયની માગ પ્રમાણે છેલ્લા 25 વર્ષથી પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવે છે. સિદ્ધપુર શહેરમાં આ સમાજે શિક્ષણની વિવિધ સંસ્થાઓ ખોલી પોતાના સમાજની સાથે બીજા સમાજને પણ લાભ આપે છે. તેમની સંસ્થામાં તમામને પ્રવેશ આપે છે. તેમનું બાલમંદિર ધોરણ 1 થી 12 ચાલતી "બુરહાની ઇંગ્લિશ સ્કૂલ" સિદ્ધપુરમાં નામના ધરાવતી શાળા છે. તેમાં હજારો બાળકો શિક્ષણ લે છે. ઉચ્ચ શિક્ષણ માટે તેમના ધર્મગુરુ - દાઈએ ઈ.સ 1961માં કોલેજ શરૂ કરવા મકાન બંધાવેલ હતું. હાલમાં આ મકાનમાં "શૈફી જુબેલી આર્ટસ અને કોમર્સ કોલેજ ચાલે છે. તેમાં પણ બાળકો શિક્ષણ મેળવે છે. પોતાના બાળકોને શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ પણ બાલમંદિરની સાથે જ અપાય છે. "જો ઇન્સાન ધાર્મિક હશે તો કોઈ ખોટું નહી કરે" તેવું આ લોકો માને છે.
8. પુસ્તકાલય :- છેક ગાયકવાડ સરકારના સમયથી આ લોકોએ પુસ્તકાલય બનાવ્યું હતું. તેના પરથી શિક્ષણ પ્રત્યે પ્રેમ તથા પુસ્તકો વાંચવામાં અભિરુચિ ધરાવતા આ સમાજ અન્ય સમાજ કરતા ખૂબ જ શિક્ષિત ધર્મપ્રેમી છે.
9. ભાષા :- આ સમાજમાં એક વિશેષતા છે કે, તેમનો સમાજ મુસ્લિમ હોવા છતાં 'ગુજરાતી' ભાષા જ બોલે છે. છેલ્લા 25 વર્ષથી અંગ્રેજી કેળવણી મેળવીને દુનિયાના ઘણા બધા દેશોમાં તેઓ નોકરી ધંધા કરે છે પણ તેમના ઘરે તો શુદ્ધ ગુજરાતી જ બોલાય છે. ધંધામાં હિન્દી - અંગ્રેજી પણ બોલે છે.

10. ખોરાક :- આ સમાજના લોકો સવારે ચા-નાસ્તામાં ચોકલેટ, જામ બટર બ્રેડ, ટોસ, રોટલી, ચા લે છે. બપોરે ભોજનમાં વેજ- નોનવેજ, રોટી, દાળ, ચાવલ મુખ્ય ખોરાક લે છે. સાંજે ભોજનમાં ખીચડી, કઢી, રોટી, નોનવેજ પણ લે છે. સામાજિક પ્રસંગોમાં મીઠાઇને પણ સ્થાન છે.
11. આભુષણ (અલંકાર- ઘરેણાં) :- મુસ્લિમ સમાજમાં એક માન્યતા છે, રૂઢિચુસ્ત રિવાજ પણ કહી શકાય કે કોઈ પણ પુરુષ સોનાના દાગીના પહેરી શકતા નથી. સ્ત્રીઓને જેટલાં સોના - ચાંદીના દાગીના પહેરવા હોય તેટલા પહેરી શકે છે. તેઓ કાનની બુટ્ટી, ગળામાં હાર, દોરો, પેંડલ, બંગડી વગેરે હિન્દુ સમાજ જેવા દાગીના પહેરે છે પણ એક વિશેષતા એ છે કે આ સમાજની સ્ત્રીઓ નાકમાં ચૂની અને પગમાં પાયલ (તોડી) પહેરતી નથી.
12. પોષાક :- આ સમાજનો પોષાક ખૂબ જ અલગ જોવા મળે છે. સમાજ રૂઢિચુસ્ત નથી પણ વર્ષોથી જે નક્કી કરેલ છે તે પોશાક પહેરે છે. નાના બાળકો માટે કોઈ ડ્રેસ કોડ નથી. ફક્ત માથા પર ટોપી પહેરવી ફરજિયાત છે. યુવાનો પેન્ટ- શર્ટ, લેંઘા - ઝભ્ભા પહેરે છે તેઓ પણ માથા પર તેમની અલગ ઓળખ ધરાવતી સફેદ ટોપી સોનેરી કિનારીવાળી અવશ્ય પહેરે છે. આ ટોપીનું વણાટ ખૂબ જ સુંદર હોય છે. તેમાં વિવિધ ડિઝાઇન હોય છે. મોટી ઉંમરના લોકો કુર્તા - પાયજામા પહેરે છે. તેઓ પણ ટોપી અવશ્ય પહેરે છે. સ્ત્રીઓમાં નાની ઉંમરમાં પંજાબી, ડ્રેસ, કુર્તા, ઈજાર વગેરે પહેરે છે. લગ્ન બાદ બ્લાઉઝ, ઘાઘરી વગેરે પહેરે છે, પણ શરીરના બહારના ભાગે અન્ય સમાજની જેમ 'રીદા' બુરખો ધારણ કરે છે. આ રીદા બુરખો સળંગ નથી, પણ કમરથી ઉપરનો ભાગ અલગ હોય છે, કમરથી નીચેના ભાગે ઘાઘરી જેવો ભાગ હોય છે, પણ એક વિશેષતા એ છે કે તેઓ રીદા ગમે તે કલરના રંગબેરંગી પહેરી શકે છે. તેમની આ ઓળખ છે. શાળા- કોલેજમાં બાળકોમાં છોકરાઓ માથે ટોપી પહેરે છે. જ્યારે છોકરીઓ સંસ્થાએ નક્કી કરેલ 'રીદા' અવશ્ય પહેરે છે.
13. વ્યસનો :- આ સમાજની વિશેષતા એ છે કે કોઈ પણ સ્ત્રી - પુરુષ, કોઈ પણ પ્રકારનું વ્યસન ધરાવતા નથી. અન્ય સમાજે તેની નોંધ લેવી જોઈએ.
14. અટકો :- આ સમાજના લોકો મૂળ હિન્દુમાંથી મુસ્લિમ બનેલ હોઈ, તેમની હિંદુ અટકો પણ ધરાવે છે અને તેમની ઓળખ માટે, જે તે ગામ પરથી પણ અટકો જોવા મળે છે. જેમ કે ધીણોજવાળા, સિધ્ધપુરવાળા, મદ્રાસવાળા. આવી તો ખૂબ જ અટકો છે. કેટલાક લોકો તેમના ધંધા પરથી પણ અટકો લખાવે છે. જેમ કે, કાગળવાલા, લોખંડવાલા વગેરે...
15. સગાઈ (નિસ્બત) :- આ સમાજના લોકો તેમના આગવા રીત- રિવાજોથી પ્રચલિત છે. સગાઈનો પ્રસંગ પણ હિન્દુ વિચારસરણીવાળો જ છે. દરેક છોકરા-છોકરીને એકબીજાને જોવા મળવાની તક આપે છે. છોકરા- છોકરીની સગાઈ નક્કી થાય પછી છોકરાવાળા

લોકો છોકરી પક્ષના ઘરે જાય છે. ત્યાં સાસુ કે નણંદ છોકરીને વીંટી પહેરાવે છે. આ પ્રસંગે કપડાંની જોડ આર્થિક સ્થિતિ મૂજબ દાગીના પણ આપે છે. તેમાં પણ નાળિયેર, ગોળ, સાકર, ખાકેશીફા છોકરાને આપે છે. તથા છોકરાને રોકડ રકમ પણ ઈચ્છા મૂજબ આપે છે. જમણવાર રાખે છે. આ રીતે સગાઈ નક્કી થાય છે.

16. નિકાહ - શાદી - લગ્ન :- મુસ્લિમ સમાજમાં અને આ દાઉદી વ્હોરા સમાજમાં એક બાબત ખૂબ જ સારી જોવા મળે છે કે તેમના નિકાહ પાંચ માણસથી પણ થાય છે. લોકો સુખી હોય તો વધુ માણસો પણ ને નિકાહમાં બોલાવે છે. ક્યારેક તેમના ધર્મ ગુરુ - દાઈની હાજરીમાં પણ કરે છે. તેમના સામૂહિક લગ્ન (સમૂહ લગ્ન) પણ થાય છે. ક્યારેક એકલ - દોકલ પણ થાય છે. ઇસ્લામમાં લગ્ન કરવા એ સ્ત્રી પુરુષ માટે ધામિક કર્તવ્ય છે. તથા આ સમાજમાં વિકલ્પ નથી. પરિવાર ચલાવવા આવશ્યક ખર્ચ પરવડતો હોય તેવા પ્રત્યેક મુસ્લિમ માટે લગ્ન અનિવાર્ય છે. આવું કુરાને - શરીફમાં જોવા મળે છે. લગ્ન માટે આ સમાજમાં છોકરીની ઉંમર 18 વર્ષ અને છોકરાની ઉંમર 21 વર્ષ હોય ત્યારે અથવા તે પછી કરે છે. જે બાબત ખૂબ જ સારી બાબત છે. શિક્ષિત સમાજની નિશાની છે. નિકાહ માટે બંને પક્ષ કપડાંથી શરૂઆત કરે છે. નિકાહનું ફોર્મ ભરે છે. તેમાં સાક્ષી પણ લેવામાં  આવે છે. તેમના લગ્ન "આમિલ સાહેબ" (ધાર્મિક માણસ માટે હોદ્દો) કરાવે છે. લગ્ન પણ કુટુંબની આર્થિક સધ્ધરતા મુજબ જ થાય છે. દૂલ્હો- વરરાજા શેરવાણી, માથે કલગી ફોટો, બાજુબંધ શેરો (ફૂલ ગજરો) સાથે વરઘોડા સરઘસ સાથે જાય છે. જ્યારે દુલ્હન બ્લાઉઝ, ઘાઘરી, ઓઢણી જેવા લગ્નલાયક પોષાક પહેરે છે. છોકરીને 7 - 14 કે 21 જોડી કપડાં આપે છે. ઈચ્છા મુજબ દાગીના આપે છે. મહેરની રકમ આપે છે. શાદીના જમણવારમાં મીઠાઇ તથા વેજ - નોન-વેજ હોય છે.

17. આણું :- નિકાહ પછી છોકરા પક્ષના ભાઈ કે કુટુંબના વ્યક્તિ છોકરીને તેડવા જાય છે. જેને આણું કહે છે. તે પણ હિંદુ સમાજનો રીત- રિવાજ જાળવી રાખ્યો છે. તેમાં પણ જમણવાર હોય છે અને છોકરીને સાસરે વળાવે છે.

18. તલ્લાક :- મુસ્લિમ સમાજમાં છૂટાછેડા માટે તલ્લાક હોય છે. અન્ય સમાજની જેમ આ સમાજમાં પણ તલ્લાક પ્રથા અમલમાં છે પણ શિક્ષિત ખાનદાન, ધર્મપ્રેમી, સ્વતંત્રતા ધરાવતો આ સમાજમાં તલ્લાકનું પ્રમાણ નહિવત છે.

19. વિધવા પુન: લગ્ન :- આ સમાજમાં કોઈ આકસ્મિક મૃત્યુ થાય તો સ્ત્રી વિધવા બને છે. ત્યારે તેને સાડા ચાર માસ સુધી ખૂણામાં બેસવું પડે છે. આ સમયગાળામાં તે બહાર હરી- ફરી શકતી નથી. સફેદ વસ્ત્રો પહેરે છે. પછી જો તેને પુન: લગ્ન કરવાના હોય તો ધામિક વડા "આમિલ સાહેબ"ની હાજરીમાં પુન: લગ્ન પણ થાય છે.

20. મૃત્યુ :- જ્યારે કોઈનું અવસાન થાય છે ત્યારે તેમના ધાર્મિક વડા 'રકું ચિઠ્ઠી' આપે છે. તે પછી તેમના સમાજના રીતરિવાજ મુજબ દફનવિધિ કરે છે. સ્મશાનમાં તેઓ ધાર્મિક વિધી પણ કરે છે. આ સમાજમાં પણ હિન્દુ સમાજની માફક પુરુષને પુરુષ નવડાવે છે, સ્ત્રીને સ્ત્રીઓ નવડાવે છે. અવસાન પછી ત્રીજા દિવસે 'ફાતિયો' કરવામાં આવે છે. મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓ કબ્રસ્તાનમાં જતી નથી પણ આ સમાજની સ્ત્રીઓ કબ્રસ્તાનમાં જઈ શકે છે.

દાઉદી વ્હોરા સમાજની સાંસ્કૃતિક પરંપરાઓ :-

દાઉદી વ્હોરા સમાજ સ્વભાવે શાંત પ્રકૃતિ ધરાવતો સમાજ છે. તે બીજા માટે પરોપકારી કાર્યો કરવાની ઇચ્છા ધરાવે છે અને માનવ સમુદાયને કામ લાગે તેવા પણ કાર્ય કરે છે.

આંગણવાડી/બાલમંદિરનું નિર્માણ :- સિદ્ધપુર શહેરમાં આ સમાજ દ્વારા બાલમંદિરનું નિર્માણ કરેલ છે. તેમાં તેમના સમાજના બાળકો તથા અન્ય સમાજના બાળકો પણ શિક્ષણ મેળવે છે.

શૈક્ષણિક સંસ્થાઓ :-

1) બુરહાની ઇંગ્લિશ સ્કૂલ:- સિધ્ધપુર શહેર માટે આ સમાજની અમૂલ્ય ભેટ સમાન શૈક્ષણિક સંસ્થા છે. તેમાં ધોરણ 1 થી 12 ચાલે છે. સૌપ્રથમ 1956માં આ શાળા શરૂ થઈ ત્યારે "ગુજરાતી" માધ્યમ હતું. પછી ઈ.સ 1978થી અંગ્રેજી માધ્યમની શાળા ચાલે છે. તેમાં કોઇ રૂઢિચુસ્ત નીતિ નથી. દરેક સમાજના બાળકો અભ્યાસ કરે છે. નોન ગ્રાન્ટેડ આ સંસ્થાનો ખર્ચ પણ આ સમાજ જ ઉઠાવે છે.
2) શૈફી કોલેજ :- સિધ્ધપુર શહેરમાં દાઉદી વ્હોરા દ્વારા સ્થાપિત આ શૈફી જુબેલી કોલેજ માટે મકાન ઈ.સ 1961માં બંધાવેલ હતું. ભવ્ય ઇમારત બનાવેલ છે. બે માળની છે. 24 રૂમ ધરાવે છે. આર્ટ્સ તેમજ કોમર્સ કોલેજ ગ્રાન્ટેડ છે. સિધ્ધપુર શહેરમાં આ એકમાત્ર કોલેજ છે. સિધ્ધપુર શહેરના તથા આજુબાજુના તમામ સમાજના બાળકો આ કોલેજમાં અભ્યાસ કરી પોતાની કારકિર્દી બનાવે છે.
3) સાર્વજનિક પુસ્તકાલય :- આ સમાજે સાર્વજનિક પુસ્તકાલયનું નિર્માણ કરેલ હતું. તેમાં જુના સમયથી આ પુસ્તકાલય ચાલે છે. હાલ બિસ્માર હાલતમાં છે પણ અગાઉ તેનો ઉપયોગ તમામ જાતિના કરતા હતા. તેવું જાણવા મળે છે.

નગરપાલિકાનું મકાન :- સિદ્ધપુર શહેરમાં નગર સેવા સદનનું મકાન પણ આ સમાજ દ્વારા ઈ.સ 1911-12માં બનાવવામાં આવ્યું હતું તેવી નગરપાલિકાની આગળ તકતી લગાવેલ છે. તેમાં જાણવા મળે છે કે ઈ.સ 1913-14માં આ ભવ્ય મકાનનું કામ પૂર્ણ થયેલ હતું. આ મકાનના બાંધકામ પાછળ તે સમયે 50 % રકમ દાઉદી વ્હોરા સમાજના શેઠ તૈયબઅલી મહંમદઅલી

મામુવાળાએ રૂ. 8000 /- દાન આપ્યું હતું. ખુબ જ સુંદર ઈમારત છે. બે માળનું મકાન છે. તેમાં ઘણાં બધાં રૂમ છે. ઉપર બીજા માળે સભાખંડ છે. આમ, જાહેર સ્થાપત્ય માટે આ સમાજે કાર્યે કરેલ છે.

સિવિલ હોસ્પિટલ :- સિધ્ધપુર શહેરમાં સિવિલ હોસ્પિટલ માટે પણ વડનગરના દાઉદી વ્હોરા સમાજે તે વખતે દાન આપી સરકારી દવાખાનું બનાવી આપેલ. આમ જાહેર હિતનું કામ કરવામાં આ સમાજે પાછી પાની કરેલ નથી.

ટાવર :- "સિધ્ધપુર શહેરની આગવી ઓળખ એટલે ટાવર." નગરપાલિકાની બાજુમાં સમય દર્શાવતો ટાવર મધ્યકાલીન સ્થાપત્ય જેવો છે. આ ટાવરનું ભવ્યનિર્માણ તે સમયના શેઠ મુલ્લા મહંમદ અલી શેખ શરફઅલી હારવાળા દાતા હતા. તેમણે 1915માં (તા-4/4/1915) રૂપિયા 15000 /- ના ખર્ચે ટાવર બંધાવેલ હતો. તે સમયે લોકો પાસે કાંડા ઘડિયાળ ન હતી ત્યારે સિધ્ધપુર શહેરને ટાવરની ભેટ આપી અમૂલ્ય કાર્ય કરેલ છે. સૌથી ઉપરના ભાગે ઘુમ્મટ જેવો ભાગ છે. રંગબેરંગી કાચનો ઉપયોગ કરેલ છે. વિદેશથી ઘડિયાળ લાવેલ હતા. કલાક તથા મિનિટ કાંટા કાળા રંગના છે તથા આંકડા રોમન ભાષામાં છે. વિદેશના જેવું ટાવર બનાવી આપેલ છે. તે દાતાને ગાયકવાડ સરકારે "રાજરત્ન"નું બિરુદ આપેલ છે.

360 બારીનું મકાન :- સિદ્ધપુર શહેરની વચ્ચે 360 બારીનું મકાન આવેલ છે. તે સિવિલ હોસ્પિટલની ટાવર બાજુ જવાના રસ્તા પર વિશાળકાય મકાન આવેલું છે. તેની ખાસ વિશેષતા એ છે કે આ મકાનમાં 360 બારીઓ છે અને હવાની અવરજવર થાય તે દ્રષ્ટિકોણથી ગોઠવેલ છે. આ મકાન બે માળનું છે. આઝાદી પહેલાનું આ મકાન ભવ્ય ઇમારત છે. તેની કોતરણી જોવા લોકો આવે છે. આ મકાનના બારણા સાગના બનાવેલ છે. તેમાં પણ કાષ્ઠકલાના દર્શન થાય છે.

ત્રણ ખૂણાનું મકાન :- સિદ્ધપુર શહેરમાં 360 બારીવાળા મકાનથી આગળ જઈએ ત્યાં ત્રણ ખૂણાવાળું મકાન આવેલું છે. તે પણ આઝાદી પહેલાનું બાંધકામ છે. આ મકાનની વિશેષતા એ છે કે અંદર પ્રવેશ કરો તો તમામ રૂમ ચોરસ જોવા મળે છે. દૂરથી ટાઇટેનિક જહાજ જેવું લાગતું આ બે માળનું મકાન સિદ્ધપુરની શોભામાં અભિવૃધ્ધિ કરે છે. મકાનની ચારે બાજુ જમીન હોવા છતાં નગરના રસ્તા સાંકડા ન થાય તે હેતુથી આ મકાન આ પ્રકારે બનાવેલ છે. મકાન માલિક વિદેશોમાં રહે છે. તેના સગા આ મકાનમાં રહે છે. ઈમારતી લાકડામાંથી બનાવેલ આ ભવ્ય મકાન નકશીકામથી ભરપૂર છે. દાઉદી વ્હોરા સમાજની તે વખતની જાહોજલાલીનું પ્રતીક છે.

સિદ્ધપુરની વ્હોરવાડ :- સિદ્ધપુરના દાઉદી વ્હોરા સમાજના લોકો જ્યાં સાથે વસવાટ કરે તે મકાનો હારબંધ રીતે છે. તમામ મકાનો બે માળનાં છે. ઈમારતી- સાગના લાકડામાંથી બનાવેલા આ મકાનો તે સમયની દાઉદી વ્હોરા સમાજ ની આબાદીના દર્શન કરાવે છે.

મકાનોના વિશાળક દરવાજા, બારી- બારણા એવા છે. લાઈટ ન હોય તો પણ અજવાળું રહે, પવનની આપ-લે થાય તેવાં મકાનો છે. આ મકાનોનું બાંધકામ ઈ.સ 1900 થી 1950 સુધીમાં થયેલ છે. ઈંટ - સિમેન્ટ, ચૂનાથી બનાવેલ મકાનો મજબૂત છે. તેમાં કોતરણી, નક્શીકામ ખૂબ જ સુંદર છે. બહારથી આવતા પ્રવાસીઓનું ધ્યાન ખેંચે છે. મકાનોના કલર પણ સુંદર છે. બારી બારણા વિવિધ કાચથી મઢાવેલ છે. મકાનોની અંદર પણ મોટા રૂમો છે. દરેક મકાનમાં એન્ટ્રીમાં મહેમાન માટે ઓરડો, બાજુમાં રસોડું, ત્યાંથી અંદર જઈએ તો વિશાળ હોલ જેવા મોટા રૂમ છે. છેલ્લે પણ રૂમ હોય છે. તેને આ સમાજ "ઓરડા" તરીકે ઓળખે છે. વિદેશીઓ આ મકાનો જોઇને ખુશ થાય છે. તેના ફોટા પણ પાડી, યાદો સાથે લઈ જાય છે.

વ્હોરવાડના મકાનો ખૂબ જ સુંદર અને શિલ્પ સ્થાપત્યોથી ભરપૂર છે. આ સિવાય "પેરીસ ગલી" દાઉદી વ્હોરા સમાજના લોકોનું રહેઠાણ છે. ત્યાં 100 મીટરથી વધુ એરિયામાં બંને બાજુ હારબંધ મકાનો આવેલ છે. તે કાષ્ઠકલા અને શિલ્પ સ્થાપત્યની કલાનો અદ્ભુત નમૂનો છે. ઈ.સ 1915ની આજુબાજુ બનાવેલા આ ભવ્ય મકાનો વિદેશી પેટર્ન પેરીસ શહેરના જેવાં મકાનો બનાવેલ છે. ઈંગ્લીશ કલરના આ મકાનો સુંદર લાગે છે. દર વર્ષે આ પેરીસ ગલીમાં ફિલ્મનું શૂટિંગ પણ થાય છે. સિધ્ધપુર શહેર માટે આ પેરીસ ગલી શોભામાં અભિવૃદ્ધિ કરે છે. વિદેશી તથા મુલાકાતીઓ માટે આ નજરાણું છે.

લોકોને મધ્યકાલીન કલા દ્રશ્યમાન થાય છે. દિવાલો સાથે સ્તંભ પર ફુલ - પાંદડીઓની ડિઝાઈન રંગબેરંગી કલરથી સુંદર લાગે છે. આ મકાનો ત્રણ માળના છે. એક માળ જમીનની અંદર છે. આ મકાનોની હારમાળા દાઉદી વ્હોરા સમાજની એકતાનું પ્રતીક છે. સિધ્ધપુરના દાઉદી વ્હોરા સમાજના મકાનો વિશાળ છે. તમામ મકાનોમાં કોઈને કોઈ વિશેષતા જોવા મળે છે. કાષ્ઠકલા જોવી હોય તો "પેરીસ ગલી અને જુની વ્હોરવાડ"ની મુલાકાત લો તો અવશ્ય આ સમાજના જાહોજલાલીના દર્શન થાય છે.

ઉપસંહાર :-

સિધ્ધપુરના દાઉદી વ્હોરા સમાજની સામાજિક અને સાંસ્કૃતિક પરંપરા પરથી આ સમાજને આબાદીનો ખ્યાલ આવે છે. મુસ્લિમ જાતિનો અલગ ફિરકો હોવા છતાં "ગુરુપંથી" છે. તેમના ધર્મગુરુની સૂચના મુજબ સામાજિક સુધારા પણ થાય છે. તેમના સામાજિક રીત-રિવાજો હિંદુ ધર્મ જેવા જ છે. ફક્ત નામ અલગ અલગ જોવા મળે છે. સ્વભાવે શાંત, પ્રેમાળ, શરમાળ, પ્રકૃતિ ધરાવતા આ લોકોએ સિધ્ધપુરમાં ઘણું બધું આપેલ છે. તેમાં શાળા, કૉલેજ, પુસ્તકાલય, સિવિલ દવાખાનું, બાળમંદિર, ટાવર, આ બધું જાહેર જનતા માટે આઝાદી પછી તરત જ બધાને ભેટ આપેલ છે. તેમના ભવ્ય મકાનો, જુની વ્હોરવાડ, પેરીસ ગલી, 360 બારીવાળું મકાન, ત્રણ ખૂણાવાળું મકાન, હારબંધ મકાનોની કોતરણી, કાષ્ઠકલા ખૂબ જ સુંદર છે. લોકોનું

ધ્યાન ખેંચે તેવું છે. આમ આ સમાજ પણ પોતાની જૂની સંસ્કૃતિને વર્ષોથી સાચવીને બેઠો છે. હાલમાં તેમની સંખ્યા ઓછી થતી જાય છે. છતાં તેમના ભવ્ય મકાનો, જાહેર જનતા માટે કરેલ બાંધકામ, સિદ્ધપુરની જનતા ભુલી શકે તેમ નથી.

સંદર્ભસૂચિ :


1. પરીખ (ડૉ.) પ્રવીણચંદ્ર, " ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ " ઈ.સ.૧૦૦૦થી ઈ.સ. ૧૮૧૮ યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ તૃતીય આવૃતિ,૨૦૧૨, અમદાવાદ
2. મિર્ઝા મુહમ્મદ હસન ઉર્ફે અલી મુહમ્મદખાન બહાદુર ગુજરાતી અનુવાદક કાઝી મુહમ્મદનિઝામુદીન ચિશ્તીફારૂકી "તારીખે અવલીયાએ ગુજરાત ",અમદાવાદ
3. જાદેહ મોહમદ હુસેન ફ્લ્લાહ અનુવાદ સૈયદ મોહમદ હુસેન નકવી "અહકામે જીંદગી", પ્રથમ આવૃતિ, વિલાયત ફાઉન્ડેશન, નવી દિલ્હી
4. ગોડબલે શ્રીરંગ અરવિંદ , અનુવાદક અને શ્રીકાંત કાટકરે , " ઇસ્લામનું અંતરંગ " અમદાવાદ
5. યાદવ (ડૉ.) વિરેન્દ્રસિંહ ," એકવીસમી સદી મેં મુસલમાન" , ચિંતન એવમ સરોકાર , વરિષ્ઠ પ્રવક્તા હિન્દી વિભાગ ડી.વી. મહાવિધાલય ઉરઈ જાલોન ઓમેગા પ્રકાશન , નવી દિલ્હી
6. પરીખ (ડૉ.) પ્રવીણચંદ્ર, "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ " ભોજે વિધાભવન અમદાવાદ દ્વિતીય આવૃતિ, ૧૯૯૨, અમદાવાદ
7. ભટ્ટ નર્મદાશંકર ત્ર્યંબકરામ, " ખંભાતનું સંસ્કૃતિક દર્શન " , શેઠ ભોજે અધ્યયન સંશોધન, વિધાભવન અમદાવાદ
8. શેખ આસીફ સંકલન કર્તા, " કુરાન તમને પુકારે છે " ત્રીજી આવૃત્તિ ૨૦૦૧, અહમદાબાદ, ઇસ્લામી સાહિત્ય એકેડમી ગુજરાત
9. (પ્રો.) સતિષચંદ્ર મિશ્રે , " મુસ્લિમ કમ્યુનિટી ઇન ગુજરાત " , દિલ્હી
10. માસ્તર કરીમ મહમદ " મહાગુજરાતના મુસલમાનો " , અમદાવાદ


## ખેરાલુ તાલુકાનું સાંસ્કૃતિક જીવન

**ચૌધરી રાહુલકુમાર બાબુભાઈ**

ઈતિહાસ વિભાગ; પી.એચ.ડી.
સ્ટુડન્ટ; હેમ. ઉ. ગુ. યુનિ. પાટણ
Email : rc0161280@gmai.com

પ્રસ્તાવના

પ્રાચીન કાળથી જ ભારત દેશ પોતાની સંસ્કૃતિને પરિણામે એક વિશિષ્ટ દેશ તરીકે ઉભરી આવતો જોવા મળે છે. ભારતમાં રહેલાં અનેકવિધ પ્રદેશો પોતાની એક આગવી ઓળખ ધરાવતાં જોવા મળે છે. જેમાંથી ગુજરાત રાજયનાં મહેસાણા જિલ્લામાં આવેલો ખેરાલુ તાલુકો પણ સંસ્કૃતિ અને વારસાને લીધે પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. ખેરાલુ તાલુકો ઉત્તર ગુજરાતનો જ એક ભાગ છે. પરંતુ અનેક વિકટ ભૌગોલિક પરિસ્થિતીઓ હોવા છતાં સમયની વિશાળ મંઝીલની સાથે ચાલીને આજે પણ પોતાના અસ્તિત્વ અને સાંસ્કૃતિક વારસાને ગૌરવપ્રશન કરતો જોવા મળે છે. ખેરાલુ તાલુકાના સાંસ્કૃતિક જીવનથી જો વાત કરવામાં આવે તો તેમાં અનેક વિધ બાબતોનો સમાવેશ થાય છે. પરંતુ તેમાંથી થોડીક જલક અત્યારે જોવાનો પ્રયત્ન કરીશું.

ખેરાલુ તાલુકાની જ્ઞાતિઓ અને બોલી

સામાન્ય રીતે ઉત્તર ગુજરતના બધાં જ પ્રદેશોમાં એક સમાન બોલીનો જ અનુભવ થાય છે. પરંતુ કહેવત છે તે કે, “સો ગાઉએ બોલી બદલાય” એમ અમુક પ્રદેશોમાં લહેકાની દ્રષ્ટિએ બોલીમાં તફાવત જોવા મળે છે ખેરાલુ તાલુકામાં હાલમાં કૂલ ૫૧ ગામોનો સમાવેશ થાય છે. જેમાં અનેક જ્ઞાતિઓની પ્રજા વસવાટ કરતી જોવા મળે છે. જેની યાદી નીચે મુજબની છે.

૧. શ્રીમાળી બ્રાહ્મણ
૨. જૈનુ
૩. બહેલીમ
૪. ચૌધરી (દેસાઈ)
૫. પ્રજાપતિ
૬. વણકર
૭. રાજપુત
૮. ઠાકોર

ખેરાલુ તાલુકામાં વસવાટ કરતી અનેકવિધ પ્રજામાંથી વંશપરંપરાગત તેમની બોલી પણ જ્ઞાતિ પ્રમાણે જુદી-જુદી જોવા મળે છે. બોલીમાં ભલે સમાનતા જોવા મળતી હોય

પરંતુ લહેકાની દ્રષ્ટિએ ભિન્નતા જોવા મળે છે મુખ્યત્વે ચૌધરી, દેસાઈ અને ઠાકોર જેવી જ્ઞાતિઓમાં જોવા મળતાં લહેકા પોતાની એક આગવી ઓળખ ઉભી કરે છે.

લોક પરંપરાઓ - રિતરિવાજો

ખેરાલુ તાલુકામાં જ્ઞાતિય વિવિધતાની સાથે લોકરિવાજો અને પરંપરાઓમાં પણ વિવિધતા જોવા મળે છે. ખેરાલુના દેસાઈ (ચૌધરી) પરિવારોમાં પુનઃલગ્ન પ્રથા થતી ન હતી. આધુનિક વિચારોના પ્રભાવમાં થોડી છુટછાટ આવી હશે પરંતુ આ પ્રથા ચાલતી હતી છુટાછેડાની પ્રથા પણ ઓછી માત્રામાં જ જોવા મળતી હતી. લગ્નની વિધિમાં મીંઢણ છોડવાની વિધિ મારૂંડામાતા મંદિરમાં કરવામાં આવતી હતી. ખેરાલુમાં વસતા શ્રીમાળી બ્રાહ્મણો ચૈત્રમાસની સાતમને મળી સાતમના તહેવાર તરીકે ઉજવે છે. વર્ષોથી ચાલ્યો આવતો આ રિવાજ શ્રીમાળી બ્રાહ્મણોમાં આજે પણ જોવા મળે છે.

ખેરાલુ તાલુકાની લગભગ બધી જ જ્ઞાતિઓમાં લગ્ન, મરણ અને જન્મના રિતરિવાજ અને પરંપરાઓ સરખી જ રિવાજો પાછળ પ્રાચીન સંસ્કૃતિની ઝાંખી જોવા મળે છે.

ખેરાલુ તાલુકાનું કલા-સ્થાપત્ય

- સૂર્યમંદિર, ખેરાલુ

ખેરાલુમાં અસ્તિત્વ ધરાવતુ અને વહીવંચા બારોટવાસમાં આવેલુ સૂર્યમંદિર અને તેમાં રહેલ સૂર્યપ્રતિમા પ્રાચીન સંસ્કૃતિની ઝાંખી કરાવે છે. આ સૂર્યમંદિરમાં ભીમદેવ-૨ જાના સમયથી (વિ.સં. ૧૨૯૩) ની સુંદર સૂર્યમૂર્તિ અસ્તિત્વ ધરાવે છે. પ્રાચીન સમયથી જ આ મૂર્તિ વિધમાન થયેલી જોવા મળે છે સમગ્ર ગુજરાતમાં એક માત્ર કુટિ પર અવ્યંગ અને પગમાં ઉચા પગરખાં એટલે કે હોલબુટ વાળી મૂર્તિ જોવા મળી હતી. જે ઈરાની અસર દર્શાવતી હતી. આ સૂર્યપ્રતિમાની નીચે આરસપહાંણના પથ્થરથી કોતરેલ લેખ પણ જોવા મળતો હતો.

- તારંગાનું અજિતનાથનું મંદિર :

સોલંકીયુગ દરમિયાન કુમારપાલે ઠેકઠેકાણે નવા જિનાલયોનું નિર્માણકાર્ય કરાવ્યું હતું. જેમાંથી હાલ પણ અસ્તિત્વ ધરાવતું તારંગાનું અજિતનાથનું જિનાલય જે શિલ્પ-સ્થાપત્ય કલાનાંક્ષેત્રે ખુબ જ પ્રખ્યાત બનેલું હતું. સિધ્ધરાજ જયસિંહે સિધ્ધપુરમાં બંધાવેલ રુદ્ર મહાલયની જેમ આ મંદિર પણ મેરુપ્રસાદ પ્રકારનું હતું. મેરુપ્રસાદ એટલે કે જે મંદિરા ચકવતી રાજાઓ જ બંધાવતા હતા. આ મંદિરમાં ગર્ભગ્રાહ અને ગુઢમંડપ હતા. તદુંપરાંત મંડપના સ્તંભ સાદા તેમજ ઉંચા હતા. આ મંદિરનો સોળમી સદીમાં જીર્ણોધ્ધાર. થયો હતો.

મંદિરના સ્વંભોની અસંખ્ય હારમાળાઓમાં પ્રાચીન અને બારીક કોતરણીએ કલા-સ્થાપત્યનો બેનમુન નમુનો છે.

- તારણ-ધારણ માતા મંદિર, તારંગા પર્વત :

ગુજરાતમાંથી તારાની એક-બે મૂર્તિઓ મળી છે. તેમાં તારંગા પર્વત ઉપર આવેલી તારણ-ધારણથી ઓળખાતી તારાની મૂર્તિઓ મુખ્ય છે. તારંગા પર્વત ઉપર અજિતનાથ ભગવાનના મંદિરની બાજુ નીચે ઉતરતાં એક ગુફામાં તારાની તેમજ બીજી નાની-નાની નવ મૂર્તિઓ બેસાડેલી જોવા મળે છે. તેની મધ્યમાં તારાની ભવ્ય પ્રતિમાં બેસાડેલી છે. બૌધ્ધ દેવીઓમાં તારા મુખ્ય છે. એનાં અનેક સ્વરૂપ છે. સાધ સ્વરૂપમાં એ ડાબા હાથમાં ઉત્યંલ ધારણ કરે છે. જયારે એનો જમણો હાથ વરદમુદ્રામાં હોય છે. તારાઓ જુદા-જુદા ધ્યાની બુધ્ધયોમાંથી ઉદભવી હોય એવું મનાય છે.

- મંદ્રોપુરની વાવ, ખેરાલુ, મંદ્રોપુર :

ખેરાલુથી આશરે સાત કિ.મી. દુર મંદ્રોપુર ગામની મધ્યે કલા-સ્થાપત્યની દૃષ્ટિએ ખુબ જ ઉત્તમ ઉદાહરણ પુરું પાડતી મંદ્રોપુરની વાવ આવેલી છે. આ વાવનું નિર્માણકાર્ય સોલંકીયુગ દરમિયાન થયેલુ માનવામાં આવે છે. વાવની ઉપરના ભાગે શીતળા માતાજીનું મંદિર આવેલુ છે. દરવર્ષે શ્રાવણ માસની સાતમના દિવસે આ મંદિરમાં ભવ્ય મેળો ભરાય છે. લાખો દર્શનાર્થીઓ આ મેળાને માળવા અને માતાજીના દર્શન કરવા માટે આવે છે.

વાવની ઉપરના ભાગે દુધેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. આ મંદિર પણ ખુબ જ પ્રાચીન અને કલા-સ્થાપત્યની દૃષ્ટિએ ખુબ જ મહાન છે. આ મંદિર સુણકના મંદિરને ઘણું મળતું આવે છે. મંદિરની નીલકંઠ શૈલીને આ મંદિર ખુબ જ મળતું આવે છે.

- વૃંદાવન મહાદેવ મંદિર, ખેરાલુ

ખેરાલુથી આશરે ત્રણ કિ.મી.ના અંતરે રૂપેણ નદીના કિનારે વૃંદાવન મહાદેવનું મંદિર આવેલુ છે. આ મંદિરની ચોતરફ નાની-નાની સતીદેરીઓ આવેલી છે. આ મંદિરની સામે ગુરુભકતરાજ મહારાજની સમાધિ આવેલ છે. જેની ફરતે બાર જયોતિલિંગ જોવા મળે છે. આ મંદીરના પ્રથમ પુજારી રેવાશંકર અંબારામ રાવલ હતા. શ્રાવણસુદ આઠમ એટલે કે, જન્માષ્ટમીના દિવસે મોટો મેળો ભરાય છે. જેમાં અસંખ્ય ભકતો શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શનાર્થે આવે છે. મંદિરના આગળનાં ભાગે ગૌશાળા ચાલે છે. જેનો વહીવટ આ મંદિર થકી થતો હતો.

સમાપન

જેમ દરેક પ્રદેશની પોતાની એક આગવી ઓળખ હોય છે. તેમ ખેરાલુ તાલુકાનું પણ પોતાનું એક સાંસ્કૃતિક મહત્વ રહેલુ જોવા મળે છે. જે ગુજરાતની સંસ્કૃતિમાં પોતાનું આગવું યોગદાન પુરુ પાડે છે. સાંસ્કૃતિક દ્રષ્ટિએ વિવિધ પ્રજા અને લોકોના રિવાજોની સાથે-સાથે અલગ-અલગ સંસ્કૃતિની ઝાંખી થતી જોવા મળે છે. અલગ-અલગ પ્રજાના રિવાજો લોકપરંપરાઓ મેળાઓ અને ઉત્સવોમાં વિવિધ પ્રજા એકબીજાનાં સંપર્કમાં આવે છે. જેનાં પરિણામે પ્રજા એકબીજાના સંપર્કમાં આવે છે.

સંદર્ભ સૂચી:-

1. રસિકલાલ છોટાલાલ પરીખ અને હરી પ્રસાદ ગંગાશંકર સાસ્ત્રી,ગુજરાતનો રાજકીય સાંસ્કૃતિક ઇતિહાસ,(ગ્રંથ -૭),ભો.જે વિદ્યાભવન, અમદાવાદ
2. રાવબહાદુર ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ, વડોદરા રાજ્ય પ્રાંતિક સર્વ સંગ્રહ કડી પ્રાંત,૧૯૨૦-૨૧, વડોદરા.
3. ડો.હરિપ્રસાદ ગં.શાસ્ત્રી ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ,ગુજરાત યુનવર્સિટી, અમદાવાદ,૧૯૭૩.
4. https://www.census2011.co.in

# સોલંકી – વાઘેલાકાલીન સ્ત્રીઓ દ્વારા વાવ સંસ્કૃતિનો વિકાસ

**(અડાલજ અને પાટણની રાણીની વાવના સંદર્ભમાં)**

**વાણિયા ભાવેશકુમાર ખેમચંદભાઈ**
Ph.D. Scholar
bhaveshvaniya99@gmail.com

## અડાલજની વાવ

**રૂડાબાઈની વાવ** કે જે મોટેભાગે **અડાલજની વાવ** તરીકે ઓળખાય છે તે ગુજરાતનાં અમદાવાદ પાસેથી પસાર થતાં સરખેજ-ગાંધીનગર ધોરીમાર્ગ ઉપર ગાંધીનગર તાલુકાનાં અડાલજ ગામમાં આવેલી વાવ છે.

ગામની સીમમાં વીરસંગ વાઘેલાએ પત્ની રાણી રૂડીબાઈની માટે વાવનું બાંધકામ શરૂ કરાવ્યું હતું પરંતુ તે યુદ્ધમાં માર્યો ગયો હતો. વીરસંગના મૃત્યુ પછી વાવનું બાંધકામ અટકી પડેલ.

મહમદ બેગડો રાણી રૂડીબાઈના રૂપથી અંજાઈને તેમને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. રાણી રૂડીબાઈએ શરત રાખી કે જો મહમદ વાવનું કામ પૂર્ણ કરાવશે તો તેની સાથે લગ્ન કરશે, કારણ કે રાણીને તેમના પતિની ઈચ્છા પૂર્ણ કરીને પ્રજા કલ્યાણનું કામ પૂર્ણ કરવું હતું. તેના પછી મહમદ બેગડાએ વાવનું નિર્માણ ઇ.સ. ૧૪૯૯માં પૂર્ણ કરાવ્યું હતું. રાણી રૂડીબાઈ ત્યારબાદ વાવનું બાંધકામ જોવા ગયા. તેમનો ઉદ્દેશ્ય પૂર્ણ થઈ ગયેલ લાગતા તેમણે વાવમાં જંપલાવીને આત્મહત્યા કરી લીધી. આથી આ વાવને **રૂડીબાઈની વાવ** પણ કહેવામાં આવે છે.

આ વાવનાં નિર્માણમાં તે સમયના અંદાજે ૫ લાખ રુપિયાનો ખર્ચ થયો હતો. આ વાવના સ્થપતિ શ્રીમાળી જ્ઞાતિના ભીમાના દીકરા મારન હતા.

અડાલજ ગામની સીમમાં વીરસંગ વાઘેલાએ પત્ની રાણી રૂડીબાઈની માટે વાવનું બાંધકામ શરૂ કરાવ્યું હતું પરંતુ તે યુદ્ધમાં માર્યો ગયો હતો. વીરસંગના મૃત્યુ પછી વાવનું બાંધકામ અટકી પડેલ.

મહમદ બેગડો રાણી રૂડીબાઈના રૂપથી અંજાઈને તેમને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. રાણી રૂડીબાઈએ શરત રાખી કે જો મહમદ વાવનું કામ પૂર્ણ કરાવશે તો તેની સાથે લગ્ન કરશે, કારણ કે રાણીને તેમના પતિની ઈચ્છા પૂર્ણ કરીને પ્રજા કલ્યાણનું કામ પૂર્ણ કરવું હતું. તેના પછી મહમદ બેગડાએ વાવનું નિર્માણ ઇ.સ. ૧૪૯૯માં પૂર્ણ કરાવ્યું હતું. રાણી રૂડીબાઈ ત્યારબાદ વાવનું બાંધકામ જોવા ગયા. તેમનો ઉદ્દેશ્ય પૂર્ણ થઈ ગયેલ લાગતા તેમણે વાવમાં જંપલાવીને આત્મહત્યા કરી લીધી. આથી આ વાવને રૂડીબાઈની વાવ પણ કહેવામાં આવે છે.

આ વાવનાં નિર્માણમાં તે સમયના અંદાજે ૫ લાખ રુપિયાનો ખર્ચ થયો હતો. આ વાવના સ્થપતિ શ્રીમાળી જ્ઞાતિના ભીમાના દીકરા મારન હતા.

**<u>સ્થાપત્ય</u>**

આ વાવ ચુના પથ્થરથી નિર્મિત હિંદુ-મુસ્લિમ સ્થાપત્યકળાનો એક ઉત્કૃષ્ઠ નમુનો છે. આ વાવ પાંચ માળ ઊંડી છે. આ વાવ ત્રણ મુખ્ય પ્રવેશદ્વાર ધરાવતી હોવાથી શાસ્ત્રો મુજબના વર્ગીકરણ પ્રમાણે જયા પ્રકારની ગણાય છે. ઉત્તર દક્ષિણ ધરી પર ગોઠવાયેલી આ વાવની કુલ લંબાઇ ૨૫૧ ફૂટ છે, જ્યારે ઉત્તર દિશામાં આવેલા કૂવાની ઊંડાઇ ૫૦ ફૂટ જેટલી છે. પાંચ માળની આ ઇમારત જમીનમાંનાં પાણીના પ્રથમ ઝરણા સુધી બનાવવામાં આવી છે. જેના દ્વારા ગરમ અને સૂકા પ્રદેશમાં પાણીનું બાષ્પીભવન થયા વગર પાણી મળતું રહે. પાણીની અછતવાળા પ્રદેશમાં અતિ ઉપયોગી એવા આ પ્રકારનાં સ્થાપત્ય

વિશ્વમાં માત્ર ગુજરાત અને રાજસ્થાનમાં જ જોવા મળે છે. જમીનમાં ઊંડા ખોદકામથી માટી ધસી ન પડે તે માટે પથ્થરની દીવાલ ચણવામાં આવી છે, જેને સિમેન્ટ કે સળિયા વગર માત્ર પથ્થરના જ થાંભલા વડે ટેકવવામાં આવી છે. પાંચસો વર્ષ પહેલાં બંધાયેલી આ ઇમારત ધરતીકંપ, પૂર જેવી કુદરતી હોનારતો સામે અડીખમ ઉભી રહી તેના બાધકામના ઇજનેરી કૌશલ્યનો સચોટ ખ્યાલ આપે છે. વાવમાં પગથિયાં દ્વારા ૫૦ ફૂટ ઊંડા પાણીના કૂવા સુધી પહોંચાય છે, જ્યારે પશુને પાવા માટે તથા સિંચાઇને લગતા પાણી માટે ૧૭ ફૂટ વ્યાસના ગોળ કૂવામાંથી ગરગડી દ્વારા પાણી ખેંચી શકાય તેવી વ્યવસ્થા છે. પગથિયાનાં કૂવાની ફરતે ગેલેરી સ્વરૂપે પથ્થરના ચોતરાઓ અને બેઠકો વિસામા માટે રચવામાં આવી છે.

શિલ્પ અને સ્થાપત્યની દ્રષ્ટિએ આ વાવ અનેરૂં મહત્ત્વ ધરાવે છે અને ભારત સરકાર દ્વારા તેને સુરક્ષિત સ્થળ ઘોષિત કરવામાં આવી છે.

<u>ધાર્મિક મહત્વ</u>

ઇજનેરી કૌશલ્ય ઉપરાંત આધ્યાત્મિક ભાવ ઉપજાવતી આ વાવ પર માતાજીનું સ્થાનક સ્થાપિત છે. જેમાં પૃથ્વીના ગર્ભમાં જવાના ભાવરૂપે વાવનાં ગોખમાંની માતાજી, ત્રિશૂળ, વાઘ, ગાગર વગેરે અને છેક છેવાડેના કૂવાની દીવાલ પરનું શિલ્પ દેખાય છે, જે પવિત્ર યાત્રાનો શુભારંભ સૂચવે છે. આવી આધ્યાત્મિક ભાવના સાથે કેટલાય કુટુંબમાં નવ દંપતિને ફળદ્રુપતાના આશીર્વાદ લેવા વાવમાં દર્શન અર્થે લાવવામાં આવે છે.

<u>રાણી ની વાવ</u>

આ વાવ રાણી ઉદયમતીએ 1063માં તેમના પતિ સોલંકી વંશના રાજા ભીમદેવ પહેલાની યાદમાં બંધાવી હતી. પાછળતી આ વાવમાં સરસ્વતી નદીના પૂરના પાણી ધૂસી ગયા હતા વાવ પર કાંપ ફરી વળ્યો હતો. છેક 1980માં ભારતીય પુરાતત્વ મોજણી વિભાગે ઉત્ખનન કર્યું ત્યારે તેનું કોતરણીકામ મૂળ સ્વરૂપમાં મળી આવ્યું હતું. રાણકી વાવ ભારતની સૌથી સુંદર વાવો પૈકીની એક છે. અને પ્રાચીન પાટનગરની સૌથી વિખ્યાત ઐતિહાસિક વિરાસતો પૈકીની એક છે.

ગુજરાતની વાવો કેવળ જળસંગ્રહ અને લોકમિલાપનું સ્થળ નથી, બલકે મોટું આધ્યાત્મિક મહત્વ પણ ધરાવે છે મૂળભૂત રીતે તેનું સ્વરૂપ સાવ સીધું સાદું હતુ. પરંતુ વર્ષો જતાં જટીલ થયું હતુ. કદાચ

પાણીની પવિત્રતાના આ પ્રાચીન વિચારને પાષાણ દેવોના સ્વરૂપે કોતરીને વધું મહત્વ આપવાનો હેતુ હતો.

જમીનની સપાટીથી શરૂ થતા પગથિયા શીતળ હવામાં થઇને, કેટલાક સ્તંભોવાળા ઝરૂખાઓમાં થઇને તમને ઊંડા કૂવા સુધી લઈ જાય છે. અહીં સાત ઝરુખાઓમાં આઠસોથી પણ વધુ સુશોભિત શિલ્પો છે. મુખ્ય વિષયવસ્તુ દશાવતાર છે. ભગવાના વિષ્ણુના બુદ્ધ સહિતના દશ અવતારો. આ અવતારો સાથે સાધુ, બ્રાહ્મણો અને હોઠ રંગતી તેમજ શણગાર સજતી અપ્સરાઓની મૂર્તિઓ છે. પાણીની સપાટીએ પહોંચતા શેષાશયી વિષ્ણુને કોતરેલા જુઓ છે. જેમાં વિષ્ણુ હજાર ફેણવાળા શેષનાગ પર આડા પડયા છે. એવું કહેવાય છે, અહીં તેઓ યુગો વચ્ચેના અનંતકાળમાં શાશ્વત આરામ કરે છે.

રાણકી વાવ અથવા રાણી કી વાવ ગુજરાત રાજ્યના પાટણ શહેરમાં આવેલી એક ઐતિહાસિક વાવ છે. આ વાવ પાટણ શહેરનું એક જોવાલાયક સ્થળ છે જેની દેશ-વિદેશના હજારો પર્યટકો મુલાકાત લે છે.

ઇતિહાસ

અણહિલવાડ પાટણના સોલંકી વંશના સ્થાપક મૂળરાજ સોલંકીના પુત્ર ભીમદેવ પહેલાની પત્ની અને જુનાગઢના ચુડાસમા વંશના રાજા રાખેંગારના પુત્રી રાણી ઉદયમતીએ ૧૧મી સદીના અંતિમ ચતુર્થાંશમાં પ્રજા માટે પાણીની વ્યવસ્થા ઉભી કરવા વાવનું નિર્માણ કરાવ્યું હતું.

સદીઓ અગાઉ સરસ્વતી નદીમાં આવેલા પૂર અને અન્ય ઘટનાક્રમથી આ વાવ જમીનમાં દટાઈ ગઈ હતી જેથી ધરતી તળે દબાયેલી આ વાવ પર કોઈની નજર પહોંચી શકી ન હતી. પરંતુ, ૨૦મી સદી સુધી લોકોથી અલિપ્ત રહેલી આ વાવને મૂળ સ્વરૂપમાં લાવવા ભારતીય પુરાતત્વ વિભાગે ઇ.સ. ૧૯૬૮માં વાવમાં ભરાયેલી માટીને બહાર કાઢવા ઉત્ખનન કાર્યવાહી આરંભતા ઘણા વર્ષો બાદ વાવ તેના મૂળ સ્વરૂપમાં આવી હતી.

**સ્થાપત્ય**

રાણકી વાવનું મુખ પૂર્વ તરફ ખુલે છે. રાણકી વાવ ૬૪ મીટર લાંબી, ૨૦ મીટર પહોળી અને ૨૭ મીટર ઊંડી છે. તે સાત માળ જેટલી ઊંડી છે.આ વાવ જયા પ્રકાર ની વાવ છે. વાવમાં દેવીદેવતાઓની સાથે-સાથે અનુચરતી અપ્સરાઓ અને નાગકન્યાઓની પણ કલાત્મક મૂર્તિઓ કંડારવામાં આવી છે.

અહીંયા એક નાનો દરવાજો છે જે સિદ્ધપુર તરફ જતાં 30 કિલોમીટર લાંબાં એક બોગદામાં ખુલે છે. આ પ્રવેશદ્વાર અત્યારે કાદવ અને પથ્થરોથી ભરાઈ ગયેલું છે પણ મૂળતઃ આ માર્ગ સંકટ સમયે રાજા અને રાજપરિવારને ભાગવા માટે બનાવવામાં આવ્યો હોવાનું અનુમાન છે.

**નિરૂપણ**

ભારતીય રિઝર્વ બેંકે વર્ષ ૨૦૧૮માં બહાર પાડેલી નવી જાંબલી રંગની રૂપિયા ૧૦૦ની ચલણી નોટોમાં પાછળની તરફ રાણકી વાવ દર્શાવવામાં આવી છે.

**સંદર્ભ**


1. "Stepwells -Cosmology of Subterranean Architecture as seen in Adalaj" (pdf). મેળવેલ ૧૮ નવેમ્બર ૨૦૦૯.
2. "The Adlaj Stepwell". Gujarat Tourim. મેળવેલ ૧૭ નવેમ્બર ૨૦૦૯.
3. "Ancient Step-wells of India". મેળવેલ ૧૮ નવેમ્બર ૨૦૦૯.
4. "Adlaj Vav - An Architectural Marvel". મેળવેલ ૧૭ નવેમ્બર ૨૦૦૯.
5. Editor (2018-01-11). "Adalaj Step Well: History, Timings, Directions, and all about ahmedabad". Ashaval.com (અંગ્રેજીમાં). મેળવેલ 2020-10-10.
6. "Stepping into A Rich History". Architecture Caribbean. મેળવેલ 2009-11-18.
7. "Step-wells of Gujarat and Rajasthan". મેળવેલ 2009-11-17.
8. http://whc.unesco.org/en/list/922.
9. "રાણકી વાવ". www.siddhpur.com. મેળવેલ ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૭.
10. "Rani-ki-Vav (the Queen's Stepwell) at Patan, Gujarat – UNESCO World Heritage Centre". whc.unesco.org (અંગ્રેજીમાં). મેળવેલ 2015-12-05.
11. Shastri, Hariprasadji (1976). Gujaratlo Rajkiya Ane Sanskritik Itihas Granth Part-iii Itihasni Gujaratlo Rajkiya Ane Sanskritik Itihas Granth Part-iv Solanki. પાનાઓ 136–237.
12. "RBI to Issue New Design 100 Denomination Banknote". rbi.org.in (અંગ્રેજીમાં). મેળવેલ 2018-07-19.

# પ્રજાપતિઓની ગૌરવભરી પ્રાચીનતા

**ચિરાગભાઈ રમેશભાઈ પ્રજાપતિ**
(એમ.એ., બી.એડ. એમ.ફીલ.,
પીએચ.ડી. કન્ટી. – ઈતિહાસ)
ઈમેઈલ : chirag10593@gmail.com

જ્ઞાતિહિતચિંતક વિદ્વાન જ્ઞાતિબંધુઓએ શાસ્ત્રો અને ગ્રંથોનો અભ્યાસ કરી, શોધ્યું છે કે વેદકાળ અને તે પછીના કેટલાક સમય સુધી પ્રજાપતિઓ બાહ્મણપદે શ્રેષ્ઠપદે હતા. હિન્દી પ્રજાપતિના સંપાદક શ્રીમાન વિભુદેવવત પંડિતજીએ શાસ્ત્રી પ્રમાણથી બતાવ્યું છે કે :

અસલ આર્યાવર્તમાં કોઈ વર્ણ વ્યવસ્થા નહોતી, સૌ આર્ય ગણાતા. કાર્યોની સરળતા માટે તેમાં વર્ણો થઈ ભણવું–ભણાવવું, યજ્ઞ કરવા–કરાવવા, દાન આપવું–લેવું એ કાર્ય કરનારા ઈશ્વરસંબંધી જ્ઞાન ધરાવતા હોવાથી બ્રાહ્મણ કહેવાયા અને ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એવી બીજી વર્ણો કર્મો વડે થઈ. જુના કાળમાં ગ્રંથો નહોતા પણ ધર્મજ્ઞાન કે યજ્ઞાદિના મંત્રો મોઢે રાખતા અને મોઢેથી જ શીખવતા. એ શીખવવાનું કામ તે કાળમાં પ્રજાપતિ મહર્ષિઓ કરતા એટલે કે વેદ વગેરે ધર્મગ્રંથોના મંત્રોનું અધ્યયન તમામ આર્યો (હિન્દુઓ) ને મહર્ષિ પ્રજાપતિ આચાર્ય કરાવતા હતા. પ્રજાપતિ કોણ હતા તે નીચેના પ્રમાણથી સમજાશે.

શતપથ બ્રાહ્મણગ્રંથ યજુર્વેદોને લગતો ગ્રંથ છે તેમાં યજ્ઞાદિનો પ્રચાર અને કર્મકાંડનું વિધાન છે. તેના મૂળ પ્રવચનકર્તા અને આર્યાવર્તનાં ગુરૂકૂળોના કુલપતિ (અધ્યાપક) પણ તેઓ જ હતા. એમના કુલ આશ્રમ વિદ્યાપીઠમાં અનેક બ્રહ્માકુમારોએ અધ્યયન કર્યું હતું. એ રીતે એમના આશ્રમો વડે શતપથ બ્રાહ્મણ પંથના કર્તા અને વિદ્વાન કુમારો ઉત્પન્ન થયા હતા. તેથી પ્રજાપતિ મહર્ષિ તે આર્યોના આચાર્ય એટલે ગુરૂ હતા. તેઓ સર્વશ્રેષ્ઠ જ્ઞાનવાળા હતા. એમ સૌ જાતિમાં તેઓ શ્રેષ્ઠ હોવાથી તેમને "પ્રજાપતિ" નામનું બિરૂદ મળેલું. એ મહર્ષિઓની તે પછીના કાળમાં દેવ તરીકે ગણના થઈ. યજ્ઞાદિ પૂજનવિધિમાં પ્રજાપતિ દેવની સ્થાપના–પૂજા આજ પણ થાય છે.

પ્રજાપતિ મહર્ષિઓ, આચાર્યો હતા તેથી તે અર્થ સૂચક શબ્દો તેમના વંશજોની જાતિ કે અટક તરીકે વપરાય. તેની નિશાનીઓ હાલ પણ સ્પષ્ટ મળે છે. બિહાર, બંગાળ, સંયુકતપ્રાંત વગેરે ઉત્તર પૂર્વ હિન્દમાં આ કોમમાં "પંડિત" અને "પાલ ની" અટકો પ્રચલિત છે. ગુરુ–ઉપાધ્યાય–જ્ઞાનવાળા એવા અર્થદર્શક "ઓઝા" અટક આપણા ગુજરાતમાં ખૂબ જ જાણીતી છે. ઓઝા અને પંડિત જેવી અટકો હાલ તો બ્રાહ્મણવર્ણમાં જ જોવા મળે છે. તેથી બ્રાહ્મણકોમનો ઉત્પતિ સંબંધ પ્રજાપતિ જાતિ સાથે હોવાનું સમજાય છે અને પ્રજાપતિ, ઓઝા, પંડિત, સ્વામી વગેરે આપણી જ્ઞાતિની હાલની ચાલુ અટકો આ જાતિની ભૂતકાળનો ઉચ્ચ અને પવિત્ર હાલની નિશાની પૂરવાર કરે છે.

એ પ્રજાપતિ મહર્ષિઓની વંશાવળી શ્રીમાન વિભુદેવવ્રત પંડિતજીએ સ્વરચિત 'પ્રજાપતિ જાતિ નિર્ણય' ગ્રંથમાં અને હિન્દી 'પ્રજાપતિ' માં શાસ્ત્રોના આધારસહિત વિસ્તારથી આપી છે જેમાં તાણ્ડી, શાટયાયન પારાશર્ય, હરિદ્વ, ઉલ્ક, ખંડાયન, ચરક, ભરતદ્વાજ, દક્ષ વગેરે નામો છે. એમાંના દક્ષ પ્રજાપતિએ કરેલા યજ્ઞની જગા ઉત્તર હિંદમાં હાલના કનખલ ગામમાં છે ને તે તીર્થ તરીકે જાણીતી છે. પ્રજાપતિ મહર્ષિનાં નામો વડે આપણી કોમમાં થયેલી અટકો અને શાખાઓ જેવી કે અથરિયા, પારાશરી, ભદ્ર, વેદી, દખિનાહા, જુહોનિયા વગેરે હાલ મળી આવે છે. તેથી પણ આ કોમ યજુર્વેદિય બ્રાહ્મણ હોવાનું પૂરવાર થાય છે. પ્રજાપતિ કોમ યજુર્વેદિય બ્રાહ્મણ જાતિ હોવા સંબંધમાં શ્રીમાન વિભુદેવવ્રત પંડિતજીએ વિસ્તારથી સ્વરચિત "પ્રજાપતિ જાતિ નિર્ણય" ગ્રંથમાં તેમજ હિન્દી "પ્રજાપતિ" વર્ષ–૫ ના અંકમાં લેખ માળા આપીને પુરવાર કર્યું છે. વિસ્તાર ભયથી અહીં તે આવવાનો પ્રયત્ન કર્યો નથી.

**કુંભાર કે કુંભકાર અટકની ઉત્પત્તિ :**

પ્રજાપતિ મહર્ષિના વંશજોમાં ઘણા સૈકા પછી અતિ આદરને પરિણામે કેટલાકને આળસ અને મદ ચઢતાં કે બીજા કારણે હાલમાં બ્રાહ્મણ જેવી પવિત્ર ગણાતી કોમો પોતાના કર્મ–કાંડની ફરજ લોકોના અતિ આદરને લીધે જેમ ભુલાતી જાય છે તેમ શાસ્ત્રાભ્યાસ અને કર્મકાંડનું પાલન શિથિલ થતું ગયું. તેથી આર્ય (હિન્દુ) સમાજમાં તેમનો દરજ્જો ધીમે ધીમે ઉતરવા લાગ્યો. આવી રીતે પ્રજાપતિ મહર્ષિઓના વંશજોને ગુરુપદેથી ઉતરતાં જતાં ગુજરાનની સહાય અટકી પડી કે કમી થઈ. એ કારણથી તેમને આપદ્ધર્મ તરીકે ઋષભદેવ જેવા મહાપુરૂષની દોરવણી મુજબ માટીકામનો નવો ધંધો શોધી ગ્રહણ કરવો પડયો. એ જ પ્રમાણે ક્ષત્રિય કર્મ કરનારા પ્રજાપતિઓને જ્યારે તેના કર્મમાં ફાવ્યું નહિ એટલે ત્યારે તેઓ પણ માટીકામ કે શિલ્પકામ કરવા લાગ્યા તેથી તેઓને ધંધાની વધારાની અટકો મળી.

વ્યાપારી પદ્ધતિએ ધંધાની ખીલવણી કરવા જતા કે લોકોને જોઈતો શિલ્પકામ કે માટીકામ અંગેનો કેટલોક માલ પૂરો પાડવાનો કોન્ટ્રેકટ રાખી કામ કરનારા ધંધાવાળાઓ દલવાડી કોન્ટ્રેકટરો કહેવાયા.

ઈમારતો કે બાંધકામમાં ચણતરનું, ચિત્રનું, લાકડાનું વગેરે પ્રકારનું શિલ્પકામ કરનાર પ્રજાપતિઓને કડીયા, મિસ્ત્રી, સુથાર, કુંભારસુથાર વગેરે અટકો કચ્છ, કાઠિયાવાડ અને દક્ષિણ ગુજરાતમાં મોજૂદ છે. માટીનાં વાસણ, નળિયાં, કોડીઓ વગેરે બનાવનાર પ્રજાપતિઓ (કુંભ માટીનાં વાસણ–કાર–કરનાર) કુંભકાર કે પાછળથી કુંભાર કહેવાતા થયા. પ્રજાપતિઓને પહેલાં મળેલી અટકોમાં આ અટકનો ઉમેરો થયો, અને ધંધાને લીધે તે 'કુંભાર' અટક વિશેષ વપરાવા લાગી. પરિણામે તે અટક જ જાતિના નામ તરીકે લોકોમાં પ્રચલિત થઈ. સોરઠીઆ, ચાંપાનેરી, લાડ, વરીઆ અને મારુની અટકો પ્રજાપતિઓ જે સ્થાનમાં રહેલા છે તે સ્થાનને લીધે થયેલી જણાય છે.

પરંતુ ઓઝા, પંડિત, સ્વામી, વાઘેલા, ચાવડા, સોલંકી, પરમાર વગેરે અને કડીઆ, મિસ્ત્રી, સથાર, કુંભાર, દલવાડી, કોન્ટ્રાકટર ચાંપાનેરી, સોરઠીઆ, લાડ, વરીઆ, મારૂ વગેરે સૌ અટકોમાં જાતિનું મૂળ નામ તો પ્રજાપતિ જ છે, એટલે સરકારી દાખલા વ્યવહાર કે લખાણ–દસ્તાવેજ વગેરેમાં જાતિ તરીકે સૌએ 'પ્રજાપતિ' શબ્દનો જ ઉપયોગ કરવો જોઈએ.

**કુંભકાર (પ્રજાપતિ) નું ગોરપદુ :**

મુંબઈ પાસે બદવાપુરના વતની શ્રીયુત નારાયણ ગોવિંદ ચાપેકર (બ્રિટિશ પેન્શનર) પોતે લખેલા એક પુસ્તકમાં જણાવે છે કે "કુંભારનું પુષ્કળ જ્ઞાતિઓમાં ઉત્તર ક્રિયા (મરણ પછી સરાવવા વગેરે કામો) તથા લગ્ન ક્રિયામાં માનવંતુ સ્થાન છે. આગટી, હપસાણી, ભોઈ, ચાંભાર, તેલી વગેરે જાતિઓ ઉત્તર ક્રિયા વગેરે ધાર્મિક કામો માટે પ્રજાપતિઓને જ બોલાવે છે. પ્રજાપતિ પાસે ક્રિયા કરાવવામાં ન આવે તો મરનારને મુકિત મળતી નથી એમ માનવામાં આવે છે. લગ્નક્રિયા પણ પ્રજાપતિઓ જ કરાવે છે. પ્રજાપતિઓને ત્યાંથી પાણી પીવામાં દોષ માનતા નથી. જેમ બ્રાહ્મણો ગરુડપુરાણ વાંચે છે તેમ પ્રજાપતિઓ પાંડવોનું આખ્યાન સંભળાવે છે. માટીના પૂતળામાં જીવ દાખલ કરી શત્રુને હરાવનાર શાલિવાહન પ્રજાપતિ કન્યાનો બ્રાહ્મણપુત્ર હોવાનું ગ્રંથોમાં

જણાવ્યું છે. એ શાલિવાહનનો શક (સંવત) ચૈત્ર સુદ ૧ થી ચૈત્રી વરસને નામે ગણાય છે. લગ્નપ્રસંગે ગૌરીહાર, વટી, આયરીના પ્રસંગોમાં પ્રજાપતિને ઘેર જઈને પાનનું બીડું, પૈસો, સોપારી, સીધુ વગેરે આપવાનો ને પ્રજાપતિની પૂજા કરવાનો રિવાજ છે.

**ચાકપૂજા :**

હિન્દુ સમાજમાં ઘણે ઠેકાણે પ્રસંગની શરૂઆત, પ્રજાપતિની અને તેના ચાકડાની પૂજા કર્યા પછી કરે છે. એ માટે સ્ત્રીઓ સુંદર વસ્ત્રાલંકાર સજી રૂડાં ગીતો ગાતાં ગાતાં પ્રજાપતિને ચાંલ્લો કરી, અક્ષત (ડાંગર કે ચોખાના દાણા) ચોંટાડી ગોળ ખવરાવીને ચાકડાને ચાંલ્લા કરી અક્ષતથી વધાવી દીપ (ઘીનો દીવો) મૂકીને ટકો (ત્રણ પૈસા) રજૂ કરીને પૂજા કરે છે. આ રિવાજ હાલમાં ચરોતરના કેટલાક ભાગમાં ભાલ, દશકોસી અને મેવાસનાં કેટલાંક ગામોમાં તથા કાઠિયાવાડમાં નજરે પડે છે.

**ગુજરડાં કે ગુર્જરાં :**

લગ્ન પ્રસંગે ગ્રહશાંતિ કરવામાં ગુજરડાં લાવવાની વિધિ પણ ઉપર પ્રમાણેની ઢબે થાય છે. મલતબ કે પ્રજાપતિની કૃતિ દ્વારા પ્રજાપતિ દેવની પૂજા થઈ રહે છે. પ્રજાપતિને વર્ણ આચારભ્રષ્ટ થવા માંડી હશે. ત્યારથી પ્રજાપતિ દેવની ગેરહાજરી પ્રજાપતિઓની કૃતિ (કુંભ, ગુજરડાં કે ગુર્જરા) વડે પુરાવા આ પ્રથાઓ દાખલ થઈ હશે. પ્રજાપતિઓ આચારભ્રષ્ટ થવા માંડી હશે. ત્યારથી પ્રજાપતિ દેવની ગેરહાજરી પ્રજાપતિઓની કૃતિ (કુંભ, ગુજરડાં કે ગુર્જરા) વડે પુરાવા આ પ્રથાઓ દાખલ થઈ હશે. પ્રજાપતિઓ આચાર ભ્રષ્ટ થતાં કેટલેક ઠેકાણે આવી પ્રથાઓ તરફ લોકોની શ્રદ્ધા નરમ પડતી જાય છે.

**ચોરી :**

લગ્નક્રિયા વખતે સાક્ષીના પ્રમાણરૂપ દેવોની હાજરી પણ જરૂરી ગણી છે. તેથી મનુષ્યો કંકોત્રીથી, દેવો આલાહનથી પંચદેવો પ્રત્યક્ષ હાજર થઈ સાક્ષી બને છે. તેવી રીતે પ્રજાપતિ દેવને પણ પ્રાચીનકાળમાં આમંત્રણથી હાજર કરાવતા હશે પણ વખત જતાં પ્રજાપતિઓનાં આદર ઘટતાં તેમજ પ્રજાપતિઓની હાજરી અશકય બનવાના પ્રસંગો ઉભા થતાં શાસ્ત્રાજ્ઞાનું પાલન થવા સમાજે પ્રજાપતિઓની કૃતિ પ્રજાપતિ દેવને સ્થાને સ્વીકારવા યોજના ઘડેલી. તે પ્રમાણે હિન્દુઓમાં તમામ જાતિમાં લગ્ન પ્રસંગે લગ્નમંડપના ચારે ખૂણે પ્રજાપતિની હસ્તકૃતિ ઉતરડની જેમ ગોઠવીને પ્રજાપતિની હાજરીનો સ્વીકાર થાય છે પરંતુ પ્રજાપતિકોમના લગ્નમંડપમાં તેવી ચોરી કરવામાં આવતી નથી. તે ઉપરથી સિદ્ધ થાય છે કે પ્રજાપતિ દેવના સ્થાને જ ચોરીની યોજના છે.

ચોરી વિના કોઈપણ લગ્નમંડપમાં ચલાવી લેવામાં આવતુ નથી. શ્રીમંતોએ ચોરીમાં ત્રાંબા–પિત્તળના વાસણો બાંધ્યાની દંતકથા સાંભળી છે. તેમાં પણ એમ જ સમજાય છે કે પ્રજાપતિ મહર્ષિના એક વંશજ જેમણે ત્રાંબા–પિત્તળનાં વાસણ કર્યા છે. તેમની પૂજા એટલે મૂળ પ્રજાપતિ દેવની પૂજા કરવાનો હેતુ તેમાં જણાઈ આવે છે.

**કુંભ પૂજન :**

જ્વારા (જુવાર) વાવી પૂજવામાં માતાપૂજા કે જાતર કરવામાં, સીમંત સંસ્કાર પ્રસંગે, વાસ્તુપૂજા વગેરે શુભ–ધાર્મિક ક્રિયાઓમાં પ્રજાપતિની કૃતિ કુંભની પૂજા થાય છે એ ઉપરથી સિદ્ધ થાય છે કે દરેક કાર્યોમાં પ્રજાપતિ દેવની પૂજા કરી તે વડે તે દેવની આશિષ મળી કલ્યાણ થવાની શ્રદ્ધા હોવાનું પ્રાચીન કાળમાં એ યોજના વડે ખાત્રીપૂર્વક માનેલ અને તે પહેલાં તેવાં કાર્યોમાં પ્રજાપતિ દેવની અચૂક આશિષ મેળવવામાં આવતી હોવી જોઈએ.

**પ્રજાપતિનું નિવાસસ્થાન એટલે મુસાફરોનું વિશ્રામસ્થાન :**

આપણે મુસાફરીમાં ઉતારો ખોળતા હોઈએ ત્યારે જયાં ખપતું પાણી, ખપતો ખોરાક અને સારા વિચાર તથા નિર્ભયતા–શાંતિ મળી શકે તેવી જગા ખાસ કરીને પહેલી જ પસંદ કરીએ છીએ તેમાં કોઈની ઉણપ–અગવડતા હોય તે તેને પ્રથમ પસંદગી આપતા નથી ને ત્યાં ઉતરતા નથી. એ ઉપરથી ખાત્રી થાય છે કે અન્ય કોઈપણ જાતિ પ્રજાપતિ કોમને ત્યાં જ ઉતરવાનું અનાદિકાળથી પસંદ કરે છે. ગામમાં વાણિયા, બ્રાહ્મણ વગેરે ઉચ્ચ ગણાતી જાતિ હોવા છતાં તેમજ ત્યાં વધારે સુખ સગવડ મળવાની આશા હોવા છતાં

વાણિયા, બ્રાહ્મણ વગેરે સૌ લોકો પ્રજાપતિને ત્યાં જ ઉતારો કરતા એ બતાવી આપે છે કે પ્રાચીન કાળમાં સૌ વર્ણોમાં પ્રજાપતિઓ ઉચ્ચ, શ્રેષ્ઠ અને પવિત્ર હતા કે જેથી સૌને પ્રજાપતિઓના સહવાસ સંબંધથી કે આશિષથી પોતાનું કલ્યાણ થવાની ખાત્રી હતી.

**પ્રજાપતિ સંત–ભકતોને મહાપુરૂષો :**

મહર્ષિ પ્રજાપતિ આચાર્યના શિષ્યો પ્રશિષ્યો પણ મહાન વિદ્વાનો થયા હતા કે જેમણે બ્રાહ્મણ–ગ્રંથો વગેરે ધર્મગ્રંથો રચ્યા હતા. એ પવિત્ર મહાન મહર્ષિ પ્રજાપતિ આચાર્યોના પુણ્યબળે પ્રજાપતિજાતિ, શાસ્ત્રોનો અભ્યાસ ઓછો થયા છતાં પવિત્ર રહી હતી. પ્રજાપતિકોમમાં સાત્ત્વિક ગુણોનાં બીજ રહ્યા હતાં. પૂર્વજોના વિદ્યાદાનના અમૂલ્ય પુણ્યબળથી અનેક ભકતો અને મહાપુરૂષો આ કોમમાં ઉત્પન્ન થયા અને માટીકામ, શિલ્પકામ વગેરે આપાત્કાળે સ્વીકારેલા ધંધાઓ કરવા છતાં રંકથી રાવ સુધી સૌને આશ્રય આપવા યોગ્ય, ધર્મનું સાચુ શિક્ષણ–બોધ આપવા યોગ્ય, પવિત્ર અને ફરજ સમજનાર રહ્યા હતા.

**પ્રહલાદ ભકતનાં ગુરૂ પ્રજાપતિ દંપત્તિ :**

જે કાળમાં હિરણ્ય કશ્યપ રાજા આસુરી બુદ્ધિથી ઈશ્વર સ્મરણને સ્થાને પોતાનું સ્મરણ કરાવવા પ્રજા પર શાસન ચલાવતો હતો તે કાળમાં તેનાથી સૌ કોઈ થરથરતુ હતું. ઈશ્વર સ્મરણ ભૂલાયું હતું ત્યારે ઈશ્વર સ્મરણ કરનાર સત્ય વકતા, નીડર અને ધર્મ–તત્વને સમજનાર કોણ હતા ? એ હતા શ્રી બાઈ (સરીબાઈ) અને હરિદાસ પ્રજાપતિ દંપતી. શ્રી બાઈ અને હરિદાસ બિલાડીનાં બચ્ચાને સળગતા નીભાડામાંથી બચાવવા ઈશ્વર સ્મરણ કરી રહ્યા હતા ત્યારે રાજકુમાર પ્રહલાદે તેની જડતી લેતાં એ દંપતીએ ઈશ્વરના અસ્તિત્વનું તેને ભાન કરાવ્યું અને એ આસુરી રાજાના કુમાર પ્રહલાદને નાસ્તિકનો આસ્તિક કર્યો. એ રીતે જગપ્રસિદ્ધ એ શ્રીબાઈ અને હરિદાસ મહાનભકત પ્રહલાદનાં ગુરૂ હતા. પ્રજાપતિ કોમમાં એ વીરભકત દંપતીના ઉત્તમ ગુણ, શ્રદ્ધાથી ભકત પ્રહલાદ પણ તેવા જ ગુણ વડે પિતાના તરફના આસુરી કષ્ટોને જુલ્મો સહન કરનાર થયા. પરિણામે તેમની વ્હારે નરસિંહ ભગવાન ધાયા અને પ્રહલાદનું ધર્મબળ પ્રકાશ પામ્યું. તેની યાદગીરી તરીકે પ્રજાપતિ કોમના ઈષ્ટદેવ તરીકે નરસિંહ ભગવાન ગણાતા થયા છે. તે તેમનાં મંદિરો જિલ્લા કે ગોળવાર જોવામાં આવે છે.

**પદ્મનાભ ભગવાન :**

પાટણમાં પ્રજાપતિ જ્ઞાતિમાં પ્રગટ થયેલા શ્રી પર્દમનાભ ઈશ્વરી અવતાર ગણાય છે. એઓનું ત્યાં મોટું તીર્થ છે. એ તીર્થમાં પૂજારી તરીકે પ્રજાપતિઓ છે. તેઓ પણ સ્વામી કહેવાય છે. તેમના ઈતર વર્ણમાં શિષ્યો છે. દર વર્ષે ત્યાં મોટો મેળો ભરાય છે. સો વર્ણના લોકો ત્યાં ભાવપૂર્વક દર્શન–પૂજન કરવા આવે છે. આ પદ્મનાથ ભગવાનનું મંદિર ત્રાવણકોણમાં છે. ત્યાંના મહારાજા તે પદ્મનાભ ભગવાનને ઈષ્ટદેવ માને છે એવી હકીકત મળી છે.

**જગપ્રસિદ્ધ બીજા ભકતો :**

પ્રજાપતિ કોમમાં થયેલા પૂજ્યવર ભકતો શ્રી ગોરો, રંકા–વંકા, કુબો ધાગો વગેરે અનેકની ધર્મગાથાઓને જીવન પ્રસંગોના રસીલાં આકર્ષક ભજનો અત્યારે પણ સૌ ભકતો સૂરીલાં અવાજે ભાવપૂર્વક ગાવામાં પોતાનું કંઈક મહત્વ સમજે છે.

**સંદર્ભ સૂચિ :**


૧. કાલિદાસ ઘૂ. પ્રજાપતિ, 'ગુજરાત પ્રજાપતિ પરિચય ગ્રંથ', અમદાવાદ, ૧૯૬૭

૨. ભીખાભાઈ ઉકાભાઈ માસ્તર, 'પ્રજાપતિ શ્રી પદમનાથ ભગવાન', પાટણ, ૧૯૭૦, પૃ.૭૭

૩. છગનભાઈ બી. ઉનાગર, 'પ્રજાપતિ સંતસરિતા', રાજકોટ, ૨૦૦૩

૪. ભરતભાઈ પટેલ, 'ગુજરાતજ્ઞાન પ્રચાર', રાજકોટ, ૧૯૭૯

૫. શિવલાલ સરવારા, 'પ્રજાપતિ કિરણ', નવી દિલ્હી, ૨૦૦૬

૬. અણહિલપુર પાટણના જૈન સ્થાપત્યો, જૈન મંડળો, પાટણ, ૧૯૯૯

૭. મનસુખ સ્વામી, પાટણ દર્શન માહિતી પુસ્તક, પાટણ, ૧૯૮૫

૮. મુકુન્દ પી. બ્રહ્મક્ષત્રિય, 'યુગે યુગે પાટણ', પાટણ ટાઈમ્સ ઓફસેટ, ૨૦૦૦

૯. સાંડેસરા ભોગીલાલ, 'અણહિલપુર પાટણ જૈન સ્થાપત્યો', વડોદરા, ૧૯૭૩

૧૦. પ્રો.તેલ્હાડા, 'પ્રજાપતિ નીતિ ઉત્પત્તિ', ઈન્ડીયા મુદ્રિત, ૧૯૧૮

૧૧. શ્રી બહોરીલાલજી પ્રજાપતિ, 'પ્રજાપતિ જાતિકા પૂર્ણ ગૌરવ અને આધુનિક અવસ્થા પર પ્રકાશ, દિલ્હી, ૨૦૦૪

૧૨. શ્રી મહાદેવભાઈ ભીમજીભાઈ જેકલીયા, 'બળદેવબોધ', સાણંદ, ૧૯૭૩

૧૩. શ્રી મહાદેવભાઈ ભીમજીભાઈ જેકલીયા, 'શ્રીસવારામ સાહેબની અમરધાર', હારીજ (પાટણ), ૧૯૭૦

# ભારતીય ઐતિહાસિક સ્થાપત્ય પરંપરા

**PATEL PRITIBEN SHANKARLAL**
Ph.D. Research Scholar in History
H. N. G. University, Patan
Email : pritimahipatel231@gmail.com

## પ્રસ્તાવના : -

વિશ્વમાં એશિયાખંડ વિસ્તાર અને જનસંખ્યા બંને દ્રષ્ટિએ સૌથી મોટો ખંડ છે. એશિયા ખંડમાં ભારત દેશ વિશાળ વિસ્તાર તેમજ અતિ વસ્તી ધરાવતો છે. જેની ધરતી સુજલામ અને સુફલામ છે. અને પ્રકૃતિએ જેને ધનધાન્યથી સમૃદ્ધ બનાવેલ છે, એ ભારત ભૂમિએ આપણને અને વિશ્વને સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસો આપ્યો છે. સિંધુખીણ ની સંસ્કૃતિના લોકોની આરંભીને આજ દિન સુધીના લોકોએ ભારતે પોતાની બુદ્ધિશક્તિ, આવડત,અને કૌશલ્યો દ્વારા સમૃદ્ધ બનાવ્યું છે. અસંખ્ય ઋષિમુનીઓ, સંતો ,વિદ્રૃષિઓ, ઇતિહાસવિદો, વિધવાનો, વૈજ્ઞાનિકો, ચિંતકો, સંશોધકો, કલાકારો, કારીગરો વગેરેએ ભારતીય સંસ્કૃતિનો સમૃદ્ધ દેહપિંડ ઘડવામાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે.

ઇતિહાસવિદ્દો અને વિચારકો માને છે કે, સંસ્કૃતિની ઉષા ભારતમાં પ્રગટી હતી. સત, ચિત, અને આનંદની અનુભૂતિનું સામથ્ય ધરાવતી જો કોઈ સંસ્કૃતિ વિશ્વમાં હોય તો તે માત્ર ભારતની સંસ્કૃતિ છે. ભારતની સંસ્કૃતિ એટલે હિમાલયની સંસ્કૃતિ, ગંગા-યમુના, સરસ્વતી અને સિંધુ-કાવેરીની સંસ્કૃતિ.

ભારતીય સ્થાપત્ય કલાની પરંપરાની શરૂઆત માનીએ તો તેની શરૂઆત હડપ્પા સભ્યતાથી માનવામાં આવે છે. કારણકે ભારતમાં પહેલી જ્ઞાત સભ્યતા હડપ્પા છે. આ સમયમાં જ મનુષ્યએ પહેલીવાર નગર, મકાન, મંદિર, સ્નાનાગાર વગેરે સ્થાપ્યા હતા. આ સભ્યતા સિંધુ નદીની આસપાસના વિસ્તારમાં છે. સિંધુ સભ્યતા પછી ભારતીય સ્થાપત્ય પરંપરાને

મૌર્યકાળમાં જોવા મળી.આ સમયમાં સ્થાપત્યમાં લાકડાની ચીજવસ્તુઓ તેમજ પથ્થરને પોલિસ કરવાની કલાનો પણ વિકાસ થયો. આકાળની કલાઓમા સ્તુપોનો વિકાસ થયો.

હિંદે વિશ્વને જે સાંસ્કૃતિક વારસો આપ્યો છે. તે વૈવિધ્ય અને સમૃદ્ધ છે. હિંદના લોકોએ પણ ઐતિહાસિક કાળથી સાંસ્કૃતિક વિરાસતની ઘણી બાબતો વિશ્વની પ્રજાઓનો ભેટ ધરી છે. જેમ કે, શિલ્પો કંડારવાની કળા તો લગભગ ૫૦૦૦ વર્ષો જેટલી પ્રાચીન છે. મૌર્યયુગ દરમિયાનનું ઊંધા કમળની આકૃતિ ઉપર વૃષભ કે સિંહનું શિલ્પ, સારનાથની ધર્મચક્ર પ્રર્વતનવાળી ગૌતમ બુદ્ધની પ્રતિમા, જૈન તીર્થંકરોની પ્રતિમાઓ એ ઇલારાની ગુફાઓ વગેરે જોતાં આપણા વારસાનું ગૌરવ થાય છે.

ભારત ભૂમિ તેની વિવિધ ક્લાઓ માટે વિશ્વભરમાં સુપ્રસિધ્ધ છે. આ વિવિધ ક્લાઓમાં ચિત્ર, નૃત્ય, સંગીત અને શિલ્પ-સ્થાપત્ય વગેરેનો સમાવેશ થાય છે. એમાંય સ્થાપત્યકલાનો અનોખો અને લાંબો ઐતિહાસિક વારસો છે. ભારત એક અધ્યાત્મક પ્રધાન દેશ છે. તેથી ભારતીય કલા સદૈવ ધર્મપ્રધાન રહી છે. તેમાં પ્રત્યેક સ્થાપત્યનો ઉદભવ ધર્મ આધારિત જણાય છે.

➢ **સ્થાપત્યનો અર્થ** : -

સંસ્કૃત ભાષામાં સ્થાપત્ય માટે "વાસ્તુ" શબ્દ વપરાય છે. વાસ્તુનો સીધો સબંધ નિવાસ સાથે રહેલો છે. આજ વાતને બીજા શબ્દોમાં કહીએ તો "સ્થાપત્ય કલા" એટલે ભવનો અને ઇમારતો બાંધવાની કલા.

પૂર્વ આયોજન કરી તદ્દનુસાર રેતી, માટી, ચૂનો, પથ્થર, સિમેન્ટ વગેરેની મદદથી કોઈ પણ ઇમારત, સ્મારક, સ્તંભ, આવાસ-નિવાસ વગેરેની રચના એટલે સ્થાપત્ય કળા.

➢ **પરંપરાનો અર્થ** : -

પરંપરા સમાજની સામૂહિક વિરાસત છે. સંસ્કૃતિ અને પરંપરા વિશેનું જ્ઞાન દરેક સમાજના નવા સભ્યો દ્વારા શીખવા મળે છે. સામાન્ય રીતે "પરંપરા" એ લેટિન શબ્દનો એક શબ્દ છે. જેનો અર્થ થાય છે પ્રસારિત કરવું. પરંપરા એ સમુદાયના લોકો માટે રિવાજો, વર્તણૂકો, યાદો, પ્રતીકો, માન્યતાઓ, દંતકથાઓનું પ્રસારણ છે. અને તે સંસ્કૃતિ નો એક ભાગ બની જાય છે. ઉજવણી, સમારોહ અને સમાજ દ્વારા વહેંચાયેલી પ્રકૃતિના પક્ષો, તેમજ લોક વાયકાના તમામ અભિવ્યક્તિઓ વગેરે પરંપરાનો ભાગ છે.

અંથનોગ્રાફી અનુસાર પરંપરા એ રિવાજો ,માન્યતાઓ, વ્યવહાર, સિદ્ધાતો અને કાયદાઓનો સમૂહ પ્રગટ કરે છે.

➢ **<u>ભારતીય સ્થાપત્યકલા</u>**: -

મહાન સામ્રાજ્યના ઉદય અને પતન થતાં વિદેશી આક્રમણો થયા બાદ ધીમે-ધીમે પ્રજા અને કલાનું ભારતીયકરણ થયું. તેથી વિભિન્ન સંસ્કૃતિઓ અને શૈલીઓનો સમનવય ભારતીય સ્થાપત્યકલા અને મુર્તિકલાના વિકાસમાં પ્રતિબિંબત થાય છે.

➢ **ભારતીય સ્થાપત્યકલાનું વર્ગીકરણ** : -

| **પ્રાચીન સ્થાપત્યકલા** | **મધ્યકલીન સ્થાપત્ય** | **આધુનિક સ્થાપત્ય** |
|---|---|---|
| હડપ્પીય કલા | દિલ્હી સલ્તનત | ઇંડોગોથિક શૈલી |
| મૌર્યકાલીન કલા | મુઘલકાળ | આધુનિક રોમન શૈલી |
| ગુપ્ત કાલીન કલા | | |
| દક્ષિણ-ભારતીય કલા | | |

ઉપરોક્ત વર્ગીકરણ જોતાં તેની મહત્વની સ્થાપત્યકલા નીચે પ્રમાણે છે.

**(૧) હડપ્પીય સંસ્કૃતિની સ્થાપત્યકલા** :

ઇ.સ.પૃર્વે ૩૦૦૦ થી ઇ.સ.પૃર્વે ૨૦૦૦ માં સિંધુ નદીના કિનારે સમૃદ્ધ સભ્યતાથી શરૂઆત થઈ. જેનો આગળ જતાં ભારતના વિશાળ ભાગમાં ફેલાવો થયો જેને "હડપ્પીય સભ્યતા કે સિંધુખીણ સંસ્કૃતિ" સ્વરૂપે ઓળખવામાં આવે છે. જીવંત કલ્પના અને કલાત્મક સંવેદનશીલતા આ સભ્યતાની વિશેષતા હતી. અનેક મૂર્તિઓ, છાપ, ઘરેણાં, માટીના પકવેલા વાસણોથી ઉજાગર થાય છે. આ સભ્યતાના બે મુખ્ય સ્થળો હડપ્પા અને મોહે-જો-દડો નગર આયોજનના ઉદાહરણો છે. આ ઉપરાંત આયોજિત રસ્તાઓ,મકાનો, અને ભૂગર્ભ ગટર યોજના આ યુગના ઈજનેરી કૌશલ્યનું પ્રમાણ છે. આ ઉપરાંત સમાજની વિશાળ કોઠીઓ, દેહસંસ્કાર, મૃત્યુ પછીની પૂજા વિધિ, નર્તકીની કાંસ્યમુર્તિ, શૃંગાર સામગ્રી, દાઢીવાળી પૂજારાની મુર્તિ, મેસોપોટેમિયન સિક્કાઓનો સમાવેશ થાય છે. હડપ્પા અને મોહે-જો-દડો નગરની વાસ્તુકલા વર્ગાકાર સ્વરૂપે છે. નગરના મુખ્ય રસ્તાઓ ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્રીમ એકબીજાને સમાંતર કાટખૂણે છેદતા હતા. હડપ્પીય નગરોની એક વિશેષતા તેના સાર્વજનિક સ્નાનાગારો તેમજ મુખ્ય વિશેષતા ભૂગર્ભ ગટર હતી.

➢ **મૌયકાલીન સ્થાપત્યકલા** :

**(૧) સાંચિનો સ્તૂપ** :

મૌર્યકાળ દરમિયાન બૌદ્ધધર્મમાં સ્તુપો,વિહારો, અન્ય પ્રકારની ધાર્મિક સ્થાપત્યકાળ જોવા મળે છે. ભગવાન બુદ્ધના શરીરના વિવિધ અવશેષો, વાળ, દાંત, અસ્થિ,

રાખ વગેરેને દાબડામા મૂકી તેના ઉપર પથ્થર કે ઇટોંનું અંડાકર ચણતર કરવામાં આવતું તેને 'સ્તૂપ' કહે છે. ઉતરપ્રદેશના બસ્તી જિલ્લાના પીપરાવા ગામમાંથી અને બિહારના ચંપારણ જિલ્લાના લોરીયા ગામમાંથી ઇ.સ. ૧૯૦૫માં મળી આવેલ સ્તુપો પૂર્વમૌર્ય કાલીન જણાય છે. આ કલાના પુરાવાઓ ધર્મપ્રેમી અને ક્લાપ્રેમી સમ્રાટ અશોકના સમયમાં મળી આવે છે.

મૌર્યયુગમાં રચાયેલ સાંચિનો સ્તૂપ, વાસ્તવમાં ઇટોંનો અને હાલના સ્તૂપ કરતાં કદમાં અડધો જ હતો.આ બોદ્ધ સ્તૂપ સ્થાપત્ય કલાનો અમૂલ્ય વારસો છે. સ્તૂપની કોર કાચી ઈંટોથી બનાવવામાં આવે છે, જ્યારે બહારનું પડ પકવેલી ઈંટોથી બનાવામાં આવે છે. સ્તૂપની ચારેબાજુએ રચેલા ગોળાકાર રસ્તાને 'મેધિ' કહે છે. તેનો ઉપયોગ પ્રદક્ષિણા કરવા માટે થાય છે.સ્તૂપના તોરણો (પ્રવેશદ્વારમાં) લાકડાની બનાવટ છે.સૌથી મહત્વની વિશેષતા ભારત સરકાર દ્વારા બહાર પાડેલી નવી ૨૦૦ રૂપિયાની ચલણી નોટમાં આ "સાંચિ" ના સ્તૂપને સ્થાન મળ્યું છે.

➢ **ગુપ્તકાલીન કલા :**

ઇ.સ.પૂર્વે બીજી સદીના મૌર્ય સામ્રાજ્યના પતન પછી નાના રાજવંશોનો ઉદય થયો.જેમાં શૃંગ, કણ્વ, કુષાણ, અને શકોને ગણાવી શકાય. દક્ષિણી અને પ્રશ્રિમી ભારતમાં સાત વાહન ઈશ્વાકુ, અમીર, વાકાટક પ્રસિદ્ધ હતા. ધાર્મિક ક્ષેત્રે શૈવ, વૈષ્ણવ અને શાક્ત જેવા બ્રાહ્મણો સંપ્રદાયો ઉદભવ્યા. ગુપ્તયુગમાં પથ્થરો કોતરીને ગૂફાઓ અને સ્તુપોના રૂપથી સ્થાપત્યકલા શરૂ થઈ. ગુપ્ત સામ્રાજ્ય દરમિયાન થયેલી સ્થાપત્યકલા ને “ભારતીય સ્થાપત્યકલાનો સુર્વણ યુગ” કહે છે.

**(૧) ઇલોરાનું કૈલાસ મંદિર :**

અનેક અજાયબી સંગ્રહીને અડીખમ ઉભેલું મંદિર એટલે ઇલોરાની ગૂફાઓમાં આવેલું કૈલાસ મંદિર.

ઇલોરાની અતિપ્રાચીન ગૂફાનં -૧૬માં શિવમંદિર બનેલું છે. તેની આશ્રય પ્રમાણે તેની વિશેષતા એ છે કે સમાન્ય રીતે કોઈપણ મંદિર નું બાંધકામ જમીનમાં પાયા બનાવી નીચેથી ઉપરની તરફ કરવામાં આવે છે. જ્યારે અહી આ વિશાળ મંદિરને એક વિશાળ ખડકમાથી ઉપરથી શરૂ કરીને નીચેની તરફ કોતરીને મંદિરનુ રૂપ આપ્યું છે, અથાગ મહેનત માંગી લે છે. કુશાગ્ર બુદ્ધિપૂર્વક ની ગણતરી વગર આવું સ્થાપત્ય શક્ય નથી. મંદિર ચારે તરફ સુંદર અને વિશાળ મુર્તિઓથી ભરેલું છે. તેનું પ્રવેશદ્વાર બે માળનું છે. અનેક હાથીની પીઠ પર બધુ જ વજન હોય તેમ કતાર બદ્ધ હાથીઓના શિલ્પો આવેલા છે. મંદિરની ઉપર તરફ જતાં ૧૬ થાંભલાવાળો એક મંડપ બનેલો છે. આ મંદિર નું નિર્માણ રાષ્ટ્રકૂટવંશના રાજા કૃષ્ણદેવરાયના સમયમાં થયું હતું. ઇ.સ. ૧૯૮૩ માં યુનેસ્કો દ્વારા વિશ્વ વિરાસત સ્થળ તરીકે આ મંદિર સ્થાન પામ્યું છે. મંદિરમાં ૩૪ ગૂફાઓનો સમાવેશ થાય છે. જેમાં બૌદ્ધ, જૈન, હિન્દુ ધર્મની ૧૩ થી ૨૯

જૈન ધર્મની ૩૦ થી ૩૪ નંબરની ગુફાઓ છે. નવી બહાર પાડેલી ૨૦ રૂપિયાની ચલણી નોટ પાછળ આ ગુફાની પ્રતિકૃતિ ની સ્થાપિત કરેલ છે.

➢ **નાગરશૈલી સ્થાપત્યકલા** :

**(૧) કોણાર્કનું સૂર્યમંદિર** :

કોણાર્ક શબ્દ બે શબ્દો 'કોણ' અને 'અર્ક' થી મળીને બન્યો છે. કોણનો અર્થ "ખૂણો" અને અર્ક નો અર્થ 'સૂર્ય' થાય છે.

ઓરિસ્સા રાજ્યમાં આવેલું કોણાર્કના સૂર્યમંદિરનુ નિર્માણ ગંગવંશના શાસક નરસિંહવર્મન પહેલા દ્વારા ઇ.સ.૧૨૩૮ થી ૧૨૫૦ માં થયું હતું. જે ભારતનું સૌથી મોટું સૂર્યમંદિર છે. ભગવાન સૂર્યને સમર્પિત આ મંદિર કાળા પથ્થરમાંથી બનેલું હોવાથી તેને "બ્લેક પેગોડા" તરીકે ઓળખવામાં આવે છે. આ મંદિરમાં ભગવાન સૂર્ય સાત ઘોડાવાળા રથને ચલાવી રહ્યા હોય તેવી પ્રતિકૃતિ છે. આ રથમાં ડાબી બાજુ ૬ પૈડા માં ૮ આરા છે. જે આઠ પ્રહરનું સૂચન કરે છે. આ મંદિરમાં સૂર્યની ત્રણ પ્રતિમાઓ છે. બાલ્યવસ્થા - જે સૂર્યની ૮ ફૂટની પ્રતિમા છે. જે ઉગતા સૂર્યનું સૂચન કરે છે. યુવાવસ્થા-જે સૂર્યની ૯.૫ ફૂટની પ્રતિમા છે.જે દિવસના મધ્યભાગનું સૂચન કરે છે. વૃદ્ધાવસ્થા - જે સૂર્યની ૩.૫ ફૂટની પ્રતિમા છે. જે દિવસના અંતભાગનું સૂચન કરે છે. યુનેસ્કોની વિશ્વ વિરાસત યાદીમાં કોણાર્કનું સૂર્યમંદિર નું ઇ.સ. ૧૯૮૪ માં સ્થાન મળે છે. તદઉપરાંત ભારતીય નવી ચલણી રૂપિયા ૧૦ ની નોટ પાછળ આ પ્રતિકૃતિ સ્થાન પામેલ છે.

➢ **દિલ્હી- સલ્તનત સ્થાપત્યકલા (સામ્રાજ્ય શૈલી)** :

આ શૈલી દિલ્લીના શાસકો દ્વારા સંરક્ષિત થયેલી માનવામાં આવે છે. પ્રત્યેક શાસકો દ્વારા પોતાની રુચિઓ પ્રમાણે બનાવેલી શૈલીનો વિકાસ થયો હતો.

**(૧) કુતુબમિનાર** :

કુતુબમિનાર ભારતના મહત્વપૂર્ણ સ્મારકોમાનું અંક છે. ૭૨.૫ મીટર ઊંચી આ ગગનચુંબી ઇમારતની રચનામાં ગોળ, લાલ પથ્થર અને આરસ વપરાયો છે. ભૂતલનો ઘેરાવો ૧૩.૭૫ મીટર છે, જે ઊંચાઈ પર જતાં ૨.૭૫ મીટર થાય છે. આ ભવ્ય ઇમારતના નિર્માણ કાર્યનો આરંભ ૧૨ મી સદીમાં કુતબુદીન ઐબક દ્વારા થયો અને તેના મૃત્યુ બાદ ઇ.સ. ૧૨૧૦માં સુધારો- વધારો કરી ઐબકના જમાઈ ઇલ્તુતમિશે તેને પૂર્ણ કરાવ્યો.તે ભારતની આજ સુધીની પથ્થરોમાંથી બનેલ સૌથી ઊંચો સ્તંભ મિનાર છે. તેનો ઉપયોગ નમાજની અજાન આપવા થતો હતો. કુતુબમિનાર એ સૂફીસંત ખ્વાજા કુતુબુદીન બખત્યિર કાફી ની યાદીમાં બનાવવામાં આવ્યો હતો. યુનેસ્કો દ્વારા ઇ.સ. ૧૯૯૩માં કુતુબમિનારને વિશ્વવિરાસતની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે.

**(૨) કુવ્વત - ઉલ ઇસ્લામ મસ્જિદ :**

કુતબુદીન ઐબક દ્વારા દિલ્હી વિજયના લક્ષ્યતથા ઇસ્લામ ધર્મની પ્રતિષ્ઠા કરવા માટે તેનું નિર્માણ કરવામાં આવ્યું. કુતબુદીન ઐબક દ્વારા અજમેર ખાતે અઢી દિવસ ઉર્સ ઉત્સવનું આયોજન થતું હોવાને કારણે આ મસ્જિદનું નિર્માણ કરાવ્યું. આ મસ્જિદ નિર્માણ જૈન મંદિરને તોડીને બનાવામાં આવ્યું. જૈને "ઢાઈ દિન કા ઝોપડા" તરીકે ઓળખવામાં આવે છે.

➢ **મુઘલકાલીન સ્થાપત્યકલા :**

મુઘલવંશની સ્થાપના બાબરે કરી હતી.ઇન્ડો-ઈસ્લામિક સ્થાપત્યકલાનો અંતિમ સમય માનવામાં આવે છે. આ વાસ્તુકળામાં સંગેમરમર અને લાલ પથ્થરોનો ઉપયોગ થતો હતો.

**(૧) તાજમહેલ :**

તાજમહેલ વિશ્વની સાત અજાયબીઓ પૈકીનો એક છે. મુઘલકાલીન બાંધકામમાં તાજમહેલ બેનમૂન છે. તાજમહેલ શાહજહાંની પત્ની અર્જમંદબાનું ના નામને સમગ્ર વિશ્વમાં અમર કરી દીધું છે. શાહજહાંની પત્નની લોકપ્રિય નામ મુમતાજ મહલ હતું. જૂન ૧૬૩૧માં તે મૃત્યુ પામી, જેની યાદમાં શાહજહાં એ ભવ્ય અને યાદગાર તાજમહેલ બંધાવ્યો.

ઇ.સ.૧૬૩૧ થી ૧૬૫૨ એમ ૨૨ વર્ષ સુધી તાજમહેલનું નિર્માણ કરાવ્યું. અલંકારિત સુલેખન, ચારબાગ શૈલીના બગીચાઓ, આંગણામાં કુવારાઓ, તેના મધ્યભાગમાં ગુંબજ, બારીક નક્શીકામ, આરસનો રંગીન ટુકડા અને કિંમતી પથ્થરોની સજાવટ તાજમહેલને સંપૂર્ણતા અને સુંદરતા અર્પે છે. તાજની મધ્યમાં મુમતાજની કબર છે. તેની ચારેબાજુ ખૂબજ સુંદર કલા - કરિગીરીવાળો અષ્ટકોણીય જાળી છે. તે સમયે તાજમહેલ બાંધવામાં સાડા ચાર કરોડ કરતાં પણ વધારે રૂપિયા ખર્ચ્યા હતા. તાજમહેલના મુખ્ય જનદેશન તરીકે ની કામગીરી ઇશાખાન અને તેની ડિઝાઇન ઉત્સાદ અહમદ લાહોરી દ્વારા તૈયાર કરવામાં આવી હતી. યુનેસ્કો દ્વારા વિશ્વ વિરાસત સ્થળની યાદીમાં સૌપ્રથમ વાર ભારતની સ્થાપત્ય તારીકે ૧૯૮૩માં તાજમહેલને માન્યતા મળી.

**(૨) ફતેહપુર સિક્રી : બુલંદ દરવાજો : -**

ઇંડો ઈસ્લામિક વાસ્તુકલાનો શ્રેષ્ઠ નમૂનો અકબરે બંધાવેલ ફતેહપુર સિક્રી હતું. આ શૈલી હિન્દુ અને ફારસી શૈલીઓનું મિશ્રણ છે. ફતેહપુર સિક્રીનો દરવાજો અકબરે ગુજરાત પર વિજયની યાદમાં બંધાવ્યો હતો. આ સ્થળ પ્રાચીનકાળમાં "સિક્રી રૂપબલ" નામથી ઓળખાતું હતું. જેની ડિઝાઇન બહાઉદ્દીન તૈયાર કરી હતી. ત્યાર બાદ અકબરે ઇ.સ.૧૫૭૬ માં લાલરેતાળ પથ્થરથી ૪૦ મીટર ઊંચો ભવ્ય બુલંદ દરવાજાનું નિર્માણ કરાવ્યું. જે વિશ્વનો સૌથી મોટો પ્રવેશદ્વાર ગણાય છે. બાદશાહ અકબરે ઉતરપ્રદેશના આગ્રાની પ્રશ્ચિમે સૂફીસંત ચિસ્તીની યાદમાં ફતેહપુર સિક્રી નામનું શહેર વસાવ્યું. આ બુલંદ દરવાજો ૪૧ મીટર પહોળો અને ૫૦ મીટર

ઊંચો છે. તે દુનિયાનો સૌથી ભવ્ય દરવાજો છે. આ ઇમારતને "જોધાબાઇ નો મહેલ" પણ કહે છે. અહીં રાણી જોધાબાઈનું નિવાસ સ્થાન હતું.

➢ **મારૂ ગુર્જર સ્થાપત્ય શૈલી (ગુજરાતનું સ્થાપત્ય) :-**

**(૧) રાણીની વાવ (પાટણ) : -**

અણહિલવાડ પાટણએ ગુજરાતનું સાડા પાંચસો વર્ષ સુધી રાજધાનીનું નગર છે. તે સમયે પાટણ એક સુંદર, સમૃદ્ધ અને સંસ્કારી નગર હતું.આ વાવ પાટણ શહેર થી ઉત્તર-પ્રશ્રિમે બે કી.મી દૂર સરસ્વતી નદીને કિનારે આવેલું છે. તેની બાજુમાં સહ:સ્તલિંગ તળાવ આવેલું છે. પ્રબંધ ચિંતામણી જણાવ્યા મુજબ આ વાવ ચૌલુકય રાજા ભીમદેવ ૧લા એ (૧૦૨૨ થી ૧૦૬૪) માં તેની પત્ની રાણી ઉદયમતીએ બંધાવી હતી. આ વાવનું બાંધકામ પૂર્વ - પ્રશ્રિમ માં થયું છે. વાવનો પ્રવેશદ્વાર પૂર્વ તરફ અને કુંડ પશ્ચિમે આવેલો છે. મૂળમાં આ વાવ સાત મજલાની હતી. પરંતુ હાલમાં આ વાવનો પ્રવેશ, બંને બાજુની દીવાલો ,પગથિયાં, કૂવાની પાછલી દીવાલ અને પાંચ મજલા જળવાયા છે. આ વાવ ૬૫ મીટર લાંબી અને ૨૦ મીટર પહોળી અને ૮૧ ફૂટ ઊંડી છે. ૮૦૦ કરતાં વધારે શિલ્પીઓએ ભેગા મળીને તેનું બાંધકામ કરેલું છે. વાવમાં સેંકડો સ્થાપત્યો છે. હજારોની સંખ્યામાં ઉત્કૃષ્ટ કોતરકામના નમૂના છે. જુદી-જુદી ડિઝાઈનોમાં જાળીઓ કોતરવામાં આવી છે. સુડોળ અંગો અને તે અંગવલયથી સર્જાતા કમનીય અંગવળાંકોએ સુંદરતાને વધુ સુરેખ કરી આપે છે. વાવમાં દશાવતારની મુર્તિઓ છે. આ શિલ્પો શૈવ, વૈષ્ણવ અને શક્તિ સંપ્રદાયને લગતા છે. સ્થાપત્ય કલા પ્રમાણે વાવના ચાર પ્રકાર હોય છે જેમાં નંદા, ભદ્રા, જયા, અને વિજ્યા હોય છે. રાણી ની વાવ ને ત્રણ મુખ્ય અને ત્રણ પ્રવેશમાર્ગ હોવાથી તેમજ બંને બાજુ સીડીઓ હોવાથી જયા, અને વિજ્યા એમ બે પ્રકારની કહી શકાય છે. યુનેસ્કો દ્વારા વર્ષ ૨૦૧૪ માં તેને વિશ્વ વિરાસતનો દરજ્જો મળેલ છે. તેમજ વર્ષ ૨૦૧૮માં ભારત સરકાર દ્વારા નવી બહાર પાડેલી ચલણી નોટની પાછળ તેને દર્શાવવામાં આવી છે.

➢ **રાજપૂત શૈલી : જેસલમેર નો કિલ્લો : -**

રાજપુતોએ મુખ્ય રીતે ભવ્ય મહેલો અને કિલ્લાઓનું નિર્માણ કરાવ્યું.રાજપુતોએ ઝૂલતી બાલ્ક ની પ્રથા પ્રચલિત કરી. જેસલમેરનો કિલ્લો તેની અદભૂત વાસ્તુકલા માટે જાણીતો છે. આ કિલ્લો ભારતીય, ઇસ્લામી અને ફારસી વાસ્તુકલા નું મિશ્રણ છે. જેસલમેરનો કિલ્લો ઇ.સ. ૧૧૫૬માં રાવલ જૈસલ નામના ભાટી રાજપૂત શાસક દ્વારા ત્રિકુરા પહાડીની ટોચ પર નિર્માણ કરવામાં આવ્યું હતું.

આ કિલ્લાનું બાંધકામ પીળા રંગના પથ્થર અને પીળી રેતીથી નિર્માણ કરેલુ છે. જોકે આ કિલ્લાનો પીળો અને સોનેરી રંગની ચમકથી તે સોનાની જેમ ચમક તો દેખાય છે. માટે તેને

"સોનેરી મહેલ" તરીકે ઓળખવામાં આવે છે. તેની ભવ્યતા અને સુંદરતાને કારણે તે રાજસ્થાનના પર્યટન સ્થળોમાનો એક ગણાય છે. ૭૬ મીટર ઊંચો આ વિશાળ જેસલમેર કિલ્લાની લંબાઇ ૪૬૦ મીટર એ પહોળાઈ ૨૩૦ મીટર છે. આ કીલ્લામાં ૪ ભવ્ય અને વિશાળ પ્રવેશદ્વાર છે. જેમાં એક દ્વાર પર તોપો મુકેલ છે. આ કિલ્લામાં બનાવેલી હવેલીઓ રાજાશાહી અંદાજથી બનાવેલ છે. આ કિલ્લાની બારીઓ તેમજ દરવાજામાં ખુબજ બારીકાઈ થી નકશીકામ કરેલ છે. આ કિલ્લો તેની અનોખી બનાવટથી બાકીના કિલ્લો ઓથી અલગ પડે છે.

➢ **ઇંડો ગોથિક શૈલી** :

ઇ.સ. ૧૯૪૮માં ભારતમાં સૌપ્રથમ આવેલી પોટુંગલ પ્રજાથી આધુનિક સ્થાપત્ય કલાનો પ્રારંભ ગણી શકાય છે.ત્યારબાદ ડચ, અંગ્રેજ એ ફ્રાંચ પ્રજાએ ભારતમાં સ્થાપત્યકલા ક્ષેત્રે પોતાનું પ્રદાન દેશને આઝાદી સુધી આપ્યું. વિક્ટોરિયા શૈલી તારીખે જાણતી આ કલા ભારતીય, ફારસી અને ગોથિક શૈલીનું મિશ્રણ છે. ઇંડો ગોથિક શૈલીના સ્થાપત્યમાં દરવાજા તેમજ બારીની સંખ્યા હંમેશા એકી સંખ્યામાં હોય છે. રંગીન કાચનો બહોળા પ્રમાણમા ઉપયોગ થાય છે.
આ પ્રકારના સ્થાપત્યમાં ઉપરનું ગુંબજ કલાત્મક હોય છે. તેમજ તેની સાથે સ્થાપત્યના અંદર ભાગમાં ગુંબજના અંદરનો ભાગ સુશોભિત કરવામાં આવે છે.

➢ **કૈથેડ્રલચર્ચ (ગોવા)** :-

ઇ.સ.૧૬૧૯માં ગોવામાં ઐકેથેડલ ચર્ચનું નિર્માણ થયું. આ ચર્ચ પોર્ટુગલ ગોથિક શૈલીમાં બનાવવામાં આવ્યું. ચર્ચમાં આવેલ ગોલ્ડન બેલ પ્રખ્યાત છે.

**(૧) નવી રોમન શૈલી** :-

આ શૈલીમાં સાદગી, આધુનિકતાની સાથે ભારતમાં ચાલી આવેલ બધી સંસ્કૃતિનો સંગમ જોવા મળે છે. ઉપરના ઊંધા ઘુમ્મટની અવધારણા આ સમયે પ્રચલિત થઈ. જેમ કે, સુપ્રિમકોર્ટ, રાષ્ટ્રપતિ ભવનના મથાળે આવેલ ઘુમ્મટ.

**(૨) રાષ્ટ્રપતિ ભવન (દિલ્લી)** :-

અંગ્રેજ દ્વારા ઇ.સ.૧૯૧૧ પછી કરવામાં આવેલા નિર્માણો દ્વારા નવરોમન શૈલી ની શરૂ થઈ. એડવિન લુટિયન અને હરબર્ટ બેકર દ્વારા કરવામાં આવેલી નવી દિલ્હી શહેરી સ્થાપત્યકલાની શૈલીનું શ્રેષ્ટ ઉદાહરણ છે. દિલ્લીને હિંદુસ્તાનના 'રોમ' તરીકે ઓળખવવામાં આવે છે. રાષ્ટ્રપતિ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેના સ્થપતિ એડવીન લુટિયન હતા. રાષ્ટ્રપતિ ભવન એ ભારતનું સૌથી વિશાળ રહેણાકી મકાન છે. જેમાં ૪ માળ અને ૩૪૦ ઓરડા

છે. લાલ પથ્થરથી નિર્મિત, ગુંબજ સાંચિના સ્તૂપને અને જાળીઓ મુઘલ સ્થાપત્યને શૈલી મળતી આવે છે.

➢ **ઉપસંહાર:**

આમ, આ સમૃધ્ધ સાંસ્કૃતિક વારસએ એવું તો આકર્ષણ જમાવ્યું કે પ્રાચીનયુગ દરમિયાન અહીં વિદેશી પ્રજાઓના ધાડેધાડા ઉતરી આવ્યા. ઇ.સ.પૂર્વેની ૨ જી સદીથી શરૂઆતમાં પરદેશી પ્રજાઓના દોર શરૂ થયો. સિંકદરની ભારત પર ચઢાઈ થી ગ્રીકો પછી શકો, કુષાણો, પહલવો, હૂણો વગેરે જાતિઓ આવી. આદિ પાષણયુગમાં ભટકતા માનવીનો ક્રમશ : વિકાસ સાધીને પ્રાચીનયુગમાં સુવિકાસિત નગરોનું નિર્માણ થયું. ગુપ્તકાળમાં મહેલો, ગૂફા સ્થાપત્યો નો વિકાસ થયો. મધ્યકાલીન યુગમાંમુઘલ સલતનની છાંટાવાળું મસ્લિમ સ્થાપત્ય વિકસ્યું. આધુનિકયુગમાં બ્રિટિશ સ્થાપત્યોમાં ભવનો, શાળાઓ વગેરેનું નિર્માણ થયું. ભારતીય સ્થાપત્ય પરંપરાને બીજા અન્ય સેંકડો સ્થાપત્યોની ભેટ મળી. આ પરંપરા ભારતીય સ્થાપત્ય વારસાને જાળવી રાખ્યો છે.

## <u>સંદર્ભ સૂચિ</u>


૧. સામાજિક વિજ્ઞાન પુસ્તક - ધો:- ૧૦ ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર -પૃ -૧

૨. સંજય પાધડાળ અને અજય પટેલ "ભારતનો સાંસ્કૃતિક વારસો" યુવા ઉપનિષદ પબ્લિકેશન, અડાજણ , સુરત, પાંચમી આવૃતિ - ૨૦૨૦ - પૃ - ૨૮

૩. ધર્મદર્શન પૂર્તિ "દિવ્ય ભાસ્કર" ગુરૂવાર - તા: ૧૩/૫/૨૦૨૧

४. युनियन सुर्जन “भारतीय संस्कृति एवं परंपरा” विशेषाक अंक – २, अप्रेल-जुन : २०१९, मुँबई, - पृ- २१.

५. स्वेता शर्मा और स्वेता मिश्रा, “भारतीय सांस्कृतिक धरोहर” – २६,५६.

૬ ડૉ. હરિપ્રસાદ. ગં.શાસ્તી "ગુજરાતનો ઇતિહાસ "પ્રાચીનકાલ" યુનિ.ગંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, બીજી આવૃતિ - ૨૦૧૨- પૃ - ૧૭૯

૭. મુકુંદભાઈ.પી.બુહુમક્ષત્રિય " પાટણના બે કિર્તિમંદિરો" વકીલ સંજય એમ, પાટણ ટાઈમ્સ - આવૃતિ - ૧૯૯૬ - પૃ-૪

८. रमेश चंद्र, “भारत के ऐतिहसिक पर्यटक स्थल” नीलकंठ प्रकशन, महरौली, नई दिल्ही, प्रथम संस्क्ररण – २००१, पृ – ५००.

૯. સંજય પાઘડાળ "પૂર્વોકત" - પૃ-૬૪

# રાજસ્થાનનું જીવન અને કલાસ્થાપત્ય

**MAYABEN AMRATLAL PANCHAL**
Ph.D. Research Scholar in History
H. N. G. University, Patan
Email : panchalmaya34157@gmail.com

રાજસ્થાનનો પ્રાચીન ઈતિહાસ શોધવા માટે તેની પરંપરાઓ, અવશેષો, મૌલિક સ્રોત, સહાયક સાધનો, પુરાતત્ત્વીય અવશેષો, શિલાલેખો, મુદ્રાઓ, કિલ્લા, મહેલ, છતરડી, સ્મારકો વગેરેનો ઊંડો અભ્યાસ કરવો જરૂરી જણાય છે. પુરાતત્ત્વીય સાધનસામગ્રી જેવી કે, શિલાલેખ, મુદ્રાઓ, તામ્રપત્ર, દુર્ગ, મહેલ, મંદિર, મૂર્તિઓ, સ્મારક ઉત્ખનન વગેરેને ધ્યાનમાં લેવામાં આવે છે. પ્રાપ્ત અવશેષો વગેરેની ખરાઈ કરીને તેનું યોગ્ય રીતે વર્ગીકરણ કરવામાં આવે તેથી જ પુરાતત્ત્વ સામગ્રીને ઈતિહાસમાં સૌથી વધુ અધિક મહત્ત્વની માનવામાં આવે છે.

રાજસ્થાનના ઈતિહાસમાં પુરાતત્ત્વીય સામગ્રીનું વિશેષ મહત્ત્વ રહેલું છે. પ્રાચીન ઈતિહાસની જાણકારી માટે શિલાલેખોને ખૂબ જ અગત્યના માનવામાં આવે છે. વસ્તુતઃ એ સૌથી વધુ પ્રામાણિક મહત્ત્વપૂર્ણ સાધન છે. વિશ્વસનીય પણ છે. પરંતુ જે શિલાલેખો મળે છે તેની ભાષા ખાસ કરીને, સંસ્કૃત, હિન્દી, ઉર્દૂ, રાજસ્થાની, ફારસી વગેરે હોય છે. આ પ્રકારના શિલાલેખો, સ્તંભો, તળાવો, વાવ, કૂવા, મંદિર, મહેલ, કિલ્લાનાં દ્વાર ઉપર હોય છે. તેના દ્વારા એ જાણવા મળે છે કે, જે કાંઈ કાર્ય થયું હોય, ધાર્મિક પર્વ હોય, ઉત્સવ હોય, ધાર્મિક સ્થાપત્ય હોય તેનો હેતુ, સાલ, બંધાવનારનું નામ વગેરે મળી આવે છે.

ચિતોડનો શિલાલેખ – ઈ. ૧૪૩૮ ખૂબ જ મહત્ત્વનો શિલાલેખ કહી શકાય. મહારાણા મેકલની આજ્ઞાથી મંદિરમાં સ્થાપિત થયેલો. આ લેખ તે સમયની જાણકારી આપે છે. સમૃદ્ધ નાગરિકો દુષ્કાળ પીડિત લોકોની રક્ષા કરવા માટે તૈયાર રહેતા હતા જેવી અનેક વિગતો આ લેખમાં જોવા મળે છે.

સ્ત્રીની વેશભૂષા સુંદર છટાદાર હતી. યક્ષિણીની કેટલીક મૂર્તિમાં સ્ત્રીઓની વેશભૂષા જોઈ શકાય છે. કંચુકીનો વપરાશ વધુ હતો. વિજયસ્તંભ, કુમશ્યામ મંદિર, જગદીશ મંદિરની મૂર્તિઓમાં આ પ્રકારના વસ્ત્રો જોઈ શકાય છે. જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ કંચુકી અને કાંચળીનું સ્વરૂપપણ બદલાતું ગયું. મારવાડી પોષાકમાં લાંબી બાંયોની કંચૂકી પહેરવાનો શોખ છે. કેટલાંક ચિત્રો મળી આવ્યા છે. તેમાં સાધારણ સ્તરની સ્ત્રીઓનો પહેરવેશ જોવા મળે છે. એક ભીલડીનું ચિત્ર અંકિત છે, રામાયણમાં શૂર્પણખને ભદ્રી મોટી સદીમાં દેખાડવામાં આવી છે. નાનો ઘાઘરો તેણે પહેર્યો છે. સ્ત્રીઓ ખાસ કરીને કિનખાબ, મખમલ, મલમલ, છીંટ, જામદાની, પારવા, ના, ચિક, ઈલાઇચી, મહમૂદી ચીક, મીર-એ-બાદલા, નૌરંગશાહી, બહાદુરશાહી, ફીરોજશાહી, બાફ, મોજામાં, ગંગજલી, વગેરે પ્રકારના વસ્ત્રો પહેરતી હતી. સાધારણ સમાજની સ્ત્રીઓ છીટ પહેરીને સંતોષ માની લેતી હતી. ચૂંદડી અને લહેરિયું રાજસ્થાનની મુખ્ય સાડી રહી છે.

રાજસ્થાનના સમાજ જીવનમાં લોકનૃત્યોનું અધિક મહત્ત્વ રહ્યું છે. લોક સંસ્કૃતિની લોકનૃત્ય, ભવાઈ, ખાલો વગેરેની આગવી દેન રહી છે. લોક નાટ્યની પરંપરા અતિ પ્રાચીન માનવામાં આવે છે. જેને રાજસ્થાનમાં સ્વાંગ, લીલા, ખ્યાલ કહેવામાં આવે છે. રામાયણ અને કૃષ્ણ લીલા આધારિત અનેક નાટકો ભજવવામાં આવે છે. બીકાનેર અને જૈસલમેર વિસ્તારોમાં નાટકની સાથે રમ્મત રમાય છે. જેમાં દરેક જાતિ, દરેક સમુદાયના લોકો ભાગ લે છે. રમ્મત જેટલી લોકપ્રિયતા બીજે ક્યાંય નથી. લોકો શરૂખાતમાં પોતાના કલા-કરતબો – ખેલ બતાવ્યા પછી જ સ્ટેજ ઉપર બેસે છે.

રાજસ્થાન ભારતના પશ્ચિમ ક્ષેત્રમાં ગંગા-સિંધુના મૈદાન, વિંધ્યાચલ પર્વતની વચ્ચે ૩,૪૬,૧૪૯ વર્ગ કીલોમીટરમાં ફેલાયેલું ચતુષ્કોણીય પતંગાકાર રાજ્ય છે. તેનો સૌથી મોટો ભાગ મરૂસ્થલ છે. મરૂસ્થલ રાજસ્થાન અને માલવાની રક્ષા કરે છે. તેને કારણે રાજસ્થાનની સંસ્કૃતિ, કલા, સ્વતંત્રતા વગેરે સુરક્ષિત રહેવા પામ્યા છે. અહીંના સામાજિક, ધાર્મિક, આર્થિક, રાજકીય, રીતિ-રિવાજ, વેશભુષા, ભોજન, રહનસહન, ભાષા, બોલી, આર્થિક વ્યવસ્થા, ભારતનાં બીજા રાજ્યો કરતા વૈવિધ્ય સભર દૃષ્ટિ ગોચર થાય છે.

રાજસ્થાનની માતૃભાષા રાજસ્થાની છે. જેની લિપિ દેવનાગરી છે. મહાજન લોકો લખવા માટે મુડીયાલિપિનો પ્રયોગ કરે છે. લખવાવાળો માણસ પહેલા ઉપર લીટી દોરી કાઢે છે. પછી ડાબેથી જમણે તરફ લખવાની શરૂઆત કરે છે.

રાજસ્થાનની ભોજન શૈલીમાં શુદ્ધતા, પવિત્રતા અને સંયમને ઘણું જ મહત્ત્વ આપવામાં આવતું હતું. બ્રાહ્મણો સ્નાન કર્યા પછી જ ચોકમાં ભોજન કરતા હતા. સમૃધ્ધ પરિવારોમાં ચાંદીના વાસણોમાં જ ભોજન ખાવાનો રિવાજ હતો. પરંતુ ગ્રામીણ જીવનમાં માટીમાંથી બનેલા (ભાંડ) વાસણોમાં જ રસોઈ કરવાનો રિવાજ આજે પણ જોઈ શકાય છે.

મુખવાસમાં પાન-સોપારી, ચૂનો, તલ, પાન સોપારીથી મહેમાનોનું સ્વાગત સન્માન કરવાનો રિવાજ દરબારોમાં – દાસીઓ સંભાળતી, વસ્ત્રસંયોજન રાજસ્થાનની વિવિધતાનાં દર્શન કરાવે છે. વેશભૂષા દરેક ક્ષેત્રની આગવી ઓળખ બની ગઈ છે. રાજસ્થાની વેશભૂષા વ્યવસ્થા એટલી સબળ અને પ્રબલ વ્યવસ્થા છે કે અનેક વાર-તહેવારો, પ્રસંગોને લોકો રાજસ્થાની પહેરવેશ પહેરવાનો આગ્રહ રાખે છે. આહડ અને કાલીલંગા સંસ્કૃતિમાં લોકો સુતરનું (સુતરાઉ) વસ્ત્ર પહેરતા હોવાના પુરાવા મળી આવ્યા છે. રૂ કાંતવાની તકલી, ચક્ર, ચરખો વગેરે બરામદ થયા છે. અધોવસ્ત્ર (ધોતી) પહેવારનો પુરૂષોમાં રિવાજ હતો,

રાજા મહારાજાઓ માથે મુગટ, ઠાઠ-માઠવાળા સુંદર વસ્ત્રો, તલવાર-કટાર, ભલા સહિતના સરંજામ – યુદ્ધ હથિયાર, પાઘડી, દુપટ્ટા, કસીદાની, ધોતીઓ તથા મોટા અંગરખાનો પહેરવેશ ધારણ કરતા હતા. રાજસ્થાનમાં પાઘડીની બોલબાલા રહી છે. ઘણી જ સુંદર પધાડીઓ પહેરવાનો રીવાજ હતો. પાઘડીને સુંદર બનાનના માટે જાત-ભાતના તોરા, હર, પેચ, છાપકામ, લગાવવામાં આવતી હતી. પાઘડીના પ્રકાશોમાં અમીરશાહે ઉદેશાહી, ખંજરશાહી, શાહજહાંશાહી જેવી પધાડીઓ ખુબ જ પ્રચલિત હતી. આંટાવાળી પાઘડીનો વપરાશ ઘણી જાતિઓમાં હતો. ઉચ્ચ વર્ગના લોકો ફેંટો બાંધતા હતા. રાજસ્થાનમાં પાઘડી ઉતારવી એટલે કે અપમાન કરવું એવો થાય છે. તેથી પાઘડીની લાજ રાખો એવી કહેવત પ્રચલિત છે. પાઘડી ઉતાર્યા પછી સાચવીને રાખવી પડે છે. ફેંકી દેવાતી નથી. લોકો ઉઘાડા માથે બહાર નીકળતા નથી, પાઘડી સરસ રીતે પહેરીને જ બહાર નીકળે છે. તે શિષ્ટતા અને સાલિનતાનું પ્રતીક છે. સાથે સાથે પાઘડી પહેરનાર વ્યક્તિની સામાજિક – ધાર્મિક સ્થિતિને દર્શાવે છે.

અંગરક્ષી (અંગરખી) પાઘડીના જેવું જ સ્થાન ધરાવે છે. તેને જુદાજુદા આકાર પ્રકારમાં સીવવામાં આવે છે જેમ કે, તનસુખ, ગદઈ, દુતઈ, ગદર, મીરજાઈ, ડોઢી, કાનો, ડગલા વગેરે કહે છે. ઠંડીની મોસમમાં તેમાં રૂ ભરવામાં આવે છે. તેને સુંદર બનાવવા માટે કસીદા છપાઈ – રંગાઈ કરવામાં આવે છે. કેટલાક વર્ષો ઘૂંટણથી ઉપર અને ઘૂંટણથી નીચે સુધીના પહેરવામાં આવે છે. મલમલનો પોશાક શરીરની ઝલક દેખાવડા માટે વપરાય છે. રૂપાલ પણ રંગબેરંગી બનાવવામાં આવતા, કટિબંધનો ઉપયોગ કરવામાં આવતો. જેમાં કટાર, બરછી, રૂપિયા, પૈસા ચલણી સિક્કા રાખવામાં આવતા ખડકો, ભેંસ, પામ, શાલ વગેરે નાંખવાનો રિવાજ હતો.

રાજસ્થાનના લોકો એવું માને છે કે, તેને પોતાનું આગવું ઘર હોવું જોઈએ – મકાન હોવું જોઈએ – કોઈ વ્યક્તિ પરિસ્થિતિને વશ થાય તો જ પોતાનું મકાન વેચવા કાઢે છે. જેમકે પતિ વિના પત્નિ રહી શકતી નથી. તેમ વગર મકાન રહી શકતું નથી તેવી માન્યતા ખૂબ જ પ્રચલિત છે. રાજસ્થાનમાં ૫૮,૨૬,૯૪૦ મકાનો છે, જેમાં ૫૮,૨૪,૯૧ પરિવારો રહે છે. શહેરોમા પત્થરનાં મકાનો હોય છે. અન્યત્ર ઈંટો અને અન્ય પ્રકારના પણ હોય છે. ત્રણ માળ સુધીના મકાનો બનાવવાની પ્રથા છે. જેમાં પહેલાં માળે બાલકની રાખવામાં આવે છે. મકાનમાં હવાઉજારા, પ્રકાશ માટે રૌશનદાન રાખવામાં આવે છે. મકાનમાં પ્રવેશતાં જ ભારસાલી (પહેલો ખંડ) આવે છે. જે પુરૂષોની અનુઉપસ્થિતિમાં સ્ત્રીઓને બેસવા માટે કામમાં આવે છે. ગામડાઓમાં મકાન સામાન્ય રીતે ઘણા ખુલ્લા, હવા-ઉજાસવાળા અને મોટાં હોય છે. ગરીબ લોકોનાં મકાનો, સાધારણ અને ખાસ માટીના બનેલા હોય છે. પછાત વર્ગોના મકાનો સામાન્ય રીતે ગામની બહાર હોય છે. તે ઘાસના બનેલા હોય છે. જેની દિવાલો લાકડા, વાસ અને માટીની બનાવેલી હોય છે. સને ૧૯૩૧માં રાજસ્થાનમાં જાતિ પ્રમાણે વસતિ ગણતરી કરવામાં આવી હતી. જેમાં ૩૯૩ જાતિનો હોવાનું અહેવાલમાં જણાવાયું છે. અર્થાત વર્ગ કમિશને જ્યારે જાતિઓની ગણના કરીને ૪૦૦ જેટલી જાતિઓ નોંધાઈ હતી. કેટલીક ઉપજાતિઓ પણ છે. કેટલાક વિદેશી લોકો આવીને બધી વસી ગયા છે તો પછાત જાતિઓ ઉપલીમાં મળી ગઈ છે. કેટલીક જાતિઓ આંતરજાતિય લગ્નોને કારણે બની છે. કેટલીક રાજપૂત જાતિઓમાં ભળી ગઈ, તો કેટલીક વેપારી જાતિઓ, શુદ્ર જાતિઓ પોતાનું રાજપૂતોના વંશજો માનવા લાગી છે.

સને ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ રાજસ્થાનમાં કુલ ૪,૩૮,૮૦,૯૪૦ વસતિ હતી. તેની સામે ૨,૨૯,૩૫,૮૯૫ પુરૂષો અને ૨,૯,૪૪,૭૪૫ સૌની સંખ્યા હતી. વસતિ ગણતરીના આંકડા મુજબ સને ૧૯૯૧માં ૧,૩૬, ૧૮, ૨૭૨ લોકો સાક્ષર હતા. રાજસ્થાનમાં ગ્રામીણ અને નગરીય ક્ષેત્રોમાં સત્તાનો દર ઊંચો – નીચી જોવા મળે છે. શહેરોમાં પુરૂષોમાં સાક્ષરતાનો દર ૬૦% છે. તો ગામડાઓમાં માત્ર ૨૯.૯૪ નો રહ્યો છે. સ્ત્રી સાક્ષરતામાં ગામડામાં ૫.૪ ટકાનો છે. તો શહેરોમાં ૩૪ ટકા જેટલી દર જોવા મળ્યો હતો. રાજસ્થાનમાં જાતિ વાદી પ્રનાલીને કારણે સ્ત્રીઓનું શોષણ, પછાત વર્ગોનું શોષણ, શુદ્ર જાતિ અને દલિતોનું શોષણના અનેક કિસ્સા નોંધાયા છે. જેમાં અસ્પૃશ્યતા, અતિગત ભેદભાવોને કારણે રાજસ્થાનમાં અને દોષ જોવા મળે છે.

- **રાજસ્થાની સ્થાપત્યકલા અને વાસ્તુકલા**

ઇતિહાસના સાધનોમાં શિલાલેખો, પુરલેખો, વહી, સાહિત્યની સાથેસાથે કળા, સ્થાપત્યકલા અને વસ્તુકલાને પણ મહત્વ આપવામાં આવ્યું છે. રાજસ્થાનમાં પ્રાચીન સમયથી જ હિંદુ, બૌદ્ધ, જૈન, મુસ્લિમ, અનુયાયીઓના મંદિરો, સ્થાપત્યો, સ્તંભ, મઠ-મસ્જીદ, મકબરા, સમાધીઓ, છત્રીઓ વગેરેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

અહી ઘણા સ્થળોએ ભગ્નાવશેષ, ખંડેર, તેમજ સારી સ્થિતિમાં ઘણા સ્થાપત્યો જોવા મળે છે. તેમાં કલાની દ્રષ્ટીએ સર્વાધિક કહી શકાય તેવા ભગ્નાવશેષો ચીતોડના ઉત્તરીય નગરી નામના સ્થાન પર જોવા મળે છે. પ્રાપ્ત અવશેષોમાં બૌદ્ધ તથા જૈન ધર્મના અવશેષો વધુ જોવા મળે છે. ઈ.સ. પૂર્વેની ત્રીજી સદીથી લઇ પંચમી સદી સુધી આ સ્થાપત્યોમાં વિશેષતા કહી શકાય. દેવી-દેવતાઓ, મૂર્તિઓ, યક્ષ-યક્ષણીઓ બૌદ્ધ સ્તુપો, વિશાલ પ્રસ્તર ખંડો, ચાર દિવાલોનો ખંડ, ૩૦ ફૂટ નીચેથી ૧૪ ફૂટ ઊંચે સુધીનો 'ગરુડ સ્તૂપ'ને નોંધપાત્ર સ્થાપત્ય માનવામાં આવે છે. ઈ.સ. ૧૫૬૭ માં અકબર દ્વારા ચિત્તોડ આક્રમણ સમયે બનાવવામાં આવેલો સ્તંભ સૈનિકોની છાવણીઓમાં પ્રકાશ કરવા માટે રચવામાં આવ્યો હતો. ગુપ્તકાળ પછીથી કાલિકા મંદિરમાં વિધિમાન સૂર્યમંદિર ભ્રમરમાતાનું મંદિર (કોટા) બડોલીમાં શિવમંદિર તેમજ તેની મૂર્તિઓ તે સમયના કલાકારોની કલા કસબીના સારા નમુના કહી શકાય તેમ છે. ચિત્તોડ જિલ્લામાં આવેલા મેનલ, ડુંગરપુરના, અમજેરા, ઉદયપુરના ડબોકના દેવાલયોમાં શિવ, પાર્વતી, વિષ્ણુ, મહાવીર, ભૈરવ તથા નર્તકીઓની મૂર્તિઓ તેમના નિર્માણકાળ સમયના સમાજજીવન અને સંસ્કૃતિને પ્રગટ કરે છે.

ઈ.સ.ની સાતમી શતાબ્દીથી રાજસ્થાનમાં રાજપૂત કલાનો પ્રભાવ વધવા લાગ્યો. શક્તિ અને ભક્તિનો સંગમ થયો. જયપુર જિલ્લામાં સ્થિત આમાંનેરીનું મંદિર, જોધપુરમાં માતાનું મંદિર, કિરાડૂનું મંદિર વગેરે નોંધપાત્ર મંદિર સ્થાપત્યો ઇતિહાસની ધરોહરને ઉજાગર કરે છે.

ઉપર વર્ણવેલા રાજપૂત યુગમાં જ ચિત્તોડ, કુંભલગઢ, ગગરોન, રણથંભોર, તારાગઢ, વિરલી, જાલોર, જોધપુર વગેરેના દુર્ગો સ્થાપત્યો સ્થાપત્યકલાના ઉત્કૃષ્ટ નમૂના કહી શકાય. રાજપૂત શૈલી સ્થાપત્યોની વૈવિધ્યસભર કલાકૃતિઓ મંદિરો, મહેલો, ગઢ-કાંગરાની દીવાલો ઉપર જોઈ શકાય છે.

સમગ્ર દેશમાં અદ્વિતીય કહી શકાય તેવો ચિત્તોદનો વિજયસ્તંભ (કીર્તીસ્તમ્ભ) એવો છે કે જેમાં કોતરેલી મૂર્તીઓ હિંદુ સંગ્રહાલય સભાન બની ગઈ છે. તેના એક મિનારા ઉપર કોતરેલો ફારસી શિલાલેખ જોતાં એમ સ્પષ્ટ થાય છે કે, ફારસીનો પ્રભાવ હવે રાજસ્થાન ઉપર પડવા લાગ્યો હતો. ઈ.સ.ની સત્તરમી સદીમાં પરંપરાગત શૈલીના મંદિરો નિર્માણ થતા રહ્યા. જેમાં ભીતચિત્રોની નવી પરંપરાનો પ્રવેશ થયો. જેનું ખાસ અધ્યયન રાજસ્થાનના ઇતિહાસની ઓળખને સાબિત કરે તેમ છે.

*રાજસ્થાનના પ્રાચીન પ્રદેશ મેવાડમાંથી તામ્રમુદ્રાઓ મળી આવી છેતેમાં . શિવજનપદનો ઉલ્લેખ જોવા મળે છેઈ.સ.ની છઠ્ઠી તથા સાતમી શાતાબ્દીઓની મુદ્રાઓ પણ . મળી આવી છે. મેવાડના શાસક ગુહીલના સિક્કા આગ્રામાંથી મળી આવ્યા છે. તેના ચિત્રો પરથી સ્પષ્ટ થાય છે કે મેવાડના શાસકો શૈવધર્મી*

*સંદર્ભ સાહિત્ય*

1. રાજસ્થાન કી જાતિયાં, ડો. કૈલાશનાથ વ્યાસ
2. રાજસ્થાની જાતિયાં કી ખોજ, રમેશચંદ્ર ગુણાર્થી
3. રાજસ્થાન કી જાતિયાં, ભારદ્વાજ
4. રાજસ્થાની જાતિયાં કી ખોજ, રમેશચંદ્ર ગુણાર્થી
5. રાજસ્થાન કલાસંસ્કૃતિ, ભારદ્વાજ
6. રાજસ્થાન કલાસંસ્કૃતિ, ભારદ્વાજ

## ગાંધીજીના ધાર્મિક જીવન પર શ્રીમદ્ રાજચંદ્રનો પ્રભાવ

પ્રજાપત રાહુલકુમાર રમણભાઈ
ઉચ્ચ પ્રાથમિક શિક્ષક – સંતશ્રી રામજીબાપા શારદા વિદ્યામંદિર,વડાલી

❖ **પ્રસ્તાવના :**

અપાર સંસારનો વિચાર વારંવાર કરી સર્વ જ્ઞાની પુરૂષોએ તેને કલેશપૂર્ણ, પરિશ્રમમય, અસહજ અને યોગ્ય વર્ણવ્યો છે. એટલું જ નહી પરંતુ કોઈપણ જીવ પરમાર્થ પ્રત્યે માત્ર અંશપણે પણ પ્રાપ્ત થવાના કારણને પ્રાપ્ત થાય એમ કરૂણાશીલ એવા ઋષભાદિ તીર્થંકરોએ પણ કર્યું છે. કારણ કે સતપુરૂષોના સંપ્રદાયની સનાતન એવી કરૂણાવસ્થા હોય છે કે સમય માત્રના અનવકાશે આખો લોક આત્માવસ્થા પ્રત્યે હોય, આત્મસ્વરૂપ પ્રત્યે હોય, આત્મસમાધિ પ્રત્યે હોય અને સર્વ જીવ પ્રત્યે રૂચિપણે હોય.

આવા નિષ્કારણ, કરૂણાશીલ પવિત્ર પુરૂષોના યોગ વિના, તેમના અમૃતતુલ્ય વંશના વિના જીવને પોતાના સ્વરૂપનો તથા વર્તમાન પરિસ્થિતિનો ખ્યાલ આપવો મુશ્કેલ છે. શ્રીમદ રાજચંદ્ર લખે છે કે "જીવ જો અજ્ઞાન પરિણામી હોય તો તે અજ્ઞાન નિયમિતપણે આરાધવાથી જેમ કલ્યાણ નથી, તેમ મોહરૂપ એવો એ લોકસંબંધી માગે તે માત્ર સંસાર છે. તે પછી ગમે તે આકારમાં મૂકો તો પણ સંસાર છે. માટે જેને કલ્યાણ કરવાની કામના જાગી છે તેણે તો જરૂર સત્પુરૂષને શોધીને તેના વચનો દ્વારા હૃદયમાં સાક્ષીભાવ જાગે કે આ સત્પુરૂષ છે, તો તેના ગુણગાન, ભકિત, આજ્ઞા આદિ સાધનોથી આત્માને ઉલ્લસિત રાખી અપૂર્વ ભાવ પ્રગટાવવો ઘટે છે. "જ્ઞાનીપુરૂષ અને પરમાત્મામાં અંતર જ નથી, અને જે કોઈ અંતર માને છે તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે, જ્ઞાની તો પરમાત્મા જ છે અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી.

❖ **જન્મ :**

શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ વિ.સં.૧૯૨૪ ની કાર્તિક પૂનમે એટલે કે દેવદિવાળીના દિવસે તા.૯/૧૧/૧૮૬૭ ના રોજ વવાણિયા ગામે થયો હતો. પિતાનું નામ રવજીભાઈ અને માતાનું નામ દેવબાઈ, જન્મસમયે તેમનું નામ લક્ષ્મીનંદન પાડવામાં આવેલું. ચાર વર્ષની વયે રાયચંદ નામ રાખવામાં આવ્યું. રાયચંદના દાદા પંચાણભાઈ કૃષ્ણભકત હતા. રાયચંદે તેમની પાસેથી કૃષ્ણકીર્તન, ભકિતપદો, અવતારકથાઓ વગેરેનું શ્રવણ કર્યું હતું. બાળવયે રાયચંદને પિતૃપક્ષ તરફથી વૈષ્ણવ ધર્મના સંસ્કાર અને માતૃપક્ષ તરફથી જૈન ધર્મના સંસ્કાર મળ્યા. આગળ જતાં તેમની નિષ્ઠા જૈન ધર્મમાં સ્થિર થયેલી. ગામમાં આવતા રામદાસજી નામના સાધુ પાસે બાળવયે કંઠી પણ બંધાવેલી. એક દિવસ કંઠી તૂટી જતાં ફરીથી તે બંધાવી નહતી.

બાળપણથી જ રાયચંદનું વ્યકિતત્વ નોખું અને નિરાળુ હતું. તેમની બુદ્ધિ સતેજ હતી. સ્મરણશકિત અસાધારણ હતી. નવું નવું વાંચવાની, સાંભળવાની, શીખવા– શીખવવાની વૃત્તિ પ્રબળ હતી. વાંચે, ભણે, ભણાવે તે બધું આપોઆપ યાદ રહી જતું. શાળાનું સાત ચોપડીનું શિક્ષણ બે જ વર્ષમાં પુરું કરી દીધેલું. આઠમા વર્ષે કાવ્યરચનાઓ કરવાનો પ્રારંભ કરેલો. તેઓ શીઘ્રકવિ હતા. આઠ વર્ષની ઉંમરે એમણે અંદાજે પાંચ હજાર કડીઓ રચેલી. નવ વર્ષની વયે રામાયણ અને મહાભારતને કાવ્યરૂપે આલેખવાનું શરૂ કરેલું. તેમને સ્વચ્છ વસ્ત્રો પહેરવાં ગમતાં. બાળપણમાં રમતિયાળ અને આનંદી હતા. તેર વર્ષની વયે રાજકોટમાં અંગ્રેજીનો અભ્યાસ શરૂ કરેલો. તે સમયે રાયચંદ પિતા સાથે દુકાને પણ બેસતા. એમના અક્ષર સુંદર અને મરોડદાર હતા.

નાની ઉંમરે શ્રીમદ્‌ને. જાતિસ્મરણજ્ઞાન જન્મેલું. ઘટના એવી બની કે તેઓ સાત વર્ષના હતા ત્યારે વવાણિયા ગામમાં, તેઓના પરિચિત અમીચંદભાઈને સર્પદંશ થયો ને તેઓ ગુજરી ગયા. બાળ શ્રીમદે દાદાજીને પ્રશ્ન કર્યો કે 'ગુજરી જવું એટલે શું ?' શરૂઆતમાં તો દાદાજીએ ઉત્તર ટાળવાનો પ્રયત્ન કર્યો પણ રાજચંદ્રે પીછ ન છોડયો ત્યારે કહ્યું કે 'ગુજરી જવું એટલે શરીરમાંથી જીવ નીકળી જવો. હવે અમીચંદકાકા હાલીચાલી કે બોલી શકશે નહી, ખાવું–પીવું કશું કરી શકશે નહી. તેમના શરીરને તળાવ પાસેના મસાણમાં બાળી આવશે.' નાના રાજચંદ્ર તળાવે ગયા. ત્યાં ઝાડ ઉપર ચડીને ભડભડ બળતી ચિતાને જોઈ. આ ઘટના નિહાળ્યા બાદ એમના ચિત્તમાં તીવ્ર મનોમંથન જન્મ્યું હતું. તેઓ ગહન ચિંતનમાં ડૂબી ગયા હતા. જાતિસ્મરણ જાગ્યું હતું. પોતાના સેંકડો પૂર્વભવોનું તેમને સ્મરણ થયું હતું.

❖ **શ્રીમદ્ અને મહાત્મા ગાંધીજી :**

શ્રીમદ્ રાજચંદ્રના અવધાન પ્રયોગો સં.૧૯૪૦ માં જેમ અચાનક શરૂ થયા હતા તેમ મુંબઈના દિગ્વિજય પછી જાહેરમાં અવધાનો કરવાનું તેમણે એકાએક બંધ કર્યું. મુંબઈમાં વ્યાપારમાં જોડાયા પછી ધર્મસંબંધો વધારે વાતચીત પણ ગૃહવાસ દરમ્યાન ન કરવી એમ સંકલ્પ કરી, વ્યાપારમાં કાળ ગાળતા એક આદર્શ ગૃહસ્થનું જીવન તેઓ જીવવા લાગ્યા. પરંતુ અંતરંગમાં તો પૂર્વજન્મનું ત્યાગી જીવન સંભારતા અને તીવ્રપણે આત્મપુરૂષાર્થમાં તલ્લીન રહેતા.

મહાત્મા ગાંધીનો જન્મ સં.૧૯૨૫ ના ભાદરવા વદ બારસને દિવસે પોરબંદરમાં થયો હતો. તેઓ શ્રીમદ્થી પોણા બે વર્ષ લગભગ નાના હતા. તેમના પિતામહ, પિતાશ્રી અને મોટા ભાઈ ત્રણે પોરબંદરમાં અનુક્રમે દીવાન થયેલા અને પાછલી વયમાં તેમના પિતાશ્રી રાજકોટ સ્ટેટના દીવાન હતા. ગાંધીજી તેમના સૌથી નાના પુત્ર હોઈ ઘણુંખરું રાજકોટમાં ઊછરેલા. તેઓ ૧૬ વર્ષના હતા ત્યારે તેમના પિતાશ્રી મૃત્યુ પામ્યા. સં.૧૯૪૩ માં તેઓ મેટ્રિક પાસ થયા. પછી વકીલાતનો અભ્યાસ કરવા તેમને વિલાયત મોકલવામાં આવ્યા. પરંતુ ત્યાં જતાં પહેલાં તેમનાં માતૃશ્રીએ તેમને પરસ્ત્રી ત્યાગ, માંસાહાર–ત્યાગ અને મદિરાત્યાગ એ ત્રણ પ્રતિજ્ઞાઓ એક જૈન મુનિ પાસે અપાવી હતી.

ત્રણ વર્ષે તેમનો અભ્યાસ પૂર્ણ થયો તે દરમિયાન તેમનાં માતૃશ્રી દેવલોક પામ્યાં. પરંતુ વિલાયતમાં કોઈ આશ્વાસન આપનાર નહી મળે તેથી બહુ દુઃખ થશે એમ જાણી તેમના મોટા ભાઈએ તે ખબર આપવા મુલતવી રાખેલા.

❖ **ગાંધીજીના ધાર્મિક જીવન પર શ્રીમદ્ રાજચંદ્રનો પ્રભાવ :**

ગાંધીજી વિલાયત ગયા ત્યારે શરૂઆતમાં શ્રી રેવાશંકર જગજીવનદાસના ભાઈ ર્ડા.પ્રાણજીવનદાસ ત્યાં હતા, તેમની સાથે પરિચય થયેલો. તેથી સં.૧૯૪૭ ના જેઠ મહિનામાં ગાંધીજી મુંબઈ આવ્યા ત્યારે તેમને ર્ડા.પ્રાણજીવનદાસ પોતાને ઘેર લાવ્યા. તેથી તેમને માતૃશ્રીના અવસાનના દુઃખદ સમાચાર આપવામાં આવ્યા. તે જ દિવસે શ્રીમદ્ રાજચંદ્ર પણ ત્યાં આવ્યા ત્યારે તેમની સાથે ગાંધીજીને ઓળખાણ કરાવવામાં આવી. થોડી વાતચીતમાં જ ગાંધીજી શ્રીમદ્ની પ્રતિભાથી અંજાયા, તેમના સ્નેહથી આકર્ષાયા, તેમનો વિલાયતનો પવન હળવો પડયો. જ્ઞાન માટે વિલાયત જવું પડે એ માન્યતા શ્રીમદ્ના મેળાપથી દૂર થઈ.

પછી ગાંધીજી વકીલાતની શરૂઆત કરવા મુંબઈમાં જ રોકાયા. તે દરમિયાન વારંવાર શ્રીમદ્ને મળતા. તે વખતે તેમના ધર્મજિજ્ઞાસા નહીં છતાં અનેક પ્રશ્નો સામાન્ય જીવનના ઊઠતા તેનું સમાધાન શ્રીમદ્ ઉત્તમ રીતે કરતા. ગાંધીજી શ્રીમદ્ની રહેણીકરણીનું બારીક અવલોકન કરતા અને તેમના મહાન ગુણોથી મુગ્ધ થઈ અવ્યકતપણે તે ગુણોને ગ્રહણ કરવા ઈચ્છતા. તેથી જ શ્રીમદે તેમના પર લખેલા પત્રોમાં તેમને 'ગુણગ્રાહી' એવા સાર્થક વિશેષણથી સંબોધ્યા છે.

મુંબઈમાં ગાંધીજી સ્મોલકોઝ કોર્ટમાં પોતાના પ્રથમ દાવા માટે બોલવા ઊભા થયા, પણ સભાક્ષોભ થવાથી બિલકુલ બોલી શકયા નહીં. ભાવિમાં ગંજાવર સભાઓને મંત્રમુગ્ધ કરનાર મહાત્મા તે વખતે માફી માગી કોર્ટ છોડી ગયા. સંવત ૧૯૪૮ માં રાજકોટ મુકામે તેમના બીજા પુત્ર મણિલાલનો જન્મ થયો. પોરબંદરના અબ્દુલ્લા શેઠ નામના શ્રીમંત મુસલમાન વ્યાપારીની પેઢી દ.આફ્રિકામાં હતી. તેમણે પોતાના એક વ્યાપારી કેસ અંગે પગારદાર વકીલ તરીકે એક વર્ષ માટે આફ્રિકા આવવા ગાંધીજી પાસે માગણી કરી તે તેઓએ ખુશીથી સ્વીકારી અને સંવત ૧૯૪૯ ના ઉનાળામાં પોતે એકલા દક્ષિણ આફ્રિકા ગયા.

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને પોતાના કામમાં સારી સફળતા મળી. તેમની પ્રતિષ્ઠા જામી અને તેઓ લોકપ્રિય થવા લાગ્યા. ત્યાં તેમના મુસલમાન અને ખ્રિસ્તી મિત્રોએ તેમના ધર્મ વિષે ચિંતા કરવા માંડી, પોતપોતાના ધર્મની મહત્તા સમજાવી ધર્મપલટો કરવા ઉપદેશ દેવો શરૂ કર્યો. ગાંધીજી ખાસ કરીને ખ્રિસ્તી મિત્રોની લાગણીથી વિશેષ આકર્ષાયા અને હિંદુધર્મ વિશે શંકા ઉદભવી ત્યારે તેમણે મુખ્યપણે શ્રીમદ્ રાજચંદ્રને પત્રો લખી પુછાવ્યું. જવાબમાં શ્રીમદ્દે મધ્યસ્થતાથી સુંદર ખુલાસાવાળા પત્રો લખ્યા, અને ષડદર્શનસમુચ્ચય આદિ ગ્રંથો વાંચવા મોકલ્યા. એ રીતે એ બે મહાન વિભૂતિઓ વચ્ચે સંવત ૧૯૫૦–૫૧ માં પત્ર વ્યવહાર ચાલ્યો.

પરિણામે ગાંધીજી હિંદુ ધર્મમાં દ્રઢ શ્રદ્ધાવાળા થયા. તેમને ગીતાજીમાં અપૂર્વ રસ જાગ્યો અ ને હિંદુધર્મનું રહસ્ય ઘણી રીતે સમજતા થયા. તેથી પરધર્મીઓના પ્રયત્ન છતાં હિંદુધર્મમાં અડગ રહ્યા.

આ સમયથી તેમનું જીવન મુખ્યપણે ધર્મથી રંગાયું. એ અરસામાં રશિયાના પ્રખ્યાત તત્વજ્ઞ ટોલ્સ્ટોય સાથે પણ તેમણે પત્રવ્યવહાર કર્યો અને તેમનાં પુસ્તકો વાંચ્યા. તેમાંથી ગરીબો સાથે ભ્રાતૃભાવ રાખવાનું તેઓ શીખ્યા. અબ્દુલ્લા શેઠનું કામ બે પક્ષ વચ્ચે સમજૂતી કરાવી આપી એક વર્ષમાં પૂર્ણ કર્યુ. પછીથી તેઓ ખાનગી વકીલાત કરવા લાગ્યા તેમજ હિંદીઓ વિરૂદ્ધ ત્યાંની સરકારના જુલમી કાયદા દૂર કરાવવા પોતાની વકીલ તરીકેની સેવા મફત આપવા લાગ્યા. તેથી ત્યાંની ગોરી પ્રજાનો વિરોધ શરૂ થતાં તેમના પર પોલીસના જીવલેણ હુમલા થયા. તે બાબતની જાહેરાત થતાં તેઓ હિંદીઓના આગેવાન તરીકે એકદમ પ્રખ્યાતિ પામ્યા. આફ્રિકામાં હિંદીઓના હકની લડત ચલાવવાની તેમને જરૂર જણાઈ, તે માટે લોકમત કેળવવા તેઓ સંવત ૧૯૫૨ ના ઉનાળામાં કલકત્તા જનારી સ્ટીમરમાં હિંદ આવ્યા. કલકત્તાથી મુંબઈ જતાં વચમાં અલ્હાબાદમાં 'પાયોનિયર' ના અધિપતિને મળ્યા. પછી મુંબઈથી રાજકોટ આવી દક્ષિણ આફ્રિકા વિશે 'લીલું ચોપાનિયું' નામે પુસ્તિકા લખી તેની દશ હજાર પ્રતો છપાવી, હિંદના બધાં છાપાઓને અને જાણીતા બધા પક્ષના લોકોને મોકલાવી. પછી મુંબઈ જઈ દેશનેતાઓને મળ્યા. ત્યાં તેમના બનેવી બહુ બીમાર હતા તેમને રાજકોટ લઈ આવ્યા. તેમની છેલ્લા દિવસોમાં સેવા ચાકરી કરી. બનેવી ગુજરી ગયા તેને બીજે જે દિવસે મુંબઈમાં સભા રાખી હતી ત્યાં જઈ ભાષણ આપ્યું. ત્યાંથી પૂના જઈ ભારતસેવક ગોખલેજી વગેરેને મળ્યાં અને સભા ભરી. તેવી જ રીતે મદ્રાસમાં પણ પ્રચાર કામ કર્યુ, પછી કલકત્તા ગયા ત્યાં ડરબનથી તાકીદે પાછા આવવા તાર મળ્યો. તેથી સં.૧૯૫૩ ના શિયાળામાં ગાંધીજી બીજી વાર આફ્રિકા ગયા. એ રીતે ગાંધીજી સં.૧૯૫૨–૫૩ માં છ મહિના હિંદમાં રોકાયા. તે દરમ્યાન શ્રીમદ્ રાજચંદ્રને મળવાનું તો ચૂકી જ ગયા અને શ્રીમદ્ પણ તે વખતે ગુજરાતના નિવૃત્તિ–સ્થળોમાં હતા તેથી સહેજે મળવાનું પણ બની શકયું નહી.

ગાંધીજીનો આફ્રિકાથી શ્રીમદ્ સાથેનો પ્રાસંગિક પત્રવ્યવહાર ચાલુ હતો. સં.૧૯૫૫ માં બોઅર લડાઈ શરૂ થઈ તેમાં ગાંધીજીએ હિંદી સારવાર ટુકડી ઊભી કરી અંગ્રેજ લશ્કરને સારી મદદ કરી. અંગ્રેજોની જીત થઈ તેથી હવે હિંદીઓને ન્યાય મળશે એમ ધારી તેઓ પોતાનું કામ સમાપ્ત થયું. સમજી સં.૧૯૫૭ ના ઉનાળામાં હિંદ આવ્યો, તે અગાઉ શ્રીમદ્ના દેહોત્સર્ગના સમાચાર તેમને મળ્યા તેથી શ્રીમદ્ના કુટુંબીઓને મળ્યા. ખાસ કરીને શ્રી મનસુખભાઈ સાથે મિત્રતા થઈ અને શ્રીમદ્ના પુત્રને 'છગનશાસ્ત્રી' કહીને શ્રીમદ્ સંબોધતા તેનો પણ પરિચય કર્યો. મુંબઈમાં ફરી વકીલાત શરૂ કરવા ધારી ગિરગામમાં ઘર રાખ્યું હતું. પછી દેશનેતાઓ સાથે મળી કલકત્તા મહાસભામાં ગયા. તે દરમ્યાન રંગૂન જઈ ડૉ.પ્રાણજીવનદાસને મળી આવ્યા. બાદ શાંતાક્રુઝમાં રહેઠાણ રાખી ચર્ચગેટ પર ઓફિસ શરૂ કરી. ત્યાં આફ્રિકામાં અંગ્રેજોએ જૂના કાયદા લાગૂ કર્યા અને ફરી તાકીદે આવવા તાર આવ્યો. તેથી કુટુંબને શાંતાક્રુઝ રહેવા દઈ સં.૧૯૫૮ માં એક વર્ષ માટે આફ્રિકા જવા રવાના થયા.

તે વખતે શ્રીમદ્ના લખેલાં પદો, 'આત્મસિદ્ધિ' વગેરે શ્રી મનસુખભાઈ પાસેથી મળેલ તે સાથે લેતા ગયા. આફ્રિકામાં સત્યાગ્રહ શરૂ કર્યો. 'ઈન્ડિયન ઓપિનિયન' નામનું અઠવાડિક પત્ર ચલાવ્યું. રસ્કિનના 'અન ટુ ધીસ લાસ્ટ' પુસ્તકની પ્રેરણાથી સાદા સહજીવનવાળું 'ફિનિક્સ સેટલમેંટ' નામે એક આશ્રમ સં.૧૯૬૦ માં ડરબન નજીક વસાવ્યું. આફ્રિકામાં વધુ રોકાણ થવાથી મોટા પુત્ર હરિલાલને દેશમાં રહેવા દઈ બાકીના ત્રણ પુત્રો તથા કસ્તુરબાને આફ્રિકા તેડાવ્યા. ગાંધીજીએ સં.૧૯૫૬ થી બ્રહ્મચર્ય પાળવાની શરૂઆત કરી હતી અને સં.૧૯૬૨ માં ફિનિક્સ–વાસીઓની હાજરીમાં પત્ની સહિત પોતે આજીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યુ. "રાયચંદભાઈ મને દોરી રહ્યા હતા" – એમ તેઓ પોતાની 'આત્મકથા' માં લખે છે.

સં.૧૯૬૨ માં દ.આફ્રિકાના હિંદીઓની માગણી રજૂ કરવા ગાંધીજીને લંડન મોકલવામાં આવ્યા. શ્રીમદે ગાંધીજી પર લખેલા ત્રણ મુખ્ય પત્રો તો સં.૧૯૬૧ માં બહાર પડેલી શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતની પ્રથમાવૃત્તિમાં છપાઈ ચૂકયા હતા. બાકી રહેલા થોડા

પત્રો તેમજ આત્મસિદ્ધિનું પોતે કરેલું અંગ્રેજી ગદ્ય ભાષાંતર વગેરેનું એક બંડલ લંડનની બસમાં રહી ગયું એમ ગાંધીજીએ વ્યકત કરેલું.

પછી તો આફ્રિકામાં તેમણે ઘણો આત્મભોગ આપ્યો અને ઉચ્ચ જીવન જીવવા લાગ્યા. સં.૧૯૬૮ માં હિંદી સરકાર તરફથી ગોખલેજી સમાધાન કરાવવા આફ્રિકા ગયા. છેવટે ગાંધીજી દ.આફ્રિકામાં વિજય મેળવી, લંડન જઈ સં.૧૯૭૨ માં હિંદ આવ્યા. તે જ વર્ષે ગોખલેજીનું અવસાન થયું. ગાંધીજી હિંદમાં સર્વત્ર મહાત્મા ગાંધી તરીકે પ્રસિદ્ધિ પામ્યા. હિંદમાં ૩૦ વર્ષ સખત જેહાદ સત્ય અને અહિંસાને આધારે ચલાવી. સત્યાગ્રહ, ખાદી, અસ્પૃશ્યતા–નિવારણ વગેરે અનેક પ્રવૃત્તિઓ ઉપાડી, અન્યાયો સામે જીત મેળવી દેશને જાગૃત કર્યો. તે દરમ્યાન શ્રીમદ્‌ને તેઓ ઘણી વાર યાદ કરતા. રાજકોટ અન વઢવાણની જયંતીઓમાં તેઓએ હાજરી આપેલી. અમદાવાદ પાસે કોચરબના આશ્રમમાં અને પછીથી સાબરમતી આશ્રમમાં તેઓ રહેતા ત્યારે કાર્તિકી પૂર્ણિમાએ જાહેરસભા ભરી શ્રીમદ્‌ની જયંતી તેઓ ઊજવતા. શ્રીમદ્‌ના એક ભકત પૂજાભાઈ હીરાચંદ સાથે ગાંધીજીને ઘણો પરિચય હતો. શ્રી પૂજાભાઈએ ગાંધીજીને સાબરમતી આશ્રમ સ્થાપવામાં મદદ કરેલી તેમજ તેમની સહાયથી નવજીવન કાર્યાલય તરફથી પ્રગટ થતી શ્રી પૂજાભાઈ જૈનગ્રંથમાળા ગાંધીજીએ ચાલુ કરી હતી. શ્રી રેવાશંકરભાઈ તથા ડાં.પ્રાણજીવનદાસ સાથેનો સંબંધ ચાલુ હતો. તેઓ બંને ગાંધીજીને રાજકીય લડતમાં બનતી મદદ કરતા.

મહાત્મા ગાંધીજીના અથાગ પ્રયાસથી સં.૨૦૦૩ ના પ્રથમ શ્રાવદ વદ ૧૪ ને દિને હિંદને પાકિસ્તાનના ભાગલા સહિત સ્વરાજ્ય મળ્યું. તે વખતે હિંદુ–મુસલમાન હુલ્લડો તેની પરાકાષ્ઠાએ પહોંચ્યા. બંગાલના હુલ્લડો શાંત કરી મહાત્માજી દિલ્હી ગયા. ત્યાં શાંતિ સ્થાપવા મથતા ગાંધીજીને સં.૨૦૦૪ ના પોષ વદ ૫ ને શુક્રવારે સાંજે પ્રાર્થનામાં જતાં એક અવિચારી યુવાને ગોળીથી ઘાયલ કર્યા. મહાત્માજી શાંતિથી રામનામ જપતા મૃત્યુને ભેટયા.

**સંદર્ભસૂચિ :**

૧. શ્રીમદ્ રાજચંદ્ર નિર્વાણ શતાબ્દી સ્મારક ગ્રંથ, અગાસ આશ્રમ, આણંદ, ૨૦૦૧

૨. શ્રી બ્ર. ગોરધનદાસજી, શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા, અગાસ આશ્રમ, આણંદ, ૨૦૧૬

૩. બાપુના પત્રો–૬, ગં.સ્વ. ગંગાબહેન, મહાદેવભાઈની ડાયરી, ભાગ–૨, ૧૯૩૨

૪. ભોળાભાઈ વી. પટેલ, ગાંધીજીના પ્રશ્નો અને શ્રીમદ્ રાજચંદ્રના જવાબો, અગાસ આશ્રમ, આણંદ, ૨૦૧૨

# ગુજરાતનાં સાંસ્કૃતિક વારસા તરીકે લોકમેળાઓ અને લોકોઉત્સવો

**પરમાર ધરતીબહેન દિવયકાંતભાઈ**

પી.એચ.ડી .સ્કૉલર, સમાજવિધ્યા ભવન,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

પ્રસ્તાવના-:

ગુજરાતની ધરતીને કુદરતે છુટે હાથે સૌદર્ય બક્ષ્યું છે .પૂર્વમાં સહાયદ્રી અને સાતપુડાના પર્વતોની હારમાળા, પશ્ચીમમાં કચ્છનું રણ, ઉત્તરે ગીરીરાજ આબુની ડુંગરમાળા અને દક્ષીણે દમણગંગાનું નૈસર્ગીક સૌદર્ય ધરાવતા ગુજરાતનાં ગૌરવવંતા લોકજીવનના વિસ્તારપટ પર નજર કરીશુ તો સમૃદ્ધ એવી કળા, સંસ્કાર અને સંસ્કૃતિનો મૂલ્યવાન વારસો ધબકતો નજરે પડે છે. લોકસંસ્કૃતિ એટલે આચારમાં અને વિચારમાં કોઈપણ પ્રજાની જે લાક્ષણિકતાઓ કે જીવનરીતિ પરંપરાગત પેઢી દર પેઢી ઊતરતી રહેતી હોય તે એમની સંસ્કૃતિ .લોકસંસ્કૃતિ લોકોના સમગ્રજીવનને આવરી લે છે .લોકો એટલે એવો માનવ સમૂહ કે જે કોઈ એક જ ભૌગોલિક સીમામાં કે સાંપ્રદાયિકવાડામાં બંધાયેલો ન હોય .ગુજરાતમાં દેશી અને વિદેશી ઘણી પ્રજા આવી અને ગઈ . એમાં લાકડાના દેવદેવીઓની પૂજા કરતી ગ્રીક પ્રજા, સૂર્યપૂજાનો સંસ્કાર લઈ આવેલી સિથિયન અથવા સફેદ હુણપ્રજા, માછીમારીનું કામ કરતી નિષાદપ્રજાવગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતમાં ખારવા, કોળી, મિયાણા, બરડાપ્રજા, મેર, બલૂચો, બાબર, ખરક, વણજારા, વાઘેલા, તરગાડા, લુહારીયા, સલાટ, સીદી, જાત, વગેરે પ્રજા ગુજરાતમાં આવીને વસી છે .આ સર્વે પ્રજા અને પ્રદેશોએ વસેલી પ્રજાએ અને તેમની સાથે આવેલ એમના સંપ્રદાયો, સંસ્કારો, રીતીરીવાજો, માન્યતાઓ, એમના સંગીત, નૃત્ય, ચિત્ર, રહેણીકરણી, અને ખાનપાન, માન્યતાઓ અને કલાકારીગીરીએ સાથે મળીને ગુજરાતની લોકસંસ્કૃતિને ઘાટ આપ્યો છે ગુજરાતની લોકસંસ્કૃતિના ઘડતરમાં આ પ્રજા અને પ્રદેશ સમૂહોનું આગવું યોગદાન છે.આમ લોકસંસ્કૃતિએ કોઈ એકલ દોકલ માનવી કે માનવસમૂહનું સર્જન નથી .પણ ઘણી નદીઓમાંથી જેમ મહાનાદ ઊભો થાય તેમ અનેક લોકજાતિઓના સમન્વય સમિશ્રણમાંથી ગુજરાતની લોકસંસ્કૃતિના વિશિષ્ટ સ્વરૂપો સર્જાયા છે આ સ્વરૂપો વડે જ લોકસંસ્કૃતિનું કાઠું બંધાયું છે. લોકજીવનમાં આનંદનો ઉમેરો કરતાં ઉત્સવો, તહેવારો, અને મેળાઓનું મહાત્મય તો વળી અનેરા પ્રકારનું જ છે આદિકાળથી મેળાઓ અને ઉત્સવોની ઉજવણી માનવી કરતો આવ્યો છે.દિવાળી, હોળી, ગોકુળઆઠમ, અખાત્રીજ, દિવાસો, ઉતરાયણ અને વસંતઉત્સવ જેવા ઋતુઓના રંગે ઝીલીને આવતા પર્વ પ્રસંગે જોવા મળતી પરપરાંઓ અનેરી

છે .કેટલાક તહેવારોમાં ગામેગામ મેળાઓનું આયોજન થાય છે .શ્રાવણીપૂનમ, ભાદરવી અમાસ, ભાદરવાની ત્રીજ-ચોથ-પાંચમ જેવા તહેવારોમાં ઠેરઠેર લોકમેળાનું આયોજન થાય છે .ત્યારે ગુજરાતની કલા અને સંસ્કૃતિની જાહોજહાલી પ્રગટ થાય છે .આ લોકોઉત્સવો અને મેળાઓ નાત-જાત, ગરીબ-તવંગર કે ઊંચ-નીચના ભેદભાવ વગર સૌ સાથે મળીને ઉજવે છે .માનવીના હૃદયમાં રહેલા દુ:ખ ને દુર કરી આનંદ ઉલ્લાસ સમગ્ર વાતાવરણમાં પ્રસરી દે છે .ગુજરાત તેના પરંપરાગત મેળાઓ અને તહેવારોના કારણે જગપ્રસિધ છે .

ગુજરાતના સાંસ્કૃતિક વારસા તારીકે લોકમેળાઓ-:

ગુજરાતનાં લોકમેળાઓ સમગ્ર લોકસમુદાય માટે એક વિશેષ મહત્વ ધરાવે છે ગુજરાતમાં કારતક માસથી પ્રારંભ કરીને આસો માસ દરમ્યાન અનેક સ્થળોએ મેળા યોજાય છે . ગુજરાત તેના પરંપરાગત મેળાઓ અને તહેવારોના કારણે જગપ્રસિધ છે .ગુજરાતમાં દરવર્ષે નાનામોટા ૧૬૦૦ ઉપરાંત મેળાઓ યોજાતા હોય છે તેમાંથી ૫૦૦થી વધુ મેળાઓ શ્રાવણમાસમાં યોજાય છે .સૌથી વધુ આશરે ૧૫૯ મેળાઓ સુરત જીલ્લામાં અને સૌથી ઓછા મેળા ડાંગ જીલ્લામાં યોજાય છે.ગુજરાતમાં ૨૮૦ જેટલા વનવાસીઓના મેળા યોજાય છે .સૌથી વધુ ૮૯ પંચમહાલ જિલ્લામાં યોજાય છે .લોક મેળા એટલે મેળાપ જ્યાં જનસમૂહ એકઠો થાય છે .મેળાઓ એટલે મેળાપ –મુલાકાત, એકબીજાને મળવા ભેગા થયેલ જનસમૂહ મંડળ કે ટોળું, સભા, જલસો, મેળાવડો, નક્કી તારીખે અને નક્કી કરેલ સ્થળે ભરાતું વિવિધ વસ્તુઓનું ગંજાવર બજાર.

લોકમેળાનો ઉદ્ભવ -:

સૌ પ્રથમ મેળો કયા ભરાયો હશે તેની સચોટ માહિતી ઉપલબ્ધ નથી, પણ મેળાઓ ઉલ્લેખ પ્રાચીનકાળનાં બે મહાકાવ્યો રામાયણ અને મહાભારતમાં જોવા મળે છે.સામાન્ય રીતે મેળાઓ નદી કિનારે, પર્વતીય પ્રદેશ, વનવિસ્તાર કે ધાર્મિક સ્થળોએ લોકો ભેગા મળી પ્રસંગની ઉજવણી કરી  કે એક સ્થળેથી જીવનજરૂરી ચીજવસ્તુઓ ખરીદવા અથવા એકબીજાને મળવા અને મેળાનો આનંદ મેળવવા ભેગા થતાં .દરેક મેળાઓ નું સ્વરૂપ અને તેમની પ્રવૃતિઓ જુદી જુદી હોય

છે .આપણા પુર્વજોનો મૂળ ઉદેશ્ય આપણી સંસ્કૃતિનું જતન કરવાનો હોવાથી મેળાઓની શરૂઆત થઈ હશે તેમ માની શકાય.

લોકમેળાનું મહત્વ-:

ગુજરાતમાં યોજાતા લોકમેળાઓ મોટાપ્રમાણમાં ધાર્મિક તહેવારો, પ્રસંગો કે માન્યતાઓના અનુસંધાનમાં યોજાય છે.દેવી-દેવતાઓના પર્વ પ્રસંગે યોજાતા મેળાઓમાં લોકસમુદાયની ધાર્મિક ભાવનાથી ભાગ લે છે .સાધુ અને સંતોની સ્મૃતી તેમજ સ્થાનિક દેવતાઓની યાદમાં લોકો ઉત્સાહથી મેળામાં સામેલ થાય છે .મોટાભાગના મેળાઓ વર્ષમાં એક વખત યોજવામાં આવે છે .છતાં કેટલાક ખાસ કરીને આદિવાસી વિસ્તારના મેળાઓ જે હાટમેળાઓ તરીકે ઓળખાય છે .હાટમેળાઓ દર અઠવાડિએ યોજવામાં આવે છે .સ્થાનિક મેળાઓ એકાદ દિવસ પૂરતા હોય છે.પરંતુ તરણેતર, ભવનાથ અને માધવરાયના મેળા જેવા કેટલાક મેળાઓ પાંચ કે સાત કે વધુ દિવસો સુધી ચાલે છે.આ લોકમેળાઓ ગુજરાતમાં ઠેરઠેર વર્ષોથી ઊજવાતા આવ્યા છે.વર્ષો પહેલા આજે છે એવા મનોરંજનના સાધનો પ્રાપ્ય ન હતા .વાહન-વ્યવહારનાં સાધનો ન હતા .લોકોને જીવન -જરૂરીયાતની વસ્તુઓનો લાંબો સમય સંગ્રહ કરવાનાં સાધન પણ ન હતા એટલે લોકમેળાઓ લોકો ને તેમની જરૂરીયાત ના સાધન સામગ્રી પુરૂ કરવાનું માધ્યમ તેમજ મનોરંજન માટે નું સ્થળ પણ બની રહેતું .આ મેળાઓમાં લોકસમુદાયને આકર્ષતા અનેક તત્વો હોય છે.મીઠાઈ, ઝવેરાત, રમકડાં અને આવી બીજી એનેક લોકસમુદાયને આકર્ષક ચીજવસ્તુઓથી ઉભરાતી હાટડીઓ, રંગબેરંગી પોષાક અને ઝગમગતા આભૂષણોથી સજ્જ યુવતીઓ અને યુવાનો, રાસગરબા અને દુહાનો કાર્યક્રમો આ બધા તત્વો લોકમેળાઓને વધુ આકર્ષક બનાવે છે .એમાં મોહક યુવક યુવતીઓ ઉપરાંત નાના નિર્દોષ બાળકોથી માંડીને જમાનો જોયેલ અનુભવી સ્ત્રી-પુરુષ પણ ઉમટી પડે છે .તેમણે માટે મેળાઓ ધાર્મિક યાત્રા બની રહે છે .ગુજરાતનાં લોકમેળાઓની આ એક આગવી વિશિષ્ટતા છે .આમ ગુજરાતના કેટલાક પ્રચલિત મેળાઓનો ધાર્મિક-સામાજીક-સાંસ્કૃતિક પરીપ્રેક્ષ્ય માં અભ્યાસ કરીએ .

*<u>તરણેતર નો મેળો -:</u>

સુરેન્દ્રનગર જીલ્લામાં તરણેતર નામના ગામમાં ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદીરના પ્રાંગણમાં ભાદરવાસુદ ૩-૪-૫ એમ ત્રણ દીવસ ભારતભારનો પ્રખ્યાત મેળો ભરાય છે .આ ત્રણ દિવસના ભાતીગળ મેળામાં સમગ્રભારતના અને ભારતદર્શન માટે આવેલા વિદેશીઓ પણ આ મેળો જોવા આવે છે.આ વિસ્તારનું પૌરાણિક મહત્વ પણ ખૂબ છે .એવું મનાય છે કે આ સ્થાને દ્રોપદી જન્મ, દ્રોપદી સ્વયંવર અને અર્જુને માછલીની આંખમાં બાણ માર્યું હતું તે આ સ્થળ છે.આ પૌરાણીક પરંપરાના ભાગરૂપે મેળામાં લગ્નનું બજાર ભરાય છે .આ મેળામાં હાટડીઓ મંડાય છે કુંવારી કન્યાઓ તથા મસ્તીભરી સુહાગણી મેળામાંથી ચૂડાઓ, પ્રસાધનના સાધનો વગેરે ખરીદે છે.આ મેળાનું રોમાંચક અંગ રાસડા, ઢોલ, તથા જોડીયા પાવાના સૂર અને તેની તાલમાં ગોળ વર્તુળ મોહક રીતે ઘૂમતી નાચતી કાઠી, કોલઈ, રબારી, ભરવાડ, અને અન્ય લોકસમુદાયની સેકડો સ્ત્રીઓ મેળામાં આકર્ષણ ઊભું કરે છે .રાસગરબા અને રમતગમત ની અનેક સ્પર્ધાઓ યોજવામાં આવે છે .આમ પૌરાણીક અને સામાજીક પરંપરાની સંસ્કૃતિને જાળવી રાખતો આ મેળો લોકસમુદાય માટે એક અનોખો અને અણમોલ અવસર બની રહે છે .

*<u>વૌઠાનો મેળો-:</u>

અમદાવાદ જીલ્લાના ધોળકા તાલુકાના વૌઠા ગામમાં કાર્તિકી અગિયારસથી પૂર્ણિમા સુધી આ મેળો ભરાય છે .વૌઠાના મેળાનો ઉલ્લેખ પુરાણકથાઓમાં પણ જોવા મળે છે વૌઠાના વિસ્તારમાં સાબરમતી, વાત્રક, હાથમતી, ખારી, મેશ્વો, માઝુમ, અને શેઢી એમ સાત નદીઓનો સંગમ થતો હોવાથી તે સપ્ત સંગમ તરીકે પણ પ્રચલીત છે.અહીં ભાગવાં શિવ, પાર્વતી, અને કાર્તિકેય પણ આ સ્થળની મુલાકાત લીધી હોવાનું મનાય છે .મેળાની વિશેષતા એ છે કે .અહી ફક્ત પશુઓનો જ વેપાર થાય છે .જેમાં ૪૦૦૦ જેટલા ગધેડાનો અને ઊંટનો વેપાર થાય છે .આ મેળામાં વણઝારા જાતિના લોકો વધુ આવે છે .મેળામાં શણગાર સજેલ ગધેડાઓ અને ઊંટ પણ આકર્ષણ જમાવે છે .આમ .આવા પૌરાણિક, ધાર્મિક અને સામાજીક સંસ્કૃતિને જાળવી રાખતા મેળામાં

પાંચલાખથી પણ વધુ લોકો ઉમટે  છે .અને ભગવાન સિધ્ધનાથ મહાદેવના દર્શન અને મેળાઓ લાભ લે છે .

*ભવનાથ મહાદેવનો- શિવરાત્રીનો મેળો -:

જૂનાગઠના ગિરનારની તળેટીમાં સુવર્ણરેખા નદીના કિનારે ભવનાથ મહાદેવનું પ્રાચીન મંદીર આવેલું છે .ભવનાથ મહાદેવના મંદીરમાં શિવરાત્રીના દિવસે મેળો ભરાય છે.મહાશિવરાત્રીની મધ્યરાત્રીએ  ભગવાન ભવનાથની મહાપૂજા થાય છે .ચાર દીવસ માટે અહી મેળો ભરાય છે .શિવરાત્રીની મહાપૂજાનાં દર્શન કરવા અને મેળામાં ભાગ લેવા આસપાસના વિસ્તારમાંથી નાગાબાવાઓ ઉમટી પડે છે .નાચતાં ગાતા શંખધ્વનિ કરતાં ને જાતજાતના વાધ્યો વગાડતા મહાદેવાનો જયનાદ કરતાં આ બાવાઓનાં ઝુંડ ભવનાથ મહાદેવમાં અનોખી આસ્થા ધરાવે છે .ગુજરાત અને સૌરાષ્ટમાંથી લગભગ ત્રણ લાખ જેટલા લોકો મેળાનો આનંદ માળવા આવે છે .જૂનાગઢમાં ગીરનારનું આધ્યાત્મિક સ્વરૂપ ભવનાથનાં મેળાના દિવસોમાં જાણે ઝળહળી ઉઠે છે .

*શામળાજીનો મેળો -:

કાર્તિકી પૂર્ણિમાએ ગુજરાત અને રાજસ્થાનાની સીમા રેખા પાસે મેશ્વો નદીને કાંઠે આવેલા શામળાજી મંદીરના પ્રાંગણમાં મેળો ભરાય છે.આ મેળામાં દૂરદૂરથી રંગબેરંગી વસ્ત્રો પહેરીને અસંખ્ય લોકો આવે છે, જેમાં મુખ્યત્વે ગરાસીયા કોમના લોકો વિશેષ જોવા મળે છે.આ મેળામાં આદીવાસીઓ વિશાળ સંખ્યામાં હાજરી આપે છે .આ લોકો શામલાજીમાં અખૂટ શ્રધ્ધા ધરાવે છે .આ મેળો અરવલ્લીના પહાડો વચ્ચે રંગભર્યો ઉત્સવ બની રહે છે.

*માધવરાયનો મેળો -:

પોરબંદર નજીકના માધવપુર ગામે આ લોકમેળો દર વર્ષે મોટા ધામધૂમથી યોજાય છે.ચૈત્ર સુદી નોમથી તેરસ સુધી માધવરાય એટલે કે ભગવાન શ્રીકૃષ્ણ અને રૂકમણીનો વિવાહ પ્રસંગ યોજાય છે .આ લગ્ન સમારંભને માણવા દેશભરમાંથી શ્રીકૃષ્ણના ભક્તજનો એકઠા થાય છે .

આ લગ્ન અંગેના ગણેશસ્થાપન, મંડપ-વિધી, વરઘોડી, સ્વયંવર-વધી વગેરે પ્રસંગો અહી વિધિવત પૂરી ધામધૂમથી પાંચ દિવસ સુધી ઉજવાય છે અને રંગબેરંગી વસ્ત્રો પહેરી ગુજરાતભરનો લોકસમુદાય આ મેળામાં માણે છે .

*નકળંગનો મેળો-:

ભાવનગર જીલ્લાના કોળીયાકમાં ભાદરવી અમાસે ભરાતો નકળંગનો મેળો દરીયા કિનારે નકળંગ મહાદેવના મંદીરે ભરાય છે .ભાદરવા મહિનાની અમાસે મેળાનું આયોજન થાય છે.મહાભારતમાં જ્યારે કૌરવો અને પાંડવોનું યુદ્ધ સમાપ્ત થયું ત્યારે પાંડવો તેમની માતા કુંતાજી પાસે ગયા.કુંતામાતા સમગ્ર હકીકત જાણીને બોલ્યા કે તમે હવે હિમાળો ગાળો અર્થાત હવે હિમાલયમાં સમાધિષ્ટ થાઓ .માતાની સલાહ મુજબ પાંડવો હિમાલય પહોંચ્યા .પરંતુ પર્વતાધિરાજ હિમાલયે પણ તેઓને કુળ બંધુઓનો નાશ કરનાર પાપી ગણ્યા .હિમાલયે તેઓને સાચવવાની ના પાડી .હિમાલયની પરવાનગી માંગી પાંડવો પોતાના પાપ નિષ્કલંક કરવા કાળી ધજા લઈ નીકળી પડ્યા .હિમાલયના જણાવ્યા પ્રમાણે જ્યાં આ ધજા સફેદ થઈ જાય ત્યાં તેઓના પાપનો નાશ થયો તેમ સમજવું.પાંડવો ભ્રમણ કરતાં કરતાં ભાવનગર પાસે હાથક ગામ પાસે આવી પહોંચ્યા અને ત્યાં તેમની અડધી ધજા સફેદ થઈ ગઈ .પાંડવો સમજી ગયા કે તેઓ યોગ્ય સ્થળે આવી ગયા છે .અને ભાવનગરના કોળીયાક પાસે પહોંચતા અમાસ ના કારણે દારીયામાં ઓટ આવતા દારીયામાં અઢી-ત્રણ કિલોમીટર ચાલી ને નિષ્કલંક મહાદેવ ના મંદીરની સ્થાપના કરી અને ત્યારથી ભાદરવા મહિનામાં ત્યાં મેળો ભરાય છે અને ગુજરાતભરમાંથી લોકો મેળામાં સામેલ થવા જાય છે .

*કચ્છના મેળા -:

કચ્છની સંસ્કૃતિ, કલા અને રીવાજો બધાથી અનોખા છે .ભારતના સૌથી મોટા કચ્છ જીલ્લામાં મુખ્ય ૧૨ મેળાઓ વર્ષ દરમ્યાન યોજાય છે .કચ્છ જીલ્લાના મુખ્ય મથક ભુજમાં શીતળા સાતમનો, હાજીપીરનો મેળો, દાદા મેકરણનો મેળો, જખનો મેળો, કારોલપીરનો મેળો, માંડવીમાં જન્માષ્ટમીએ યોજાતી રવાડી રથયાત્રા, તલવાણામાં ચૈત્ર માસના બીજા સોમવારે યોજાતો રૂકનસા પીર મેળો, માંડવીમાં ચૈત્ર વદ તેરસનો શીતળામાતાનો મેળો, અંજારમાં શ્રાવણ વદ ૧૫ નો મેળો,

કુબેર પીરનો મેળો, જેસલતોરલનો મેળો, રાવેચીમાતાનો મેળાનો સમાવેશ થાય છે .આ મેળાઓમાં લોકસંસ્કૃતિ ની ઝલક જોવા મળે છે .કચ્છની અનોખી સંસ્કૃતિના અનોખા રીતરીવાજો પ્રવાસીઓ માટે અને તેમના જીવનનો નુતન અનુભવનો લહાવો લેવા સર્જાયા હોય તેવું લાગે છે .

*રૂપાલની પલ્લીનો મેળો-:

ગુજરાતનાં પાટનગર ગાંધીનગરથી પંદર કિ.મી .ના અંતરે આવેલ રૂપાલ ગામમાં દર વર્ષે નવરાત્રી દરમ્યાન આ મેળો ભરાય છે .વરદાયની માતાના શ્રદ્ધાળુ ભક્તોએ દિવસે માતાની પાલખીને ઊંચકીને ગામમાં ફરે છે .દેવીને પ્રસન્ન કરવા એમને પ્રમાણમાં ચોખ્ખું ઘી ધરાવાય છે . દેવીની પલ્લી-પાલખીને ઉચકીને જતો લાંબો વરઘોડોએ આ મેળાની વિશિષ્ટતા છે .માતાજીની પલ્લીના દર્શન કરવા અને મેળામાં ભાગ લેવા રૂપાલની આસપાસના ગામોમાંથી મોટો લોકસમુદાય અહી ઉમટી પડે છે .

*ચિત્ર-વિચિત્રેશ્વરનો મેળો -:

ગુજરાતનાં સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના દેલવાડા ગામથી માત્ર દોઢેક કિ .મિ .ના અંતરે આવેલા ગુણભાખરી ગામમાં ચિત્ર-વિચિત્ર મેળો યોજાય છે .હોળી પછીના ચૌદમાં દિવસે નદીકિનારે મેળો ભરાય છે.મહાભારતના ચિત્રવીર અને વિચીત્રવીર ની યાદમાં દર વર્ષે મેળા નું આયોજન થાય છે .આદીવાસી સ્ત્રી-પુરૂષો આ મેળામાં આવે છે .અને એમના સ્વજનોને રોગ-પીડાથી મુક્ત કરવાની માનતા માને છે .આદીવાસી સંસ્કૃતિને નજીકથી જાણવા અને માણવા માટે આ મેળાની મુલાકાત લેવા જેવી છે .

*શાહઆલમ અને સરખેજના મેળા -:

ગુજરાતભરમાં ભરાતા ૧૭૫ જેટલા મુસ્લિમ મેળાઓમાં સૌથી વધુ મેળાઓ અમદાવાદ, ભરૂચ અને સુરતમાં યોજાય છે .જેમાંના બે સુપ્રસિધ્ધ મેળાઓ મહત્વના છે .અને તે અમદાવાદ માં યોજાય છે . સરખેજનો મેળો સંત શાહઅહેમદ ગંજબક્ષસાહેબની કબર પાસે તળાવના કાંઠે યોજાય છે.સંત શાહઅહેમદ ખટ્ટુ ગંજબક્ષ અમદાવાદના સ્થાપક સુલતાન અહમદશાહ બાદશાહના માનીતા હતા, તેમનું અવસાન થતાં તેમની કબર સરખેજમાં તળાવના કાંઠે બાંધવામાં આવી અને ત્યાં ધાર્મિક

મેળાનું આયોજન થાય છે .શાહઆલમમાં શાહઆલમપીર ની યાદમાં શાહઆલમ મેળાનું આયોજન કરવામાં આવે છે .

આમ ગુજરાતમાં ઉપરોક્ત દર્શાવ્યા મુજબના અનેક મેળાઓ યોજાય છે તેમજ તે ઉપરાંત અંબાજીમાતા નો મેળો જે બનાસકાઠા જીલ્લાના દાતા તાલુકામાં અંબાજીમાતા ના પ્રાંગણે કારતક, ચૈત્ર, ભાદરવો, અને આસો મહિનામાં મોટા મેળાનું આયોજન થાય છે, માણેકઠારી પૂનમનો મેળો આશો સુદ ૧૫ ના રોજ ડાકોર માં ધામધુમથી શ્રીકૃષ્ણના ભજન કીર્તન અને આસ્થાના સ્વરૂપ સમાન મેળો ભરાય છે.મેઘરાજાની છડીનો મેળો ભરૂચ જીલ્લામાં દર વર્ષે શ્રાવણ વદ નોમના દીવસે મેઘરાજાની છડી ઝૂલાવવાનો ઉત્સવ ઉજવવામાં આવે છે, ગોળ-ગધેડાનો મેળો પંચમહાલના આદીવાસી વિસ્તારમાં હોળી-ધૂળેટીના તહેવાર પછી આ મેળાનું આયોજન કરવામાં આવે છે, ચૂલનો મેળો આદીવાસી વિસ્તારમાં અનેક જગ્યાએ હોળી પછીના બીજા દીવસે ચૂલનો મેળાનું આયોજન થાય છે ગામની બહાર મોટો લંબચોરસ ચૂલો પ્રગટાવી તેના પર આદીવાસી સ્ત્રી પૂરૂષો અગ્નિમાંથી પસાર થાય છે અને અગ્નિ તેમને દઝાડતી પણ નથી આમ આદીવાસી લોકો પોતાના કુટુંબ, સંતાનો અને ઢોરઢાંખરોનું અગ્નિ દેવતા રક્ષણ કરે છે તેવી માન્યત ધરાવે છે .અને ચૂલાના મેળાનો આનંદ માળે છે .ગુજરાતમાં વિવિધ મેળાઓનું આયોજન થાય છે .અને તે મેળામાં વિવિધ સંસ્કૃતિ અને લોકોની પરંપરાઓ, પહેરવેશ, ખાન-પાન વગેરે વિવિધતા નો આનંદ માણવામાં આવે છે .

<u>લોકઉત્સવો-:</u>

મહાકવિ કાલિદાસે શાકુન્તલમાં સાચું જ કહ્યું છે કે'.ઉત્સવ પ્રિયા :ખલુ જના ':માનવીને ઉત્સવ અત્યંત વહાલો છે.વિવેકયુક્ત ઉત્સવો ધર્મરક્ષક અને ભાવનાપોષક છે .ઉત્સવ શબ્દ ઉદ+સ ધાતુમાંથી બન્યો છે .માનવજાતને સાર્થક કરે એનું નામ ઉત્સવ .દુનિયાની કોઈ પણ પ્રજા ઊત્સવવિહોણી નથી .લોકજીવનનું દૈવત એના સાંસ્કૃતિક લોકાઉત્સવમાં દ્રષ્ટીગોચર થાય છે. ગુજરાતની સાંસ્કૃતિક એકતાના મૂળ લોકઉત્સવમાં જ છે.માનવી ને લોકાઉત્સવો સાત્વિક આનંદ આપે છે .જીવન જીવવાનો ઉત્સાહ ટકાવી રાખે છે.જીવનમાં વ્યક્તિગત, કૌટુંબિક, આર્થિક, માનસિક, શારીરીક એવી અનેક સમસ્યાઓનો સામનો કરવામાં આ ઉત્સવો માનવીને પ્રેરણા અને શક્તિ પૂરી

પાડે છે .ઉત્સવવિહોણાં માનવીની કલ્પના કરવી પણ મુશ્કેલ છે .લોકઉત્સવો લોકો દ્વારા નાતજાત, ગરીબ-તવંગર, કે ઊંચ-નીચના ભેદભાવ વગર સૌ સાથે મળી ઉજવાય છે .સર્વલોકોમાં એકતાની ભાવના જગાડે છે.માનવ મનમાં રહેલા જૂના દૂ:ખ, વેર-ઝેર, કલેશ, અને રાગદ્વેષ ભૂલી જઇ સૌ સાથે મળી ઉત્સવનો આનંદ માણે છે.લોકાઉત્સવ લોકોને આનંદ જ નથી આપતા પણ માનવીને ઈશ્વર તરફ અભિમુખ કરે છે .અને લોકોમાં કલાભાવનાને ખીલવે છે .ઉત્સવો પ્રસંગે શેરીઓ સ્વચ્છ બને છે . ઘરના આંગણાં સોહિ ઉઠે છે .કળામય રીતે દીપ પ્રગટાવાય છે.ઘરે ઘરે રંગોળી, સાથીયાને પ્રતીકચીત્રો આલેખાય છે.ઘર અને બળદોને ભાતીગળ ભરતચિત્રથી શણગારવામાં આવે છે . ચોકમાં કે શેરીઓમાં ગરબા, રાસ, હીંચ, હમચી જેવા નૃત્યો યોજાય છે

ભારતની સંસ્કૃતિ અતિ પ્રાચીન છે તેમ એટલી જ ભાતીગળ છે.અહીની પ્રજા પરંપરાપૂર્વક સેકડો વર્ષોથી વિવિધ પ્રકારના ઉત્સવો ઉજવતી આવી છે.અહી અનેક ધર્મો છે, અનેક જાતિઓ છે, અનેક પ્રદેશો છે અને દરેક ના વિશિષ્ટ ઉત્સવો છે.આમ છતાં કેટલાક ઉત્સવો ભારતભરમાં ધર્મ, પ્રદેશ કે નાત-જાત ભેદભાવ વિના સમાન રીતે સહુ ઉજવે છે .મકરસંક્રાંતિ, વસંતપંચમી, હોળી, દિવાળી, રામનવમી, જન્માષ્ટમી, શિવરાત્રી, નવરાત્રી, આદીવાસીઓના ઉત્સવો આવા અનેક ઉત્સવો ઉજવવામાં આવે છે .ગુજરાતની સમગ્ર પ્રજા સમાન રીતે ઉત્સવોની ઉજવણી કરે છે .

હોળી -:હોળીનો તહેવાર સમગ્ર ગુજરાત ઉજવે છે .ઋતુપરીવર્તનનો રંગોત્સવ એટલે હોળીનો તહેવાર .ફાગણ એ ઋતુસંધિનો મહિનો ગણાય છે.ફાગણ સુદ પૂનમના દિવસે ગુજરાતનાં ગામેગામો હોળી પ્રગટાવવામાં આવે છે.ગામ લોકો હોળીમાતાનાં દર્શન કરી હોળીમાં ધાણી-ચણાને ખજૂર નાખે છે.હોળીમાતાની પૂજા કરે છે અને ઘરના લોકોની સુખશાંતિ માટેની પ્રાથના કરે છે .

અખાત્રીજ -:વૈશાખાસુદ ત્રીજાના દીવસે આવતી અખાત્રીજ ખેડૂતો માટે મહત્વની ગણાય છે અખાત્રીજ એટલે અક્ષયતૃતીયા .અખાત્રીજાના દીવસે ખેડૂતો પોતાના બળદો અને ઢોરને શણગારી ખેતરમાં હળ હાંકી નવાવર્ષ ની શરૂઆત કરે છે.ગામને પાદરે પોતાના બળદો ને શણગારી શાંતીદોડમાં જોડાય છે અને જે શાંતી દોડમાં પ્રથમ આવે તેને ગામના મુખીયા દ્વારા સન્માન

કરવામાં આવે છે .ડાંગ, પંચમહાલના આદીવાદી વિસ્તારોમાં અખાત્રીજાના દીવસે વસંતઉત્સવ અખાત્રીજ સુધી ઉજવે છે શ્રદ્ધાળુઓ બ્રાહમણોને દાન આપે છે .

નાગપાંચમ અને શીતળા સાતમ અને જન્માષ્ટમી -:શ્રાવણવદ પાંચમ નો ઉત્સવ આપણા ગુજરાતમાં નાગપાંચમ તરીકે ઉજવાય છે રાત-દીવસ ખેતરમાં કામ કરતાં ખેડૂતો અને માલધારી પ્રજા નાગદાદા તેમનું અને તેમના પશુધનનું રક્ષણ કરે તે માટે પ્રાથના કરે છે .ઘરની મહિલાઓ ઘરની પાણીયારીએ નાગદેવ નું કંકુથી ચિત્ર દોરી તેની પૂજા કરી નાગદેવતાને બાજરીના લોટ ની કુલેર અને ફણગાવેલ માંગ નો પ્રસાદ કરે છે .શ્રાવણ વદ સાતમ ના ઉત્સવ ને શીતળાસાતમ તરીકે મનાવવામાં આવે છે .સાતમના દીવસે શીતળામાતા ની પૂજા કરવામાં આવે છે .આ દીવસે સ્ત્રીઓ પોતાના ઘર ના ચૂલા ઠારી ચૂલાની પૂજા કરી છઠ ના દીવસે બાનાવેલું ભોજન જમે છે.જન્માષ્ટમી એ શ્રાવણ વદ આઠમ ના રોજ મનાવવામાં આવતો તહેવાર છે જે ગોકુળ આઠમ તરીકે પણ ઓળખાય છે .જન્માષ્ટમી ભગવાન શ્રીકૃષ્ણની જન્મોત્સવ તરીકે મનાવવામાં આવે છે .શ્રીકૃષ્ણના મંદીરોમાં અને મેળાઓમાં મટકીફોળ નો કાર્યક્રમ યોજાય છે .રાત્રીના સમયે ભગવાન નો જન્મોત્સવ ઉજવવામાં આવે છે .અને ભગવાનના પારણું બાંધી રાત્રીના ભજન કીર્તન નો કાર્યક્રમ યોજવામાં આવે છે.

મેઘરાજાની છડી મહોત્સવ -:ઇન્દ્ર એ વર્ષાના અધિષ્ઠાતા દેવ ગણાય છે.ભરૂચ જીલ્લાના ભિલ લોકો મેઘરાજા ઇન્દ્રને દેવ માનીને તેમની પૂજા કરે છે.અષાઢ સુદ દશમના દિવસે ઇંદ્રરાજાની છડીનો ઉત્સવ ઉજવે છે.મેઘરાજાને પોતાના કુળદેવતા માનતી આ પરાજય એ દિવસે પોતાના ગામ મેઘરાજાની માટીની બનાવેલી પ્રતિમાની દસ દીવસ પૂજા કરે છે .અને ભજનકીર્તન કરે છે . મેઘરાજાને રીઝવવા માટે આ મહોત્સવ ની ઉજવણી ધામધુમથી કરવામાં આવે છે .

નવરાત્રી -:લોકજીવનમાં શક્તિપૂજાનું સ્થાન ઘણું મહત્વનું રહ્યું છે .નવરાત્રી એટલે શક્તિની ભક્તિનો ઉત્સવ .નવરાત્રીનો ઉત્સવ લોકજીવનમાં નોરતાના નામે ઓળખાય છે.નોરતા એટલે દૈવીશક્તિનો આસુરી શક્તિપરના વિજયનો ઉત્સવ .નોરતામાં નવ દિવસ માતા ની ભકતીભાવ થી પૂજા અર્ચના કરવામાં આવે છે .તેમજ મહિલાઓ, બાળકો, પુરૂષો દ્વારા માતાના ગરબા કરવામાં

આવે છે તેમજ ગામ ના ચોકમાં માતા ના માટીનો ગરબો મૂકી તેમાં દીવો કરી તેની ફરતે ગરબા રમવામાં આવે છે .નોરતાના પર્વ નો ભક્તિભાવ પૂર્વક ઉજવવામાં આવે છે .

વિજયાદશમી -:મહિષાસુર રાક્ષસ પર દેવી દુર્ગાના વિજયનો ઉત્સવ એ જ દશેરા .આ તહેવાર વિજયાદશમી તરીકે પણ ઓળખાય છે .ભગાવાન રામે રાવણ પર વિજયનો તહેવાર અસત્ય પર સત્ય નો વિજય, પાપ ઉપર પુણ્યનો અને દુરાચાર પર સદાચારના વિજય નું પ્રતિક એટલે વિજયાદશમી .

દિવાળી -:દિવાળી એટલે ઝગમગતા દીવાડાઓનો ઉત્સવ .આ પર્વ ભારતવર્ષ નો અતિ પ્રાચીન લોકઉત્સવ છે.દીવાળીનો તહેવાર લોકોમાં આનંદ અને ઉત્સાહનો સંચાર કરે છે.દિપોત્સવનો તહેવારે ઐશ્વર્યની દેવી મહાલક્ષ્મીની પ્રસન્નતા માટેની પૂજાનું પર્વ છે .ધનતેરસના દિવસથી દીવાળીનો આરંભ થઈ જાય છે.લોકો પોતાના ઘરને સજાવી, નવા કપડાં પહેરી તેમજ રાત્રે દીપ પ્રગટાવી તહેવાર ની મજા માળે છે લોકોમાં રહેલા ભેદભાવ ને દૂર કરવાનું એક સારો પર્વ બની રહે છે .નાના બાળકોથી માંડી મોટા ઘરના સભ્યો ભેગા મળી ફટાકડા ફોડવાનો આનંદ માણે છે .એકબીજા ઘરે જઈ એકબીજાને મીઠાઈઓ ખવડાવી એકબીજાનું અભિવાદન કરે છે.

અન્ય ઉત્સવો -:ગુજરાતનાં લોકજીવનમાં વર્ષ દરમ્યાન નાના-મોટા અનેક ઉત્સવો ઉજવાય છે.ગુજરાત નાં લોકસમુદાય ના વિશિષ્ટ ઉત્સવો માં સુરત અને ભરૂચ જીલ્લાના ખારવા લોકો માં ઉજવાતો ઘોઘારાયની છડીનો ઉત્સવ, સૌરાષ્ટના મહુવા નજીક કટપર ગામના કોળીઓ દ્વારા ઉજવાતો દરીયાપીરનો ઉત્સવ, સૌરાષ્ટના રબારીઓનો મોમાઈ માતાનો મહોત્સવ, ઉત્તર ગુજરાતનાં પાટીદારોનો હલોટરા ઉત્સવ, આદીવાસીઓના ઉત્સવો વગેરેનો સમાવેશ થાય છે .આ સઘડા ઉત્સવો સાંપ્રદાયિક એકતા જાળવવામાં, માનવહદયમાં શ્રધ્ધાનો દીપક પ્રગટેલો રાખવામાં અને જીવનને શક્તિ અને શાંતિ અર્પવામાં ઘણા સહાયરૂપ થાય છે .

ઉપસંહાર -:

લોકમેળાઓ અને લોકઉત્સવો ગુજરાતનાં સમગ્ર લોકસમુદાય માટે સવિશેષ મહત્વ ધરાવે છે .સમગ્ર લોકોના જીવનમાં આનંદ અને ઉત્સાહ પ્રગટાવનાર અવસર બની રહે છે.લોકો ઉત્સવો એન મેળાઓના પરીણામે લોકો ને સમુહમાં હરવા ફરવાનો અને ઘરની બહાર મુક્ત વાતાવરણમાં વિહારવાનો અને આનંદીત થવાનો પર્વ બને છે.લોકજીવનનું દૈવત એના સાંસ્કૃતિક લોકઉત્સવો અને લોકમેળામાં દ્રષ્ટીગોચર થાય છે .ગુજરાતની સાંસ્કૃતિક એકતાના મૂળ લોકઉત્સવો અને લોકમેળામાં જ પડેલા છે .આમ લોકજીવનના સાંસ્કૃતિક ઘડતરમાં મેળાઓ અને ઉત્સવોનો ફાળો મૂલ્યવાન રહ્યો છે .

સંદર્ભસૂચિ -:

1. ડૉ .હસુમતાબેન શશીકાંત સેદાણી, ગુજરાતની લોકસંસ્કૃતિ, યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ, પાંચમી આવૃતિ-૨૦૧૭ .
2. જોરાવરસિંહ જાદવ, ગુજરાતની લોકસાંસ્કૃતિ વિરાસત , સરકારી ફોટો લિથો પ્રેસ, અમદાવાદ, ૨૦૧૦ .
3. જોરાવરસિંહ જાદવ, ગુજરાતનો લોકકલા વૈભવ, , સરકારી ફોટો લિથો પ્રેસ, અમદાવાદ, ૨૦૧૯-૨૦૨૦ .
4. જોરાવરસિંહ જાદવ, લોકસંસ્કૃતિ : ગુજરાતની લોકસંસ્કૃતિ, ૧૯૭૬

Website:-

1. www.marugujarat.in
2. https://gu.m.wikipedia.org
3. https://.skillyuva.com
4. https://gujaratgk1.biogspot.com
5. https:// tribal.gujarat.gov.in
6. https://en.m.wikipedia.org

## રબારી સમાજની ધાર્મિકતા

દેસાઇ પરેશભાઇ બાબુભાઇ
પીએચ.ડી. સ્ટુડન્ટ

હેમ.ઉ.ગુ.યુનિ.પાટણ

ધર્મ વિના જગતમાં કોઇનો ઉધ્ધાર નથી. ધર્મ થકી જીવન છે અને ધર્મ સાચી સમજ આપે છે. સાચા સંતો, ગુરુઓ આપણને સદ્માર્ગે વાળે છે. રબારી સમાજ પણ ધર્મમાં અપાર શ્રધ્ધા અને વિશ્વાસ ધરાવે છે. રબારીની તમામ શાખોમાં એક પોતાની કુળદેવી અને બીજી અનેક માતાજીઓનો પૂજે છે. ચૈત્રની નવરાત્રિમાં આસોની નવરાત્રિમાં, તે આ દેવ–દેવીઓની પૂજા–અર્ચના કરે છે. દરરોજ જેવા આવડે તેવા દિવા–અગરબત્તી આરતી કરી પ્રભુસ્મરણનો સંતોષ મેળવે છે. અને માતાજીના હુકમો માની પોતાની જીવનપાટીને સુધારે છે. માતાજીના ભુવાજીને માતાનું સાક્ષાત્ રૂપ માને છે. અને તેમના વચનો શિરોમાન્ય રાખે છે. આ ઉપરાંત એના ઈષ્ટદેવો, એના ધાર્મિક સ્થળો, એના ધર્મગુરુઓ પ્રત્યે તે અપાર મમતા ધરાવે છે.

**આદ્યશકિત :**

રબારી હોય કે ભરવાડ હોય કે હિંદુ ધર્મી કોઇપણ કુટુંબ હોય તે પછી શૈવ સંપ્રદાયી હોય કે વિષ્ણુ સંપ્રદાયી હોય પણ તે સર્વને કુળદેવી અચૂક હોય છે. આમ તો આદ્યશકિતની આરાધનાનું વર્ગીકરણ શૈવસંપ્રદાયની એક શાખા તરીકે હાકત સંપ્રદાયમાં કરવામાં આવે છે. પણ વિષ્ણુ સંપ્રદાયના કુટુંબો પણ કુળદેવી વગરના નથી. હકીકતે તો વેદકાળ પૂર્વેથી સુરી અને આસુરી સ્વરૂપોની દેવીઓની પૂજાઅર્ચના અતિપ્રાચીન કાળથી અસ્તિત્વમાં છે અને તે આજદિન સુધી યથાવત છે. આજે પણ તે એક જીવંત ધર્મ છે. આથી અનેક આસુરી અને સુરી શકિતની દેવદેવીઓની દશ્ય તથા અદશ્ય સ્વરૂપની યા તેના પ્રતીક ભારતના ખૂણે ખૂણે જોવા મળે છે. આસુરી શકિતને પ્રસન્ન કરવા પશુ બલિ ધરાવતો આવ્યો છે. જયારે સુરી યા સાત્વિક શકિતની દેવીને મીઠો ભોગ ધરાવતો આવ્યો છે. દુર્ગા, ચામુંડા વગેરે તો સર્વત્ર છે અને તેના આસુરી અને સુરી બંને શકિતના સ્વરૂપો અસ્તિત્વમાં છે.[૧]

આ આદ્યશકિતના પૂજા અર્ચનાના સ્વરૂપો બદલાતા રહયા છે. રબારીમાં ઉત્તર ગુજરાત અને રાજસ્થાન વિસ્તારમાં રણુજાના રાજા રામદેવપીરની અનેક ચમત્કારિક ગાથા સાંભળવા મળે છે અને આ વર્ગને તેમાં અટલ શ્રધ્ધ છે. તે મૂળે આદ્યશકિતની પૂજાનું બદલાયેલું સ્વરૂપ છે. કાળાન્તરે પ્રવેશેલા 'મહાપંથ', 'મોટો પંથ' યા 'બીજ માર્ગ' યા 'વામ માર્ગ'ને નામે ઓળખાતો પંથ પણ આનો જ એક ફાંટો છે પણ તેમાં સાર્વત્રિક પૂજા હોતી નથી. પણ તેના ગુપ્ત મંડળો હોય છે. અને તેની ગુપ્તતા જળવાય છે. આ પણ એક પ્રકારની આદ્યશકિતની જ પૂજા છે. તેમાં પ્રત્યક્ષ સ્ત્રીને દેવી તરીકે સ્થાયી અન્ય વિધિ ઉપવિધિ અને તાંત્રિક વિધિઓ હોય છે. તેમાં કોઈપણ જાતનો જ્ઞાતિ, જાતિ, વંશ, કૌટુંબિક સંબંધ, સ્ત્રી–પુરુષ, વર્ણરંગનો કોઇપણ ભેદ રખાતો નથી. દિવ્યતા અને આત્માને કોઇ જાતિ નથી.

**ભૂવા :**

રબારી સમાજમાં દરેકને શાખવાર કૂળદેવીઓ અલગ અલગ હોય છે અને તેના પણ પરંપરાગત અલગ હોય છે. અહી દેવીઓના મઢમાં પૂજારીઓ કે બ્રાહમણો હોતા પણ આ વર્ગના 'ભૂવા' હોય છે. નવા ભૂવાની પસંદગી ભૂવાના સંતાનોમાંથી જે સંતાન શરીર વધુ પ્રતિભાવ આપે અને શરીરમાં ધૂણવાથી ઝડપથી 'સર' સહજ રીતે આવે તેની પસંદગી કરી ભૂવા તરીકે વિધિવત સ્થાપના કરવામાં આવે છે.[૨]

મનોવૈજ્ઞાનિક રીતે તો 'સર' ચઢવાની યા ચઢાવવાની સહજ શકિત કેટલાકમાં જ હોય છે જેમ કે સંગીત સર્વના કોઠે હોતું નથી. પણ તે કુદરતી બક્ષીસ છે અને જેને તે બક્ષીસ કુદરતી રીતે હોય છે તે તેને સંગીત સરળ રીતે આવડે છે બીજા શબ્દોમાં આ એક પ્રકારની છે તે વિકાસ પામે છે. લગભગ આવું ભૂવાનું હોય છે. જે 'સર' સહજ રીતે ચઢે છે તે ભૂવા તરીકે પસંદ કરાય છે. ધૂણવાની પ્રક્રિયા દરમિયાન થતી શારીરિક હલનચલન સાથે શ્વાસોશ્વાસની ક્રિયાથી શરીરમાં માનસિક શકિતમાં વિશેષ શકિત યા 'યશ' શકિત યા વિશેષ શકિતનો સંચાર થતો હોય તેવું અનુભવાય છે. તેમજ તેના પ્રભાવ યા અનુભૂતિ સમયે તે જે બોલે છે તે મનુષ્ય સિવાયની શકિત બોલે છે. તેમ માનવામાં આવે છે અને તેને આ વર્ગ આ સમયે ભૂવાને 'માતા' યા 'આદ્યશકિત' કહે છે.

યોગવિદ્યાની દષ્ટિએ ધૂણવાની અમુક શારીરિક પ્રક્રિયા દ્વારા શરીરમાં અમુક ખાસ ચક્રો યા શકિતકેન્દ્રો જ ઉત્તેજીત થાય છે અને તે સમયે તે ભાગમાં ગરમી અનુભવાય છે. આ સમયે વિશેષ શારીરિક શકિત નિર્માણ થાય છે તો તે સમયે 'પાડા' ઉપર પણ તલવાર લઇ પ્રહાર કરવા તૂટી પડે છે અને તેને ખતમ કરે છે અને જયારે ખાસ માનસિક શકિત ઉત્તેજીત થાય ત્યારે તે કોઇ 'પરા' ચેતનાનો અનુભવ કરે છે. બૌધ્ધિક ધર્મમાં જે 'રીઠી' યા 'રેકી' નામે ઓળખાતી વિદ્યાના ચેતના સિધ્ધાંત મુજબ અથવા હઠયોગશાસ્ત્ર મુજબ મનુષ્યના શરીર બહાર અમુક વારના અંતર સુધી એક અદશ્ય શરીર હોય છે તેને કયારેક 'અદશ્ય આભા' પણ કહે છે અને તેની પેલે પાર જે અનંત ચેતનાના પ્રવાહો મનાય છે તે આવી 'પરા' શકિતનું સ્ત્રોત મનાય છે. તે 'પરા' શકિત યા 'પરાચેતના' ઉપરોક્ત ક્રિયાઓથી બહારથી ખેંચાઇને શરીરમાં પ્રવેશે છે. આ આવિષ્કાર ભૂવાના શરીર અને મન દ્વારા પ્રગટ થાય છે. અહી જાણતાં અજાણતાં પરંપરાગત રીતે અશુધ્ધ રૂપે યા અવૈજ્ઞાનિક યા અણઘડ રીતે પ્રાપ્ત થતા આ અનુભવો અને આવિષ્કારોનો, જ્ઞાન અને યોગમાર્ગનો 'દેવી' આરાધના સાથે ગાઢ સબંધ હોવાથી અહી પરો યા અણઘડ રીતે પ્રાપ્ત થતી યૌણિક પ્રક્રિયાઓના સંચારને કારણે પ્રાપ્ત થતી 'પરા' શકિતનો અણઘડ વિકાસ થાય છે. [૩]

ગામઠી ભાષામાં 'ભૂવાને' શર' ચઢી કહેવાય છે અને પછીના તબકકે તેમાં 'માતા' પ્રવેશી મનાય છે. કેટલાક તેને તે સમયે 'મા' 'દેવી', 'માતા' વગેરેના ના મે ભુવાને સંબોધે છે. પ્રશ્નો પૂછે છે અને માર્ગદર્શન માંગે છે. આ સમયે ભુવાના મુખેથી નિકળતા તમામ ઉદગારો 'સાક્ષાત્' માતાના મનાય છે. ભૂવા તો માત્ર આ સમયે 'માધ્યમ' જ મનાય છે. અને તે દ્વારા આવા વર્ગો 'પરા' શકિતનું માર્ગદર્શન મેળવે છે.

રબારી વર્ગને આદ્યશકિતમાં અનન્ય શ્રધ્ધા છે અને દરેક કાર્ય કરતાં પૂર્વ 'ભૂવા' દાણાની સંખ્યા ધાર્યા પ્રમાણે એકી યા બેકી ન થાય તો 'માતાની મરજી નથી' તેમ માને છે અને કાર્ય આરંભ કરતા નથી. પછી બળદ ખરીદવો હોય, સગાઇ, સગપણ કે સાથે જોડવા હોય યા દર્દીને માંદગી સમયે દવાખાને લઇ જવો હોય તો આ રીતે 'દાણા' જોવડી 'માતાની' મંજૂરી છે કે નહી તે પ્રથમ નકકી કરાવે છે અને માતાની મંજૂરી ન હોય તો કદી આગળ વધતા નથી. આ માન્યતાથી આ વર્ગને લાભ તેમજ નુકસાન બંને થયા છે જો કે લાભ કરતા નુકસાન જ વધુ થયું છે. [૪]

માનસિક લાભની દષ્ટિએ વિચારીએ તો ગીતાના ઉદેશોનું તેઓ પાલન કરે છે. શ્રી કૃષ્ણે અર્જુનને ઉપદેશ આપતાં કહયું છે કે 'જયારે કાંઇપણ સમજ ન પડે, શું કરવું શું ન કરવું તેની દ્વિધા ઉભી થાય તો આવા સંકલ્પ વિકલ્પ સમયે તું મારે શરણે આવજે અને બધું મારા ઉપર છોડી દે જે.' અહી પણ દરેક બાબતમાં નિર્ણયો દેવી સમક્ષ ભૂવા પાસે 'દાણા' જોઇ તેના નિર્ણય ઉપર છોડી દેવાથી આ વર્ગનું જીવન એકંદરે સંતોષી અને ઓછા તનાવવાળુ રહયું છે પણ શ્રીકૃષ્ણે તો કહયું છે કે જયારે દ્વિધા ઉભી થાય ત્યારે તેને શરણે જવા જણાવ્યું છે જયારે અહી તો પળેપળે 'દાણા' જોવડાવવાની પોતાની 'સ્વ'ની નિર્ણય શકિતનો ઉપયોગ થતો નથી. સારાસારનો વિવેક વાપરતા નથી. ઘરમાં કોઈ માંદુ પડયું હોય તો દાતા નકારાત્મક પડે તો ડોકટર પાસે ન જાય અને તેથી માણસ મરી પણ જાય. દાણા જોવડાવવાની પ્રથાના અતિરેકથી આ પ્રજા અન્ય સમાજની હરોળમાં હરણફાળ ભરી શકતી નથી. તેમની પ્રગતિ રુંધાતી આવી છે આ મોટો ગેરલાભ છે જો કે હવે છેલ્લા વીસ વર્ષથી ભૂવાના વલણોમાં ફેર થયો છે. માંદગી સમયે ડોકટર પાસે જવાની છૂટ આપે છે અને બીજી તરફ લાભના પાસામાં પ્રગતિશીલ વિચારો અને પરિવર્તન સામેના ભૂવાઓના નકારાત્મક વલણને કારણે ગોપ સંસ્કૃતિ અને તેમની લોક સંસ્કૃતિ, અકબંધ જળવાઇ રહેવા પામી છે અને તેનો યશ પણ 'ભૂવા'ને જાય છે.

મહત્વની હકકીત તો એ છે કે બધા જ ભૂવાને સાચી 'સર' ચઢતી નથી. સર ચઢાવવાની જયાં કશબ યા કૌશલ્ય પ્રાપ્ત કરવામાં આવેલ છે ત્યાં 'પરા' શકિતનો આવિષ્કાર ભાગ્યે જ થાય છે. લગભગ ૨ ટકા જ ભૂવાઓ 'યૌગિક' ક્રિયાની નૈસર્ગિક અસરમાં આવે છે. આથી મોટાભાગના ભૂવાઓના આગમો અને આદેશોનું પાલન કરવા જતાં મોટભાગના વર્ગ અંધશ્રધ્ધાનો શિકાર બને છે. પણ આજે તો તે સમાજમાં અંધશ્રધ્ધા અભેદ છે. [૫]

**રમેંણો :**

અહીંનું સામાજિક માળખું, પરંપરાઓ, ઉત્સવો વગેરે અનોખા અને વિશિષ્ટ પ્રભાવ પાડનાર છે. રમેંણ એ આ પ્રજાનો બેહદ લોકપ્રિય ઉત્સવ છે. એમાં "રમેંણો" અંગે તો અહી દિલચસ્પ પરંપરા છે. "રમેંણ"નો ઉત્સવ કે જેમાં ચોકક્સ પ્રકારનો આધ્યાત્મિક લય જોવા મળે છે. ઉત્સવપ્રિય આ પ્રજાના આગવા મિજાજનું પ્રદર્શન "રમેંણ" જેવા અવસરોએ જોવા મળે છે. આ સમાજનો શિરમોર ઉત્સવ એટલે "રમેંણ". ચૈત્ર મહિનામાં બધીય રાત્રિઓ દરમ્યાન નેહડાઓ સજીધજીને રમેંણનો જે ફેસ્ટીવલ યોજે છે. જેની ગુજરાતભરમાં નોંધ લેવાય છે.

રમેંણના આગલા દિવસે નેહડામાં રેતી પથરાઇ જાય અથવા તો માતાનો મઢ હોય ત્યાં રેતીનાં ગાડાં ઠલવાય અને ભોંય પર જાજમ પથરાય. ચલમ–ચાકરી થાવા માંડે.નેહડો અખો હેલે ચઢે. એમના હ્દયમાં શ્રધ્ધાની વૃધ્ધિ કરતાં આ ઉત્સવ "રમેંણ"ના ડાયરામાં અહી પાટે મુકેલા ઘઉંના દાણા ઉપાડી વેણ કે વધાવો લેવાય છે. અહી વેણ એટલે બેકી અને વધાવો એટલે એકી. એકી–બેકી દાણા આવે તો માતાજીની મંજુરી એટલે કે "દોઢ" આવ્યો મનાય છે. અહી ઘણી જગ્યાએ દેવદેવીઓનું ચોર્યાસી (દેરાં)નું ખાતું હોય છે. દેવદેવીઓનાં આ દરબારને અહી મોટી સિધ્ધિ માનવામાં આવે છે. માલધારીઓની મીઠા ગળાની સરજુઓ, રેંગડીઓ..... હોંકારા.... પડકારોઓની વચ્ચે એ ભઇઓ હાંભળો.... હ એમ ધુણતા ધુણતા ભુવાજી હાક મારે....! વાગતા ડાકલા બંધ થઇ જાય.....! "ભઇઓ...." હું પારસમણી ગોગો હું ! હું સિકોતર છું" ખમ્મા માડી તને! ઘડીભર નીરવ શાંતિ છવાઇ જાય ! ધુણવાનું પુરૂ થયા પછી ભુવાજી "નવેઢિયું" પાણી લોટો ભરીને પીએ. પરસેવો લૂછે. થોડીવારના વિરામ પછી એક પછી એક ભુવા ધુણે જાય અને રાત આખી પસાર થઇ જાય. આ પરંપરા છે અને દુનિયા આખી આમથી તેમ થઇ જાય, તો પણ આ પરંપરાનું પાલન કરવું જ એવું માલધારીઓ માને છે. કોઈપણ પ્રકારના સંશય વિના ભુવાજીના વેણ રબારીઓ સ્વીકારી લે છે.

**પોતાની આગવી પ્રાર્થના (રેંડી) :**

પ્રાર્થના એ માલધારીઓને મન રોજીંદગી ક્રિયાઓની માફક ઝટપટ પતાવી દેવાની કોઈ પ્રક્રિયા નથી. પણ પ્રાર્થના એ તો પોતાના અંતર્યામી સાથેનો વાર્તાલાપ છે. આમાં કયારેય સમજી ન શકાય તેવા ગાંડાઘેલા આલાપ "રેંડી" કરતી વખતે જોવા મળે છે. એકમદ નિર્દોષભાવ.... પરંતુ આનાથી પ્રાર્થનામાં કોઇ ફરક પડતો નથી. "રેંડી" માલધારીઓની મૌલિક કલ્પનાશકિતથી રચાઇ છે. ને એમના હૈયે વસી ગઇ છે. પ્રકૃતિ અને પરમાત્માની અનુભૂમિનો અહેસાસ એમને રેંડી કરતી વેળા જ થાય છે. અહી આશ્ચર્ય એ વાતનું થાય છે કે આ રબારીઓ કંઇ જ ભણ્યા નહોંતા. શાહી, કાગળ કે કલમ હાથમાં લીધા વિના કેવળ પોતાના આગવા અધ્યાત્મના અનુભવની વાણી કેટલી વેધકતાથી તેમની "રેંડી" ઓની રચનામાંથી પ્રગટી છે તે જોઇ શકાય છે. આજે પણ માલધારીઓના મુખે જયારે આવા શબ્દોની સરવાણી ફુટે છે જયારે તેના ભાવોને લયના પારણે ઝુલાવીને કયારેક વગડો પણ આ ગોપાલકો ગુંજતો કરી મુકે છે અને તેનાં સાક્ષી હોય છે.... વૃક્ષો, નદીઓ, પંખીઓ અને ડુંગરો. આ રેંડીઓ લલકારતાં માલધારીઓને સાંભળવા એ એક લહાવો છે. એમાં લય અને ભાવની મસ્તીભર્યો કેફ હોય છે. નજાકતપૂર્ણ માધુર્ય હોય છે. અનેક નિર્દોષ કલ્પનોથી ભર્યું ભર્યું એમનું જાજરમાન ગદ્ય.... "રેંડી"માં આવતો સાહિત્યિક સ્પર્શ, શબ્દોની રમત અને પ્રાસની ઝમકદમક અહી અત્યંત લોકપ્રિય છે. પોતીકી બોલીના બળુકા માધ્યમ દ્વારા રબારીઓ એકમેકના હ્દય સુધી પહોંચી જાય છે. સૌને આશ્ચર્ય થાય છે કે ગામડાની ધરતીની ધૂળમાં રમનારા અભણ રબારીઓ પાસે આવી બળકટ બોલીનો સમૃધ્ધ વારસો આવ્યો શી રીતે ? ભાષાશાસ્ત્રીઓ માટે આ ભાતીગળ સાહિત્ય રસપ્રદ બની રહે તેવું છે.

માલધારીઓની સાચી ધાર્મિકતાની આ ખુમારી છે. તેઓ પોતે તો ઇશ્વરને સમર્પિત હોય છે જ. પરંતુ ભગવાન પણ તેમના છે એવું કહેવાની ખુમારી તેમનામાં સ્વભાવિક રીતે જ આવી જતી હોય છે. પ્રભુની એ સાંકડી ગલીને જાણે "રેંડી" થકી પળવારમાં રબારી શોધી લે છે.[6]

**પાદનોંધ**

૧. ભટ્ટ ચિનુભાઇ, માલધારી પોથી, ગુજરાત રાજ્ય ગાંધીનગર, ૧૯૯૪, પૃ.૬૪
૨. મલકણ જ.ન., પરિવર્તનની આંધીમાં રબારી ભરવાડ સમાજ, ગુજરાત ગોપાલક સાહિત્ય સમિતિ,અમદાવાદ, ૧૯૯૩, પૃ.૪૨
૩. માટલિયા દુલેરાય, ગોપાલ દર્શન (ભાગ–૧), ગુજરાત ગોપાલક સહકારી સંઘ લી., અમદાવાદ, ૧૯૭૦, પૃ.૪૩
૪. એજન, પૃ.૪૫
૫. રબારી અર્જુન, ગુજરાત રબારી સમાજ, સર્વાંગ સંપૂર્ણ પરિચય ગ્રંથ, ૨૦૦૬, પૃ.૭૫
૬. સકરાભાઇ જે. રબારી, ગુજરાત મોટણ રબારી પરિવાર, પરિચયગ્રંથ ગાંધીનગર, ૨૦૧૨, પૃ.૩૨

# સરહદી સૂઈગામ તાલુકાનું ઐતિહાસિક વિહંગાવલોકન

**SUTHAR PRAKASHKUMAR GANPATBHAI**
M.Phil - Research scholar; H.N.G. UNI. Patan
Email : sutharprakash915@gmail.com

ઈતિહાસ એ સમાજને અનુલક્ષીને મનુષ્યે ભૂતકાળમાં કરેલી પ્રવૃતિઓનું વિવેચન છે.

**પ્રસ્તાવના :-**

ગુજરાત રાજ્યના બનાસકાંઠા જિલ્લામાં પશ્ચિમ ભાગમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર સૂઈગામ ગામ આવેલું છે. આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતો વિસ્તાર હોવાથી રાજકીય વ્યુહાત્મક દ્રષ્ટીએ સૂઈગામનું ખૂબ મહત્વ છે. ભારત દેશ આઝાદ થયો ત્યારે કુલ ૫૬૨ દેશી રજવાડાં હતાં. જેમાં બનાસકાંઠા એજન્સીમાં ૧૧ દેશી રાજ્યો હતાં. તે ૧૧ દેશી રાજ્યોનું વિલીનીકરણ કરીને બનાસકાંઠા જિલ્લાનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

સરહદી વિસ્તાર હોવાથી મોટા ઔદ્યોગિક એકમો શરુ થઈ શક્યા નથી. આ વિસ્તારની પ્રજા પશુપાલન અને ખેતી સાથે સંકળાયેલી છે. સૂઈગામનો ઈતિહાસ વાવ અને ત્યાંથી થરાદ સુધી પહોંચે છે. સૂઈગામમાં ચૌહાણ વંશના દરબારોનું શાસન હતું. વાવ રાજ્યના ચૌહાણ પચાણજીને વારસાઈમાં સૂઈગામની ૧૨ ગામોની જાગીરી મળી હતી. સૂઈગામ તાલુકામાં દેશભરમાં પ્રસિદ્ધ નડેશ્વરી માતાનું મંદિર અને પાડણ ગામમાં મૂળરાજ સોલંકી સ્થાપિત મૂળેશ્વર મહાદેવ અને મિની અયોધ્યા તરીકે ખ્યાતનામ કટાવ ધામમાં વિશ્વકર્મા, ખાખીજી મહારાજનું મંદિર આવેલું છે.

**સૂઈગામની ભૌગોલિક સ્થિતિ :-**

કોઈપણ પ્રદેશનો ઇતિહાસ તપાસતા પહેલા તે પ્રદેશની ભૂગોળ જાણવી આવશ્યક છે. ગુજરાત રાજ્યમાં ઉત્તર ભાગમાં આવેલા બનાસકાંઠા જિલ્લામાં ૨૪.૯$^0$ ઉત્તર અક્ષાંશ અને ૭૧.૨૨$^0$ પૂર્વ રેખાંશ વચ્ચે સૂઇગામ આવેલું છે. જેનો એક છેડો કચ્છના નાના રણને અડકે છે. ચારેય દિશાઓમાં ઉત્તર અને પૂર્વમાં વાવ તાલુકો, દક્ષિણમાં રાધનપુર તાલુકો અને ચાડચટ અને પશ્ચિમમાં રણ આવેલું છે.

**સૂઈગામની સ્થાપના અને શાસનકર્તાઓ :-**

વાવ રાજ્યમાં સાંગાજી રૂદાજી ચૌહાણનું શાસન હતું. તેમના તાબા હેઠળ ૫૪ ગામો હતાં. તેમના દીકરા પાતાજીને વાવ રાજ્ય અને પચાણજીને ૧૨ ગામો સાથે અલગ જાગીરી વારસામાં મળી. પચાણજી વાવથી ૨૮ કિલોમીટરના અંતરે આવેલ 'સૂઈ' જાતિના રબારીઓના (ઝાંપડા ભરવાડ) નેસડાની નજીક ઈ.સ. ૧૫૬૯માં કસબો બાંધ્યો. જેનું નામ ત્યાં વસવાટ કરતી 'સૂઇ' ઉપરથી સૂઇગામ રાખ્યુ.

સૂઈગામની ગાદી ઉપર તેમના વંશજોએ શાસન કર્યું હતું. પચાણજીએ ૩૦ વર્ષ શાસન કર્યા બાદ તેમના વારસ હિંગોળજીએ ૨૫ વર્ષ શાસન અને ત્યારબાદ રાજસિંહજીએ ૬૦ વર્ષ શાસન કર્યું હતું. (ઈ.સ. ૧૬૨૪) રાજસિંહજીએ એસ્ટેટની સ્થાપના કરી હતી. તેમનું ૧૩ ગામો ઉપર શાસન હતું. જેમાં, સૂઈગામ, રડોસણ, ભરડવા, પાડણ, નાળોદર, અસારા, જેલાણા,

કાણોઠી, દુધવા, કુંભારખા, ગોરીવાડા, ચાળા, તેબડા (સોમાસરા નજીક)નો સમાવેશ થતો હતો. તેમણે ૬ પુત્રોને અલગ અલગ જાગીર અને ગિરાસની વહેંચણી કરી હતી.

વાવ રાજ્ય દ્વારા ભાયાતી ગામોને અધિકાર ક્ષેત્ર આપવામાં આવતાં સૂઇગામ તાલુકાદારને ત્રીજા વર્ગની મેજિસ્ટ્રેટની સત્તા મળી હતી. ન્યાયિક કામદાર હોદ્દાની રુએ સત્તાનો ઉપયોગ કરતા હતા. ક્રિમીનલ કેસમાં થર્ડ ક્લાસની સજા કરી શકતા અને રૂ. ૨૫૦ સુધીનો દંડ કરી શકતા હતા. બંદોબસ્ત માટે ૧૦ પોલીસ પટેલ હતા.

ઈ.સ. ૧૮૧૯માં પાલનપુર એજન્સી સ્થાપના થતાં આ વિસ્તારની પહેલીવાર ભૌગોલિક સીમા નક્કી થઈ. ત્યારબાદ ઈ.સ. ૧૮૨૦ અને ૧૮૨૬માં અંગ્રેજ સરકાર સાથે સંધિઓ કરી હતી. ઈ.સ. ૧૮૪૪ માં ૨૧ ગામડાઓ સાથે એજન્સીમાં ભેળવવામાં આવ્યું અને સબ થાણું બન્યું. બ્રિટિશકાળ દરમ્યાન સૂઈગામનો વહીવટ ઠાકોર ભૂપતસિંહ, નથાજી, ચતરાણી સુરજમલ પથુજી, નરસિંહજી ભૂપતસિંહજી અને માલુજી નથાજીએ કર્યો હતો.

ઈ.સ. ૧૮૭૫ના ડીસેમ્બર મહિનાની તેરમી તારીખે વાવમાંથી સૂઇગામ અલગ થાણું પાડવામાં આવ્યું. સૂઇગામ થાણામાં ૨૧ ગામડાઓ હતાં. જેમાં ૧૦ ખાલસા ગામો સૂઇગામ, દેવપુરા, હિરાપુરા, મડાહેટ, ભરડવા, લીંબાળા, ચાળા, પાડણ, કુંભારખા, દુધવા અને ૧૧ અન્ય ગામોમાં ૬ ભાયાતી અને ૨ ચારણો અને ૨ રાજપૂતોની પાસે હતાં.ઈ.સ. ૧૯૦૦ની સ્થિતિએ બનાસકાંઠા એજન્સીમાં ચાર પોસ્ટ ઓફીસ હતી. જે પાલનપુર, ડીસા, રાધનપુર અને સૂઈગામમાં હતી.

પાલનપુર એજન્સી વિસ્તારના રાજ્યોનું ભારતીય સંઘમા જોડાણ માટે સરદાર પટેલે ડો. જીવરાજ મહેતા અને રવિશંકર મહારાજને કામ સોંપ્યું હતું. તેમને પ્રતાપસિંહ ગાયકવાડે ખૂબ મદદ કરી હતી. નગરશેઠ પન્નાલાલે સૂઈગામના રાજવીને સમજાવીને જોડાણખતમાં સહી કરાવી હતી. ૧૦મી જૂન ૧૯૪૮ના રોજ વિલીનીકરણ કરવામાં આવતાં તે ભારતીય સંઘનો ભાગ બન્યું હતું. બૃહદ મુંબઈ રાજ્યમાં બનાસકાંઠા જિલ્લો બન્યું. ઈ.સ. ૧૯૬૦માં બૃહદ મુંબઈ રાજ્યનું વિઘટન થતાં ગુજરાત અને રાજસ્થાન એમ બે રાજ્યો અસ્તિત્વમાં આવ્યા. બનાસકાંઠા એજન્સીના ૧૧ દેશી રાજ્યોનું ગઠન કરીને બનાસકાંઠા જિલ્લાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ત્યારે સૂઈગામનો સમાવેશ વાવ તાલુકામાં કરવામાં આવ્યો હતો. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ વહીવટી સરળતા માટે રાજ્યમાં નવા જિલ્લાઓ અને તાલુકાઓની ઘોષણા કરી હતી. જેમાં બનાસકાંઠા જિલ્લામાં (૧) લાખણી અને

(૨) સુઇગામ એમ બે નવા તાલુકાઓ અસ્તિત્વમાં આવ્યા હતા. વાવ તાલુકામાંથી ૪૫ ગામડાઓનો અલગ નવો સૂઇગામ તાલુકો બન્યું. સૂઇગામ ગામમાં ગ્રામ પંચાયત છે.

**અર્થતંત્ર :-**

હડપ્પાકાલીન સમયમાં આખો પ્રદેશ સમૃદ્ધ હતો. આ પ્રદેશમાં કેટલાંક ધીકતાં બંદરો હતાં. જેમાં સૂઈગામ તાલુકાના બેણપ, વાવ તાલુકાના ઢીમા અને થરાદ તાલુકાના ભોરોલના ઉલ્લેખો મળે છે. બેણપ બંદરને 'બેનાતટ બંદર' તરીકે ઓળખવામાં આવતું હતું. બેણપ બંદરથી ૧૪મી સદી સુધીનાં અંત સુધી વિદેશ સાથે વ્યાપાર થતો હતો. અહીંથી કેટલાક અવશેષો મળી આવ્યા છે.

વિષમ વાતાવરણ અને ખારાપાણીને કરને લોકો ચોમાસામાં જ ખેતી કરે છે. અર્થતંત્ર ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલ છે. ઈ.સ. ૧૮૧૯માં કચ્છના ધરતીકંપ પછી મોટા ભાગની જમીન ખારી બની ગઈ હતી. દરિયાની ખારાશ જમીનના ઉપરના પડમાં ભળી જવાથી સમગ્ર વિસ્તારમાં ખેતી કરી શકાતી નથી. જોકે, એમાં મીઠું વિપુલ પ્રમાણમાં તૈયાર થાય છે. રણમાં સરખડનું ઘાસ થાય છે.

**મહર્ષિ કણાદ હાઈસ્કૂલનું નિર્માણ :-**

સૂઈગામમાં વીસમી સદીના છઠ્ઠા દાયકામાં દુષ્કાળ પડતાં સ્વામી સચ્ચિદાનંદ (દંતાલીવાળા)ની ટીમ દ્વારા રાહતકાર્યો શરૂ કરવામાં આવ્યાં હતાં. એ રાહતકાર્યમાં મળેલ દાનમાંથી ૩૦,૦૦૦ જેટલા રૂપિયા વધ્યા હતા. પરંતુ એ રકમને ત્યાં જ વાપરવા માંગતા સચ્ચિદાનંદે ગ્રામજનો સમક્ષ વાત મૂકી. ગ્રામજનો ૩૦,૦૦૦ રૂપિયા એકઠા કરે તો તેમને રાહતકાર્યોમાંથી વધેલા ૩૦,૦૦૦ પરત મળે. એ રકમમાંથી હાઈસ્કૂલ તૈયાર કરવાની વાત કરી.

ભાણાભાઈ સહિત ગ્રામજનોએ અગાઉના અનુભવ દ્વારા કહેલું કે પહેલાં સાડા ત્રણસો માંડ ભેગા થયા હતા હવે કદાચ સાત- આઠ હજાર ભેગા થશે. ગ્રામજનોએ ત્રીસ હજારની વાત મંજૂર ન કરતાં સચ્ચિદાનંદજીએ ૧,૦૦૦ મણ બાજરી દાનમાં આપવા કહ્યું.

ચોથા દિવસે ૧૨૫૦ મણ બાજરી ભેગી થઈ અને દસમા દિવસે ૪,૦૦૦ મણ બાજરી એકઠી થયેલી. જેની કિંમત સવા લાખ રૂપિયા જેટલી થતી હતી. એમાં ૩૦,૦૦૦ ઉમેરીને સચ્ચિદાનંદજીએ 'સૂઈગામ વિભાગ વિકાસ ટ્રસ્ટ' બનાવડાવ્યું. એ ટ્રસ્ટ દ્વારા બાજરીમાંથી ઈ.સ. ૧૯૭૩માં મહર્ષિ કણાદ હાઈસ્કૂલ શરૂ કરવામાં આવેલી.

પરિસ્થિતિનો તાગ મેળવીને લોકોને યોગ્ય માર્ગ તરફ વાળવાનું કામ સંત જ કરી શકે! સૂઈગામની પ્રજાનું જીવનધોરણ સુધારવા માટે બીજાં પણ કામો થઇ શકે એમ હતા. પરંતુ

સચ્ચિદાનંદજી જાણતા હતા કે, શિક્ષણ સિવાય પ્રજાના જીવનધોરણમાં ક્યારેય પણ સુધારો આવી શકશે નહીં.

**અવશેષો :-**

પ્રાચીન નગરીના અવશેષો સોનેથમાંથી મળી આવ્યા છે.

**આબોહવા :-**

સૂઇગામ વિસ્તાર રણની કાંધીએ આવેલો હોવાથી ઉનાળામાં લૂ વાય છે અને શિયાળામાં સખત ઠંડી પડે છે. આ રણ વિસ્તારને ગોઢાના રણ તરીકે ઓળખવામાં આવે છે. વર્તમાન રણની જગ્યાએ પ્રાચીન સમયમાં દરિયો હતો. ભૂસ્ખલનને કારણે રણ બન્યું છે. વરસાદ અનિયમિત પડે છે. ત્રણ વર્ષે એક વાર દુષ્કાળ પડે છે.

**મુખ્ય પાકો :-**

સૂઇગામ તાલુકામાં ચોમાસા દરમ્યાન બાજરી, ગવાર, તુવેર, માગ, જુવાર, તલ વગેરે પાકો લેવામાં આવે છે. કેટલાક સમયથી નર્મદા નહેરને લીધે સિંચાઈની શરૂઆત થવાથી શિયાળામાં ઘઉં, એરંડા, કપાસ, જીરૂં, ઇસબગુલ વગરે પાકો લેવામાં આવે છે.

**સૂઇગામ તાલુકાનાં ધાર્મિક સ્થળો :-**

આ વિસ્તારની પ્રજાને વારસામાં ધાર્મિકતાના સંસ્કાર મળ્યા છે. તેથી ગામડે ગામડે અનેક મંદિરો જોવા મળે છે.

**નડેશ્વરી માતાજી - નડાબેટ**

આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર નડાબેટ આવેલું છે. આ મંદિરે લશ્કરના જવાનો પૂજા કરે છે. આ સરહદ ઉપર કોઈ આક્રમણ થયું નથી તે આ પ્રદેશની વિશેષતા છે.

નડાબેટ ધામે ધર્મ ધજા ફરકે તારી,
સિંધના સરહદે બિરાજે વરવડી હે માં.

આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર સીમા દર્શનને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવ્યું છે. ત્યાંની સીમા સુરક્ષા દળની ચોકીને લીંબાળાના પગી ‘રણછોડ રબારી’ નું નામ આપવામાં આવ્યું છે. ત્યાં રણછોડ પગીનું સ્મારક તૈયાર કરવામાં આવ્યું છે.

**શક્તિ ધામ - સૂઇગામ**

સૂઈગામની સ્થાપના પૂર્વે સૂઈ (ઝાંપડા- ભરવાડ) જાતિના નેસડાની કુળદેવી શ્રી શક્તિ માતાનું મંદિર આવેલું છે. જે હાલમાં શક્તિ ધામ તરીકે ઓળખાય છે. શક્તિધામનો જીર્ણોદ્ધાર ઈ.સ. ૨૦૦૩માં ચૈત્ર સુદ દશમના રોજ કરવામાં આવ્યો હતો.

**મૂળેશ્વર મહાદેવ – પાડણ**

પાડણ ગામ સોલંકીકાળમાં પાડણક તરીકે ઓળખાતું હતું. પાટણપતિ મૂળરાજ સોલંકીએ મૂળરાજેશ્વર મહાદેવનું મંદિર બંધાવ્યું હતું. સોલંકીઓએ અપનાવેલ ગાંધારશૈલીનાં દર્શન થાય છે.

**કટાવધામ 'મિની અયોધ્યા'**

મિની અયોધ્યા તરીકે ઓળખાતા કટાવધામમાં વિશ્વકર્મા મંદિર, ખાખીજી મહારાજની સમાધી અને રાઘવેન્દ્ર સરકાર અને અર્બુદા મંદિર આવેલું છે.

વિશ્વકર્મા મંદિરની પ્રતિષ્ઠા સવંત ૧૯૭૫માં અને રામજી મંદિરની પ્રતિષ્ઠા સવંત ૧૯૭૯માં કરવામાં આવી હતી.

મૂળ ઉત્તર પ્રદેશના ખાખીજી મહારાજે આંબલીના ઝાડને માથાની જટા બાંધીને તપસ્યા કરી હતી. એ આંબલી આજે પણ બાળ સ્વરૂપમાં જોવા મળે છે.

**લુણેશ્વર મહાદેવ - દુદોસણ**

સૂઇગામ તાલુકાના દુદોસણ ગામમાં પૌરાણિક લુણેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. આ શિવલિંગ પાંડવકાલીન હોવાનું મનાય છે. ત્યાં સ્વયંભૂ ઉભરતા પાણીનો કુંડ છે. લોકમાન્યતા પ્રમાણે તેના પાણીથી અસાધ્ય રોગો મટે છે. આ શિવમંદિરે આઝાદીની ચળવળની બેઠકો ભરાતી હતી. દુદોસણ ગામના શ્રી નારાયણસ્વામી ગુરુ હંસસ્વામીએ આઝાદીની ચળવળમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

**તારતમ્ય** :-

સૂઈગામની ઉપરોકત બાબતોના અભ્યાસના આધારે અહી શકાય છે, 'મધ્યકાળથી રાજકીય, સામાજિક, આર્થિક રીતે ઉન્નત અવસ્થામાં તૈયાર થઈ રહ્યું છે. જેની વણથંભી વણજાર વર્તમાનમાં ચાલી રહી છે.' સૂઈગામે ભાયાતી ગામથી માંડીને સ્વતંત્ર રાજ્ય સુધીની રાજકીય સત્તાઓ ભોગવી છે. અહીંના મંદિરો અનોખો ઈતિહાસ સાચવી રહ્યાં છે. રણવિસ્તારમાં જ્યાં જ્યાં મીઠા પાણીનું ઝરણું જોવા મળે છે, ત્યારે પ્રજા અચૂક મહાભારત કાળના અર્જુનને યાદ કરે છે.

**સંદર્ભસૂચિ** :-

1. BANASKANTHA DISTRICT GAZETTEER – 1981
2. GAZZETTEER OF THE BOMBAY PRESIDENSY - 1880
3. THE IMPERIAL GAZETTEER OF INDIA – 1885
4. આચાર્ય કનુ - બનાસની અસ્મિતાનો ઉન્મેષ.
5. વિકાસ વાટિકા - બનાસકાંઠા

# અમદાવાદની પોળ – એક સાંસ્કૃતિક વારસો

નાઈ દક્ષેશ હરેશભાઈ
પીએચ.ડી. સ્કોલર, સમાજવિદ્યા ભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**પ્રસ્તાવના**

આધુનિક સમયમાં સાંસ્કૃતિક ધરોહરને કાળજીપૂર્વક સાચવવી અને તેની સંભાળ લેવી અતિ આવશ્યક બની છે. વૈશ્વિક કક્ષાએ બધા જ દેશો પોત-પોતાની સંસ્કૃતિનો વિકાસ કરવા અને તેની કાળજી લેતા થયા છે. ભારતનાં વિવિધ શહેરોમાં સાંસ્કૃતિક ધરોહરના શહેર તરીકે અમદાવાદની ગણના થાય છે. તેમજ આજે એક ખૂબ જ વિકસિત શહેર તરીકે અમદાવાદની ગણના થાય છે. અમદાવાદનો સાંસ્કૃતિક વિકાસ થવા પાછળ અમદાવાદની પોળોની મુખ્ય ભૂમિકા રહેલી છે. પોળમાં વિશિષ્ટ સંસ્કૃતિ અને પરંપરા જોવા મળે છે. પોળનું સમાજજીવન એ જ પોળની સાચી ઓળખ છે. પોળમાં રહેતા વિશિષ્ટ જનસમૂહના નિવાસસ્થાનનું પ્રવેશદ્વાર એટલે પોળ, એમાં કોઈ એક જ્ઞાતિ સમૂહ કે ધંધાના માણસોને રહેવા માટે વિસ્તાર ફાળવવામાં આવતો હતો.

અહમદશાહે 15મી સદીમાં ઈ.સ.1411ની 27મી ફેબ્રુઆરીએ અહમદાબાદ નગરી વસાવી હતી. સુલતાનોએ શહેરને વધાર્યું અને શણગાર્યું. મહેમૂદ બેગડા સુધીનો સમય શહેરના વિકાસનો ગાળો હતો. શહેરની આબાદી વધી હતી. શહેર બધી રીતે ખીલી ઉઠ્યું હતું. દસ-દસ ગાડી સાથે જઈ શકે તેવા પહોળાં રસ્તા હતા. બાગ-બગીચા, સુરક્ષિત દરવાજા અને સુંદર ઈમારતોથી શોભતું હતું. આ રીતે શહેરની ચમકદમક કંઈક ઔર હતી. આમ જનતામાં આ યુગ

આસમાની સુલતાની તરીકે જાણીતો હતો. અમદાવાદની નગર રચનામાં પોળો અગત્યનો ભાગ ભજવે છે. પોળો પાટણનું અનુકરણ છે. પોળો શહેર વસ્યું ત્યારથી જ થયેલી છે. મોગલાઈ પહેલાના અમદાવાદના ઇતિહાસની મુસલમાન તવારીખોમાં પોળોનો ઉલ્લેખ ખાસ મળતો નથી. પણ મિરાતે અહમદીના ઘણા ઉલ્લેખો છે, અને મોગલાઈ પહેલાના દસ્તાવેજોમાં જોતાં પણ પોળો હોવાનું સાબિત થાય છે. પોળો અમદાવાદની શરૂઆતથી જ હતી એમ માની લઈએ તો પણ હાલના સ્વરૂપે હતી એમ તો મનાય જ નહી. હાલની પોળો કેટલીક મરાઠા સમયમાં અને કેટલી અંગ્રેજી રાજ્યની શરૂઆતમાં વસેલી છે. અને એ વસતી વખતે કોઈ જાતની નિયમિત રચના કે સિધ્ધાંત જળવાયો નથી. પોળોની રચના જે રીતે થઈ તેમાંથી તેનું સામાજિક જીવન વધુ વિકસીત થયું. પોળોની અંદર આવેલા ઘરના ઓટલા પર બેસીને મહિલાઓ રોજ-બરોજ એકબીજા સાથે બેસતી. રોજની દિનચર્યા વિશે વાર્તાલાપ કરતી. જેના કારણે તેમની વચ્ચે સામાજિકતા પરસ્પર ગાઢ બનતી ગઈ. પોળમાં જુદી જુદી જ્ઞાતિના હોવાથી એકબીજાના રીત-રિવાજો, પરંપરાઓ, તહેવારો, વગેરે અપનાવતા થયા અને તેમની સાંસ્કૃતિક સ્થિતિમાં વિકાસ થતો ગયો. શહેરની પોળો ઘણી સાંકડી છે અને પોળમાંથી બીજી પોળમાં જઈ શકાય છે. એકબીજાની ઘરના છાપરા પર જઈ શકાય છે. પોળની ભૂગોળ સાપસીડીની રમત જેવી છે, ભૂલભૂલામણી જેવી પોળો છે. તેની ભૂગોળ પોળ રહેવાસી જ સમજી શકે છે. પોળોની સાંસ્કૃતિક, સામાજિક સ્થિતિને સમજવી હોય તો હેરિટેજ વોક દ્વારા પોળોની મુલાકાત લેવી અત્યંત આવશ્યક ગણાય છે.

**અમદાવાદની પોળમાં ધબકતા સામાજીક જીવનની વિશિષ્ટતાઃ**

ભારતભરમાં અમદાવાદી લોકોની એક અલગ જ ઓળખાણ છે. અમદાવાદીઓ વિશે વાત થાય ત્યારે એક વાક્ય તો યાદ આવે, તે છે, “અમદાવાદી એટલે અમદાવાદી” માત્ર બોલવામાં જ નહી, પણ સાહસ અને કંઈક અલગ કરવાની ચાહના અહીંના લોકોમાં જોવા મળે છે. અમદાવાદની પોળોનું જીવન નિરાળું છે. તેને નજીકથી નિહાળો તો તેમાં દરેક રંગોને જોઈ શકાય છે. પોળોમાં તહેવાર હોય કે, ધાર્મિક, સામાજિક પ્રસંગની ઉજવણી હોય, લોકોમાં પ્રેમ અને એકબીજાને મદદ કરવાની ભાવના આજે પણ જોવા મળે છે. વિચારોથી મોર્ડન અને સાદગીભર્યુ જીવન પોળોમાં જોવા મળે છે. અનેક રીતરિવાજો અને અનેક માન્યતાઓ પોળના જીવનમાં જોવા મળે છે. અમદાવાદની સ્થાપના પહેલા પણ પોળોની હયાતીના પુરાવા મળી

આવ્યા છે, પણ તેમ છતાં તે સમયના લોકોનું જીવન કેવું હશે તે વિશે બહુ જાણવા મળતું નથી. અમદાવાદની પોળોના સામાજિક જીવનનો ખ્યાલ પોળના મકાનોની ગીચતા અને માનવોની ગીચતાની હોવા છતાં પણ તેઓ મોકળાશથી રહે છે. પોળવાસીઓમાં મનની મોકળાશ સવિશેષ છે. પોળોમાં ગરીબ, મધ્યમ અને ધનિક લોકોનાં ઘરો છે, તેમ છતાં બધા પોળવાસીનાં મનમાં કે દિલમાં કોઈ દ્વેષ કે વૈમનસ્ય જોવા મળતાં નથી. એકબીજા સાથેના સામાજિક વ્યવહારમાં અને વર્તનમાં કોઈ ફેરફાર નજરે પડતો નથી. પોળના સામાજિક જીવનમાં વિષમતાની સાથે સમતાનાં દર્શન થાય છે. પોળના પરિવાર 'વિશ્વ એક કુટુંબ'ની જેમ પ્રેમભાવથી રહેતા હતા અને રહે છે. તેઓ 'પહેલો સગો પાડોશી'માં માને છે. અમદાવાદની સામાજિકતાનો ખ્યાલ તેની પોળોમાં રહેલી વસ્તી ઉપરથી મેળવી શકાય છે. અમદાવાદ વસ્યા પહેલાં અહી ભીલ લોકો વસતા હતા, પરંતુ અમદાવાદ વસ્યાના થોડા સમયમાં જ અહી મૂળ અમદાવાદી એટલે કે ભીલોની વસ્તી ઘટી ગઈ અને અહી બહારથી આવેલી વસ્તીએ પોતાના ડેરા નાંખ્યા. અમદાવાદમાં મિશ્ર વસ્તી પહેલાથી જ આવીને વસી હતી. અમદાવાદમાં વસ્તીના જૂથ મુજબ જ તેમની વસાહતો જોવા મળતી હતી. એટલે જ મોટા ભાગની પોળોમાં એક ધર્મ, જાતિ કે સમાજના લોકો વસતા હતા. આ પ્રમાણે આપણે જોઈએ તો પોળોમાં વસેલી વસાહત તેમના ધર્મ, જાતિ અને સમાજની દ્રષ્ટે વસી હતી. આથી તે વિસ્તારોમાં તેમના ધાર્મિક સ્થાનો પણ વધુ જોવા મળે છે.

પોળવાસીઓનું જીવન જોઈએ તો તેમના ઉપર ધર્મનું પ્રભુત્વ વધારે જોવા મળે છે. લોકો ભક્તિ અને ધાર્મિક જીવન વધુ વીતાવતા હતા, જેના પુરાવારૂપે પોળ વિસ્તારમાં બનેલા મંદિરો અને મસ્જિદો જોઈ શકાય છે. દરેક મંદિર કે ધાર્મિક સ્થાપત્ય પાછળ એક દંતકથા જરૂરથી સંકળાયેલી જોવા મળે છે. અનેક ધાર્મિક માન્યતાઓ સાથે પોતાના જીવનમાં કેટલાક રીતરિવાજો જોવા મળતાં, જેમાંનો એક ખૂબ જ પ્રચલિત અને મહત્વનો રિવાજ એટલે "ધારાવહી" – દરેક પોળમાં ચૈત્રમાસમાં કોઈપણ એક દિવસની પસંદગી કરીને પોળમાં રહેતા લોકો હવનનું આયોજન કરતાં હતાં. દરેક ઘરેથી પૈસા ઉઘરાવીને હવન અને જમણવારનું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવતું હતું. આ હવન પુરું થઈ ગયા બાદ ઘડામાં પાણી ભરવામાં આવતું, તેમાં વાસની નાની સાંઠકડી નાંખીને સૂતરનો દોરો બાંધવામાં આવતો અને આખી પોળની ફરતે ઘડામાનું પાણી છાંટવામાં આવતું અને સાથએ સાથે સૂતરનો દોરો પણ આખી

પોળ ફરતે બાંધવામાં આવતો. જળની ધારા અને સૂતરના દોરાથી પોળને અંકિત કરવામાં આવતી હતી. જેથી પોળની અંદર રહેતા લોકો સુખી, સ્વસ્થ અને શાંતિમય જીવન જીવી શકે. આ દિવસે રાત્રે પોળમાં ગરબા રમવામાં આવતા અને ઢોલનગારા સાથે ધારાવાહી કરવામાં આવતી. આવા અનેક રિવાજો પોળવાસીઓના જીવનમા જોવા મળે છે.

પોળ વાસીઓનું રોજબરોજનું જીવન જોઈએ તો પોળમાં મહિલાઓ વહેલી સવારે ઘરની બહાર આવેલી ચોકડીમાં કપડાં ધોતાં ધોતાં વાતો શરૂ કરતી, જે રાત્રે પુરી થતી હતી. શાક સમારવું, અનાજ સાફ કરવું જેવા કામો આસપાસની મહિલા સાથે મળીને કામ કરતી અને એકબીજાને કરાવતી હતી. દિવસભરના નાનાં-મોટા કામ કરતી વેળાએ તેઓ અલપ-ઝલપ વાતોનો દોર ચાલુ જ રાખતાં હતાં. તે સમયે ઊંચા વર્ગની સ્ત્રી અન્ય વર્ગના લોકોને મોઢું ન બતાવે તેવું પણ જોવા મળતું હતું. પોળમાં રહેતા લોકો પોળનાં પંચ માટે તો સમાન જ રહેતા, ભલે જ્ઞાતિ અલગ હોય. તે સમયે પંચ દ્વારા પોળનાં કેટલાક નીતિ-નિયમો પણ બનાવવામાં આવતા હતા. આ નિયમોનું પાલન ન કરે તેને પંચ દ્વારા સજા પણ આપવામાં આવતી. કયારેક તો પરિવારનો બહિષ્કાર પણ કરવામાં આવતો. પોળના દરેક વડીલોને નાના-મોટા દ્વારા આદર અને માન આપવામાં આવતું. જરૂર પડે ત્યારે સૌ મદદ પણ કરતા. પહેલા લોકો માટે સૌથી અગત્યની વાત પેટ ભરવાની હતી. જ્યારે આજે લોકોએ પોતાપણું ગુમાવી દીધું છે. પોળો એ નાગરિક વહીવટી તંત્રનો પાયો હતી. અહીં લોકો જ્યારે કોઈ મરી જાય ત્યારે સ્મશાને આવનાર લોકો એક એક લાકડું લઈને આપતાં હતાં અને પ્રસંગ પૂરો કરતાં. એકબીજાને મદદ કરવાની ભાવના હોવા છતાં પોળના લોકોમાં સૌની પંચાત કરવાની કૂટેવ પણ જોવા મળતી હતી. આટલા બંધનો હોવા છતાં પણ તે સમયમાં પણ અનૈતિક સંબંધો જોવા મળતાં હતા.

પોળની એક સાંસ્કૃતિક વિશેષતામાં એક વાત પર ખાસ ધ્યાન દોરવાનું મન થાય અને તે છે પોળની સમતા. આજે ભારતમાં કેટલાય રાજ્યોમાં ચાલીઓ અને સાંકડી ગલીઓવાળી પોળ જોવા મળે છે, પરંતુ ત્યા આર્થિક દ્રષ્ટિએ સમાનતા ધરાવતાં લોકો વસે છે, જ્યારે અમદાવાદની પોળમાં આર્થિક વિષમતા હોવા છતાં પણ સમતા જોવા મળે છે. જે પોળમાં મિલમાલિક કે ઉદ્યોગપતિ રહેતા હોય એ જ પોળમાં મિલના મજૂર પણ રહેતા હોય તેવી આર્થિક વિષમતામાં પણ એકતા બીજે ક્યાંય જોવા મળતી નથી. પોળમાં આર્થિક રીતે વિષમતા ભલે હોય પણ ક્યારેય આ વિષયમાં એકબીજા સાથેના વ્યવહાર-વર્તનમાં જોવા મળતી નથી.

પોળમાં રહેતી એક વ્યક્તિની સમસ્યાને આખી પોળ એક થઈને ઉકેલી લેતી હતી. તે સમયે માનવીને ક્યારેય એકલતા સાલતી નહોતી. આજની હાઈ-ફાઈ સોસાયટીમાં લાખોના મકાનોમાં આર્થિક સમાનતા હોવા છતાં પણ એક ઈર્ષાનો ભાવ અને એકલતાભર્યું જીવન જોવા મળે છે, જ્યારે પોળોમાં રહેતા લોકો વચ્ચે સ્નેહ અને લાગણીના સંબંધો જોવા મળતા હતા.

**કેટલીક મહત્વની પોળની સામાજિકતા અને સાંસ્કૃતિકતાઃ**

1. **વનમાળી વાંકાની પોળઃ**

વનમાળી વાંકાની પોળ શાહપુરમાં આવેલી છે. વનમાળી વાંકાની પોળમાં કણબી, સુથાર, કાગદી, ભાવસાર, સોની, વાણિયા અને બ્રાહ્મણ ઉપરાંત મોમના મુસલમાનો રહે છે. આજે પોળ પંચરંગી વસ્તી ધરાવે છે. વનમાળી પોળ ઘણી લાંબી અને વાંકીચૂકી ગલીઓવાળી હોવાથી વનમાળીની સાથે વાંકા શબ્દ જોડાઈ ગયો હોવાનું સંભવ છે. ઔરંગઝેબનો ગુજરાતના સૂબેદાર તરીકે કરતાલ ખાનનો અને નગરશેઠ તરીકે વનમાળીદાસ તાપીદાસનો ઉલ્લેખ છે. ઔરંગઝેબના સમયમાં લગભગ ઈ.સ.1690માં તેમણે શાહપુર ચકલામાં આ પોળ વસાવેલી. આ પોળમાં અનેક ખડકીઓ અને ખાંચાઓ છે. જેના નામો મોમીન ગલી, વચલી પોળ, ઉભો શેર, ગણેશ ભાભાનો ખાંચો, ઓળંગો એટલે સલ્તનત કાલની કોટની દિવાલ દેખાય અને તરત મોમનવાડ શરૂ થાય. ફેર માત્ર એટલો કે વનમાળી વનાંકાની પોળની શરૂઆત મોમીન ગલીથી થાય છે. એટલે મુસ્લિમ વસાહત ત્યારબાદ હિંદુ વસાહત શરૂ થાય છે. આજે તેમાં વિવિધ જ્ઞાતિઓ અને કોમો વસે છે. જેમ કે કડવા પટેલ, દરજી, ધોબી, સુથાર, ભાવસાર, સોની, બ્રાહ્મણ, વાણિયા, દલિત, ખ્રિસ્તી, મારવાડી અને શેખ, સૈયદ અને ખાન અટક ધરાવતા મુસ્લિમો પણ રહે છે. આ પોળમાં જૈનો ઘણા જૂજ છે. આ પોળે વિવિધતામાં એકતાનું સૂત્ર ચરિતાર્થ કર્યું છે. ગણપતિ વિસર્જનનો ઉત્સવ હિંદુ અને મુસલમાનો બંને ભેગા મળીને ઉજવે છે અને માતાની માંડવી પધરામણી વખતે પોળના મેનેજમેન્ટ સહિત તમામ કામો માટે મુસ્લિમ બિરાદરો આગળ પડતો ભાગ ભજવે છે. જ્યારે પોળમાં તાજીયાના જુલુસ નીકળે છે ત્યારે હિંદુ ભાઈઓ બહેનો તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. આંટા ઘંટી અને ધોબી ઓટલાની તદ્દન નજીકમાં પ્રાચીન મસ્તાનવાલી મસ્જિદ આવેલી છે. જેના પરથી આપણે જાણી શકીયે છીએ કે પોળના લોકો પરસ્પર એક બીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા હોય છે.

2. **આકાશેઠ કૂવાની પોળઃ**

આકાશેઠ કરીને એક શાહુકાર હતો. તેણે કૂવો બંધાવ્યો તે ઉપરથી પોળનું નામ પડ્યું હશે. એક જમાનામાં આકાશેઠ કૂવાની પોળ નાગરોની પોળ તરીકે ઓળખાતી. છેલ્લા પચાસ કે સાઈઠ વર્ષથી આ પોળનું ક્લેવર બદલાતા મારવાડીઓ સહિત અન્ય જ્ઞાતિઓના માણસો અહીં રહે છે. પણ તે અગાઉ આકાશેઠ કૂવાની પોળનું વ્યક્તિત્વ ઘડવામાં નાગરો તથા બ્રાહ્મણોએ મોટો ફાળો આપ્યો હતો. આ પોળમાં નાગરોની વસ્તી ઘણી છે અને તેમાં મોટી-મોટી હવેલીઓ બાંધીને રહે છે. આકાશેઠ કૂવાની પોળમાં શિવપ્રસાદ માંકડ નામના એક નાગર ફોજદારનો હોદ્દો ધરાવતા હતા. તે અછતના સમયમાં પોળવાસીઓ માટે અનાજ, ખાંડ, તેલ અને કેરોસીનની સગવડ કરી આપતા હતા. અમદાવાદમાં સૌ પ્રથમ છાપખાનું આકાશેઠ કૂવાની પોળમાં સ્થપાયું હતું. ગુજરાતી ભાષા સાહિત્ય અને સમાજ સુધારાના વિકાસ માટે ઈ.સ. 1848માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સ્થપાઈ હતી. તેને બીજે વર્ષે આ સંસ્થાએ 'વર્તમાન' નામનું અઠવાડિક શરૂ કર્યું. 'વર્તમાન' અને બુધ્ધિપ્રકાશમના છપાઈ કામનો જશ આકાશેઠ કૂવાની પોળને જાય છે. આ પોળમાં અંદર જતાં અંબાજી માતાનું દહેરું અને ત્યાંથી થોડા આગળ ચાલે એટલે એક મહાદેવનું મંદિર આવે છે. આ પોળમાં લોકો ભેદભાવ રાખ્યા વગર હળીમળીને અને શાંતિથી રહેતા ગાંધીયુગ પહેલા પણ ઘરે ઘરે રેંટિયા ચાલતા, પોળને નાકે પીંજારો પૂણીઓ લઈને સવારે વહેલો બેસતો.

**3. કામેશ્વરની પોળઃ**

કામેશ્વરની પોળ ખાડિયા વિસ્તારમાં આવેલી છે. આ પોળમાં મહાદેવનું મંદિર બંધાયું ત્યારથી જ આ પોળ કામેશ્વરની પોળ તરીકે ઓળખાય છે. આ પોળની સ્થાપના જહાંગીરના સમયમાં થઈ હોવાનું માનવામાં આવે છે. આ પોળમાં જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેનો સમન્વય જોવા મળે છે. પોળમાં આવેલા હિંદુ શિવાલય અને જૈન દેરાસરોમાંથી પોળમાં અહિંસા, સહકાર, કર્મ અને સહિષ્ણુતાની ભાવના પ્રગટી છે. તે સમયે તો આ પોળમાં ફક્ત બ્રાહ્મણ અને નાગર અને જૈનોની વસ્તી હતી પણ ત્યારબાદ બ્રિટિશકાળમાં તેમાં કણબી અને સોની કુટુંબો વસવા માંડ્યા અને આજે તો તેમાં રાજસ્થાની અને બંગાળી પોળવાસીઓનો ઉમેરો થયો છે. આ ઉપરથી કહી શકાય કે આ બધી જ્ઞાતિના લોકો એકબીજા સાથે સુમેળ કરી સામાજિકતાનો અને બિનસાંપ્રદાયિકતાનો ખ્યાલ અપાવે છે.

**4. ખાડિયાઃ**

અકબરે ઈ.સ.1572માં અમદાવાદ અને ગુજરાત જીતી લીધુ. ઈ.સ.1573માં અમદાવાદ આવ્યો અને જમાલપુર, ઝવેરીવાડ, આસ્ટોડિયા, માણેકચોક અને ભંડેરીપોળ જેવા ચકલાઓમાં ફર્યો. તેને ખાડાટેકરાવાળો આ વિસ્તાર પસંદ પડ્યો અને ખાડિયાને અકબરપુર નામ આપ્યું. ત્યાર પછી ખાડિયા અકબરપુર ચકલો નામ લોક જીભે ચડી ગયું. આ પોળનું રાષ્ટ્રીય ચળવળમાં પ્રદાન આપવામાં મોટો ફાળો ભજવ્યો છે. જેથી આ એક પ્રખ્યાત પોળ બની જાય છે.

**5. પાંજરાપોળઃ**

પાંજરાપોળ શબ્દ પરથી તરત ખ્યાલ આવે છે કે અપંગ પક્ષી અને પશુનું રક્ષણ કરતી સંસ્થા છે. તે જૈનોની જીવદયાની ભાવનામાંથી નીપજી છે. ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો ખંભાત, પાટણ, સુરત, અને અમદાવાદ એમ જ્યાં જ્યાં જૈનો મોટી સંખ્યામાં વસ્યાં ત્યાં પશુ પક્ષી પ્રત્યેના પ્રેમમાંથી પાંજરા બાંધવામાં આવ્યા. આ રીતે એક પોળ તરીકે મધ્ય યુગમાં અમદાવાદમાં પાંજરાપોળની રચના થઈ. પાંજરાપોળમાં 400-500 વર્ષથી વિકસેલી પરંપરા છુપાઈ છે. કપૂરચંદ ભાગ્યશાળી ઈ.સ. 1651-1720 જેવા સેવાભાવી શરાફ અને નગરશેઠ થઈ ગયા. પોળના જૈન કોમના આધ્યાત્મિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક અનુભવોમાંથી આજે પાંગરી છે. તેના શૈક્ષણિક આયામો તો પોળના આત્મા સમાન છે.

**6. ઝેવરીવાડોઃ**

ઝવેરીવાડો કાલુપુરમાં આવેલો છે. બધા ઝવેરીઓ એમાં રહે છે તે પરથી જ આ પોળનું નામ પડ્યું છે. એની મુખ્ય પોળ રતનપોળ છે. એનો દરવાજો માણેકચોકમાં પડે છે. ઝવેરીવાડનો સાંસ્કૃતિક ઇતિહાસ ઉજ્જવળ છે. શાંતિદાસનાં સમયમાં જ્યોર્જ ઓક્સીડેન્ટ નામનો અંગ્રેજ વેપારી ઝવેરીવાડમાં રહેતો હતો. તેમાં પોર્ટુગલ પાદરીઓ, ડચ વેપારીઓ રહેતા હતા. ઉપરાંત ડચ વસાહત પણ હતી.

**7. મોમનાવાડઃ**

મોમનાવાડ જમાલપુર, રાયખડ, ખાડિયા, વિસ્તારમાં આવેલ છે. બ્રિટિશ શાસન હેઠળ અહીં શૈક્ષણિક અને સામાજિક પરિવર્તનો શરૂ થયા. ઈ.સ. 1859માં શરૂ થયેલ ગુજરાત શાળાપત્ર નામના માસિક મુજબ મોમનાવાડમાં માત્ર પુરૂષોએ જ નહી પણ સ્ત્રીઓએ પણ નવા

શિક્ષણનો લાભ ઉઠાવ્યો હતો. ઈ.સ.1866 બાદ ઉર્દૂ કન્યાશાળાઓ શરૂ થતા કેટલીક મુસ્લિમ મહિલાઓએ શિક્ષણનો વ્યવસાય અપનાવ્યો હતો.

**8. દેસાઈની પોળઃ**

દેસાઈની પોળ ખાડિયા સરસપુર વિસ્તારમાં આવેલ છે. અખો ભગત, રણછોડલાલ છોટાલાલ, ચીનુભડાઈ બેરોનેટ, ડાહ્યાભાઈ ઈજ્જતરામ મહેતા, શંકરલાલ વ્યાસ વગેરે જેવા વ્યક્તિઓ આ પોળના જ રહેવાસી છે. દેસાઈની પોળનું હીર પારખીને ગાંધીજી, રવિન્દ્રનાથ, સરોજીની નાયડુ, વલ્લભભાઈ પટેલ જેવા મોટા ગજાના વ્યક્તિઓએ આ પોળની મુલાકાત લીધી હતી. આ પોળમાં નાગર, વાણિયા અને સોની લોકોની વસ્તી હતી. તેને જ્ઞાતિઓની સમાનતાની વાતો કરી હતી. અખાના બહુ સાંસ્કૃતિક મૂલ્યોને આધારે આજે પણ દેસાઈની પોળમાં આવેલા સોનીના ખાંચામાં નાગર, બ્રાહ્મણ, વાણિયા, સોની અને કંસારાઓના પંદરેક કુટુંબ રહે છે.

**અમદાવાદની પોળની સામાજિક લાક્ષણિકતાઃ**

ગુજરાત અને ભારતના વસવાટના ઇતિહાસમાં પોળોનું અસ્તિત્વ અનોખું છે. બીજે ક્યાંય આ પ્રકારનું વસવાટનું આયોજન જોવા મળતું નથી. પોળની અંદર વસવાટ કરતાં વ્યક્તિઓમાં કોઈ એક જ્ઞાતિ કે સમૂહની ચોક્કસ રીતભાત જોવા મળતી નથી. હિંદુ-મુસ્લિમ બંને પ્રજાનો વસવાટ હોવા છતાં શહેરમાં શ્રેણીબધ્ધ સમાજ આયોજનની 'જાતિવર્ણ નિવાસ' પધ્ધતિનું અહીં દર્શન થાય છે. વર્ણનોને ક્રમબધ્ધ ધંધો તેમજ અગત્યની પરાપૂર્વી અનુસાર વસવાટ કરાવી પોળોની રચના દ્વારા ભારતીય નગર આયોજન પધ્ધતિની સફળતાનો પરિચય કરાવ્યો. અત્યારની ભંડેરી પોળ ભંડેરીપુર કહેવાતી અને આવી કુલ 80 મુખ્ય પોળ હતી. જેમાંની ઘણીના નામ આજે પણ એ જ છે. તો ઘણી પોળના નામ સમયકાળ પ્રમાણે બદલી દેવામાં આવ્યા છે. પોળનાં સામાજિક જીવનમાં જોઈએ તો પરિવારના સારાનરસા પ્રસંગોએ આડોશી-પાડોશીઓ કામ હાથોહાથ ઉપાડી લેતા અને પ્રસંગને પૂરો કરતાં. જેથી પ્રસંગની ઉજવણી ચિંતામુક્ત અને આનંદમય વાતાવરણમાં થતી હતી. પ્રસંગો સમયે જમણવાર પણ ઘરની બહારની ગલીમાં જ રાખવામાં આવતો હતો અને આ સમયે પાડોશીઓ પણ તેમાં સહકાર આપતા હતા. લગ્નપ્રસંગે આખી પોળને જમવાનું આમંત્રણ આપવામાં આવ્યું હોય, અને આખી પોળના વ્યક્તિઓ સાથે મળીને રહેતા અને એકબીજાને સહકાર આપતા.

પાછલાં વર્ષોની અવ્યવસ્થામાં જેમ જેમ પોળો વધી તેમ તેમ એની અગત્યતા પણ વધતી ગઈ. એ પોળના સામાજિક ઇતિહાસ પરથી જાણી શકાય છે. નાતો વધી ત્યારે નાતોની જે અગત્યતા હતી તે પાછળથી ઘટી ગઈ તેમ પોળો વધી ત્યારે પોળોની જે સામાજિક અગત્યતા હતી તે હાલ ઘટી ગઈ છે. અમદાવાદના સામાજિક જીવનમાં પોળોનું સ્થાન એક રીતે છે, પરંતુ મર્યાદા જાળવવા માટે પોળો વધી અને જેવી રીતે એની બાંધણી થઈ તે બધુ હાલના સંજોગોમાં પહેલાં જેવી ઉપયોગિતા કે અગત્યતા નથી. જે ઐતિહાસિક સંજોગોમાં પોળો બંધાઈ તે જ ઐતિહાસિક સંજોગોને લીધે પોળો વાંકીચૂંકી ગલીયોવાળી, ગીચ અને સાંકડી બની. એક જાતિના સામાજિક બંધારણવાળા બનતા સુધી એક જ જથ્થામાં એટલે એક જ પોળમાં રહેતા તેથી વસ્તી વધતાં પોળો ઘણી ગીચ બની ગઈ. રાજ્યની અસ્થિરતા અને અવ્યવસ્થાને લીધે પોળોમાં છેક ખૂણે જ સારાં ઘર બાંધવાની લોકો હિંમત કરતાં, અને રસ્તા ઉપર ફક્ત પોળનાં બારણા અને અંદરના ઘરોની બારી કરાવતા હતા. 18મી અને 19મી સદીના પૂર્વાર્ધમાં આવનારા મુસાફરોને રસ્તા ઉપર બોડી ભીંતો જ જોવા મળતી હતી. અને ભીંતોમાં કોઈ કોઈ જગ્યાએ નાના જાળિયા કે બાકાં મૂકવામાં આવતાં. સારી બારીઓ મૂકવાની હિંમત ચાલતી નહિ. ચિત્રો કોઈ કોઈ જગ્યાએ ચીતરાવતા એટલે કોઈ પરદેશીને શહેરના ઘરોનાં બારણાં ક્યાં હશે અને ઘર કેવા હશે એ જાણવું મુશ્કેલ પડતું અને શહેરની રચના માટે વિચિત્ર ખ્યાલ બાંધીને જતાં. આમ, પોળોની રચનાના આધારે જ ખાસ સામાજિક લાક્ષણિકતા હતી.

**સાંસ્કૃતિક ક્ષેત્રે પોળના તહેવારોનું પ્રદાનઃ**

અમદાવાદની પોળના લોકો તહેવારની ઉજવણી પણ અનોખી રીતે કરતા જોવા મળે છે. એમાંના કેટલાંક રીત-રિવાજો આજે લુપ્ત થતાં જોવા મળે છે. પોળોમાં દિવાળી, મકરસંક્રાન્તિ, પર્યુષણ, નવરાત્રિ, નાતાલ અને રથયાત્રા જેવા પર્વો ધામધૂમથી ઉજવાય છે. જેમાં રથયાત્રા, મકરસંક્રાન્તિ, નવરાત્રિ અને દિવાળી હિંદુપર્વ હોવા છતાં સાર્વજનિક પર્વો તરીકે સ્વીકારવામાં આવ્યા છે. આ પર્વો કોઈ એક કોમના નહિ પણ સમગ્ર કોમના લોકો ઉમંગથી ઉજવે છે. પોળમાં રહેલાં લોકો જે રીતે તહેવારોની ઉજવણી હળીમળીને કરે છે તેના પરથી પોળના સામાજિક તેમજ તેના સાંસ્કૃતિક જીવન વિશે ખ્યાલ આવે છે. પોળમાં ઉજવાતા કેટલાક તહેવારોના આધારે તેની સાંસ્કૃતિક સ્થિતિનું વર્ણન નીચે મુજબ છેઃ

1. **દિવાળીઃ**

પોળોમાં દિવાળી વખતે કંઈક અલગ જ માહોલ જોવા મળતો હતો. નાના-મોટા સૌ દિવાળીમાં પોળની દરેક વ્યક્તિને મળવા જતા હતા. પોળની મહિલાઓ દિવાળીના કામ કરવામાં એકબીજાને મદદ કરતી. મીઠાઈઓ બનાવવાની વાત હોય કે ઘરની સાફ-સફાઈની, દરેક મહિલાઓ એકબીજાને મદદ કરતી હતી. ક્યારેક પોળમાં કોઈકના ઘરે શોક હોય અને તેમના ઘરે દિવાળી ઉજવવાની ન હોય ત્યારે તે ઘરના બાળકો માટે પાડોશીઓ મીઠાઈ અને ફરસાણ આપી આવતાં હતાં, જેથી બાળકો મીઠાઈ ખાઈ શકે, ફટાકડા પણ સૌ મિત્રો સાથે મળીને ફોડતા, જેથી આર્થિક રીતે અક્ષમ બાળકો પણ તહેવારનો આનંદ લઈ શકતાં. દિવાળીના દિવસે સાંજે ચોપડાપૂજન કરવામાં આવતું, રાત્રે તેલના દિવા કરવામાં આવતા. આ દિવાની રોશનીથી પોળનો નજારો અદભુત બની જતો. દેવદિવાળીમાં ઘીના દીવા કરવામાં આવતા. આ દિવસે મરમેરૈયુ બનાવીને ઘરમાં ફેરવવામાં આવતું, જે ઘરમાં ફેરવતી વખતે એક વ્યકિત પાછળ ઘંટડી વગાડતો. મરમેરૈયું ઘરમાં ફેરવવાનો ઉદ્દેશ ઘરના દરેક ખૂણામાં પ્રકાશ પાથરવાનો હતો. આવા અનેક રીતરિવાજો જ્ઞાતિ અનુસાર જોવા મળતા હતા. પોળમાં નૂતન વર્ષ અને ભાઈબીજ આ બન્ને દિવસે માતાજીનો માંડવાનું આયોજન પણ કરવામાં આવતું. દિવાળીના તહેવારની જે રીતે ઉજવણી થતી તેના પરથી પોળના રહેવાસીઓના પરસ્પર સંબંધો, લાગણી, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ વિશે જાણી શકાય છે.

2. **મકરસંક્રાંતિઃ**

હિન્દુ ધર્મમાં મકરસંક્રાન્તિનો પર્વ એક મહાપર્વ તરીકે ઉજવવામાં આવે છે. અમદાવાદની પતંગબાજી ભારત જ નહિ પરંતુ સમગ્ર દુનિયામાં પ્રસિધ્ધ છે. અમદાવાદની પોળની મકરસંક્રાન્તિનું આકર્ષણ દેશ-વિદેશના લોકોમાં પણ વધારે જોવા મળે છે. મકરસંક્રાન્તિના દિવસે પોળમાં મકાનની છત ભાડે આપવામાં આવે છે. આ પર્વ નિમિત્તે વિદેશના અમેરિકા, ઓસ્ટ્રેલિયા, સ્વિટ્ઝરલેન્ડ, કેનેડા, જાપાન જેવા દેશોમાંથી વિદેશી પ્રવાસીઓ અમદાવાદમાં આવતા હોય છે. આ પ્રવાસીઓ ઉત્તરાયણ ઉજવવા માટે અમદાવાદની પોળને વધુ પસંદ કરે છે. મકરસંક્રાન્તિમાં ઊંધિયું, ઢોકળા, તલના લાડુ, ચિક્કી, શેરડી, બોર, જામફળ વગેરેનું અનેરું મહત્વ છે. રાત્રે છત ઉપર ભોજન કરીને સામાજિક એકતાનું પ્રતિક પ્રતિબિંબ કરે છે. પતંગ ઉડાડવાની સાથે સાથે સ્વાદિષ્ટ વાનગીઓની મજા

ઉઠાવવા લોકો તત્પર રહે છે. આજ રીતે સવારથી લઈને સાંજ સુધી લોકો છત ઉપર રહીને મજા માણે છે. મકરસંક્રાન્તિની આવી ખાસ ઉજવણીને કારણે જ વર્ષ 2003 થી અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે "ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ"નું આયોજન કરવામાં આવે છે. કાઈટ ફેસ્ટિવલનું સાંસ્કૃતિક ક્ષેત્રે અનેરુ પ્રદાન રહ્યું છે. જેમાં દેશ-વિદેશથી પતંગબાજીના શોખીન અહિંયા પતંગબાજી કરવા માટે આવે છે. જેમાં દરેક વ્યક્તિઓ પુરેપુરી મસ્તી સાથે પતંગબાજી કરતા જોવા મળે છે. માટે જ તો ધરતીને આકાશ સાથે જોડતી પતંગનું મહત્વ ખૂબ જ મોટું છે. આ તહેવારમાં પોળોમાં સંકડાશમાં આવેલા મકાનોમાં પેચ લડાવવાની મજા અનોખી હોય છે. ઉંધિયુ જલેબીની મહેફિલ દરેક ઘરના ધાબા પર જોવા મળે છે. લોકો સાથે મળીને તહેવારોની ઉજવણી કરતા જોવા મળે છે.

3. **નવરાત્રિઃ**

પોળોમાં નવરાત્રિનો તહેવાર ખૂબ આનંદથી અને ઉલ્લાસથી મનાવવામાં આવતો. ગરબાની જૂની પધ્ધતિ આજે લુપ્ત બની રહી છે. જ્યારે જૂના સમયમાં નવરાત્રિમાં માત્ર સ્ત્રીઓ જ ગરબા રમતી હતી. લાલ કે લીલા રંગની સાડી પહેરીને પારંપરિક રીતે ગરબા લેવામાં આવતાં હતાં. તાળી અને ઢોલના તાલ પર ગરબા રમવામાં આવતા હતા. તે સમયે ગરબામાં મહિલાઓ ગરબા ગાતી અને રમતી, જ્યારે પુરૂષો માત્ર તેને નિહાળતા હતા. નવરાત્રિમાં પોળમાં મલ્લામાતા બનાવવામાં આવતા હતા અને ત્યાં જ આખી પોળ આરતી કરીને ગરબા રમતી હતી. નવરાત્રિ વખતે પોળનો મહોલ ખૂબ જ રંગમાં જોવા મળતો હતો. સાધુ માતાની પોળમાં નોરતાના આઠમાં દિવસે પુરૂષો સ્ત્રીઓની જેમ શણગાર સજીને, સાડી પહેરીને ગરબા રમે છે. આ રિવાજ આ પોળમાં આશરે 188 વર્ષથી જોવા મળે છે. બાળક અવતરે તેના માનમાં બાધા રાખીને પુરૂષો દ્વારા આ ગરબા રમવામાં આવતા હતા. આવી અનેક માન્યતાઓ સાથેના ગરબા આજે લુપ્ત બની રહ્યાં છે. ગરબા દ્વારા પોળના લોકોનો સામાજિક સમન્વય થતો અને તેમની એકતાનો ખ્યાલ પણ આવે છે. નવરાત્રિના તહેવારની ઉજવણી દ્વારા તેઓ પોતાની સાંસ્કૃતિક ધરોહરને જાળવી રાખે છે અને તેનો વિકાસ કરે છે.

4. **રથયાત્રાઃ**

જય જગન્નાથ અને જય રણછોડના નાદ સાથે અમદાવાદમાં દર વર્ષે રથયાત્રા ભક્તિભાવથી નીકળે છે. અષાઢી બીજના દિવસે વિધિવત અમદાવાદની ગલીઓમાં આ

રથયાત્રા ફેરવવામાં આવે છે. જૂના અમદાવાદમાં સાંકડા રસ્તાઓમાંથી પરંપરા મુજબ રથયાત્રા પસાર થાય છે. પોળના લોકો માટે રથયાત્રા અનોખા ઉત્સાહ અને ઉમંગનો અવસર છે. હજારોની સંખ્યામાં લોકો ઉત્સવની ઉજવણી કરે છે. આ સમય દરમિયાન પોળનાં રસ્તાઓનો માહોલ કંઈક જુદો જ જોવા મળે છે જે એક સાંસ્કૃતિક પ્રભાવની ઝાંખી કરાવે છે. આ યાત્રાનો પ્રારંભ ઈ.સ. 1878માં પરંપરાગત રીતે કરવામાં આવ્યો હતો. વર્ષોથી કરવામાં આવતી આ પર્વની ઉજવણીમાં રથયાત્રાનો માર્ગ સમયાંતરે બદલાતો રહ્યો છે, પણ તેમ છતાં પણ પોળોમાં ઉજવાતા તહેવારોમાં આ તહેવાર વિશિષ્ટ રહ્યો છે. હજારોની માનવમેદની અને દર્શનાર્થીઓની ભીડ હોવા છતાં પણ પોળોના સાંકડા રસ્તાઓ પર શાંતિમય રીતે રથયાત્રા પસાર થાય છે. જ્ઞાતિ-જ્ઞાતિ, ઊંચ-નીચ, ગરીબ-તવંગર વગેરેના ભેદભાવ રાખ્યા વિના રથયાત્રામાં લોકો ભાગ લે છે. જેના આધારે તેમની સામાજિક એકતા અને સાંસ્કૃતિકતાનો ખ્યાલ મેળવી શકાય છે. પોળમાં આવા અનેક તહેવારો ઉત્સવો જોવા મળે છે અને ઉત્સવોની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવતી હોય છે.

**હેરિટેજ વોકનું સાંસ્કૃતિક મહત્વઃ**

કોટ વિસ્તારના સાચા અમદાવાદને જાણવા તેમજ પ્રાચીન નગર આયોજનમાં સંખ્યાબંધ પોળોની બાંધણી અને જીવનશૈલીની આગવી વિશેષતા શહેરની હેરિટેજ વોકથી મળી શકે છે. એક સાથે હજારો લોકો રહેતા હોય, તેવી પોળો, દુર્લભ ચબૂતરા અને અતિ સુંદર કારીગરવાળા મંદિરો, ઘરની બાંધણી આ પોળોમાં આવેલા છે. આ હેરિટેજ વોકમાં દરેક વ્યક્તિ શહેરની પ્રત્યક્ષ અનુભૂતિ જૂના કોટવા વિસ્તારમાં પગપાળા ચાલીને સ્થાપત્ય, કલા, ધાર્મિક સ્થાનો, સંસ્કૃતિ અને પરંપરાને પ્રત્યક્ષ નિહાળી શકે છે. અમદાવાદની પોળમાં આ હેરિટેજ વોક દરમિયાન ઐતિહાસિક સ્થાપત્યના બેનમૂન નમૂના, કોતરણીવાળા મકાનો, ખડકી, ડહેલા તેમજ ચબૂતરા, ચાટ, સુએજ લાઈનનું વેન્ટીલેટર કોલમ વગેરે જગ્યાઓ આવરી લેવાય છે. જેને કારણે પ્રાચીન શહેરના લોકોની રહેણીકરણી, મકાનોની ડિઝાઈન, સૂર્ય અને પવન પૂરતા પ્રમાણમાં આવે તે રીતે બનાવાયેલા મકાનો વગેરે બાબતોનો 'હેરીટેજ વોક' દરમિયાન ખ્યાલ આવી શકે છે. આ વોક દરમિયાન પોળની મુલાકાતના આધારે તેમના સામાજિક જીવન, સાંસ્કૃતિક જીવન, પરંપરાઓ, ધાર્મિકતા વગેરે વિશે જાણકારી મેળવી શકાય છે.

**ઉપસંહારઃ**

અમદાવાદની પોળોનું સાંસ્કૃતિક ક્ષેત્રે ખૂબ જ મહત્વ રહેલું છે. સામાન્ય રીતે સામાજિક જૂથના વ્યક્તિત્વનો પાયો એની રહેણીકરણીની વિશિષ્ટતામાં હોય છે. પહેરવેશ, રીતરિવાજ, ખાનપાન, બોલી, માનસિક વલણો વગેરે પરથી પ્રાદેશિકતા નક્કી થાય છે અને એ પણ પરંપરાથી ચાલી આવેલી રૂઢિગત સાંસ્કૃતિક વિશેષતાઓ જ છે. જેને કારણે અમદાવાદની પોળો સાંસ્કૃતિક ક્ષેત્રે સમૃધ્ધ બન્યું છે. માનવસમાજનું અસ્તિત્વ અને સાતત્ય સંસ્કૃતિને આભારી હોય છે. માનવીના સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક જીવનનાં વિભિન્ન પાસાઓ ઉપર સંસ્કૃતિ ઘેરી અસર પાડે છે. અમદાવાદની પોળમાં રહેતા લોકોનું સામાજિક જીવન અતિ નિરાળું જોવા મળે છે. તેઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય છે. પરસ્પર પ્રેમભર્યા વ્યવહાર, એકબીજાને મદદ માટે તત્પર, આવા અનેક ગુણો ધરાવે છે. પોળોના રહેવાસી તેમની રહેણીકરણી, ખાનપાન, વસ્ત્ર-આભૂષણ, જીવન જીવવાની રીત, તહેવારોની ઉજવણી વગેરે જેવા કાર્યોથી આકર્ષણનું વાતાવરણ ઊભું કરે છે. આ બધી બાબતો પોળના સાંસ્કૃતિક જીવનની ઝાંખી કરાવે છે અને તેમના સાંસ્કૃતિક વારસાને જાળવવું પણ તેમના હાથમાં જ છે. અમદાવાદની પોળ અતિ સુંદર સાંસ્કૃતિક વારસો ધરાવે છે. જેના કારણે અમદાવાદને હેરિટેજ સીટી તરીકેનો દરજ્જો પ્રાપ્ત થયો છે. અમદાવાદને હેરિટેજ સીટી તરીકેનો દરજ્જો ઘણે અંશે પોળના સાંસ્કૃતિક વારસાને આધિન છે. અમદાવાદ શહેરને જે પોળની ધરોહર મળી છે તેને સાચવવી ખૂબ જ જરૂરી છે. ભવિષ્યમાં અમદાવાદના પોળના આ સાંસ્કૃતિક વારસાનો વધુ વિકાસ થાય તેવી ઇચ્છા વ્યક્ત કરવી હિતાવહ જણાય છે.

**સંદર્ભસૂચિ**

**ગુજરાતી પુસ્તકોઃ**

1. કાદરી રીઝવાન, 'અમદાવાદ વૈભવ અને વારસો', ગૂર્જર એજન્સી, ગાંધીમાર્ગ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 2004.
2. જોષી (ડૉ.) રજનીકાંત, 'અમદાવાદ એટલે અમદાવાદ', અમૃતા પ્રકાશન, અમદાવાદ, 2002
3. જોટે રત્નમણિરાવ ભીમરાવ, 'અમદાવાદનું સ્થાપત્ય અને ઇતિહાસ અને સામાન્ય રૂપરેખા', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, દ્વિતિય આવૃત્તિ, 2010.

4. જોટે રત્નમણિરાવ ભીમરાવ, 'ગુજરાતનું પાટનગરઃ અમદાવાદ', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, 2014.

5. ઠાકર મીનાક્ષી, 'પ્રવાસનભૂમિ ગુજરાત', નવભારત સાહિત્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 2009.

6. દેસાઈ દિનેશ (સં), 'અમદાવાદ બતાવું ચાલો', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

7. પટેલ રિધ્ધિ, 'અમદાવાદની પોળમાં', ઓમ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ, 2012.

8. પરીખ રસિકલાલ, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ભાગ-5, સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 1977.

9. માણેક પટેલ 'સેતુ', 'અમદાવાદનો પોળો અને પરાં', ગૂર્જર પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, 2018

10. શાહ મહેશ, 'અમદાવાદ મેગાસીટી સુધીની સફર', હર્ષ પ્રકાશન, 2006.

11. શેલત ભારતી, 'અમદાવાદ ઈતિહાસ અને અનુસંધાન', 1930-2013, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, 2014.

12. શંકરરાય અમૃતરાય, 'અમદાવાદનો જીવન વિકાસ', શંકરરાય અમૃતરાય પ્રકાશક, અમદાવાદ, 1921.

**સામાયિકઃ**

1. મહેતા મકરંદ, પોળોનો ઈતિહાસ, ગુજરાત સમાચાર

**વેબસાઈટઃ**

1. https://ahmedabad.nic.in
2. https://www.divyabhaskar.co.in

# ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરામાં જળસ્થાપત્યો નું મહત્વ

**કૌશિકકુમાર જગદીશકુમાર સેનમા**
**રિસર્ચ સ્કોલર; હેમ. ઉ. ગુ. યુનિ.**
**પાટણ**

**પ્રસ્તાવના**

"નિર્જળ ગામ નવાણ ગળાવો
વાવ નદી તળાવો શોધી,
જુના હરિ અર્ધ સુધારો એ
દાન ના ધણી ધર્મ તમારો"

મનુષ્ય આદિ સમયથી કુદરતના સાનિધ્ય અને કુદરતી આપેલી અમૂલ્ય ભેટો નો ઉપયોગ કરતો આવ્યો છે. સિંધુ સંસ્કૃતિમાં માનવી વૃક્ષ , પ્રાણીની પૂજા કરતો આવ્યો છે. વૈદિક સંસ્કૃતિમાં વરસાદ માટે પૂજા કરતો આવ્યો છે. માનવજીવનને કુદરત તરફથી મળેલી અમૂલ્ય ભેંટ એટલે અંબુ, જળ, પાણી...અને આ પાણી જીવનને જીવંત રાખે છે માટે આપણે તેની જળદેવતા તરીકે પૂજા કરતો આવ્યો છે . ગંગા, જમુના, સરસ્વતી, મહી મેશ્વા, વાત્રક, ભાદર, નર્મદા જેવી નદીઓ માનવજીવનને એક નાના બાળકની જેમ સાચવે છે. આથી જ નદીઓને આપણે લોકમાતા તરીકે પૂજનીય ગણીએ છીએ. એવીજ રીતે માનવજીવન ના કલ્યાણ માટે વાવ,તળાવ,કુવા નહેરો વગેરે અન્ય જળાશયો બંધાવનાર કે બાંધનાર આપણી સંસ્કૃતિમાં પુણ્ય આત્મા તરીકે સન્માન આપવામાં આવે છે. નિર્જન વગડો કે રણ માં જતહોઇયે ત્યારે આપણને એક ખોબા જેટલું પાણી પણ અમૃત સમાન લાગે છે. ધરતી ઉપર વરસાદી પાણી પડતાં કણમાંથી અનાજ પકવવાની શક્તિ રહેલી છે નિર્જન ભૂમિ ને લીલીછમ કરી શકે છે. પાણીના અસંખ્ય ઉપકાર આપણી ઉપર રહેલા છે. સમુદ્રકિનારે વિકાસ પામેલી સંસ્કૃતિને સાગર સંસ્કૃતિ કહેવામાં આવે છે. અને એવી પરંપરા અસ્તિત્વમાં આવી કે દરિયાને આપણે દેવ તરીકેની માન્યતા અસ્તિત્વમાં આવી છે આમ પાણી નાં મહત્વ આપવા માટે માનવે સ્થાપત્યો અને શિલ્પો ની રચના કરી છે. દોઢસો વર્ષ પૂર્વે વાવ, કુવા, કુંડનું સ્થાપત્ય બંધાવ્યા છે. જેનાથી એક

નવી પરંપરા નો વિકાસ થયો છે જેમ સંસ્કૃતિ માં મંદિરો, શિલાલેખો અને સ્થંભો નું મહત્વ છે તેમ વાવ, તળાવ ,કુંડ, કુવા વગેરેનું અનેરું મહત્વ રહેલુ છે.

**વાવ**

સમગ્ર વિશ્વ માં સ્થાપત્ય પ્રેમીઓમાં ભારતના શિલ્પ સ્થાપત્ય વિશે ખુબજ લગાવ અને આકર્ષણ જોવા મળે છે. એમાં ખાસ કરીને જળસ્થાપત્ય ખુબ મહત્વ નું આકર્ષણ બન્યા છે.ગુજરાતમાં આવા જળ સ્થાપત્યો માં વાવ એક અગત્યનું સ્થાપત્ય છે. હજારોની સંખ્યા માં લોકો નિહાળવા આવે છે.

પ્રાચીનકાળમાં રાજા , રાજાના કુટુંબીજનો, વેપારીયો, સુખી ગૃહસ્થો અને શ્રેષ્ઠીઓ જળાશયો, વાવ અને કુંડ બંધાવતા હતા. આવી વાવને ચાર પ્રકારે બંધાવી સકતી હતી. **૧) નંદા એકમુખ અને ત્રણ કુટ ૨)જયા જે ત્રણ મુખ અને નવ કુટ ૩) ભદ્રા જે બે મુખ અને નવ કુટ ૪) વિજયા જે ચાર મુખ અને નવ કુટ જેને સૂર્યકુટા પણ કહેવાય છે**. વાવ ઓછા વિસ્તારમાં બાંધી શકાતી હોવાથી ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં વાવનું પ્રમાણ વધારે જોવા મળે છે. વાવ બંધાવા પાછળનો ઉદેશ્ય જળદાનનો છે. જળ સર્વે જીવોને તૃપ્ત કરનારું હોવાથી સર્વે દાનોમાં તેને ઉત્તમ ગણવામાં આવેલું છે. આદુનિક સમયમાં પણ મનુષ્ય પોતાની પરંપરા જાળવી રાખી છે અને વાવ,કુવા કે કુંડ નથી બનતા પણ ઠેરઠેર પાણી પરબો અસ્તિત્વમાં આવી છે જે પરંપરાનું જ એક ઉદાહરણ છે. બળબળતા બપોરે તરસ્યો વટેમાર્ગુ વાવનું પાણી પીને વાવનું નિર્માણ કરનારને અંતરના આશિષ આપે છે, માટે જળદાનનું મહત્વ અશ્વમેઘ યજ્ઞ જેટલું ગણાવાયું છે. આવી રીતે યશ-કિર્તી અને પુણ્ય મેળવવાની પરંપરા આપણે ત્યાં વર્ષોથી ચાલી આવે છે.

પ્રસિદ્ધ ઇતિહાસવિદ્ર ડો. હરીપ્રસાદ શાસ્ત્રીએ નોંધ કરી છે કે, ગુજરાતમાં અગાઉ ઠેકઠેકાણે વાવ બાંધવામાં આવતી હતી. ગુજરાતના અભિલેખોમાં **વાપી** અર્થાત વાવનો ઉલ્લેખ મહાક્ષત્રપ રુદ્રદામાના પુત્ર રુદ્રસિંહ(પ્રથમ)ના સમયમાં શક વર્ષ ૧૦૩(ઇ.સ. ૧૮૧)ના ગુંદા શિલાલેખોમાં જોવા મળે છે. વલ્લભીના મૈત્ર વંશના રાજાઓએ આપેલા ભૂમિદાનોને લગતાં તામ્રપત્રો (ઇ.સ. ૫૦૨ થી ૭૬૬)માં અનેક વાવોનો ઉલ્લેખ આવે છે. સોલંકી વંશ(ઇ.સ. ૯૪૨ થી ૧૨૪૪)ના ગાળામાં ગુજરાતમાં અનેક સુંદર તળાવોનું સર્જન થયું હતું. એ સમયમાં વાવો પણ બાંધવામાં આવેલી હતી પણ તેનો ઉલ્લેખ ઉપલબ્ધ નથી.એ સમયગાળામાં મહારાજા ભીમદેવની રાણી ઉદયમતીએ બંધાવેલી રાણકી વાવનું શિલ્પ સ્થાપત્ય નોંધપાત્ર છે. ગુજરાતની યાત્રાએ આવેલા પર્યટકો રાણકી વાવ અને અડાલજની વાવની મુલાકાત અવશ્ય લે છે.

નડિયાદના ડુમરાલની ભાગોળે સિદ્ધરાજ જયસિંહની માતા મિનળદેવીએ સવંત ૧૧૫૨ના વૈશાખ સુદ ત્રીજના દિવસે એક વાવ બંધાવી હોવાનો શિલાલેખ હતો જે આજે ઉપલબ્ધ નથી. ઉમરેઠની ભદ્રકાલી વાવ પણ સંવત ૧૧૧૨માં મિનળદેવીએ બંધાવી હોવાનું ગણાય છે. વાઘેલાકાળ(ઇ.સ. ૧૨૪૪ થી ૧૩૦૪)માં વાવોનો ઉલ્લેખ જૂજ છે. વઢવાણ પાસે આવેલી ખેરાળાની વાવ પરમાર રાજા જગદેવના મંત્રી કરણે સંવત ૧૩૧૯માં બંધાવી હતી. વઢવાણની જ માધાવાવ વાઘેલા કર્ણદેવના મહાઅમાત્ય માધવે પોતાના પિતાના સ્મરાણાર્થે સંવત ૧૩૫૦માં બંધાવી હતી.

ગુજરાતમાં રાણકીવાવ અને અડાલજની વાવ પ્રખ્યાત છે. અડાલજની વાવના શિલાલેખ ઉપરથી કહી શકાય છે કે, આ વાવ વાઘેલા રાજા મોકલસિંહના વંશજ વીરસિંહની રાણી રુડાદેવીએ સંવત ૧૩૫૫માં પાંચ લાખ ટકા(રૂપિયા૩૧,૬૬,૭૦૦)ના ખર્ચે બંધાવી હતી. આ વાવ જયા પ્રકારની છે. આ વાવમાં ઝરુખા, ગોખ, સ્તંભ વગેરેમાં કંડારેલું શિલ્પ અનન્ય છે. આ વાવ અમદાવાદ પાસે અડાલજમાં આવેલી છે. રાણકીવાવ પાટણમાં આવેલી છે. રાણકી વાવનું બાંધકામ પૂર્વ- પશ્ચિમ થયેલું છે. વાવનું પ્રવેશદ્વાર પૂર્વ તરફ અને કુંડ(કુવો) પશ્ચિમ તરફ આવેલો છે. વાવના જે પ્રકારો પુરાણોમાં વર્ણવેલા છે એમાંથી આ રાણકી વાવ 'નંદા' પ્રકારની ગણાય છે. પાટણની રાણકી વાવ એટલે ૧૧મી સદીના ગુજરાતના લોકજીવન, ઉચ્ચત્તમ કલા, સંસ્કારો અને સૌદર્ય તથા નિષ્ઠાવાન કારીગરોની મહેનતનું ઉત્કૃષ્ટ ઉદાહરણ! અહી પથ્થરોમાં જાણે કવિતા કંડારેલી છે! આ વાવ કલારસિકો અને સૌંદર્યના જિજ્ઞાસુઓ માટે એક નયનરમ્ય કલાધામ છે. આ વાવના શિલ્પોમાં ચૈતન્યનો ધબકાર છે. આ વાવની વિપુલ શિલ્પ સમૃદ્ધિમાં શૈવ અને વૈષ્ણવ શકિત સંપ્રદાયને લગતાં શિલ્પો જોવા મળે છે. આ વાવની ખૂબી એ છે કે, તેને વાસ્તુશાસ્ત્રના બધા જ નિયમોને આધિન રહીને બનાવવામાં આવેલી છે. બાંધકામની વાત લઇએ તો વર્ષ ૨૦૦૧માં આવેલા ભયાનક ભૂકંપ સમયે આ વાવની એક કાંકરી પણ ખરી ન હતી. ઇતિહાસ બની ચૂકેલી આવી વાવો આજે અમદાવાદ, કપડવંજ, પેટલાદ, મહુવા, માંગરોળ, ધોળકા, ખંભાત જેવા વિસ્તારોમાં જોવા મળે છે. જુનાગઢની અડીકડી વાવ પણ પ્રખ્યાત છે.

વાવની સાથે લોકમાતાનો સંબંધ પણ જોડાયેલો છે. વાવના ગોખમાં દેવી-દેવતાઓની મુર્તિઓ જોવા મળે છે જે જળરક્ષક તરીકે પુજાય છે. સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લામાં દડવા ગામના પાદરમાં આવેલી વાવમાં સૂર્યપુત્રી, પુત્રદાતી રાંદલમાતાનું સ્થાનક આવેલું છે. વાંઝીયા મહેણા ભાંગવા અને બાધા-માનતાવાળા અનેક ગ્રામજનો આ વાવની મુલાકાતે આવે છે. ગુજરાતની વાવોની સાથે પ્રણય-બલિદાનની કથાઓ સંકળાયેલી છે. સૌરાષ્ટ્રની વણઝારી વાવ સાથે લાખા વણઝારાની પુત્રી અને કણબી પુત્રના પ્રણયની અને વઢવાણની માધાવાવ સાથે અભેસિંહ અને

વાઘેલા વહુના બલિદાનની ગાથા જોડાયેલી છે. કેટલીક અવાવરું વાવ સાથે ભૂત-પ્રેતની કલ્પનાઓ જોડાયેલી છે.

**કુવા અને કુંડ :**

ગુજરાતમાં જળવ્યવસ્થામા કુવો અગત્યનો સ્ત્રોત છે પ્રાચીન સંસ્કૃતિનાં કેન્દ્રમાં લોથલ માંથી પાકી ઇંટો નો બનેલો કુવો મળી આવ્યો છે. તેના પરથી પ્રાચીન સમયમ કુવા બાંધકામ વિશે માહિતી મળે છે. શિલ્પ સ્થાપત્ય વાસ્તુવિદ્યા ના ગ્રંથો અને અપરાજિતપૃચ્છા ગ્રંથના ૩૪માં અધ્યાયમાં ઉત્તમ પ્રકારના શાસ્ત્રોકત કુવાના દસ નામો વાંચવા મળે છે. ચાર હાથના વ્યાસવાળો કુવો શ્રીમુખ, પાંચ હાથનો વિજય છ હાથનો પ્રાંત, સાત હાથનો દુદંભી, આઠ હાથનો મનોહર, નવ હાથનો ચુડામણી, દસ હાથનો દિગ્ભદ્ર, અગિયાર હાથનો જવ, બાર હાથનો મંદ અને તેર હાથના વ્યાસવાળો કુવો શંકરના નામે ઓળખાય છે. કુવા શબ્દ નો ઉદભવ કૂપ શબ્દ માંથી થયેલો છે કૂપ એટલે મોટો કુવો કુપીકા એટલે નાનો કુવો કહેવામાં આવે છે આવા કુવાઓમાં જુનાગઢમાં ઉપરકોટ કિલ્લામાં આવેલો નવઘણ કુવો, મહેમદાવાદમાં મહમદ બેગડાએ બનાવેલો ભમ્મરિયો કુવો, વાસદ પાસેનો ફેર કુવો, ઓલપાડ પાસેનો કુવો, મહેસાણાના ગુંજા ગામ પાસેનો ઇટરી કુવો, આણંદ તાલુકાના ભારેકિયા ગામનો ખરેરિયો કુવો, વણતોલ ગામનો અરણિયો કુવો અને સિદ્ધપુર તાલુકાના બટેશ્વર તીર્થ પાસેનો ગંગવો કુવો ખૂબ જ પ્રખ્યાત છે. ઇતિહાસ, પુરાત્વ અને શિલ્પ સ્થાપત્યના દ્રષ્ટિકોણથી અનન્ય સ્થાન ધરાવતાં વાવ, કુવાઓની સંખ્યા ગુજરાતમાં આશરે ૨૫૦ છે અને મોટાભાગના બિસ્માર હાલતમાં છે.

ગુજરાતમાં કુવાની સાથે સાથે કલાત્મક કુંડ નું પણ નિર્માણ કરવામાં આવતું હતું અને તળાવ કુવા અને વાવ ની જેમ આપણ દુષ્કાળ ની પરિસ્થિતિ ને નાથવા માટે આવા લોક કલ્યાણ માટે આવા જળકુંડો નું નિર્માણ થયેલું છે ખાસ કરીને વડનગર માં આવેલો  ગૌરીકુંડ, ગાંધીનગરના આખજ માં આવેલો શક્તિ કુંડ, શંખેશ્વર માં આવેલો લોટેશ્વર કુંડ મહીસાગર જીલ્લામાં આવેલો હિડિમ્બા કુંડ ઇડરમાં આવેલો સાબલીનો ઝરુખાનો કુંડ, ઇડર તાલુકાના દાવડ ગામે આવેલ સપ્તેશ્વર મહાદેવ કુંડ વગેરે કુંડ કલાત્મક અને સંસ્કૃતિ શિલ્પ સ્થાપત્ય ની દ્રષ્ટી એ ઉત્તમ છે. કુંડના ગવાક્ષોમાં જોવા મળતા વિવિધ શિલ્પો અને સ્થાપત્ય કળા રસિકો માટે એક તીર્થ સમાન છે વિદ્યમાન શિલ્પોમાં ગણેશના વિવિધ રૂપો ભગવાન શિવ, વિષ્ણુ,ઇન્દ્ર  બ્રહ્મા ,કાર્તિકેય,શીતળા , ભૈરવ  વગેરે શિલ્પો કલાના ઉતમ નમૂનાઓ અને પ્રવર્તમાન ધર્મિક પરંપરા અને સંસ્કૃતિ ની ઝાંખી કરાવે છે.

**તળાવ**

ગાંધી પ્રતિષ્ઠાન નવી દિલ્હી તરફથી આજ ભી ખરે હૈ તાલાબ સચિત્ર અભ્યાસી ગ્રંથ(અનુપમ મિશ્રા)ભારતીય તળાવ સંસ્કૃતિનું મહત્વ સમજાવે છે. ભારતવર્ષમાં અગાઉના સમયમાં કોઇ ગામ નદી, તળાવ વગરનું ન હતું. સૌરાષ્ટ્રમાં ૨૦,૦૦૦, કચ્છમાં ૬૫૦, ઉત્તર ગુજરાતમાં ૨૫૦૦ અને મધ્ય ગુજરાતના ૯૦૦ જેટલા ગામોમાં તળાવો આવેલા છે. જાળવણીના અભાવે આ તળાવો માટી-કાંપથી પૂરાતા જાય છે. ગુજરાતના જાણીતા તળાવોની યાદી જોઇએ તો કડીનું થોર, ધોળકાનું મલાવ, વિરમગામનું મુનસર, સિદ્ધપુરનું બિંદુ, ગોધરાનું રામસાગર, હાલોલનું યમુના, દાહોદનું છાબ, ભાવનગરનું બોર, આજવાનું સયાજી, વડોદરાનું સુરસાગર, ડાકોરનું ગોમતી, રાજકોટનું લાલપરી, જામનગરનું લાખોટા(રણમલ) અને ભુજનું હમીરસર, વડનગર નું શર્મીસ્ટા તળાવ વિસનગરનું પીંડારિયા તળાવ વિસનગર નું દેડીયું તળાવ,ડભોઇ માં આવેલું તેન તળાવ જેવા તળાવો આજે પણ જળસંસ્કૃતિની ધરોહર સાચવી રહ્યા છે. કેટલાક તળાવોનું પાણી આજે પણ પીવાના પાણી તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. તળાવોનું સાંસ્કૃતિક મહત્વ છે.

અષાઢ મહિનાના પહેલા દિવસથી ભાદરવાના છેલ્લા દિવસ સુધીમાં દેશભરના ૧૧ થી ૧૨ લાખ પહેલાના જમાનામાં જેટલા તળાવો વરસાદી પાણીથી ભરાઇ જતાં હતાં અને આખુ વર્ષ પાણીની જરૂરિયાત પૂરી પાડતાં હતા. આ તળાવો ગળાવવા, દર વર્ષે તેમાંથી કાંપ-ગાળ કાઢી સફાઇ કરવી, તેની સાર સંભાળ રાખવી જેવી પ્રવૃતિઓ કરવામાં આવતી હતી. આવા કાર્યો કરનારાઓની સમાજમાં કિર્તી વધતી.

તળાવો સાથે અનેક ઐતિહાસિક કથાઓ જોડાયેલી છે. ધોળકા નું માલવ તળાવ મીનળદેવી સાથે સંકળાયેલું છે અને ન્યાય ના તળાવ તરીકે ઓળખાય છે. જ્યારે પાટણ માં આવેલું સહસ્ત્રલિંગ તળાવ ઓડ જ્ઞાતિ ની જસમા ઓડણ સાથે અને પાણી માટે પોતાનું બલિદાન આપનાર વીર મેઘમાય સાથે જોડાયેલી છે. સહસ્ત્રલિંગ તળાવ ની ચારે બાજુ એક હજાર શિવલિંગ આવેલા હતા. સંસ્કૃતિ અને અસ્થા નું એક ઉચ્ચ પ્રતિક સમાન હતું. હરીધર કડિયા દ્વાર પોતાની પ્રેમિકાની યાદમાં તેન તળાવ નું નિર્માણ કરાવ્યું જે ઐતિહાસિક ખ્યાતી પામ્યું છે

**સમાપન .**

ગુજરાતમાં આવા અનેક પ્રકારના જલસ્થાપત્યો આવેલા છે ઘણા ઈતિહાસ ના પાને ચડ્યા છે તો અનેક ઈતિહાસ થી ઘણા દુર છે વિલુપ્ત છે પરંતુ આવા જળ સ્થાપત્યો દ્વારા જળ નો સંગ્રહ થયા છે. જળ નો સંગ્રહ થવાના કારણે દુષ્કાળ ની પરિસ્થિતિમાંથી માનવજીવન ને બચાવી શકાયું છે અને સાથે વિકાસ પણ ખુબ ઝડપી બન્યો છે. ગુજરાતનું જળ સ્થાપત્ય વિકાસ

માં આગવી ભુમિક નિભાવી રહ્યું છે. ગુજરાતનું જળ સ્થાપત્ય વિવિધ શૈલીથી ભરેલું છે. આદિ કાળથી જળ સ્થાપત્યોમાં પરિવર્તન આવતું રહ્યું છે

ગુજરાતમાં પ્રાચીનકાળમાં  જળસંચયની બાબતમાં સિંધુ સભ્યતામાં અનેક નગર વિસ્તારમાંથી વિવિધ  જળ સ્થાપત્યો પ્રાપ્ત થયા છે.તેની પ્રચીનતા પુરવાર કરે છે ઐતિહાસિક મુજબ પ્રાચીન સમયથી  ગુજરાતમાં જળ સ્થાપત્યોનું નિર્માણ થતું રહ્યું છે આજ પર્યંત સુધી નાના મોટા સ્થાપત્યો આધુનિક શૈલીમાં નિર્માણ પામ્યા છે.જળ સ્થાપત્યો નો ઉપયોગ સમજદારી અને સમાજ જીવનની બાબતો સાથે સંકળાયેલું રહે છે.જળ સ્થાપત્ય એ સંસ્કૃતિ અને પરંપરાનું અભિન્ન અંગ છે અને હમેશા રેહશે.ઘણા જળ સ્થાપત્યો આજે હયાત નથી પરંતુ એની ઉપર નિર્માણ પામેલા સ્થાપત્ય એ અગત્યનું સ્થાન ધરાવે છે.

આજના સમયમાં પણ ગામડાઓમાં પાણી ની સમસ્યાને હલ કરવા માટે મનરેગા જેવી યોજનઓ દ્વારા પાણી ની સાથે રોજગારીની સમસ્યા ને નિવારી શકાઈ છે. ગુજરાતની જળસ્થાપત્ય  સંસ્કૃતિ એ જળનું મહત્વ સમજાવે છે.

## સંદર્ભ સૂચી


1. MajumdarR. C. – The classical accounts of India, Pharma K. L Makhopdphaya, Calcutta 1960
2. Majumdar R. C – The History and culture of the Indian people, volume 1-3 Bhartiy vidhybhavan mumbai
3. भारतीय इतिहास एनसी ई आर टी टेक्स बुक कक्षा 7 और 12 भाग 1,2
4. कला एवं संस्कृति , दृष्टि पब्लिकेशन दिल्ली , द्वीतिय आवृत्ति 2018
5. भारतीय कला का परिचय- राष्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षणपरिषद दिल्ली 2018
6. डॉ रामनाथ –मध्यकालीन भारतीय कलाएं और उनका विकास.
7. પરીખ રસિકલાલા છોટાલાલ શાસ્ત્રી હરીપ્રસાદ “ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ” ઈતિહાસ ની પૂર્વ ભૂમિકા ભાગ ૧ , ભો જે વિદ્યાભવન , અમદાવાદ
8. પરમાર જયમલ “આપણી લોક સંસ્કૃતિ ૧૯૮૬
9. “ગુજરાતની સ્થાપત્ય કલા” , માહિતી નિયામક , ગુજરાત રાજ્ય ગાંધીનગર
10. ડૉ પટેલ લલિત એસ,”ગુજરાતનો હેરીટેજ”, ૨૦૧૨
11. મજુમદાર એ.કે “ગુજરાતના ચાલ્યુક્યો”

# ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં ચારણી સાહીત્યનું પ્રદાન

**Mr. DHRUVKUMAR J. BRAHMBHATT**
Ph.D. Pursing H. N. G. UNI. Patan
Email : d.patan09@gmail.com

**પ્રસ્તાવના**

ભારતીય સંસ્કૃતિ એ વિશ્વની સૌથી જૂની અને શ્રેષ્ઠ સંસ્કૃતિ છે. તે વૈશ્વિક, સુપર-ભૌતિકવાદ અને ગુપ્તવાદને બદલે આધ્યાત્મિકતા અને આત્મ-અનુભૂતિની ભાવના પર કેન્દ્રિત છે, જેનું મૂળ લક્ષ્ય શાંતિ, સહિષ્ણુતા, એકતા, સત્ય જેવા માનવ મૂલ્યોની સ્થાપના કરીને આખા

વિશ્વની આધ્યાત્મિક પ્રગતિને પ્રોત્સાહન આપવાનું છે. વિવિધતામાં એકતા' ફક્ત થોડા શબ્દો નથી, પરંતુ તે એવી વસ્તુ છે જે ભારત જેવા સાંસ્કૃતિક અને વારસાથી સમૃદ્ધ દેશને સંપૂર્ણપણે લાગુ પડે છે. થોડાંક સૂત્રો અથવા વિધાનો ભારતની સ્થિતિ વર્ણવી શકતા નથી જેણે તેની રંગીન અને અનોખી સંસ્કૃતિથી વિશ્વના નકશા પર કમાવ્યું છે. ભારત હંમેશાં મૌર્ય, ચોલા અને મોગલ કાળ અને બ્રિટીશ સામ્રાજ્યના સમય સુધી તેની પરંપરા અને આતિથ્ય માટે પ્રખ્યાત રહ્યું છે. સંબંધોમાં ઉષ્મા અને તહેવારોમાં ઉત્સાહને લીધે આ દેશ હંમેશા વિશ્વમાં ઊભો રહ્યો છે. આ દેશની ઉદારતા અને જાગરૂકતાએ આ જીવંત સંસ્કૃતિમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષ્યા છે, જે ધર્મ, તહેવારો, ખોરાક, કળા, હસ્તકલા, નૃત્ય, સંગીત અને ઘણાં વધુ લોકોનું સંયોજન છે. સંસ્કૃતિ, રીતરિવાજો અને પરંપરાથી લઈને ઘણું વિશેષ રહ્યું છે.

ભારતીય મૂલ્યો - સૂક્ષ્મ, સંપૂર્ણ અને અનંત

ભારતીય જીવનશૈલી કુદરતી અને મૂળ જીવનશૈલીની દ્રષ્ટિ આપે છે. ભારતના ચહેરા પરના પ્રકાશ નિશાન એ લેખકના હાથની નિશાની છે. ..... જ્યોર્જ બર્નાર્ડ શો

ભારતીય સંસ્કૃતિનો કેનવાસ વિશાળ છે અને તેના પર તમામ પ્રકારના રંગો અને વાઇબ્રેન્સી છે. આ દેશ ઘણી સદીઓથી સહિષ્ણુતા, સહકાર અને અહિંસાનું જીવંત ઉદાહરણ છે અને રહ્યો છે. તેના વિવિધ રંગો તેની વિવિધ વિચારધારાઓમાં જોવા મળે છે:

સહિષ્ણુતા અને અહિંસા: ભારત આખા વિશ્વનો એક એવો દેશ છે જેની વિશેષતા તેની સહનશીલતા રહી છે અને તે ભવિષ્યમાં શસ્ત્રો અને દારૂગોળોનો ઉપયોગ કરતું નથી. મહાત્મા ગાંધીજીનું સત્યાગ્રહનું આંદોલન તેનો પુરાવો છે. સ્વામી વિવેકાનંદે 11 સપ્ટેમ્બર 1893 ના રોજ શિકાગોમાં પોતાના ભાષણમાં આનું પ્રદર્શન પણ સારું કર્યું હતું. 'સંન્યાસીનો વિશ્વનો સૌથી જૂનો રિવાજ, તપસ્વીઓની વૈદિક પ્રથા અને એક ધર્મ જેણે વિશ્વને સહનશીલતા અને વૈશ્વિક સ્વીકૃતિ બંને શીખવ્યું છે.

**ધર્મનિરપેક્ષતા:**

ભારત ધર્મનિરપેક્ષ દેશ હોવાના મામલે મોખરે છે. કોઈના ધર્મની પૂજા અને આચરણ કરવાની સ્વતંત્રતા એ ભારતની વિવિધ સંસ્કૃતિઓના નિર્દોષ અસ્તિત્વની અભિવ્યક્તિ છે. કોઈ પણ ધર્મની અવગણના કરવામાં આવતી નથી અને કોઈને પણ વિશેષ ઉચ્ચ પદ આપવામાં આવતું નથી. હકીકતમાં મુશ્કેલીના સમયમાં બધા ધર્મો તેમના સાંસ્કૃતિક તફાવતો હોવા છતાં એકઠા થાય છે અને વિવિધતામાં એકતા દર્શાવે છે.

સાંસ્કૃતિક અને સામાજિક સંબંધો: ભારતનો ઇતિહાસ ભાઈચારો અને સહકારના ઉદાહરણોથી ભરપૂર છે. ઇતિહાસમાં જુદા જુદા સમયે વિદેશી આક્રમણકારોના અનેક

હુમલાઓનો સામનો કર્યા પછી પણ તેની સંસ્કૃતિ અને એકતાએ તેની સંસ્કૃતિ અને એકતા ક્યારેય ગુમાવી નથી.

**ભારતીય સંસ્કૃતિ - પરંપરાગત પરંતુ સમકાલીન**

કોઈ પણ દેશના વિકાસમાં સંસ્કૃતિની મુખ્ય ભૂમિકા હોય છે. તેઓ દેશની સંસ્કૃતિ, તેના મૂલ્યો, લક્ષ્યો, વ્યવહાર અને વહેંચેલી માન્યતાઓનું પ્રતિનિધિત્વ કરે છે. ભારતીય સંસ્કૃતિ ક્યારેય કઠોર રહી નથી તેથી તે આધુનિક સમયમાં પણ ગૌરવ સાથે જીવંત છે. તે યોગ્ય સમયે અન્ય સંસ્કૃતિઓની લાક્ષણિકતાઓ અપનાવે છે અને તેથી તે એક સમકાલીન અને સ્વીકૃત પરંપરા તરીકે ઉભરી આવે છે. સમય સાથે ચાલવું એ ભારતીય સંસ્કૃતિની સૌથી અનોખી બાબત છે. ભારતની કેટલીક વસ્તુઓ એવી છે જે આખા વિશ્વમાં પ્રખ્યાત છે, જેમ કે:

અભિવાદન કરવાની રીતો

ભારત એક એવી ભૂમિ છે જેના અભિવાદન કરવાની રીત ખૂબ જ અલગ છે. અહીં દરેક ધર્મની અભિવાદન કરવાની પોતાની રીત છે. ઉદાહરણ તરીકે, હિન્દુ પરિવારોમાં, નમસ્તે કહીને બહારના લોકો અથવા વડીલોનું સ્વાગત કરવામાં આવે છે. બંને હથેળીઓને ચહેરા પરથી નીચે રાખીને રાખવું એ માત્ર અન્ય લોકો પ્રત્યે આદર બતાવે છે, પણ બદલામાં ગ્રીટરને પણ સ્નેહ લાગે છે. એ જ રીતે, મુસ્લિમો અદાબ કહીને અભિવાદન કરે છે, જેમાં સીધો હાથ ચહેરાની સામે એવી રીતે ઉભા કરવામાં આવે છે કે હથેળી આંખોની સામે હોય અને આંગળીઓ લગભગ કપાળને સ્પર્શે. તે નિશ્ચિતપણે કહી શકાય કે કોઈ 'હેલો' અથવા 'હાય' આવું જાદુ બનાવી શકે નહીં.

**ફૂલોની માળા**

અમારા કવિશ્રીઓ પોતાની કૃતિમાં નોંધે છે કે ભારતીય લોકો ફૂલોના માળાથી તેમનું સ્વાગત કરવા માટે પ્રખ્યાત છે. ભારતીય લગ્નોમાં, વરરાજા અને વરરાજા વચ્ચે ફૂલોના માળાની આપ–લે લેવાનું એ એક વિધિ છે. પ્રાર્થના કરતી વખતે પણ લોકો દેવી-દેવતાઓને ફૂલોના માળા અર્પણ કરે છે.

**ભારતીય લગ્નમાં ચારણી સાહિત્ય**

સમય બદલાયો છે, પરંતુ ભવ્યતા હંમેશાં ભારતીય લગ્નોમાં એક અભિન્ન અને આવશ્યક ભાગ રહી છે. ભારતમાં લગ્નજીવન હજી પણ એવી એક સંસ્થા છે જેમાં બે લોકો નહીં પણ બે પરિવારો એક છે. તેથી જ ત્યાં એક વિશાળ તહેવાર છે જેમાં સંગીત અને નૃત્ય ખૂબ છે. ભારતની દરેક જાતિ અને સમુદાયોમાં લગ્નની ધાર્મિક વિધિઓની પોતાની રીત છે. હિન્દુ લગ્નોમાં, પંજાબી લગ્ન અને સિંધી બેરણની વિધિમાં રોકાની વિધિ કરે છે. તે બધામાં એક

સમાન ધાર્મિક વિધિ છે અને તે હસ્ત મિલાપ છે, જેને પાનીગ્રહણ સંસ્કાર તરીકે ઓળખવામાં આવે છે.

**ભારતીય પહેરવેશ ચારણી સાહિત્યની દ્રષ્ટીએ**

ભારતીય મહિલાની સુંદરતા તેના કપડામાં રહેલી છે. પરંપરાગત અને વંશીય છતાં સમકાલીન ભારતીય સાડીઓ દુનિયાભરમાં પ્રખ્યાત છે. તે બ્લાઉઝથી પહેરવામાં આવે છે જે શરીરના ઉપરના ભાગને આવરી લે છે. ઘાઘરા ચોલી નામનો ડ્રેસ ગ્રામીણ વિસ્તારોમાં ખૂબ પ્રખ્યાત છે. ચોલી એ એક ટૂંકા બ્લાઉઝ જેવું છે જે શરીરના ઉપરના ભાગને આવરી લે છે અને એક લાંબી સ્કર્ટની જેમ છે. સંપૂર્ણ અને મનોહર પોશાક માટે, મહિલાઓ દુપટ્ટા પહેરે છે, જે કાંસકો ઉપર દોરેલી યોગ્ય લંબાઈની નરમ અને નાજુક ફેબ્રિક છે.

જોકે નાના ફેરફારો સાથે સલવાર કમીઝ એ ભારતના દરેક ભાગમાં પ્રખ્યાત ડ્રેસ છે. વસ્ત્રોમાં બે ટુકડાઓ હોય છે - કમીઝ જે શરીરના ઉપરના ભાગને લાંબી ટોચ છે અને સલવાર જે એક પ્રકારનું ટ્રાઉઝર છે. ઘાગરા ચોલીની જેમ દુપટ્ટા પણ સલવાર કમીઝથી પહેરવામાં આવે છે.

પુરુષો માટે પણ એ પ્રમાણેના પ્રકારોની કોઈ કમી નથી. ધોતી કુર્તાથી શર્ટ પેન્ટ સુધી ભારતીય પુરુષો બધુ સારી રીતે બંધ બેસે છે અને સારું લાગે છે. પરંતુ પરંપરાગત રીતે તમે જોઈ શકો છો કે ઉત્તર ભારતીય પુરુષો ઔપચારિક કાર્યમાં કુર્તા પાયજામા, ધોતી કુર્તા અથવા શેરવાની પહેરે છે અને દક્ષિણ ભારતીય પુરુષો શર્ટ સાથે લુંગી પહેરવાનું પસંદ કરે છે.

**ભારતીય દાગીના**

ઘરેણાં પહેરવા એ ભારતમાં લાંબી પરંપરા છે. તેમાં કોઈ શંકા નથી કે ભારતમાં ઘરેણાં ફક્ત વ્યક્તિગત ઉપયોગ માટે જ નહીં, પણ શુભ પ્રસંગોએ ઉપહાર માટે પણ ખરીદવામાં આવે છે. આ ભારતીય સંસ્કૃતિમાં તેમનું મહત્વ અને વિશિષ્ટતા દર્શાવે છે.

ભારતીય આભૂષણોની અનન્ય ડિઝાઇન, કલાત્મક દેખાવ અને સર્જનાત્મકતા ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને રજૂ કરે છે. ગ્રામીણ ભારતમાં, લાખ નામનો રેઝિનસ કોટિંગનો ઉપયોગ વ્યક્તિગત ઘરેણાંમાં થાય છે. ગુજરાત અને રાજસ્થાન દર્શાવતા, લાખો બંગડીઓ અને કડા બધા રાજ્યોની મહિલાઓ દ્વારા પસંદ અને પહેરવામાં આવે છે. જ્વેલરી દરેક ભારતીય સ્ત્રી માટે એક મહત્વપૂર્ણ સહાયક છે. એરિંગ્સ, નાથની, આર્મલેટ, નેકલેસથી લઈને એંકલેટ અને બ્રેસલેટ સુધી, ભારતીય જ્વેલરી મહિલાઓને તેમની સુંદરતા વધારવા માટે જરૂરી છે તે બધું આપે છે. મંગલસુત્ર, નાક અને અંગૂઠાની વીંટી જેવા દાગીનાના અમુક પ્રકારો સામાન્ય રીતે પરણિત

મહિલાઓ સાથે સંકળાયેલા હોય છે જેમને તેમના લગ્નમાં આભૂષણ સ્ત્રી ધન તરીકે આપવામાં આવે છે.

**ધાર્મિક ભારત**

ભારત, હિન્દુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી, બૌદ્ધ, જૈન અથવા પારસીમાં બધા ધર્મોના લોકો મળી શકે છે. ભારત એક ધર્મનિરપેક્ષ દેશ છે અને દરેક નાગરિકને કોઈપણ ધર્મની પસંદગી અને પાલન કરવાનો સમાન અધિકાર છે. ભારતની ત્રીજાથી ચોથા ભાગની વસ્તી હિંદુ ધર્મની છે અને તમને દેશના જુદા જુદા ભાગોમાં હિન્દુ તીર્થસ્થાનો મળશે.

ઉત્તર ભારતમાં તમે ઘણા ધાર્મિક સ્થળો જોઈ શકો છો, જેમ કે વૈષ્ણો દેવી, અમરનાથ, બદ્રીનાથ, કેદારનાથ, હરિદ્વાર અને વારાણસી. દેશના દક્ષિણ ભાગમાં જ્યાં તમે ભગવાનના આશીર્વાદ મેળવી શકો છો તે છે સબરીમાલા, શ્રીંગેરી, દક્ષિણેશ્વર બેલુર મઠ અને રામેશ્વરમ. જો તમે ઉત્તરપૂર્વમાં છો, તો પછી તમે ગુવાહાટીની સીમમાં નિલાંચલ પર્વત પર સ્થિત કામરૂપ મંદિરની મુલાકાત લઈ શકો છો. જો તમે ગુજરાતની આસપાસ મુસાફરી કરી રહ્યા છો અને ભગવાન શ્રીકૃષ્ણ વિશે જાણવા માંગતા હો, તો તમારે દ્વારકાનાથ મંદિરની મુલાકાત લેવી જ જોઇએ કે જે સ્થળે મીરાબાઈનું અવસાન થયું હતું. તમે સોમનાથ મંદિરની મુલાકાત પણ લઈ શકો છો જે ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગોમાંનું એક છે.

રાજસ્થાનના અજમેરમાં દરગાહ શરીફ અને આસામમાં અજાન પીરની દરગાહ મુસ્લિમોના યાત્રાધામો છે. ઇશાનમાં પો મક્કા છે. એવું માનવામાં આવે છે કે વિશ્વાસુ મુસ્લિમ અહીં આધ્યાત્મિક જન્નત મક્કામાં મેળવી શકે છે.

પંજાબમાં શીખોના ઘણાં તીર્થ સ્થાનો છે, જેમ કે અમૃતસરમાં હરમંદિર સાહિબ, અમૃતસરની પશ્ચિમમાં તરણ તરણ, આણંદપુરમાં તખ્ત શ્રી કેશગ સાહિબ, બાથિંદામાં તલવંડી સાબો અને ગુરદાસપુરની પશ્ચિમમાં ડેરા બાબા નાનક. 4329 મીટરની ઊંચાઈ પર સ્થિત હેમકુંડ ગુરુદ્વારા વિશ્વનું સૌથી ઉંચું ગુરુદ્વારા છે. દસમા ગુરુ, ગુરુ ગોવિંદસિંહે વર્ષોથી અહીં ડુંગરોમાં તપ કર્યા અને છેવટે ભગવાનને મળવા માટે તેમના શરીરને અહીં છોડી દીધુ.

બીજી એક પ્રખ્યાત શીખ યાત્રાધામ હિમાચલ પ્રદેશમાં મણિકરણ ગુરુદ્વારા છે જે તેના ગરમ ઝરણા માટે પ્રખ્યાત છે. એવું માનવામાં આવે છે કે આ ઝરણામાં યુરેનિયમ અને ઘણી કિરણોત્સર્ગી સામગ્રી છે. શીખોનું બીજું પવિત્ર સ્થળ મહારાષ્ટ્રનું તખ્ત સચખંડ શ્રી હઝુર અચલનગર સાહિબ છે. ભારતમાં તમને દરેક રાજ્યમાં મોટી સંખ્યામાં ચર્ચ મળશે. જો તમે દક્ષિણમાં છો તો તમે આંધ્રપ્રદેશના મેડક ચર્ચ અને ગુંદાલા ચર્ચ અને કેરળના કોચીમાં સેન્ટ ક્રુઝ ચર્ચની મુલાકાત લઈ શકો છો. ઉત્તર ભારતમાં પણ ઘણા પ્રખ્યાત ચર્ચો છે, જેમ કે ઉત્તર પ્રદેશમાં સેન્ટ જોસેફ અને નવી દિલ્હીમાં સેક્રેડ હાર્ટ ચર્ચ. જો તમે હિમાચલની ખીણોનો આનંદ

માણી રહ્યા છો, તો પછી તમે સિમલામાં ક્રિસ્ટ ચર્ચ અને સેન્ટ માઇકલ કેથેડ્રલનો આશીર્વાદ મેળવી શકો છો.

ધર્મ પ્રથામાં ઘણી વિવિધતા હોવા છતાં, અહીંના લોકોમાં હજી એકતા છે. તે ભારતીય મૂલ્યો છે જે લોકોને એક સાથે જોડે છે.

**પ્રકૃતિ પૂજા**

સામાન્ય રીતે ભારતમાં દિવસની શરૂઆત સૂર્ય નમસ્કારથી થાય છે. આમાં લોકો સૂર્યને જળ ચડાવે છે અને મંત્રોચ્ચાર કરી પ્રાર્થના કરે છે. ભારતીય લોકો પ્રકૃતિની ઉપાસના કરે છે અને આ આ સંસ્કૃતિનું એક આગવું લક્ષણ છે. હિન્દુ ધર્મમાં, ઝાડ અને પ્રાણીઓને દેવ તરીકે પૂજવામાં આવે છે. લોકો ભગવાનમાં વિશ્વાસ રાખે છે અને ઘણા તહેવારો પર વ્રત રાખે છે. તેઓ ગાયને સવારે તાજા ખોરાક અને કૂતરાને રાતના છેલ્લું ભોજન આપે છે. વિશ્વમાં ક્યાંય આવી ઉદારતા જોવા મળી નથી.

**શિલ્પો**

ચોલા રાજવંશથી લઈને આજ સુધી ભારત દ્રશ્ય કળાના અન્ય પ્રકારોમાં શિલ્પમાં મોખરે રહ્યું છે. કાંચીપુરમ, મદુરાઇ અને રામેશ્વરમના ડેક્કન મંદિરો, ઓડિશાના સૂર્ય મંદિરો અને મધ્યપ્રદેશના ખજુરાહો, આ બધા પવિત્ર સ્થાનો ભારતીય કલાકારોની કારીગરીના ભવ્ય ઉદાહરણો છે. સાંચી ખાતેના સ્તૂપની શિલ્પો બુદ્ધ અને વિવિધ લોક દેવતાઓના જીવન પર પ્રકાશ પાડે છે. સ્થાપત્ય સ્પર્શવાળી અમરાવતી અને નાગરજનહોંડાની શિલ્પો બુદ્ધ અને તેના સમકક્ષોના સામાજિક જીવનને દર્શાવે છે. એલોરાના મંદિરો અને એલિફન્ટાની ગુફાઓ ભારતીય શિલ્પની નિપુણતાના વિશેષ ઉદાહરણો છે. વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ, દેવતાઓ અને વિવિધ પૌરાણિક પાત્રો એકસાથે આ બધી સુંદર દ્રશ્ય કળાઓની રચનાનો આધાર બનાવે છે.

**કુંભાર**

ભારતમાં એક ખૂબ પ્રાચીન અને સુંદર દ્રશ્ય કળા એ માટીકામ છે. આ આર્ટ ફોર્મમાં પૂજા માટે રમકડા અને દેવી-દેવતાઓ બનાવવા માટે માટીના ગલ્લા હાથથી બનાવવામાં આવ્યાં છે. ભારતમાં પ્રખ્યાત માટીકામમાંથી, ટેરાકોટા અને બ્લુ ગેજ મુખ્ય છે. કુંભારનું ધાર્મિક મહત્વ પણ ખૂબ ઉચું છે. માં દુર્ગા પૂજા અને ગણેશ ચતુર્થી પરની માં દુર્ગા અને ભગવાન ગણેશની સુંદર મૂર્તિઓ માટીકામ, શિલ્પ અને ચિત્રકામના સંયોજનને દર્શાવે છે.

**મેળાઓ અને તહેવારો**

જાન્યુઆરીથી ડિસેમ્બર દરમિયાન દર મહિને વિશેષ તહેવાર અથવા મેળો હોય છે. મકરસંક્રાંતિ, વસંત પંચમી, હોળી, રામ નવમી, જન્માષ્ટમી, દીપાવલી, ઈદ, મહાવીર જયંતિ, બુદ્ધ

પૂર્ણિમા, ગુરુ પરબ અને નાતાલ, દરેક ધર્મના તહેવારોનું પોતાનું મહત્વ છે અને ખૂબ ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવે છે.

અહીં લોકોને ડાન્સ કરવા માટે ફ્લોરની જરૂર હોતી નથી. દુર્ગાપૂજા, ગણેશ ચતુર્થી, જન્માષ્ટમી અને હોળી દરમિયાન ભારતીય નૃત્યની સાચી તેજસ્વીતા જોવા મળે છે.

એટલું જ નહીં, દેશ એક ખાસ અંતરાલમાં હસ્તકલા મેળાઓનું પણ આયોજન કરે છે. દર વર્ષે ફેબ્રુઆરીમાં હરિયાણામાં સૂરજકુંડ મેળો યોજવામાં આવે છે જેમાં મોટી સંખ્યામાં સામાન્ય લોકો અને વિદેશી પ્રવાસીઓ ભાગ લે છે. આવા મેળો અને તહેવારોમાં તમે વાસ્તવિક ભારત જોઈ શકો છો. આ થીમ મેળા અને તહેવારો દેશને એક કરે છે. આ લોકોને એકબીજાની સંસ્કૃતિ અને પરંપરા વિશે જાણવાની તક આપે છે અને તેમની સક્રિય ભાગીદારી એ પણ દર્શાવે છે કે તેઓ એક બીજા વિશે જાણવા માટે કેટલો પ્રેમ કરે છે.

**અહીં માત્ર એક પ્રકારનો ખોરાક નથી**

ઘણાં રાજ્યો અને ઘણા ધર્મોના કારણે, અહીં ભોજનની સંખ્યા પણ ઘણી છે. જો ઉત્તર ભારત પાસે છોલે ભટુરે, તંદૂરી ચિકન, રાજમા ચાવલ, ચોખા, , દાલ બાટી ચુરમા અને બિરયાની છે, તો દક્ષિણ ભારત પણ આ દોડમાં પાછળ નથી. દક્ષિણ ભારતીય વાનગીઓમાં મસાલા ડોસાથી રાવ ઉત્તપમ, રસમ, સાંબર-લીટીં ચોખા અને તોરણ, અપ્પમ અને મીન સુધીની ઘણી ભિન્નતા છે.

ભારતમાં થાળીની કલ્પના પણ ખૂબ પ્રખ્યાત છે. થાળી પરંપરાગત રીતે પીરસવામાં આવે છે અને તમે એક જ ભોજનમાં વિવિધ આનંદ લઈ શકો છો. નાની રેસ્ટોરન્ટમાં સંપૂર્ણ ભોજન લેવાની સસ્તી રીત એ થાળી દ્વારા થાય છે. જો તમે કોઈ હોટલમાં જાઓ છો, તો તમે વિવિધ કોમ્બો-ફુડ્સનો પણ આનંદ લઈ શકો છો.

કાળા મરી, ધાણાજીરું, ઈલાયચી, કેસર અને જીરું જેવા ભારતીય મસાલાઓની ઘણી જાતો છે, જે માત્ર ખાદ્યપદાર્થોનો સ્વાદ વધારતા જ નથી, સાથે સાથે તેમાં પોષણ પણ વધારે છે. જો ભોજનના અંતે મીઠાઈ ન હોય તો ભારતીય ખોરાક અપૂર્ણ છે. તે ખીરનો બાઉલ હોય કે નાનો મીઠો પાન વગેરે, તે મો માં મીઠાશ અને તાજ બંને ભરે છે.

આટલી બધી વિવિધતા હોવા છતાં, ભારતમાં લોકો એક થયા છે અને તેમની સંસ્કૃતિ અને પરંપરામાં ગર્વ લે છે. આંતરરાષ્ટ્રીય ફિલ્મ ઉત્સવ હોય કે બ્યુટી, ભારતે વર્લ્ડ સ્ટેજ પર પ્રતિભા અને સંસ્કૃતિનું પ્રદર્શન કર્યું છે. ઘણા શાસકો અહીં આવ્યા પરંતુ તેની સંસ્કૃતિને નુકસાન પહોંચાડી શક્યા નહીં  તેમાં જો ભારતીય કવિ અને ચારણી સાહિત્ય ના હોત તો કદાચ આજે તમામ ભારતીયોના મનોબળ ભાંગી પડ્યા હોત અને ભારતીયોએ તેમના સાંસ્કૃતિક મૂલ્યોને

સાચવી રાખ્યા છે. સમયની સાથે સુગમતા અને અનુકૂલન ક્ષમતાને કારણે ભારતીય સંસ્કૃતિ આધુનિક અને સ્વીકાર્ય છે.

## સંદર્ભ


1. મેઘાણી ઝવેરચંદ -સૌરશારની રસધાર
2. કાગ દુલાભાઈ– કાગવાણી
3. મેઘાણીઝવેરચંદ - લોકસાહિત્ય અને ચારની સાહિત્ય
4. રુતુદન રોહડિયા - ગુજરાતના ચારની સાહિત્યનો ઇતિહાસ
5. રુતુદન રોહડિયા - ચારણી સાહિત્ય આપનો સમૃદ્ધ સંસ્કૃતિક વરસો


.

# સલ્તનત કાલીન સામાજિક જીવન

**Mrs. Mallikaben G. Patel**
M.A., M.Phil, M.Ed,
Ph.D. Pursing, H. N. G. Uni. Patan
Email : dineshpatel6419@yahoo.com

## પ્રસ્તાવના

સલ્તનત કાલીન સમય પૂર્વે પ્રાચીનકાળમાં ધંધા રોજગારના ધોરણે હિન્દુ સમાજમાં ચાર વર્ણો પ્રચલિત થયા હતા. આ ચાર વર્ણો ઉપરાંત અન્ય હુન્નર ઉદ્યોગ અને ધંધાને લગતા વર્ણો પણ હતા. સમય જતા હિન્દુ સમાજના વિકાસની સાથે સાથે અનેક કારણોને લઈને સામાજિક વર્ણો વધતા ગયા હતા. જેમ હુન્નર ઉદ્યોગ વધતા ગયા તેમ તેમ તેમનામાં અનેક નવા વર્ણો ઊભા થયા. પ્રતિલોમ અને અનુલોમ લગ્નોથી જન્મેલા લોકોના અલગ અલગ સમૂહ થયા. આમ આ બધા વર્ણોએ જ્ઞાતિનું સ્વરૂપ ધારણ કરવા લાગ્યા હતા. વર્ણોના મૂળ સિદ્ધાંતોને માનવામાં કોઈ આપત્તિ ન હતી. પરંતુ તેમના જે કાર્યો હતા તેમાં ઘણો ભેદભાવ ઉત્પન્ન થઈ ગયો હતો. દરેક વર્ગોએ પોતાની આસપાસ વિશિષ્ટ આચાર વિચારોની જ્ઞાતિરૂપ વાડ રચી. જ્ઞાતિઓના અલગ-અલગ વાડા રચાયા એમની વચ્ચેનું અંતર દિન-પ્રતિદિન વધતું ગયું હતું. તેની સાથે સાથે ઊંચનીચના ભેદભાવ પણ વધતા ગયા હતા. જ્ઞાતિની અંદર લગ્ન કરવાના નિયમો બનવા લાગ્યા. તેમજ બીજી અન્ય જ્ઞાતિઓમાં લગ્ન ન કરવાના નિયમ બનવા લાગ્યા. તેની સાથે સાથે પોતાની જ્ઞાતિથી નીચી જ્ઞાતિઓમાં ભોજન પણ વર્જીત થયું. આમ ભારતીય સમાજમાં સલ્તનત સમય પહેલા સમાજમાં લગ્ન અને ખાનપાન નિષેધ થી જ્ઞાતિ પ્રથાની શરૂઆત થઇ ગઇ હતી.

સલ્તનત કાળમાં હિન્દુ સમાજની સાથે મુસ્લિમ સમાજ પણ જોડાયો હતો. હિન્દુ સમાજમાં જ્ઞાતિ બંધનની જટીલતા સ્થિર થઇ ચુકી હતી. વર્ણભેદ અનેક જ્ઞાતિ ભેદોમાં પથરાઈ ગયા હતા.

જ્ઞાતિઓમાં પણ અનેક શાખા-ઉપશાખાઓ થઈ હતી. જ્ઞાતિઓ-જ્ઞાતિઓ વચ્ચે તેમજ એકજ જ્ઞાતિની જુદી જુદી શાખાઓમાં પણ ઊંચનીચના ભેદભાવો ઘર કરી ગયા હતા. સલ્તનત કાલીન સમાજમાં સામાન્ય પણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણો ઉપરાંત કાછિયા, કુંભાર, માળી, કંદોઈ, ભરવાડ, સોનાર, મોચી, લુહાર, ચમાર જેવી જ્ઞાતિઓમાં હિન્દુ સમાજ વિભાજિત થઈ ગયો હતો.

આમ જ્ઞાતિઓનું પ્રમાણ અને તેમના બંધનો બારમી સદી સુધી ખૂબ જ મજબૂત અને જડ બની ગયા હતા. તેમજ તેમનામાં ધીમે ધીમે ચુસ્તતાનું પ્રમાણ પણ વધવા લાગ્યું હતું. સલ્તનત સમયમાં તો હિન્દુ સમાજની સાથે મુસ્લિમ સમાજ પણ જોડાયો હતો.

**<u>સમાજ વ્યવસ્થા</u> :**

- હિન્દુ સમાજ :-

સલ્તનત સમયમાં હિન્દુ સમાજમાં જ્ઞાતિ પ્રથા અત્યંત જડ બની ગઈ હતી. હિન્દુ સમાજ અનેક જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓમાં વહેંચાઇ ગયો હતો. અને તેમની અંદર ઊંચનીચના ભેદભાવ ઘર કરી ગયા હતા. ભારતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના સાથે હિન્દુઓની સામાજિક શ્રેષ્ઠતા પર ઘા પડયો. હિન્દુઓમાં બ્રાહ્મણ વર્ણ જાતિગત શ્રેષ્ઠ મનાતો, પરંતુ વિધર્મીઓના રાજ્યમાં બ્રાહ્મણો અને પંડિતોનું મહત્વ ઘટી ગયું અને તેનું સ્થાન ઉલેમા મોલવી તેમ જ મુલ્લાઓએ લીધું હતું. કર્મકાંડી અને વેદના જ્ઞાતા બ્રાહ્મણોમાંના કેટલાંક દક્ષિણ ભારતમાં સ્થળાંતર કરી ગયા. બ્રાહ્મણોની આવી સ્થિતિ હોવા છતાં તેમની સંકુચિતતા, સ્વાર્થ, જાતિય અભિમાન અને દંભી આચરણમાં કોઈ ફરક પડયો નહોતો.

ક્ષત્રિયો પાસેથી મુસલમાનોએ સત્તા આંચકી લીધી હતી. પરિણામે આ વર્ણ ક્ષુબ્ધ બન્યો હતો. આ સમયે રચાયેલા બૃહદ ધર્મ પુરાણમાં ક્ષત્રિયોને ઉચ્ચ સંસ્કારી પરંતુ મિશ્ર જાતિના ગણાવ્યા છે. આ સમયમાં વૈશ્યવર્ગનું સ્થાન બ્રાહ્મણો અને ક્ષત્રિયોની તુલનામાં યથાવત રહ્યુ હતું, કારણ કે મુસ્લિમોને વેપાર કરવાની ફાવટ ન હોતી. વળી મુસ્લિમો તેની સાથે જ ખેડૂત વર્ગ લાવ્યા ન હતા. તેથી કૃષિ કાર્ય હિંદુઓ પાસે રહ્યું હતું. પરંતુ ખેડૂતો ઉપર આકરા વેરા નાખીને મુસ્લિમ શાસકોએ તેમને ચૂસી લીધા હતા. આમ છતાં વૈશ્યો ધનોપાર્જન અર્થે સારા અને નરસા તમામ માર્ગો

અપનાવતા. આ વર્ગ અંદરખાને સમૃધ્ધ હતો, પરંતુ પોતાની સમૃધ્ધિ મુસ્લિમ શાસકો પડાવી ન લે તે માટે બાહ્ય દેખાવ કરતા નહીં. શુદ્ર વર્ગ અનેક ઉન્નત વ્યવસાયોને કારણે મહત્ત્વ ધારણ કરવા લાગ્યો હતો. આ ઉપરાંત બૃહદ પુરાણમાં ત્રણ સંસ્કારોની નીચે અનેક વ્યવસાયિક જ્ઞાતિઓને ઉલ્લેખ મળે છે. આમ સલ્તનત સમયમાં આ બધી જ્ઞાતિઓ પરંપરા મુજબ પોતાનો વ્યવસાય કરતી હતી.

ભારતમાં મુસલમાનોના વિજયને કારણે હિન્દુઓના રાજકીય પતનની સાથે સાથે સામાજિક પતનનો પણ પ્રારંભ થયો હતો. હિન્દુ સમાજમાં બાલ્યાકાળમાં જ કન્યાના લગ્ન કરી નાખવાની પ્રથા વ્યાપક બની હતી. ઈજ્જત આબરૂ બચાવવા અને કૌટુંબિક મોંભો દર્શાવવા માટે પડદા અને ઘૂંઘટ પ્રથા પણ પૂર્ણપણે અપનાવાઈ હતી. સતીપ્રથાનો પ્રચાર પહેલાં કરતાં વધી ગયો હતો. મુસ્લિમોના આક્રમણ વખતે રજપૂતો કેસરિયા કરવા નીકળી પડતા. ત્યારે રાજપૂતાણીઓ જૌહર કરવા લાગી હતી.

- **મુસ્લિમ સમાજ :-**

સલ્તનત સમયમાં મુસલમાનો પાસે વિશેષ અધિકાર હતા. તેમની અંદર પણ ઊંચનીચના ભેદભાવો હતા. તેમાં શેખ, સૈયદ, મોગલ, પઠાણ વગેરે જેવા વર્ગોમાં મુસ્લિમ સમાજ પણ વિભાજીત થયો હતો. દિલ્હી સલ્તનત કાલીન સમયમાં ભારતીય સમાજમાં સૌથી વધારે મોભાદાર અને સન્માનિત વર્ગ વિદેશી મુસલમાનોનો હતો. ભારતમાં મુસ્લમિ સત્તાની સ્થાપના થતાં હજારોની સંખ્યામાં મુસલમાનો ભારતમાં આવ્યા હતા. આ વિદેશી મુસલમાનો ભારતીય મુસલમાનોને તેમનાથી નીચા ગણતા હતા. તે સિવાય પણ મુસ્લિમ સમાજ શેખ, સૈયદ, મોગલ, પઠાણ, સુન્નિ, શિયા, વોહરા, ખોજા વગેરે જેવા વર્ગોમાં વિભાજિત હતો. આ વર્ગોમાં શિયા અને સુન્નીઓ વચ્ચે ઘણા મતભેદો પ્રવર્તતા હતા. પેશાના મત મુજબ મુસ્લિમ સમાજ બે વર્ગોમાં વિભાજિત હતો. એક કલમના વ્યક્તિ અને બીજા તલવારના વ્યક્તિ. પ્રથમ વર્ગના લોકો લેખન અને ધાર્મિક અને શૈક્ષણિક હતા. જ્યારે બીજા વર્ગના લોકો ધર્મતત્વજ્ઞાન કલીસિપાઇ, શિક્ષક અને ન્યાયાધીશ હતા.

ભારતમાં ઇસ્લામનું શાસન સ્થપાતા અરબસ્તાન અને ઈરાનમાંથી મોટી સંખ્યામાં શુફીઓ, ફકીરો, દરવેશો ધર્મ પ્રચાર માટે આવીને વસ્યા હતા અને તેમને શાંતિથી ઇસ્લામનો પ્રચાર કરવામાં સફળતા મળી હતી. મુસ્લિમ સમાજમાં બીજો વર્ગ ભારતીય મુસલમાનો હતો. આ મુસલમાનો હિન્દુમાંથી વટલાઇને બન્યા હતા. તેથી શાસન અને સમાજમાં તેમને સમાન દરજ્જો આપવામાં આવ્યો ન હતો. તેમ છતાં પણ ૧૪મી સદીમાં મોગલોના આક્રમણને કારણે તુર્કો મધ્ય એશિયામાંથી આવતા બંધ થયા. તેથી રાજ્ય વહીવટ ભારતીય મુસલમાનોની મદદ વિના શક્ય ન હતું. તેથી કેટલાક મહત્વના હોદ્દા ભારતીય મુસલમાનોને આપવા પડયા. આમ ભારતમાં મુસ્લિમ સમાજમાં વટલાયેલા મૂળ હિન્દુઓની સંખ્યા વધારે હતી.

મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓને ભોગ વિલાસનું સાધન સમજવામાં આવતી. જોકે મુસ્લિમ કાનૂન ચારથી વધારે પત્નીઓ કરવા પર પ્રતિબંધ ફરમાવતો. તેમ છતાં મુસ્લિમો દેશ-વિદેશની અનેક સુંદરીઓને પોતાના અંતઃપુરમાં રાખતા હતા. મોટાભાગની સ્ત્રીઓ બુરખામાં રહેતી હતી. આમ મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ દયાજનક હતી. રઝીયા બેગમ જેવી મહિલાઓ પોતાની વિશિષ્ટ કાબિલિયતને કારણે ગાદી મેળવી શકી હતી. મુસ્લિમ સ્ત્રીઓ પોતાની મરજી પ્રમાણે હરી-ફરી શકતી ન હતી. ઉચ્ચ વર્ગના મુસ્લિમોનું જીવન સુખી હતું. પરંતુ નીચલા વર્ગોના મુસ્લિમોનું જીવન દુખઃદાયક હતું.

**ખોરાક :**

હિન્દુ અને મુસ્લિમ બન્ને સમાજના સામાન્ય લોકો સાદુ અને સાત્વિક ભોજન લેતા હતા. આ વર્ગોનું મુખ્ય ભોજન ખીચડી હતું. દક્ષિણ ભારતના લોકોનો મુખ્ય ખોરાક ભાત હતો. ગુજરાતના લોકો દહીં અને ભાતનો ઉપયોગ કરતા હતા. જમ્યા પછી લોકો પાનનો ઉપયોગ કરતા. ઉત્તર ભારતના લોકો ખોરાકમાં ઘઉંનો ઉપયોગ કરતા. મુસ્લિમ સમાજમાં રોટી, ભાત અને કબાબનો ઉપયોગ કરતા હતા. ગામડાના લોકોનું ભોજન સાદું હતુ. હિન્દુઓમાં રજપૂતો, બંગાળ અને પંજાબમાં બ્રાહ્મણો તથા શુદ્રો માંસાહાર કરતા હતા. માંસાહાર ભોજનમાં ઘેટા-બકરાં, હરણ, રોઝ, સસલાં જેવા પશુઓ, તેતર, સારસ, મોર, કબુતર, દેડકાં, મરઘાં, ચકલાં જેવા પક્ષીઓ તથા માછલી જેવા

જળચરોનો માંસનો સમાવેશ થતો. ભારતમાં મુસ્લિમોનાં આગમન પછી હલાલ પ્રથા વિશેષ પ્રચલિત બની હતી. આખે આખું શેકેલું પ્રાણી માંસના ટુકડા કરીને કેટલીક વખત કાપી-વાઢીને તેનો રસો બનાવીને ભોજન બનાવવામાં આવતું.

**વિલાસ અને મનોરંજન :**

સલ્તનત કાળમાં મધપાન, ચોગાન, શતરંજ, શિકાર, કુસ્તી, પશુ-પક્ષીઓની શાઢમારી, બાજીગરના ખેલો વગેરે જેવી રમતો દ્વારા લોકો મનોરંજન મેળવતા. દિલ્હી સુલ્તાનોએ તો આ માટે એક અલગ મંત્રી વભાગ રચ્યો હતો. જેને "અમીર-એ-શિકાર" તરીકે ઓળખવામાં આવતો હતો. આ વિભાગ દ્વારા કેટલાંક સ્થળોને શાહી શિકારગાહ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગીલ્લી-ડંડો, સંતાકૂકડી જેવી રમતો, જળક્રીડા, હિંચકા ખાવા, કઠપૂતળીના ખેલ, નટોના ખેલ, બહુરૂપીના ખેલ, મદારીના હાથચાલાકીના, રામલીલા, ભવાઈ દ્વારા પણ તે સમયે લોકો મનોરંજનો મેળવતા. વિજયનગરની સ્ત્રીઓ પણ મલ્લ વિદ્યામાં પારંગત હતી.

**ઉત્સવો :**

મુસ્લિમોમાં ઇદ, મોહરમ જેવા ઉત્સવો જાહેરમાં ઉજવાતા. હિન્દુઓમાં ગર્ભધાનથી અંતેષ્ઠી સુધીના સોળ સંસ્કાર કરવામાં આવતા. તેમાં પુત્ર જન્મોત્સવ તથા જાતિકર્મ સંસ્કાર ધામ ધુમથી કરાતો. દિલ્હીના સુલતાનોની ધાર્મિક કટ્ટરતાને કારણે હિન્દુઓ પોતાના ધાર્મિક, સામાજિક અને પારિવારિક ઉત્સવો જાહેરમાં ઉજવી શકતા નહીં.

**સામાજિક અનિષ્ઠો :**

હિન્દુ સમાજમાં સતીપ્રથાનો પ્રચાર વધારે હતો. સતી ન થનાર સ્ત્રીને ચારિત્રહીન ગણવામાં આવતી. ગુજરાત અને દક્ષિણના કેટલાક દરિયા કિનારાના પ્રદેશો બાદ કરતા સમગ્ર ભારતમાં પડદા પ્રથા પ્રચલિત હતી. ડો. એ. એલ. શ્રીવાસ્તવ ના મતે પડદા પ્રથા ભારતમાં મુસલમાનો જ લાવ્યા હતા. કારણ કે ૧૪મી સદી સુધી તો રાજપુત સ્ત્રીઓ ખુલ્લા મોંએ યુધ્ધમાં ભાગ લેતી હતી ત્યાં સુધી આ પ્રથા ન હતી. હકીકતમાં મુસલમાનોના અત્યાચારથી જ આ પ્રથા પ્રચલિત બની હતી

અને તેના કારણે નવી એક બીજી પ્રથા બાળ લગ્નની શરૂઆત થઈ હતી. આ ઉપરાંત સમાજમાં ભૂત પ્રેત, વેતાંળ, ડાકણી, શાકણી વગેરેની બાબતમાં ઘણા વહેમો પ્રચલિત હતા.

**ઉપસંહાર** :

સલ્તનત કાલીન સમાજ અસમાનતાઓનો સમાજ હતો. હિન્દુઓમાં અને મુસ્લિમોમાં અનેક જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓમાં વિભાજિત થઈ ગયો હતો. હિન્દુ અને મુસ્લિમોમાં અસમાનતા હતી. તેમના ખાન-પાન, રહેણી-કહેણી, વેશભૂષા વગેરેમાં બંને સમાજમાં અસમાનતા જોવા મળતી હતી. ગ્રામીણ લોકો નું જીવન કષ્ટોથી ભરેલું હતું સામાજિક અને ધાર્મિક ઉત્સવો દ્વારા જ તેમનામાં ઉત્સાહ જોવા મળતો. સામાજમાં મધ-પાન, વેશ્યાવૃતિ, બહુપત્નિત્વ પ્રથા, બાલવિવાહ, સતી પ્રથા, દહેજપ્રથા, પડદાપ્રથા વગેરે જેવી સામાજિક અનિષ્ઠતાઓ તે સમયે ચાલુ હતી. શિક્ષણ ખૂબ જ ઓછું હતું સ્ત્રીઓને શિક્ષણ આપવામાં આવતું જ ન હતું.

**સંદર્ભ સૂચિ** :


1. પરીખ પ્રવિણચંદ્ર. "ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ" (ઈ.સ. ૧૦૦૦ થી ૧૮૧૮) પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૧૯૭૪.
2. ડો. ઈશ્વરભાઈ ઓઝા. "મધ્યયુગીન ભારત નો ઇતિહાસ" પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૨૦૧૧
3. ડો. એન કે શર્મા. "મધ્યકાલીન ભારત" આસ્થા પ્રકાશન, જયપુર, ૨૦૧૨
4. ડો. વીપીન બિહારી સિંહા. "મધ્યકાલિન ભારતનો ઇતિહાસ" જ્ઞાનડા પ્રકાશન, નવી દિલ્હી, ૨૦૦૯
5. ડો. એચ પી રાય. "ભારતનો ઇતિહાસ" આદિકાલસે ૧૯૫૦, જ્ઞાનડા પ્રકાશન, નવી દિલ્હી, ૨૦૦૮

# ગુજરાતના અજમેરી સમાજની ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં ભાગીદારી

**મહંમદ અહેસાન એ.અજમેરી**
મદદનીશ પ્રાધ્યાપક, સરકારી
વિનયન અને વિજ્ઞાન કોલેજ,
બાવળા, જિ.-અમદાવાદ

ગુજરાતમાં સદીઓથી વસવાટ કરતો મુસ્લિમ અજમેરી સમાજ કુલ ત્રણ વિભાગોમાં વહેચાયેલો છે. (૧)કાઠીયાવાડી અજમેરી સમાજ (૨) મધ્ય અને ઉત્તર ગુજરાતનો અજમેરી સમાજ (૩) ખાનદેશી અજમેરી સમાજ. ખાનદેશી અજમેરી સમાજ મહારાષ્ટ્રના ધુલિયા નન્દુરબાર, શાહદા વિસ્તારમાં વસવાટ કરતો હતો, પરંતુ તે સ્થાનિક મુસ્લિમ જાતિઓમાં વિલીન થઇ ગયો હોવાથી

આજે અલગથી અસ્તિત્વ ધરાવતો નથી. કાઠીયાવાડી અજમેરી સમાજ અને ગુજરાતનો અજમેરી સમાજ તેરમી સદીના ઉત્તરાર્ધમાં રાજસ્થાનના અજમેર આસપાસના વિસ્તારમાં વસવાટ કરતી રાજપૂત કે કોઈ અન્ય હિંદુ જ્ઞાતિમાંથી ધર્માંતરણ કરી ઇસ્લામ ધર્મ અંગીકાર કરી બસો અઢીસો વર્ષના રાજસ્થાનમાં વસવાટ કર્યા બાદ મહેમુદ બેગડાના શાસન દરમિયાન ગુજરાતમાં રોજી રોટીની શોધમાં સ્થળાંતર કર્યું હતું. ગુજરાતમાં આવ્યા બાદ ઉપર દર્શાવ્યા મુજબના ત્રણ ભાગમાં વહેંચાઇ ગયો. ભૌગોલિક દૂરી અને પરિવહનના ટાંચા સાધનોને કારણે એકબીજા સાથેનો સંપર્ક ગુમાવ્યો અને વિસ્તાર મુજબ પોતાનો અલગ સમાજ તરીકે વિકાસ કર્યો. વર્ષોથી જુદી જુદી જગ્યાએ વસવાટ કરતા હોવાથી, લગ્ન સંબંધો પણ ના હોવા છતાં તેમની પરંપરાઓ, રિવાજો, પેટા શાખાઓ, માન્યતાઓમાં આશ્ચર્યજનક સામ્યતાના દર્શન થાય છે. તેમની દરેક પરંપરાઓમાં ગુજરાતી હિંદુ સમાજની ગાઢ અસર દેખાય છે. વળી રાજસ્થાનના રાજપૂત સમાજનાં રિવાજો, કૂળદેવી, અંધશ્રદ્ધાઓ પણ તેણે પકડી રાખ્યા છે. આ સમાજની ગુજરાતી બોલી, ગુજરાતી પહેરવેશ, દેશ તેવો વેશ કરવો અને વેપારી કુનેહના કારણે ગુજરાતના અજમેરી સમાજે બહુમતી હિંદુ ધરાવતા ગામડાઓમાં જઈને વસવાટ કર્યો, એટલુ જ નહિ પરંતુ દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયા. ગુજરાતના અજમેરી સમાજે સામાજિક ક્ષેત્રે પોતાની આગવી છાપ ઉભી કરી છે. ભારતીય સંસ્કૃતિ તેણે અપનાવી લીધી છે એટલું જ નહિ પણ આત્મસાત કરી લીધી છે. અત્રેના લેખમાં ભારતની સાંસ્કૃતિક પરંપરાઓમાં ગુજરાતના મુસ્લિમ અજમેરી સમાજની ભાગીદારી ક્યાં ને કેટલા પ્રમાણમાં જોવા મળે છે તેની ચર્ચા કરવામાં આવી છે. ગુજરાતના મુસ્લિમ અજમેરી સમાજમાં હાલમાં કાઠીયાવાડી અજમેરી સમાજ અને મધ્ય અને ઉત્તર ગુજરાતના અજમેરી સમાજ અસ્તિત્વ ધરાવતા હોઈ આ બંને સમાજને ધ્યાનમાં રાખી વિગતે ચર્ચા કરવામાં આવી છે.

**જન્મ** : ગુજરાતના અજમેરી સમાજમાં હિંદુ સમાજમાં પ્રચલિત રિવાજ છે તે પ્રમાણે પ્રથમ પ્રસવ સમયે વહુ પિયરમાં જાય છે અને બાકીની સુવાવડો સાસરીમાં થાય છે. બાળકના જન્મ સમયે

ગળથુથી આપવી, જન્મ બાદ બાળકના પિતાના ઘેર કંકૂછાંટણા કરેલા પત્ર લઇ વધામણી આપવા જવું, વધામણી આપવા બદલ આવેલ વ્યક્તિને ભેટ આપવી જેવી પરંપરા આજે પણ હયાત છે. નામકરણમાં પણ એકાદ પેઢી પહેલા રહેલી માન્યતા મુજબ નાથો, પૂંજો, ભીખો, માધો, અમથો, જીવો, બાબુ, જગો, કાળુ જેવા વિચિત્ર નામ પાડવાની પરંપરા હતી. ફોઈબા દ્વારા નામ પાડવું, નામ પાડવા બદલ ફોઈને સાડી કે દાગીનો ભેટ આપવો જેવો રિવાજ પણ અસ્તિત્વ ધરાવે છે. બાળકને છઠ્ઠીના દિવસે ઝભલું પહેરાવવું, સુવાવડીના ઓશીકે લોખંડની વસ્તુ કે દરવાજે લીમડાના પાન રાખવાની પરંપરા પણ છે. પુત્ર જન્મ થાય તો પાંચ શેરની લાપસી અને પુત્રી જન્મ થાય તો સવાશેરની લાપસી કરવાનો રિવાજ છે. ચંદેલ નામની પેટાશાખનાં અજમેરી સમાજના લોકો લાપશીમાં સવાના દાણા નાખે છે, જે અજમેર આસપાસના ચંદેલ હિંદુ રાજપુતોમાં પણ આ પરંપરા આજે પણ જોવા મળે છે. જન્મ પ્રસંગે બનાવેલી લાપશી ગોત્ર બહારની કોઈ વ્યક્તિ ખાઈ જાય તો તેને એક મોટું અપશુકન ગણે છે. જન્મના ચાલીસ દિવસ બાદ ગોયણી જમાડવામાં આવે છે. ગોયણીમાં ત્રણ, પાંચ, સાત એકી સંખ્યામાં સ્ત્રીઓ જમાડવાની હોય છે, જેમાં ૨ : ૧ નાં પ્રમાણમાં કન્યા વહુનું પ્રમાણ હોય છે. કાઠીયાવાડી અજમેરી સમાજમાં ગોયણીની જગ્યાએ સુખડી બનાવે છે. કાઠીયાવાડી અજમેરી સમાજનું જન્દરાણ શાખના લોકો પોતાને જાદવ કે યાદવ કુળનાં ગણતા હોવાથી ગૌહત્યા કે વાછરડાની ખસી કરતા નથી.

**બાબરી** : બાળક જન્મના સવા મહિના બાદ બાબરી ઉતારવામાં આવે છે. બાળકના કપાયેલા વાળની ભારોભાર ફોઈને સોનું દાગીનો અથવા બીજી કોઈ ભેટ આપવામાં આવે છે. કુટુંબની બેન દીકરીઓને સાડી અથવા રોકડ ભેટ આપવામાં આવે છે.

**સગાઇ :** ગુજરાતના અજમેરી સમાજમાં સગાઈની વિધિ હિંદુ ગુજરાતી સમાજને બિલકુલ મળતી આવે છે. અન્ય મુસ્લિમ સમાજની જેમ સગાઇ અત્યંત નજીકના સગાઓમાં કરતા નથી. કાઠીયાવાડી અજમેરી સમાજમાં તો એક જ ગોત્રમાં પણ સગાઇ થતી નથી. કન્યા પક્ષના વડીલો

વર પક્ષના ત્યાં જઈ સામસામે બેસે છે અને કન્યા પક્ષના વડીલ પુરુષ કન્યા પક્ષના વડીલ પુરુષના હાથમાં એક રૂપિયાનો સિક્કો હાથમાં આપી મોટેથી આજુ બાજુ સંભળાય એ રીતે અબક ની પુત્રીની સગાઈનો રૂપિયો સગાઇ પેટે કખગ નાં પુત્ર સાથે આપું છું ત્યારબાદ શુકનરૂપે શ્રીફળ અને સવાશેર ખાંડ આપે છે. ત્યારબાદ એકબીજાને ગોળ ખવડાવે છે. વરપક્ષની કોઈપણ વહુ ખભે રૂમાલ મૂકીને શ્રી ફળ, ખાંડ અને થાળીમાં મુકેલો રૂપિયો કંકુ છાંટણા કરી ચોખાથી વધાવી લઇ જાય છે. લોકો ગોળ થી એકબીજાનું મોં મીઠું કરી સ્ત્રીઓ ગીતો ગાય છે. કન્યા પક્ષ તરફથી વરપક્ષની સ્ત્રીઓને સગાઇ પેટે સાડી અને પુરુષને ધોતી અને હવે શર્ટપીસ ઓઢાડવાનો રિવાજ છે. કાઠીયાવાડી અજમેરી સમાજમાં સગાઈના રિવાજમાં થોડી ભિન્નતા જોવા મળે છે. આ સમાજમાં ઘણીવાર કન્યાપક્ષ વરપક્ષ પાસેથી “દેશ” તરીકે ઓળખાતી રકમ વસૂલે છે, જે વરપક્ષ જાન લઈને આવે ત્યારે થતા ખર્ચ પેટે હોય છે, જોકે આ રિવાજ હવે લુપ્ત થતો જાય છે.

**લગ્ન :** લગ્નની તારીખ નક્કી થઇ જાય પછી કન્યા પક્ષ તરફથી કેટલીક વ્યક્તિઓ કંકોત્રી લઇને વરપક્ષના ઘેર જાય છેકંકોતરીની સાથે નાળાછડી વીંટ .ેલું શ્રીફળવરપક્ષની કોઈ .સાકર હોય છે , ત્યારપછી સગાઈની વિધિની .મોં મીઠું કરવામાં આવે છે ,વ્યક્તિ ઉભા થઈને મોટેથી કંકોત્રી વાંચે છે નાળાછડી વીંટેલ શ્રીફળ સાચવીને ઉંચી .જેમ કંકુ ચોખાથી લગ્નની કંકોત્રી વધાવી લેવામાં આવે છે જે હાથમાં રા ,જગ્યાએ મૂકવામાં આવે છેખી વરરાજા જાન લઈને જાય છે.

**માંડવો :** લગ્નનાં એક બે દિવસ પહેલા માંડવો નાખવામાં આવે છે ,માંડવો સારા શુભ દિવસ . ખીજડાના વૃક્ષનું એક બે ફૂટ લાંબુ લાકડું કુલડીમાં .ચોઘડિયું જોઈને રોપવામાં આવે છે ,ચાંદ ,વાર દહીં અને રૂપિયો કે પૈસો ઘરના આંગણામાં પ્રવેશદ્વારની જમણી બાજુ નાનો ખાડો ખોદીને નાખવામાં આવે છેઆ લાકડાને .ચાર પાંચ કુંવારા છોકરાઓ આ ખીજડાના લાકડાને લાવે છે . માંડવો રોપાઈ ગયા બાદ જ નાનકડી ચુંદડી કે મંડપ બાંધવામાં .નાળાછડી બાંધવામાં આવે છે .આવે છે

**વરધની માટલી :** કન્યાના લગ્ન હોય તો કુંભારના ત્યાં વરધની માટલી લેવા કુંભારણ માટે સાડી, કુંભાર પાંચ સાત .ગોળ લઈને અજમેરી સમાજની સ્ત્રીઓ વાજતે ગાજતે જાય છે ,ઘી ,ઘઉં અજમેરી સમાજની પાંચ સાત સ્ત્રીઓ આ માટલીને કંકુ .માટલીને સફેદ રંગથી ચીતરીને રાખે છે ક .કુંભારણ આ દરેક સ્ત્રીના હાથમાં નાળાછડી બાંધે છે .ચાંદલો કરીને વધાવે છોઠીયાવાડી અજમેરી સમાજમાં ઢોલીના ઢોલને પણ વધાવવામાં આવે છે .

**પીઠી કરવાનો રિવાજ :** વર અને કન્યા બંને પક્ષના લોકો વરપીઠી માટે .કન્યાને પીઠી કરે છે-પીઠી .તેલ અને પાણી મળીને પીઠી બનાવવામાં આવે છે ,શેકીને દળેલા મગ અને ઘઉં ,હળદર ફક્ત સૌભાગ્યવતી સ્ત્રી જ કરી શકે છેપીઠી .પાંચ કે સાત વખત કરવામાં આવે છે ,પીઠી ત્રણ . પીઠી ચોળનાર સ્ત્રીઓ નાગરવેલના પાનને તેલમાં .ચોળનાર દરેક સ્ત્રી હાથમાં નાળાછડી બાંધે છે ઢીંચણ પર અને છેલ્લે પગની ઘૂંટી પર અડાડે છે ,ઝબોળીને સૌ પ્રથમ માથા પર પછી ખભા પર ત્યા .આ વિધિને તેલ ઉતાર્યું એમ કહે છેરબાદ આ વિધિ ઉલટી દિશામાં કરે તેને તેલ ચઢાવ્યું એમ કહે છે .

**ગોત્રજ :** માંડવો રોપાઈ ગયા બાદ વર અને કન્યાના ઘરના એક સલામત ખૂણામાં પાણીયારા પાસે ગોત્રજની સ્થાપના કરવામાં આવે છેએક બાજઠ .જે હિંદુ સમાજની ગણેશ સ્થાપના જેવી હોય છે , પર લાપશીના સાત મુઠીયા મૂકવામાં આવે છેતેના પાસે ઘઉંની સાત ઢગલીઓ કરવામાં આવે . દીવા .જે લગ્ન પુરા નાં થાય ત્યાં સુધી અખંડ રહે છે ,તેની પાસે ઘીનો દીવો કરવામાં આવે છે .છે આ બાજઠ દીવાલ પાસે મૂકીને દીવાલ પર લાપશીથી .પાસે સવા રૂપિયો અને શ્રીફળ મૂકે છે ગળામાં હાર પહેરાવતા હોય એ આકારે નાળાછડી ચોટાડે છેઅને દીવાલ પર ઘીના સાત ચાંદલા . પાસે "જીચામાં" ત્યારબાદ કૂળદેવી .આ આકાર દેવીના રૂપના આકાર જેવો હોય છે .કરે છે આ વિધિ આજે પણ અજમેર આસપાસના .અવસરની ક્ષેમ કુશળતા માટે પ્રાર્થના કરવામાં આવે છે .રાજપૂતોમાં કરવામાં આવે છે

**મામેરું :** મધ્ય અને ઉત્તર ગુજરાતના અજમેરી સમાજમાં પુત્ર કે પુત્રીના લગ્નમાં મામા તરફથી મામેરું ભરવામાં આવે છેમાંડવો રોપાઈ ગયા પછી લગ્નનાં આગલા દિવસે મામેરું ભરવામાં આવે . એમાં .પુત્રીના લગ્નમાં મામા તરફથી ભાણીને પુરતના સાત વાસણ આપવામાં આવે છે .છે તાંબાનો ,પિત્તળનું બુજારું ,તાંબાનું બેડુંલોટોકાંસાનો વાડકો અને પિત્તળનો ગ્લાસ ,તાંબાનો થાળ , બેડા પર લીલા રંગનું કપડું ઢાંકવામાં .બેડામાં સવા રૂપિયો અને સાકર મૂકવામાં આવે છે .હોય છે -કાકા ,તેમના માતા પિતા ,આ સિવાય ભાણા કે ભાણીનાં માટે લગ્નમાં પહેરવાના કપડાં .આવે છે ભાભી એમ સમગ્ર કુટુંબીજનો માટે કુટુંબ પહેરામણી કરવામાં -ફુઆ ભાઈ -ફોઈ ,દાદી -દાદા ,કાકી .રોકડ રકમ પણ ભેટમાં આપવામાં આવે છે .આવે છે

**જાન :** અજમેરી સમાજમાં આજથી ચાલીસ પચાસ વર્ષ પહેલાં રાત્રીના લગ્ન રાખવામાં આવતા . જાન કન્યા પક્ષે બે ત્રણ દિવસ રોકાતી જેમાં કન્યા પક્ષને આર્થિક રીતે ખૂબ ખર્ચ થઇ જતોજોકે હવે . પહેલાના સમયમાં વાર અને કન્યા ગુજરાતી હિંદુ પહેરવેશ પહેરીને લગ્ન .તેમાં સુધારો થયો છે બૂટ અને કન્યાઓ આધુનિક ડ્રેસ પહેરતી -પરંતુ હવે આધુનિકતા આવતાએ વરરાજા શૂટ ,કરતા જાન કન્યા પક્ષન .લગ્નમાં અજમેરી સમાજની સ્ત્રીઓ ગુજરાતી સાડી જ પહેરે છે .થઇ છે ા પાદરે પહોંચે ત્યારે વરરાજાની સાસુ દ્વારા ,જેમાં તાંબાનો લોટામાં પાણી .લઇ જવાની પ્રથા છે "અબોખો" જમાઈને નજર નાં લાગી જાય એ માટે જમાઈના માથેથી .શ્રીફળને રૂમાલ ઢાંકીને લઇ જાય છે આ દરમિયાન સાસુ ચપળતાથી .જમાઈને કંકુ ચોખાથી વધાવે છે .પાણીનો લોટો ઉતારે છે વરરાજાનું નાક ખેંચી લેવાની પણ પ્રથા છેવરરાજા દ્વારા સાસુની .સામસામે ફટાણાં ગવાય છે . .સાડીનો છેડો પકડી લઇ ભેટ માંગે છે

ગુજરાતના અજમેરી સમાજમાં જમણવાર મોટેભાગે શુદ્ધ શાકાહારી ગુજરાતી વાનગીઓનો જ હોય છે જો કે તેમાં પણ હવે આધુનિકતાની અસર સ્પષ્ટ રીતે દેખાય છે .વરરાજા માંડવે જમવા નાં પધારતાં તેમના માટે વરપક્ષના ઉતારા પર જ વરભાણું આવે છે .

જમ્યા બાદ વરઘોડા સ્વરૂપે વરપક્ષ માંડવે આવે છે અને ત્યાં નિકાહની વિધિ કરવામાં આવે છે . નિકાહની વિધિ બાદ કન્યા પક્ષ તરફથી વરપક્ષના સ્ત્રી પુરુષો ને સાડી અને ધોતી પેટે શર્ટ કેપેન્ટ પીસની પહેરામણી કરવામાં આવે છેઅજમેરી સમાજના લગ્ન ગીતો ગુજરાતી ભાષામાંજ ગવાય . .બોલી અને લગ્નગીતોના આધારે આ મુસ્લિમ સમાજના લગ્ન છે એવું લાગતું નથી ,છે પહેરવેશ .જે વિધિ ખૂબ જ ટૂંકી અને સરળ હોય છે .મોલવી દ્વારા નિકાહની વિધિ થાય છે

**કન્યા વિદાય :** કન્યા વિદાય થાય ત્યારે વરની ગાડીના પૈડા નીચે શ્રીફળ વધેરવામાં આવે છેવર . કન્યા નિજ ઘેર પરત ફરે ત્યારે વરરાજાની માતા તાંબાના લોટામાં પાણી ભરી બંનેની નજર ઉતારે કાઠીયાવાડી અજમેરી સમાજમાં .બે દશકા પહેલા માટીનું ઠીકરું પણ ભગાવવામાં આવતું .છે કન્યા પક્ષ તરફથી માં માટલું અને પ્રજ્વલિત કરેલું ફાનસ આપવાનો રિવાજ પણ છેજેમાં , .સુકો મેવો હોય છે ,મીઠાઈ

**વીંટી રમાડવાની વિધિ :** વર કન્યાના ઘરમાં સલામત પ્રવેશ બાદ બંને ગોત્રજના બાજઠ સમક્ષ સલામ કરે છે ત્યારપછી વરરાજાની ફોઈ દ્વારા વીંટી રમાડવાની વિધિ કરવામાં આવે છેમોટા . થાળમાં પાણી ભરીને તેમાં કંકુ કે કલર નાખીને તેને રંગીન બનાવવામાં આવે છેઆ પાણીમાં . સાત અન્ય સિક્કાઓ બંન્નેની સામે નાખવામાં ,એક સોપારી ,ચાંદીની વીંટી ,એક રોકડો રૂપિયો ,વર કન્યા ચપળતાથી આ રંગીન પાણીમાં હાથ નાખીને રોકડો રૂપિયો શોધી લાવે છે .આવે છે આવું સાત વખત કરવામાં આવે છેજે વધુ વાર રોકડો રૂપિયો શોધવામાં સફળ થાય તે વિજેતા . .ગણાય છે

**ગાંઠો છોડવાની વિધિ :** વીંટી રમાડવાની વિધિ બાદ વરરાજાના હાથરૂમાલનો છેડો અને કન્યાની સાડીના પાલવના છેડાની ગાંઠ મારવામાં આવે છેકન્યા ગાંઠ મારે ત્યારે વરરાજા તેને છોડે છે . જયારે વરરાજા બાંધે ત્યારે કન્યા આ ગાંઠ છોડે છેઆવું પાંચ કે સાત વાર કર્યા બાદ બંને , .એકબીજાના મીંઢળની ગાંઠો આજ રીતે છોડે છે

**સીમાંતની વિધિ :**વહુ ગર્ભવતી થાય ત્યારે પાંચમાં કે સાતમાં મહીને સીમંતની વિધિ કરવામાં આવે છે .વહુના પિયરમાં પત્ર લખીને સીમાન્તવિધીનું વિધિસર આમંત્રણ પાઠવવામાં આવે છે . વહુની .ગુલાબનો હાર પહેરાવી શણગારવામાં આવે છે ,ગજરો ,વેણી ,વહુને નવા કપડાં કે કાકી ,જેઠાણી, સૌભાગ્યવતી નણંદ સાસુ એક સુપડામાં આશરે અઢી કિલો ઘઉંસાત હળદરના , શ્રીફળ વગેરે વસ્તુઓ વહુને બાજઠ ,સવારુપીયો ,સોપારી ,કમળકાકડી ,વાળના સાત ટેટા ,ગાંગડા આવું .પર ઉભી રાખી સાડીના ખોળામાં મૂકવામાં આવે છે ફરી પાછી સુપડામાં લેવામાં આવે છે ત્યારબાદ વહુના ખોળ .સાત વાર કરવામાં આવે છેમાં એક તંદુરસ્ત બાળક બેસાડવામાં આવે છે. બાળકને રોકડ ભેટ આપીને વહુ પિયર આવા નીકળે છે ત્યારે તેના દરેક ડગલા આગળ પગના .જે વહુની નણંદ કે નાના બાળકો લઇ લે છે .અંગુઠા પાસે રૂપિયાનો સિક્કો મૂકવામાં આવે છે વહુના પિયર જતાં રસ્તામાં આવતી તમામ .સ્ત્રીઓ ગીતો ગાય છે નદીઓમાં પૈસો કે રૂપિયો ટકા રૂપે નદીમાં નાખવામાં આવે છે .

**તહેવારોની ઉજવણી :** ગુજરાતના અજમેરી સમાજમાં મુસ્લિમ તહેવારોની સાથે સાથે દિવાળી, કારણ કે ઘણું કરીને અજમેરી સમાજ ઉત્તર .હોળી નવરાત્રી જેવા તહેવારોની ઉજવણી પણ કરે છે ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં હિંદુ સમાજની બહુમતી વાળા ગામડામાં એકલ દોકલ વસે છે આમ , . અજાણે તેના રોજીંદા જીવનમાં ભારતીય પરંપરા વણાઈ ચૂકી છે

**ઉપસંહાર :** ગુજરાતનો મુસ્લિમ અજમેરી સમાજ રાજસ્થાનના રાજપૂત કે કોઈ અન્ય હિંદુ સમાજમાંથી ધર્માંતરણ કર્યું હોવાથી તેમજ તેમનો વસવાટ ગુજરાતના બહુમતી હિંદુ સમાજના ગ્રામ્ય વિસ્તારમાં કર્યો હોવાથી ભારતીય પરંપરા અને ખાસ કરીને હિંદુ પરંપરા આજે પણ સ્પષ્ટ પણે દેખાય છે .

- **સંદર્ભ સૂચિ :**

1. પી,.એ.શોધ નિબંધ અજમેરી એમ .ડી.એચ.ગુજરાતના અજમેરી સમાજનું સામાજિક આર્થિક અને સંસ્કૃતિક ક્ષેત્રે ,પ્રદાન વીસમી સદીના સંદર્ભમાં એક :અધ્યયન

2. માસ્તર કરીમ મહંમદ ,વડોદરા ,યુનીવર્સીટી .એસ.એમ,મહા ગુજરાતના મુસલમાનો , .૧૯૬૯ પેજનં354 .

- **રૂબરૂ મુલાકાત :**

1. અજમેરી મહેમુદાબેન ઈબ્રાહીમભાઈ.૨૦૦૮/૦૮/૨૮ - .તા ,અમદાવાદ ,દરિયાપુર ,
2. અજમેરી રુકૈયાબેન સમસુદ્દીનભાઈ.૨૦૦૮/૦૮/૨૮ - .તા ,અમદાવાદ ,દરિયાપુર ,
3. અજમેરી મદીનાબેન અબ્દુલભાઈ.૨૦૦૮/૦૮/૨૦- .તા ,અમદાવાદ ,જુહાપુરા ,
4. અજમેરી ઈબ્રાહીમભાઈ દાઉદભાઈ.૨૦૦૯/૦૭/૧૭ - .તા ,ગાંધીનગર ,
5. અજમેરી આબેદાબેન કાદરભાઈ .૨૦૦૮/૦૮/૨૮ - .તા ,અમદાવાદ ,
6. અજમેરી હુસેનાબેન ઈબ્રાહીમભાઈ.૨૦૦૯/૦૭/૧૭ -.તા ,ગાંધીનગર ,
7. આલવી દીલાવરભાઈ રેહમાનભાઈ.૨૦૧૦/૦૬/૦૨ - .તા, અમદાવાદ ,
8. બેલીમ હબીબભાઈ પીરભાઈ.૨૦૧૦/૦૬/૦૨ - .અમદાવાદ તા,
9. અજમેરી હાજરાબેન કાસમભાઈ આંબલીયાસણ ,.તા,જિ.મહેસાણા-, તા.૨૦૧૦/૦૫/૧૭ - .
10. અજમેરી નઝમાબેન મયુદ્દીનભાઈ આંબલીયાસણ,.તા,જિમહેસાણા-., તા - . .૨૦૧૦/૦૫/૧૭

# આદિવાસી મહિલાઓના ઉત્કર્ષમાં પૂર્ણિમાબેન પકવાસાનું પ્રદાન

**ચાવડા. વૈશાલી આર.**
પી.એચ.ડી. વિધ્યાર્થી
ગૂજરાત વિદ્યાપીઠ

"પ્રકૃતિ એ નારીમાં સ્નેહશીલતા, સુકોમળતા, સર્જનશીલતા, વાત્સલ્ય અને કરૂણાભરી છે. તેના એ ઉચ્ચગુણોને ઘનઘોર રાતોમાંથી અંધારી કાલિમાંથી પ્રાતઃકાળના પરોઢની માફક સૌભ્ય પવિત્ર ઉઘાડ કરીએ, આવો આપણે સમતામુલક સમાજની રચના કરીએ અને નારીને આત્મવિશ્વાસથી સભર બનાવીએ."[૧]

"સ્ત્રીઓમાં એવી અદ્દભૂત શક્તિ છે કે જો તેઓ કામ કરવા ધારે અને તેને ખંતપૂર્વક કરે તો એક પહાડને પણ હલાવી શકવાની તાકાત ધરાવે છે."[૨] - ગાંધીજી

ગાંધીયુગની નિર્ભીક, નિરાંડબરી, સત્યભાષી, સેવાભાવી, સરળ-સાદા, ગહનવાચિકા, વિચારક, સાહિત્યકાર અને ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠના આદ્ય સ્થાપિકા એવા પૂર્ણિમાબેન પકવાસા. જેમનો જન્મ આસો સુદ એકમના નવરાત્રિના પ્રથમ દિવસે ઈ.સ. 1913ની 1લી ઓક્ટોબરના રોજ એમના મોસાળ સુરેન્દ્રનગરમાં થયો હતો.[૩]તેમના પિતા વ્રજલાલ શેઠ અને માતા ચંચળબેન હતા. તેમના કાકા અમૃતલાલ શેઠ એ પણ રાષ્ટ્રવાદથી પ્રેરિત હતા. જેને લીધે પૂર્ણિમાબેનમાં રાષ્ટ્રભક્તિના ગુણો વારસામાં જ મળ્યા હતાં.

ગાંધીજીના મત મુજબ આપણા દેશમાં પછાત વર્ગનું પ્રમાણ ઘણું મોટું છે. તેમની સેવા પ્રભુ સેવા સમજીને જો તેમનું ઉત્થાન કરવામાં આવે તો એ પછાતવર્ગ, એ અભિશાપમાંથી મુક્ત થઈ શકે. આ રીતે બાળપણથી જ ગાંધીજીના આદર્શથી પ્રેરાઈને પૂર્ણિમાબેને દેશના આઝાદી આંદોલનમાં પણ પોતાનો ફાળો આપ્યો હતો. ત્યારબાદ તેમણે ગાંધીજીના આદર્શ તરફ ધ્યાન

કેન્દ્રીત કર્યું હતું. જેથી લગ્ન પછી આધ્યાત્મિક અભિગમ ધરાવતા પૂર્ણિમાબેન એક વખત ધ્યાનમાં બેઠા હતા ત્યારે તેમને એક સ્થળ દેખાયું. જેમાં શ્યામરંગી કન્યાઓ નજરે પડતી હતી. મા ભગવતી જાણે કે પૂર્ણિમાનો હાથ પકડીને દોરતી હતી અને આજ્ઞા કરી રહી હતી, 'તારે આ કામ કરવાનું છે આ તારુ ભવિષ્ય છે.' બે ત્રણ દિવસ સુધી સતત આવી અનુભતી થઈ એટલે પૂર્ણિમાબેને સસરા મંગળદાસ પકવાસાને વાત કરી અને મંગળદાસે તેને પ્રતિસાદ આપતા જણાવ્યું કે એ જગ્યાની શોધનો આરંભ કરવો જોઈએ. સાત આઠ વરસ સુધી આ તપાસ ચાલી અને છેવટે રતુભાઈ અદાણીએ તેમને એક સ્થળ બતાવવાની વાત કરી. સૌ ત્યાં ગયા અને એક ઝાડ નીચે પૂર્ણિમાબેન ઊભા રહ્યા અને ત્યાં જ તેમને જબરદસ્ત 'વાઈબ્રેશન' નો અનુભવ થવા માંડયો, તેમણે સૌને જણાવ્યું કે બસ, હવે ક્યાંય જવાની જરૂર નથી, મને અહીં જ આવવાનો આદેશ થયો છે, અહીં ઈ.સ. 1974માં આ શોધ પૂરી થઈઅને એ સ્થળે સંસ્થા શરૂ કરવાનો નિર્ણય લેવાયો. આ સ્થળ એટલે ડાંગમાં આવેલ સાપુતારા ડાંગની ભૌગોલિક સ્થિતી વિશિષ્ટ હતી તો સામાજીક સ્થિતી એથી પણ વિકટ હતી. ગીચ જગંલ હોવાથી ચોમાસામાં અતિશય વરસાદ પડે અને બાકીની ઋતુઓમાં પાણીની મુશ્કેલી સમગ્ર વિસ્તારમાં મુખ્ય વસ્તી આદિવાસીઓની જેમાં શિક્ષણનું પ્રમાણ પણ સાવ નહિવત હતું. આવા વિકટ સંજોગોમાં પણ પૂર્ણિમાબેને હિંમત હાર્યા વિના પ્રયાસો શરૂ રાખ્યા. અને છેવટે 14 જેટલી છોકરીઓના પ્રવેશથી આ સંસ્થાનો પ્રારંભ કર્યો.[૪]

પૂર્ણિમાબેને સ્થાપેલ સંસ્થાનું નામ 'ઋતંભરા વિશ્વવિદ્યાપીઠ છે. જેના નામનો જ અર્થ ઋતંભરા એટલે શાશ્વત સત્ય જેની સ્થાપના પૂર્ણિમાબેને આદિવાસી સમાજના લોકો અને મહિલાઓના વિકાસ થાય તે હેતુથી કરી હતી. જેમાં આ સંસ્થાની ખાસ પ્રવૃત્તિએ શિક્ષણ અને નારી ઉત્થાનના કાર્યો, છે. જેમાં ખાસ કરીને મહિલા વિકાસના કાર્યો, સ્વરક્ષણની તાલીમ, અર્થોપાર્જન માટેની પ્રવૃત્તિઓ વગેરેની તાલીમ આપવામાં આવે છે અને આવી તાલીમો મેળવી મહિલાઓ પોતાની આજીવિકા મેળવી શકે અને આદિવાસી સમગ્ર સમાજનો વિકાસ થાય તે હેતુથી' ઋતભરા ગ્રામીણ વિકાસ ટ્રસ્ટની પણ સ્થાપના કરવામાં આવી છે. જેમાં શિક્ષણ આરોગ્ય પ્રત્યે જાગૃતિ, વ્યસનમુક્તિ, અર્થોર્પાજન વગેરેની માહિતી તાલીમ આપવામાં આવે છે.

આ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિઓ જેવી કે,

(1) શિક્ષણ

(2) નારી ઉત્થાન માટેના કાર્યો

(3) સમર કેમ્પ

(4) બાગાયત અને ઔષધિ ઉછેર કેન્દ્ર

(5) ગૌશાળા તથા

ઋતંભરા ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ પર આધારિત (1) યુવાજાગૃતિ અને યુવા સંગઠનો (2) મહિલા સશક્તિકરણ (3) હસ્તકલા કારીગરી અને સંગઠનો (4) પર્યાવરણ સરંક્ષણ (5) સ્વાસ્થય ઉપચાર કેન્દ્રો તથા વ્યસન મુક્તિ અને અર્થોપાર્જન કેવી રીતે મેળવવું વગેરે કાર્યો કરવામાં આવે છે.

આ સંસ્થાની શરૂઆત એ ચૌદ જેટલી વિદ્યાર્થીનીઓથી કરવામાં આવી હતી. આજે તેની સંસ્થા 875 જેટલે પહોંચી છે. જેનો ખર્ચ બોમ્બે ટ્રસ્ટ મંડળ દ્વારા ઉઠાવવામાં આવે છે, ખાસ બાબત  તો અહીં એ જોવા મળે છે કે પૂર્ણિમાબેન પકવાસા એક સ્વાતંત્ર્ય સૈનિક હોવાને લીધે તેમને સરકાર દ્વારા જે પેન્સન આપવામાં આવતું તે સમગ્ર પેન્સન શરૂઆતથી લઈને મૃત્યુ સુધીનું બધું જ તેમણે આ સંસ્થાને લઈને અર્પણ કરેલ છે.

જેમાં બહેનોને આધ્યાત્મિક તાલીમો, સ્વરક્ષણની તાલીમો, સંગીતના વર્ગો, ઘોડેસવારી, મીલીટરી તાલીમો વગેરે જેવી તાલીમો પણ આપવામાં આવે છે. તથા દર વર્ષે ઉનાળામાં ત્યાં બાળકો અને યુવતીઓ માટે સમરકેમ્પનું આયોજન પણ કરવામાં આવે છે, જેમાં અત્યાર સુધી 26,000 જેટલી બહેનોએ ભાગ લીધેલ છે.

મોરારજી દેસાઈ અટલ બિહારી વાજપેયી, શ્રી જર્યોજ ફર્નાર્ડિસ, શ્રી કૈલાસરુપજી મિશ્રા, શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત, ડૉ. એ.પી.જે અબ્દુલ કલામ વગેરે જેવા મહાનુભવોએ પણ આ આ વિશ્વવિદ્યાપીઠની મુલાકાત લીધેલ છે.[૫]

આ રીતે પૂર્ણિમાબેને આ સંસ્થાની સ્થાપનાની શરૂઆત લઈને છેક તેમના મૃત્યુ સુધી સમગ્ર પ્રવૃત્તિઓ આ સંસ્થાનો વિકાસ તેમજ આદિવાસી સમાજ અને આદિવાસી મહિલાઓનો વિકાસને લઈને જ કરી છે. જેને માટે પૂર્ણિમાબેનને 'ડાંગની દીદી' એવું ઉપનામ આપવામાં આવ્યું છે.

તેમના આવા પછાત વર્ગની મહિલાઓ તથા તેમના વિકાસના કાર્યને બિરદાવતા તેઓને ઘણા પુરસ્કારો પણ મળ્યા છે. જેમ કે 1983માં ઘાટકોપરની રાષ્ટ્રીય શાળાનો 'સ્વાતંત્ર્ય સેનાની'નો એવૉર્ડ, 1984માં સંસ્કાર કેન્દ્ર તરફથી અમૃત પુરસ્કાર, 1985માં આદિવાસી સેવા માટે અભિનવ ટ્રસ્ટ તરફથી એવોર્ડ, 1993માં પણ રોટેરીયન એવૉર્ડ, 1995માં સ્ત્રીઓની ઉન્નતિ માટેનો ચંપાબેન ગાંધી એવૉર્ડ, 1995માં આદિવાસી ઉત્કર્ષ માટે પાટકર ફાઉન્ડેશન તરફથી એવૉર્ડ, 1998માં ઓલ ઈન્ડિયા કમિટી તરફથી સ્ત્રી સાક્ષરતા માટે શ્રી લક્ષ્મી મેનન એવૉર્ડ, તથા 2003માં વિશ્વ ગુજરાતી પરિષદ તરફથી એવૉર્ડ અને 2004માં ભારત સરકાર તરફથી પદ્મભૂષણ તથા 2007માં અરૂણા દેસાઈ એવૉર્ડ મળેલ છે.[૬]

❖ **સમાપન :-**

આમ ઉપરોક્ત જણાવ્યા અનુસાર પૂર્ણિમાબેન પકવાસાએ પોતાના જીવંતપર્યંત દરમિયાન પછાત વર્ગો એવા આદિવાસી સમાજને કેન્દ્રમાં રાખી તેમનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો કર્યા છે, જેથી આદિવાસી વિસ્તારના લોકોએ તેમને 'ડાંગના દીદી' એવું ઉપનામ આપેલું છે. જેથી ઈતિહાસમાં પણ તેમને 'ડાંગના દીદી'ના નામે ઓળખવામાં આવે છે. આ રીતે અત્યંત દુર્ગમ અને પછાત કહી શકાય તેવા વિસ્તારમાં શિક્ષણ પ્રત્યેની ભાવના જગાડનાર તથા ત્યાં શિક્ષણનો વિકાસ અને આદિવાસી મહિલાઓનો ઉત્કર્ષ કરનાર ધન્ય છે આ નારીને......

❖ **સંદર્ભગ્રંથ સૂચિ**


1. ઋતંભરા પરિચય ઋતંભરા ટ્રસ્ટ (સાપુતારા), પૃ-2.
2. બિહાર પછી દિલ્લી – મનુ ગાંધી, પૃ-237.
3. શક્તિરૂપેણ સંસ્થિતા – અમરપંડિત કુસુમ પ્રકાશન, અમદાવાદ, પૃ.121, બીજી આવૃત્તિ, 2010.
4. ગુજરાતની શિક્ષણ વિભૂતીઓ – પ્રા.ડૉ. ભદ્રાયુ વછરાજાની, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ. પૃ-274, પ્ર. આ-2011.
5. ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠની રૂબરૂ મુલાકાતને આધારે,
6. સ્વયં પ્રકાશિત તારલીઓ- ડૉ. હર્ષિદા રામુ પંડિત, નવસર્જન પબ્લિકેશન અમદાવાદ. પૃ-62, પ્ર. આ-2013.

# સલ્તનત કાલીન અમદાવાદ ના કિલ્લાઓ અને દરવાજાઓ

**PARASKUMAR HIRALAL GOHEL**
Ph.d Pursing; GUJRAT VIDHYAPITH
AHMEDABAD
Email : malvia.rocky64@gmail.com

ગુજરાતનું રાજકીય, સામાજીક અને સાંસ્કૃતિક ગતિવિધિનું એપિસેન્ટર એટલે અમદાવાદ, અમદાવાદ જેટલું આધુનિક છે એટલું ઐતિહાસિક પણ છે. અમદાવાદની સ્થાપના પંદરમી સદીના આરંભથી એટલે કે સુલતાન અહમદશાહે ૨૬ ફેબ્રુઆરી ઈ.સ.૧૪૧૧ ના રોજ કરી હતી. અમદાવાદ તેની સ્થાપનાથી લઈને ઘણા સમય સુધી રાજધાનીનું કેન્દ્ર રહ્યું છે. અમદાવાદ પર મુસ્લિમો, મુઘલો, મરાઠાઓ વગેરે ઘણા શાસકોએ શાસન કર્યું છે. અને તેને સમૃદ્ધ બનાવ્યું છે. આ બધા શાસકોએ બનાવેલા સ્થાપત્યોને કારણે આજે અમદાવાદ જુલાઈ ૨૦૧૭ ના રોજ વર્લ્ડ હેરિટેઝ સાઈટમાં પામ્યું છે.

અમદાવાદમાં મુખ્યત્વે બે કિલ્લાઓ અને બાર દરવાજાઓ આવેલા છે. જેમાંના ઘણા હયાત અવસ્થામાં છે. જે દરવાજાઓના નામ અલગ-અલગ વિસ્તાર પ્રમાણે અલગ-અલગ રાખવામાં આવ્યા છે. જેમ કે, ભદ્રનો કિલ્લો, ગાયકવાડી હવેલીનો કિલ્લો, તેમ જ બાર દરવાજાઓ જેવા કે ત્રણ દરવાજા, ખાનજહાંન દરવાજા, જમાલપુર દરવાજા, આસ્ટોડિયા દરવાજા, રાયપુર દરવાજા, સારંગપુર દરવાજા, કાલુપુર દરવાજા, ખાનપુર દરવાજા, પ્રેમ દરવાજા અને પાંચકૂવા દરવાજા આવેલા છે. આ બધા દરવાજા તેની કોતરણી અને કમાનો માટે વિખ્યાત છે. અને આ દરવાજાઓની ઘણી બધી વિશિષ્ટતાઓ પણ છે. આ બધા સ્થાપત્યો અને સ્મારકોને કારણે આજે પણ અમદાવાદ ઐતિહાસિક શહેર તરીકે પ્રસિદ્ધ છે.

**1. અમદાવાદ**

જ્યાં ઇતિહાસ ભર્યો ભર્યો છે. પંદરમી સદીના આરંભથી ઈ.સ.1411 થી આ શહેર વસ્યું ત્યારથી નજીકના ભૂતકાળ સુધી તે ગુજરાતની રાજધાની રહ્યું છે. ગુજરાતનું તે રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક ગતિવિધિનું એપિસેન્ટર છે. પળેપળ પરિવર્તન પામતું અમદાવાદ જેટલું ઐતિહાસિક છે.તેટલું જ આધુનિક છે. અમદાવાદ એટલે અહમદાવાદ ! ભારતનાં નગરોમાં એનું સ્થાન મહત્વનું છે. પહેલાં તો ઉત્તરમાંથી દક્ષિણ તરફ કે સૌરાષ્ટ્ર તરફ બલ્કે ચોપાસના મહામાર્ગો જ્યાં એકઠા થાય તેવા કેન્દ્ર પર આવેલું ભારતનું આ શહેર ગામનું નામ પણ તેના રાજાના નામ આશા પરથી આશાવલ્લી આશાવલ. ત્યારબાદ

આશાવલને હરાવી કર્ણદેવ રાજાએ કર્ણાવતી વસાવ્યું. કર્ણદેવ પછી સિદ્ધરાજના સમયમાં અડીખમ દુર્ગપાળ તરીકે આવેલા અને અહી વસેલા વિખ્યાત જૈનમંત્રી ઉદયન મહેતાએ કર્ણાવતીને ખૂબ વિકસાવ્યું છે.[1]

14મી સદીના પ્રારંભમાં ગુજરાતમાં રાજપૂત સત્તાનો અંત આવ્યો.ગુજરાતનો વહીવટ દિલ્હી સુલતાનના સુબાઓ પાટણમાં રહીને કરવા લાગ્યા. પણ પછીથી દિલ્હીથી અલગ થઈને તેમણે ગુજરાતની સ્વતંત્ર મુસ્લિમ સલ્તનતની સ્થાપના કરી. ગુજરાતના પહેલા મુસ્લિમ સુલ્તાન મુઝફ્ફરશાહના પૌત્ર અહમદશાહે ઈ.સ.(1411)માં ગુજરાત રાજ્યનો વિશાળ થઈ ગયેલો વિસ્તાર લક્ષમાં લઈને પાટણ એકબાજુ આવી જતું હોવાથી રાજધાની પાટણની બદલીને કર્ણાવતી નજીક લાવવાનું નક્કી કર્યું. આશાવલ અનેકર્ણાવતીના સ્થાનોથી અડોઅડ જરાક ઉત્તરે સપાટ ભૂમિ પસંદ કરી ત્યાં નગર વસાવવાની યોજના કરી અને અમદાવાદ વસ્યું.[2]

1.1 અમદાવાદની સ્થાપના કરવા માટે અહેમદશાહે શેખ અહમદ ખટ્ટુગંજ મારફતે અલ ખિજરખ્વાજાની પરવાનગી માંગી ત્યારે જેણે બપોરની નમાજ કદી ચૂક્યા ના હોય. એવા ચાર અહમદ ભેગા થઈ ખાતમુર્હુત કરે તો શહેર આબાદ થાય. એમાં અહમદશાહ બાદશાહ ઉપરાંત બીજા શેખ અહમદ ખટ્ટુગંજબક્ષ, ત્રીજા મલિક અહમદ અને ચોથા કાજીઅહમદ. આ ઉપરાંત બીજા બાર બાબાઓનો પણ સાથ હતો. અમદાવાદની સ્થાપના રાજગઢવી અને રાજગઢના સ્થાપના નૈઋત્ય બુરજથી થઈને એ બુરજ માણેકબુરજ તરીકે ઓળખાયો. અહમદશાહે આ સ્થાનને આબાદ વસ્તીવાળું કર્યું તેથી તેનું નામ 'અહમદાબાદ' પાડવામાં આવ્યું. ગુજરાતીમાં તેનું અમદાવાદ થયું. હિંદુ લેખકે એને'રાજનગર' અને 'શ્રીનગર' તરીકે પણ ઓળખાવતા. 26 મી ફેબ્રુઆરી 1411ની રોજ (મુસ્લિમ તારીખ પ્રમાણે) અને હિંદુ અનુશ્રુતિ પ્રમાણે (17 મી એપ્રિલ ઈ.સ.1412) (રાજગઢનું ખાતમુર્હુત કરેલું)[3]

### 1.2 અમદાવાદનો કિલ્લો (ભદ્રનો કિલ્લો)

અહમદશાહે 1411માં અમદાવાદ વસાવતાની સાથે જ સૌ પ્રથમ ભદ્રનો કિલ્લો બાંધ્યો અને તેનું નામ પાટણના કિલ્લાની માફક ભદ્ર જ પાડ્યું. તેનો દરવાજો મુઘલ સમયમાં ઉમેરાયેલો છે.[4]

અમદાવાદમાં ભદ્રનો કિલ્લો બંધાવાનો શરૂ થયો એટલે પ્રજાનો વસવાટ પણ શરૂ થયો. નદીનો એક કિનારો અમદાવાદની એક ભીંત બની ગઈ. જેથી વિકાસ માટે બીજી બાજુ જ જોવાનું રહ્યું. સિદ્ધાંત અને ઉપયોગની દૃષ્ટિએ રાજાના સેનાપતિઓ વજીરો, ઉમરાવો અને અન્ય અફસરો એકબાજુ વસવાટ કરે અને બીજી બાજુ કામ કરનારો વર્ગ પહેલોવિભાગ કિલ્લાની જમણીબાજુએ દક્ષિણે ક્ષત્રીયો આવે એરીતેવસ્યો ને ઉત્તરે ડાબી બાજુએ કામ કરનારો વર્ગ.[5]

'મિરાતે અહમદી' ગ્રંથ અનુસાર સુલતાન અહમદશાહે જ ભદ્રના કિલ્નો પાયો નાખેલો અને તે સમયે પશ્ચિમ તરફની દોરીનો છેડો સરખેજના શેખ અહમદખટ્ટુ ગંજબક્ષ સાહેબના હાથમાં હતો. જેભદ્રનો કિલ્લો બંધાયો તેના ચાર ખૂણા છે. ભદ્રના કિલ્લાનું ખાતમુર્હુત સુલતાન અહમદશાહ અને શેખ અહમદ ખટ્ટુગંજ બક્ષ સાહેબે કર્યું હતું. અને ત્યારબાદ શેખ સાહેબ માણેકબુરજ (જ્યાં પાયો નંખાયો) ત્યાં ઊભા હશે અને પૂર્વમાં તેમની સામે સુલતાન અગ્નિ ખૂણામાં ઊભા હશે તેમ સ્પષ્ટ થાય છે.[6]

ભદ્રના કિલ્લાનું કુલ ક્ષેત્રફળ 43 એકર છે. આ કિલ્લામાં 14 બુરજો છે. પાછળથી આ કિલ્લામાં સુબાઓના સમયમાં બીજા ત્રણ દરવાજા ઉમેરાયેલા હતા. ભદ્રના કિલ્લા ઉપર નાની તોપો ઉપરાંત 18 મોટી તોપો પણ રહેતી.

આજે ભદ્રનો કિલ્લો જે જોવા મળે છે. તેઅસલ સ્વરૂપનો નથી પરંતુ ફેરફાર પામેલો છે. દા.ત. મુખ્ય દરવાજાની આગળનો દરવાજો જે કારંજ તરફ પડે છે.તે મુઘલાઈ યુગમાં બનેલો છે એ જ રીતે કિલ્લાની ઈશાન ખૂણે આવેલી સીદી સઈદની મસ્જિદ અને પૂર્વ આવેલ આઝમખાનનો મહેલ પણ મુઘલ સમયમાં કોટ તોડીને બનાવાયા હતા.[7]

ભદ્રની નૈઋત્યમાં કોટ તોડીને એલીસબ્રીજ બનાવેલો પહેલાં એ પુલ કિલ્લાની બહાર હતો. પૂરને કારણે કોટ તૂટી જતાં. માણેકબુરજને અડીને અને લેવામાં આવેલો. ભદ્રને કુલ 8 દરવાજા છે. જેમાં પૂર્વમાં એક મુખ્ય દરવાજો અને બીજો લાલ દરવાજો, મુખ્ય દરવાજાની ઉપર ટાવર છે. પહેલાં એના બુરજ ઉપર બ્રિટીશ ધ્વજ લહેરાતો હતો. આ મુખ્ય દરવાજાની પાછળની બાજુએ ફાંસી દેવાની જગ્યા હતી. આ કિલ્લાના સંકુલમાં અગાઉ ઈ.સ.1824માં 618 ઘર હતાં. જે ઈ.સ.1878માં ઘટીને ફક્ત 162 થઈ ગયેલા. અત્યારે ફક્ત મરાઠા મહોલ્લો છે.[8]

ભદ્રના કિલ્લાનો માણેકબુરજ 53ફૂટ ઊંચો છે. એમાંપહેલા 'માણેકકુવો' હતો. મિરાતે અહમદીના પુસ્તક પ્રમાણે ભદ્રકાળી માતાના મંદિરના કારણે આ કિલ્લાનું નામ ભદ્ર પડ્યું નથી. પરંતુ બાદશાહે અમદાવાદ વસાવ્યું. ત્યારે તેની નજર સમક્ષ અણહિલપુર પાટ હતું. જે પાટણમાં કિલ્લો હતો જે ભદ્ર તરીકે ઓળખાતો. આથી જ અહમદશાહે અમદાવાદના કિલ્લાનું નામ ભદ્ર પાડ્યું.[9]

17મી સદીના કિલ્લાની મજબૂત બાંધણી જોઈ જર્મન મુસાફર મેન્ડેલ્સલોએ ભારે વખાણ કર્યા છે. તેણે લખ્યુ છે કે આ કિલ્લો એક નાના શહેર જેવો હતો અને કિલ્લાની અંદર જ શાહી મહેલો હતા. આ બધુ છેક બાદશાહ જહાંગીરના સમયમાં નષ્ટપ્રાય થયેલું હાલમાં એ પ્રાચીન કિલ્લાની અવશેષો સમા એના પૂર્વાભિમુખ દરવાજા આગળના બે બુરજ અને વચ્ચેની ઊંચી ભીંત જ રહ્યા છે. ઈસ્લામિક સ્થાપત્યની દ્રષ્ટિએ કિલ્લાઓનું ઘણું મહત્વ છે. કિલ્લાઓ બાંધવું મુખ્ય હતું. કોઈ પાડોશી રાજ્ય કે શાસનકર્તા આક્રમણ કરેતો કિલ્લાથી તેનું રક્ષણ કરવા માટે બંધાવતા. ખાસ કરીને ઈસ્લામી કિલ્લાઓમાં અંદરના ભાગમાં શાહી મસ્જિદ બાંધવામાં આવી છે.કિલ્લાના કોટની અંદર ઘણી વસ્તી રહેતી હતી. અને ત્યાં જ બજાર ભરાતું આનાથી અનેકને રોજીરોટી પણ મળી રહેતી. મુસ્લિમ કાલીન અમદાવાદનું ભદ્રનો કિલ્લો પ્રથમ સ્થાપત્ય જોવા મળે છે.[10]

**1.3 ગાયકવાડી હવેલી (કિલ્લો)**

ગાયકવાડી હવેલી અમદાવાદની ઐતિહાસિક ઈમારત છે. તે 1738માં બનાવવામાં આવ્યું હતું. તેનો ઉપયોગ અમદાવાદમાં મરાઠા શાસન દરમિયાન ગાયકવાડની બેઠક તરીકે થયો હતો. બાદમાં તેને બ્રિટિશ શાસન હેઠળ બેરેક અને શસ્ત્રાગારમાં ફેરવવામાં આવ્યું. હાલમાં તેનો ઉપયોલગ પોલીસ ક્રાઈમબ્રાંચના મુખ્ય મથક તરીકે થાય છે. ગાયકવાડ સમયમાં હવેલી એટલે કે કિલ્લો બાંધવામાં આવ્યો હતો. સાબરમતી નદીની નજીકમાં અમદાવાદ શહેર મુઘલ શાસક સુબેદાર મોમીનખાનને 1753માં દામાજી ગાયકવાડ અને પેશ્વા રઘુનાથ રાવની સંયુક્ત સેનાએ પરાજિત કર્યો અને સમાધાનરૂપે પેશવા અને ગાયકવાડ વચ્ચે સમાનરૂપે વહેંચાઈ હતી. હવેલીના અગિયાર દરવાજાઓનું નિયંત્રણ પેશવા હેઠળ હતું અને ગાયમવાડના નિયંત્રણમાં એકમાત્ર દરવાજો જમાલપુર હતા. ત્યારબાદ દમાજી ગાયકવાડે હવેલીમાં સુધારો કર્યો. અને ભારે દરવાજા સાથે અનિયમિત દિવાલ બાંધવામાં આવી અને હવેલીને કિલ્લા જેવું સ્વરૂપ આપવામાં આવ્યું અને ત્રણ ભાગ ઉમેરવામાં આવ્યા જેમાં ઉત્તરમાં મૂળરૂપે પર્શિયન ચક્ર દ્વારા પાણીયુક્ત બગીચો બનાવાયો. કેન્દ્ર અને આંતરિક વ્યવસ્થાનો ભાગ મરાઠા સત્તામાં મુખ્ય હતો.[11]

બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ 1817માં આ શહેર ઉપર અંકુશ મેળવી લીધો. 1833માં લશ્કરી થાણા તરીકે ઉપયોગ થવા લાગ્યો. અત્યારે ત્યાં વસંત-રજબને સમર્પિત એક અલગ સ્મરક બનાવવામાં આવ્યું છે. ઓક્ટોબર 2014માં અમદાવાદ પોલીસ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગુજરાત પોલીસ આવાસ નિગમની ગ્રાન્ટરૂપે 22 લાખના ખર્ચે ગાયકવાડ હવેલીની પુનઃ સ્થાપનાનું કામ હાથ ધરવામાં આવેલું છે.[12]

**4. દરવાજાઓ**

અમદાવાદ શહેરને 12 દરવાજા છે. તેના નામ દિલ્લી દરવાજે અથવા ઈડરિયો. આ દરવાજેથી દિલ્હીથી ઈડર જવાય તેવી વ્યવસ્થા હતી. આથી આ દરવાજો આ નામથી જાણીતો હતો. દરેક દરવાજાનું નામકરણ તેના જિલ્લા કે વિસ્તાર પરથી પડ્યું છે. આ દરવાજા સિવાય 6 મોટી બારીઓ છે. બે નવા દરવાજા પાંચ કુવા અને પ્રેમ દરવાજા પાછળથી 18મી સદીમાં સગવડ ખાતર બનાવવામાં આવ્યા હતાં. તેહાલમાં હયાત છે. અમદાવાદના આ દરવાજા અમદાવાદ શહેરની શોભા વધારે છે.[13]

1. **ત્રણ દરવાજા (ઈ.સ.14મી સદી)**

અમદાવાદની પશ્ચિમ દિશાએ આ દરવાજો આવેલ છે. આ દરવાજાની આસપાસ દુકાનો અને ફેરિયાવાળા બેસે છે. આ દરવાજાની અંદરની બાજુએથી ગાંધીપુરલ જવાય છે. અને સામે ભદ્રના કિલ્લા તરફ જવાય છે.

ભદ્રનો કિલ્લો બન્યો ત્યારબાદ ત્રણ દરવાજાનું નિર્માણ થયું હતું. આ દરવાજો તેની સુંદર બાંધણી અને વિશિષ્ટ કારીગરી હાલ પણ મોજુદ છે. ભદ્રના કિલ્લા અને ત્રણ દરવાજા વચ્ચે1600 ફૂટ લાંબુ અને 800 ફૂટ પહોળું 'મેદાનેશાહ' નામનું ચોગાન હતું. એની બંને બાજુ વૃક્ષની મનોહર હાર હતી. અને હાલ કારંજ પોલીસ સ્ટેશન છે. ત્યાંથી ઘણું નયનરમ્ય લાગતું. શાહી મેદાનના છેડે ત્રણ દરવાજા બનાવ્યા પછી સુલતાનના સમયમાં શુક્રવારે ગુર્જરી ભરાતી અને હાથીની સાઠમારીઓ થતી.

ત્રણ દરવાજાના સ્થાપત્યમાં વચલી કમાન 17 /ફૂટ પહોળી અને આજુબાજુની 13 ફૂટ પહોળી છે. તેમજ તેની ઉંચાઈ લગભગ 25 ફૂટ છે. આ દરવાજો મુખ્ય પ્રવેશદ્વારવાળો છે. અને તેમાં 7 કમાન છે. જે અર્ધગોળાકાર છે. વચ્ચેનો પ્રવેશદ્વાર મોટો છે કમાનોનો બે આધારસ્તંભો છે. આગળ પાછળ બે સ્તંભો શીખર આકારના છે. અને દરેક સ્તંભને પાંચ ગોખલા છે. જે દરવાજાના આગળ અને પાછળના ભાગમાં સરખા જ છે બે ઝરૂખા ચોરસ આકારના છે. અને તેમની વચ્ચે ચોરસ બારીઓ આવેલી છે. દરવાજાની કમાનનો ઉપરના ભાગમાં કંગુરાનેજોડતા ત્રણ ઝરૂખા છે. જે દરવાજાની સુંદરતામાં વધારો કરે છે. દરવાજાની કમાનો વ્યવસ્થિત રીતે સુંદર કોતરેલી છે. દરવાજો ઈંટોથી ચણી પથ્થરથી

ઈંટો ઢાંકી દીધી છે. પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવામાં આવેલી હતી. જે હાલમાં પણ જોવા મળે છે. ત્રણ દરવાજાની બાર જ જુમ્મા મસ્જિદ આવેલી છે. ત્યાં નજીકના ગામ અને શહેરના વિસ્તારોમાંથી લોકો નમાઝ પઢવા આવતા અને ખરીદી હેતુથી નાના વેપારીઓ ત્યાંથી માલ લઈ જતા. આમ ત્રણ દરવાજાની આસપાસ મોટું વેપારી કેન્દ્ર હતું. આજે પણ ત્રણ દરવાજા વિસ્તાર ભરચક રહે છે. આમ ત્રણ દરવાજાનું સ્થાપત્ય ઘણું જ ઉત્તમ અને ઉચ્ચ પ્રકારનું હતું. આજે આ સ્થાપત્યને ત્યાં યોગ્ય દેખરેખના હોવાથી ઘણું નુકશાન પહોંચી રહ્યું છે.[14]

2. **ખાનજહાંન દરવાજા (ઇ.સ.14મી સદી)**

ખાનજહાંન દરવાજો અમદાવાદમાં જમાલપુર વિસ્તારમાં આવેલો છે. તે દક્ષિણ દિશામાં આવેલો છે. આ દરવાજાની આસપાસ અને અંદરના ભાગે મકાનો આવેલા છે અને મુસ્લિમ વસ્તી વધારે છે.

ખાનજહાં દરવાજોએ રામાંડલિક જે જુનાગઢનો સુબો હતો તેને મોહમદ બેગડાએ ધર્મ પરિવર્તન કરાવ્યું અને તેને ખાનજહાન નામ આપ્યું. રામાંડલિક (ખાનજહા) ની દરગાહ પણ ત્યાં જ છે અને મકબરો માણેકચોકની બજારમાં છે. ખાનજહાન દરવાજાની સામે સિમ્પસન મેમોરિયલ અલાયન ચર્ચ આવેલું છે. ગોડાકે ઈ.સ.1780માં ખાનજહાન દરવાજા આગળ બ્રિટિશ લશ્કરે તોપો ચલાવી દરવાજો તોડ્યો અને બીજે દિવસે સાંજે ગાબડું પાડ્યું. આ દરવાજાના સ્થાપત્યમાં દરવાજાની કમાનની બંને બાજુ સુશોભિત ફુલોથી શણગારેલી કોતરણી યુક્ત દરવાજા છે. તેમજ આ દરવાજો રેતિયાળ પથ્થરથી બનાવેલો છે. દરવાજાને બે કમાન છે. જે અર્ધ ગોળાકાર છે. દરવાજાની જમણી બાજુ મકાન હતા અને ત્યાં ચોકીદાર તેમજ સિપાહીના રહેણાંક હતા. હાલ આ દરવાજો જર્જરિત હાલતમાં છે. તેમજ આજુબાજુ તૂટી ગયેલા ભાગ દેખાય છે. અને હાલ તેનો ઉપયોગ લોકોની અવરજવર માટે થાય છે.[15]

3. **જમાલપુર દરવાજો (ઈ.સ.14મી સદી)**

જમાલપુર દરવાજો અમદાવાદની દક્ષિણે દિશાએ આવેલો છે. અમદાવાદથી 8 કિલોમીટર દૂર જમાલપુર દરવાજાથી બરિજામાતર અને સોજીત્રા થઈ ખંભાત જવાનો રસ્તો જાય છે.

મોહમદ બેગડાના સમયમાં જમાલપુર જિલ્લો કહેવાતો અને આ વિસ્તારના નામ પરથી જમાલપુર દરવાજો કહેવાય છે. મીર અબુતુબરાબનો રોજો જમાલપુર દરવાજા બહાર આવેલો છે. અને દરવાજાની બહારનો વિસ્તાર બહેરામપુરા તરીકે ઓળખાય છે. દરવાજાની ડાબી બાજુ જલાલુદ્દીન બાવાની દરગાહ આવેલી છે. દરવાજાની ઉંચાઈ

લગભગ 82 મીર અને પહોળાઈ 6.7 મીટર છે. દરવાજાની છતનું માપ 9.7 8.2 જેટલું છે. આ દરવાજો સિંગલ છે. દરવાજો સાદી કોતરણીવાળો છે. દરવાજાને 3 કમાન છે. જે અર્ધગોળાકાર છે. હાલ દરવાજાની અંદરથી સાધનોની અવર-જવર ચાલુ છે. દરવાજાની બહાર જાહેરાત વિજ્ઞાપનો ચોટાડીને દરવાજાને નુકશાન થયેલું પણ જોવા મળે છે.[16]

4. **આસ્ટોડિયા દરવાજો (ઇ.સ.14મી સદી)**

આ દરવાજો અમદાવાદની દક્ષિણ દિશામાં આવેલો છે. તેમજ આ દરવાજાની બીલકુલ નજીક ગીતામંદિર બસસ્ટેન્ડ આવેલું છે.

આસ્ટોડિયા દરવાજા બહાર આસ્તોડિઉ અગર અસોરીઉ પરુ આવેલું હતું. આ પરથી આ દરવાજાને આસ્ટોડિયા રહેતા હશે. આસ્ટોડિયા દરવાજાને આશાભીલનો ટેકરો કહેવાય છે. આવી પુરાણા આશાવલ સાથે સંબંધ હોવો જોઈએ એ બાબત નોંધવી ઘટે.

આ દરવાજો રેતિયાર પથ્થરથી બનાવેલો છે. દરવાજાની પહોળાઈ 5.1 મીટર અને ઉંચાઈ 7.5 મીટર છે. તેની છતનું માપ 8.5 8.2 મીટર છે. આ દરવાજો સીંગલ છે. દરવાજાને 3 અર્ધગોળાકાર કમાન છે. એની છત સળંગ છે. છતની ઉપર પાણીના નિકાલ માટે વ્યવસ્થા છે. આ દરવાજો અવર-જવર માટે બંધ છે. તેની ફરતે નાની નાની પાળી બનાવેલી છે અને હાલમાં પણ આ દરવાજાની સ્થિતિ સારી છે.[17]

5. **રાયપુર દરવાજા (ઈ.સ.14 મી સદી)**

રાયપુર દરવાજો અમદાવાદની દક્ષિણ દિશાએ આવેલો છે. દરવાજાની આસપાસ દુકાનો અને મકાનો છે. મોહમદ બેગડાના સમયમાં રાયપુર જિલ્લો કહેવાતો રાયપુર દરવાજાથી રાજપુર જવાતું. સારંગપુરથી રાયપુર દરવાજા તરફ જતા જમણે હાથે અફઝલખાન લંબાણની મસ્જિદ અને રોજો આવેલો છે. રાયપુર દરવાજા બહાર ડાબી બાજુ સામે રાયપુર ભજીયા હાઉસ છે તે ખૂબ જ પ્રખ્યાત છે.

આ દરવાજાની ઉંચાઈ 0.8 મીટર અને પહોળાઈ 5.8 મીટર છે. તોપગોળાના 3 કાણા છે. દરવાજાની બંને બાજુ બે સ્તંભો છે. અને તેની અંદર બે ગોખ છે. ગોખની ફરતે કોતરણી કરેલી છે. જેનાથી તેની સુંદરતા વધે છે. આ ગોખનો ઉપયોગ દીવા મુકવા માટે થતો હશે. દરવાજાના બારણા નથી તેના ઉપરની છત સીધી અને સળંગ છે. દરવાજો ખૂબ સાદો છે અને તે સાધનોની અવરજવર પણ હાલમાં ચાલુ છે.[18]

6. **સારંગપુર દરવાજો (ઈ.સ.14મી સદી)**

સારંગપુર દરવાજો અમદાવાદની પૂર્વ દિશામાં આવેલો છે. આ દરવાજાથી ખાડિયા ચાર રસ્તા જઈ શકાય છે. દરવાજાની આસપાસ દુકાનો આવેલી છે.

મલિકા સારંગે મોહમદ બેગડાને પાવાગઢ જીતવામાં મદદ કરી હતી. આનાથી પ્રભાવિત થઈ મોહમંદ બેગડાએ તેને ગવર્નરનું પદ આપ્યું હતું. ત્યારબાદ મલિક સારંગે સારંગપુર વસાવ્યું અને ત્યાં દરવાજા બનાવડાવ્યા. સારંગપુર દરવાજાની અંદર ઘણા હિન્દુ મંદિરો આવેલા છે. સારંગપુર દરવાજાની ઉંચાઈ 7.9 મીટર અને પહોળાઈ 4.5 મીટર છે. છતનું માપ 10.0 4.8 છે. તોપગોળાના 3 કાણા પણ છે. દરવાજાને 3 કમાન છે. જેમાં બે કમાન સુશોભિત ફૂલોથી શણગારેલા છે.તે પથ્થરના છે એમાં ડાબી બાજુનું ફૂલ કોતરણીથી ભરપૂર છે. અને જમણી બાજુનું ફૂલ નાનું છે. દરવાજાની બંને બાજુ ગોખલા છે જેમાં ડાબી બાજુના ગોખલામાં એક લંબગોળાકાર આકૃતિ છે. દરવાજાની છત સળંગ છે. છતની ડાબી બાજુ એક ગુંબજ છે. દરવાજાની પરિસ્થિતિ હાલ પ્રમાણમાં સારી છે. દરવાજાની અંદરથી સાધનોની અવર-જવર ચાલુ છે.[19]

7. **દિલ્લી દરવાજો (14 મી સદી)**

દિલ્લી દરવાજો અમદાવાદમાં ઉત્તર દિશામાં આવેલો છે. દરવાજાની આસપાસનો વિસ્તાર શાહપુર અને સામેની તરફ માધુપુરા જવાય છે. દરવાજાની ડાબી બાજુ ટ્રાફિક પોલીસચોકી છે.

સલ્તનત સમયમાં દરવાજાનું નામ ઈડરિયો દરવાજો હતું.મુઘલકાળમાં અકબરે શહેર જીત્યા પછી દરવાજાનું નામ દિલ્લી દરવાજા રાખ્યું. આ જ સમયે દિલ્લીમાં શરૂ કરેલ ઈલાહી સવંત ગુજરાતમાં પણ શરૂ કરાવ્યો.

દિલ્લી દરવાજો એ ત્રણ દ્વારવાળો છે. એમાં એક મુખ્ય દ્વાર અને આજુબાજુ બે નાના દરવાજા છે. મુખ્ય પ્રવેશદ્વારને અર્ધગોળાકાર ત્રણ કમાન છે. કમાનની બંને બાજુ બે સુશોભિત ફૂલોથી શણગારેલા છે. મુખ્ય દરવાજાની આજુબાજુ બે નાના દરવાજા છે. એને પણ ત્રણ અર્ધગોળાકાર કમાન છે જેને બંને બાજુ ફૂલોથી કોતરણી કરેલી છે. હાલમાં પણ લાકડાના દરવાજા હયાત છે. આજુબાજુના બેનાના દરવાજા લોકોની અવરજવર માટે હશે. એટલે દરવાજો ત્રણ ભાગમાં બનાવવામાં આવ્યો હશે. મુખ્ય દરવાજાની છત સળંગ છે. અને તેના વરસાદી પાણીના નિકાલ માટે કાણા પાડેલા છે. દરવાજાની બંને બાજુ છત પર ચડવા માટે પગથિયા હતા પણ તે કુદરતી આપત્તિમાં નાશ પામેલા જોવા મળે છે.[20]

8. **દરિયાપુર દરવાજો (ઈ.સ.14મી સદી)**

આ દરવાજો અમદાવાદની ઉત્તર દિશાએ આવેલો છે. દરિયા પુર દરવાજાની બાજુમાં આઈશ્રી ખોડિયાર માતાનું મંદિર છે અને આસપાસ ટ્રક પાર્કિંગ સ્થળ છે. સુલતાન મહમૂદ બેગડાના અમીર દરિયાખાએ વસાવેલા દરિયાપુરના નામ પરથી

દરિયાપુર દરવાજો કહેવાય છે. દરિયાખાનનો પ્રસિદ્ધ ઘુમ્મટ અહીં જ આવેલો છે. દરિયાપુર દરવાજાની ઉંચાઈ 6.7 મીટર અને પહોળાઈ 9.1 મીટર છે. દરવાજાની છતનું માપ 9.1 3.2 મીટર છે. દરવાજાને 3 અર્ધગોળાકાર કમાનો છે. આ દરવાજો ત્રણ દ્વારવાળો છે. એમાં વચલા ભાગમાં મુખ્ય પ્રવેશદ્વાર છે. ડાબી અને જમણી બાજુ બે બારીઓ આવેલી છે. જે એ સમયમાં માણસો આટે અવરજવર માટે રાખેલી હશે. એમ માનવામાં આવે છે. મુખ્ય પ્રવેશદ્વારની બંને બાજુ મજબૂત સ્તંભ છે. એ સ્તંભો પર બે ગોખ છે. જેમાં ખૂબ જ સુંદર કોતરણી કરવામાં આવી છે અને ગુંબજ આકારના છે. ગોખની નીચે હાથીની કોતરણી કરેલી ચિન્હ છે. આ સ્તંભની બાજુમાં બીજી બે લાકડાની બારીઓ પણ જે હાલમાં બંધ છે. દરિયાપુર દરવાજો ખૂબ જ સુંશોભિત છે. દરવાજાની છત સળંગ છે. જેના ઉપરના બંને બાજુ છતનો સમારકામ કરાવી ઈંટોથી બાંધવામાં આવી છે. છત કંગુરાથી સુશોભિત છે. જે દરવાજાની શોભા વધારે છે.[21]

9. **કાલુપુર દરવાજા (ઈ.સ.15 મી સદી)**

અમદાવાદની પૂર્વ દિશામાં કાલુપુર વિસ્તારમાં આ દરવાજો આવેલો છે. હાલમાં આ દરવાજાની આસપાસ દુકાનોને કારણે વધારે ભીડ રહે છે. મોહમદ બેગડાએ મલીકકાલુ જે તેનો ગુલામ હતો તેને કાલુપુર વિસ્તારનો મલીક બનાવ્યો અને તેને આઝાદ -ઉલ-મુલ્ક નો ખિતાબ આપ્યો. આ કાલુમલિકે કાલુપુર વસાવેલું તેના નામ પરથી કાલુપુર દરવાજો પ્રખ્યાત થયો છે.શરૂઆતથી જ અહીંયા જૈનો અને વ્હોરાઓની વસતિ વધારે હતી અનેહાલમાં પણ ત્યાં જ રહે છે.

મહમંદ બેગડાનો પુત્ર સુલતાન મુઝફ્ફર અમદાવાદમાં જ મૃત્યુ પામ્યો હતો. ત્યારબાદ બહાદુરશાહ કાલુપુર દરવાજેથી પ્રવેશ કરી અમદાવાદની ગાદી પર બેઠા. કાલુપુર દરવાજા વચ્ચેનો ભંડેરી પોળમાં શેખપીરની કબર આવેલી છે.આ દરવાજાની બહારના ભાગમાં અહમદ ત્રીજાનું મઝર આવેલી છે.

કાલુપુર દરવાજો ઈંગો અને રેતિયાળ પથ્થરથી બનાવેલો છે. આ દરવાજો એક જ દ્વાર ધરાવે છે. જેને ત્રણ અર્ધગોળાકાર કમાન છે. તોપખાનાના બેકાણા છે. તેની ઉંચાઈ 8.2 મીટર અને પહોળાઈ 7.2 છે. છતનું માપ 7.7 5.5 છે. કમાનની ડાબી અને જમણી બાજુ બે સુશોભિત ફૂલોથી શણગારેલા છે. પથ્થરની કોતરણી કરીને શણગારેલા છે. દરવાજાની છત ઉપરનો ભાગ નગ્ન હાલતમાં છે. દરવાજો હાલ હયાત છે. અને ખૂબ જ કલાત્મક છે. દરવાજાની પરિસ્થિતિ મજબૂત અને સારી છે.પરંતુ આજુબાજુની વસતિના લીધે અને જાહેરાતોના લીધે દરવાજાની સુંદરતા જળવાતી નથી. દરવાજાની અંદરના ભાગેથી ગાંધીપુલ જવાય છે.[22]

10. **ખાનપુર દરવાજો (ઈ.સ.16 થી 17મી સદી)**

અમદાવાદની પશ્ચિમ દિશામાં આવેલો ખાનપુર દરવાજો ખાનપુર વિસ્તારમાં આવેલો છે. દરવાજાની જમણી બાજુએ પોલીસ ચોકી છે. આ દરવાજાની અંદર ઘણા મકાનો છે. જેમાં મુસ્લિમકોમની વસતિ વધારે છે. ઔરંગઝેબ બાદશાહના સમયમાં સૈયદ હસનખાન બચ્ચાએ સાબરમતી નદી ઉપર વસાવેલું ખાનપુર શહેરની બહાર નદીના કિનારાની સામે વસ્યું હતું. શહેરમાં ખાનપુર લત્તો રહ્યો હોવાથી ત્યાં વસતિ વધીને દરવાજાની તરફ વસતિ વધતી ગઈ અને વિસ્તાર ખાનપુર તરીકે પ્રસિદ્ધ થયો. જહાંગીરના સમયમાં ખાનપુર દરવાજા પાસે મહેલ બંધાયો હતો. જે આ દરવાજાની બાજુમાં જ આવેલો છે. દરવાજાની અંદખર આલમચીશ્તીની મસ્જિદ આવેલી છે.

દરવાજાની ઉંચાઈ 7.3 મીટર અને પહોળાઈ 5.1 મીટર છે. દરવાજાનું છતનું માપ 9.4 6.0 મીટર છે. આ દરવાજો એકમાર્ગી છે. દરવાજાને 3 કમાન છે. જે અર્ધગોળાકાર છે. કમાનની બંને બાજુ સુશોભિત ફુલોથી શણગારેલા કોતરણીયુક્ત સ્તંભ છે. દરવાજાની બંને બાજુના ગોખ છે. જે ઝરૂખા જેવા દેખાય છે. ગોખલાની ચારેબાજુ સુંદર કોતરેલી કોતરણી છે. ઝરૂખાની બારી નીચે સુંદર ટેકા છે. અને ગોખલાએ દરવાજાની શોભામાં વધારો કરે છે. હાલમાં દરવાજાની આસપાસ મકાનો અને હોટલો જોવા મળે છે.[23]

11. **પ્રેમ દરવાજા (ઈ.સ.18મી સદી)**

અમદાવાદની ઉત્તર દિશાએ પ્રેમ દરવાજા વિસ્તારમાં આ દરવાજો આવેલો છે. દરવાજાની અંદર રસ્તો એ સંત સરયુદાસ માર્ગ તરીકે ઓળખાય છે. ત્યાંથી આગળ મીરઝાપુરમાં જવાનો માર્ગ છે. આ દરવાજો ઈ.સ.1864માં બંધાયો હતો. જે પ્રેમાભાઈએ બંધાવેલો તેનો એ સમયમાં 9140 રૂપિયા ખર્ચ થયો હતો. પ્રેમાભાઈના નામ ઉપરથી જ આ દરવાજાનું નામ પ્રેમ દરવાજા રાખવામાં આવેલું છે. આ દરવાજો રેલવે શરૂ થયા પછી સગવડ ખાતર બનાવવામાં આવેલો હજરત બહાયે આલમશાહની દરગાહ દરવાજાના અંદરના ભાગે છે. હાલમાં દરવાજાની પાછળની બાજુમાં મદદનીશ પોલીસ કમિશ્નરની કચેરી આવેલી છે. એમ.એસ.કોમી સાહેબના મત મુજબ આ દરવાજાનું બાંધકામ અરબલ સ્થાપત્યકીય પદ્ધતિની છે. આ દરવાજો એકમાર્ગી છે. આ દરવાજો રેતીયાળ પથ્થરમાંથી બનાવેલ છે. તેને બે કમાન પણ છે જે અર્ધગોળાકાર છે. દરવાજાની બંને બાજુમાં બે સ્તંભ આવેલા છે.જેની અંદર બે સુંદર કલાત્મક કોતરણીવાળા ગોખલા છે. આ ગોખલામાં તે સમયે દીવા મુકવામાં આવતા હશે દરવાજાની છત કંગુરાથી શણગારેલી હતી. આ દરવાજાના લાકડાના દ્વારમાં ખૂબ જ સુંદર કોતરણી કરેલી

છે. જે દરવાજાની શોભા વધારે છે. હાલમાં દરવાજાની અંદરથી વાહનોની અવર-જવર ચાલુ રહેલી છે.[24]

12. **પાંચકુવા દરવાજા (18 મી સદી)**

પાંચકુવા દરવાજો અમદાવાદ શહેરની પૂર્વ દિશામાં આવેલો છે. દરવાજાની સામેનો માર્ગ કાલુપુર રેલ્વે સ્ટેશન જાય છે. અને અંદરના ભાગેથી ખાડિયા જઈ શકાય છે.

આ દરવાજો 1871માં બાંધવામાં આવેલો જે ખાડિયા વિસ્તારમાં છે. આ વિસ્તારનું નામ પાંચકુવા પણ છે.જેનાથી દરવાજાનું નામ પાંચકુવા રાખવામાં આવ્યું હતું. રેલવે શરૂ થયા પછી લોકોની સગવડ માટે આ દરવાજો બાંધવામાં આવેલો આ દરવાજો બનાવવાનો ખર્ચ 11450 રૂપિયા થયો હતો.

હનુમાનજીનું પ્રખ્યાત મંદિર આ વિસ્તારમાં આવેલ છે. દરવાજાની અંદરના ભાગે સબ ઝોનલ ઓફિસ આવેલી છે. જમણી બાજુ ફાયરબ્રીગેટ સ્ટેશન આવેલું છે.

પાંચકુવા દરવાજો ત્રણ પ્રવેશદ્વાર વાળો છે. વચ્ચે મુખ્ય પ્રવેશદ્વાર અને આજુબાજુ બન્ને નાના દરવાજા આવેલા છે. રેતીયાળ પથ્થરમાંથી આ દરવાજો બનાવવામાં આવ્યો છે. દરવાજાના મુખ્ય પ્રવેશદ્વારના કમાનને બંને બાજુ કોતરણી કરેલા ફુલોથી શણગારેલો છે. બન્ને નાના દરવાજા સાદા છે. અને અર્ધગોળાકાર કમાનો છે. આ દરવાજાનો અગ્રભાગ અને પૃષ્ટભાગ પણ સરખા છે. દરવાજામાં વચ્ચેનો પ્રવેશદ્વાર ઊંચો છે. અને આજુબાજુના બન્ને પ્રવેશદ્વાર પ્રમાણમાં નાના છે. કોતરણીની દૃષ્ટિએ આ દરવાજો ખૂબ જ સુંદર છે. આ દરવાજાની પાછળ જ અમૃત વર્ષીણીવાવ આવેલી છે.[25]

**ફૂટનોટ**

1. સુસ્વાગતમ્ ગુજરાત, રજનીવ્યાસ, દ્વિતીય આવૃત્તિ-2007, અક્ષરા પ્રકાશન, પેજ નં.88
2. સુસ્વાગતમ્ ગુજરાત, રજનીવ્યાસ, દ્વિતીય આવૃત્તિ-2007, અક્ષરા પ્રકાશન, પેજ નં.89
3. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-5 સલ્તનતકાલ, રસિકલાલ છોટાલાલ પરીખ, હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, પ્રથમ સંસ્કરણ, ઈ.સ.1977, પેજ નં.59
4. સુસ્વાગતમ્ ગુજરાત, રજનીવ્યાસ, દ્વિતીય આવૃત્તિ-2007, અક્ષરા પ્રકાશન, પેજ નં.89
5. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-5 સલ્તનતકાલ, રસિકલાલ છોટાલાલ પરીખ, હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, પ્રથમ સંસ્કરણ, ઈ.સ.1977, પેજ નં.414
6. અમદાવાદનો ઇતિહાસ (સ્થાપનાકાળથી બ્રિટિશયુગના અંત સુધી)પ્રા. મનુભાઈ બી.શાહ, પ્રથમ આવૃત્તિ-2015 ગર્ગ પબ્લિકેશન, પેજ નં.154
7. એજન, પેજ નં.155
8. એજન, પેજ નં.155

9. અમદાવાદ સર્વસંગ્રહ કપિલરાય મ.મહેતા ગુજરાત પબ્લિશર્સ, રતનપોળ, અમદાવાદ-પૃ.1
10. એજન, પેજ નં.2
11. ધીસ આર્ટિકલ કોન્ટેન્ટસ પબ્લિક ડોમેનેઈન ટેક્સ ફ્રોમ
12. Gazettear of the Bombay Presidency, Ahmedabad government central press, 1879, p.278
13. અમદાવાદનો ઇતિહાસ શેઠ મગનલાલ વખતચંદ 1907, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, પૃ.24
14. એજન, પેજ નં.25
15. ગુજરાતનું પાટનગર અમદાવાદ રત્નમણીરાવ ભીમરાવ જોટે, પ્રથમ આવૃત્તિ, 1929, ગુજરાતી સાહિત્ય સભા અમદાવાદ , પૃ.નં.8
16. એજન, પેજ નં.9
17. Marg medieval Ahmedabad, vol-39, 1984
18. ‘સોરઠ વ હાલાર’ ‘સોનાઈ’ ડૉ.શંભુપ્રસાદ હરિપ્રસાદ દેસાઈ, 2003, બીજી આવૃત્તિ, પૃ.64
19. ગુજરાતનું પાટનગર અમદાવાદ રત્નમણીરાવ ભીમરાવ જોટે, પ્રથમ આવૃત્તિ, 1929, ગુજરાતી સાહિત્ય સભા અમદાવાદ , પૃ.નં.339
20. એજન, પૃ.340
21. એજન, પૃ.217
22. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-5 મુઘલકાલ, રસિકલાલ છો. પરીખ, હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, પ્રથમ સંસ્કરણ, ઈ.સ.1977, પેજ નં.450
23. ગુજરાતનું પાટનગર અમદાવાદ રત્નમણીરાવ ભીમરાવ જોટે, પ્રથમ આવૃત્તિ, 1929, ગુજરાતી સાહિત્ય સભા અમદાવાદ , પૃ.નં.213
24. એજન, પૃ.216
25. એજન, પૃ.224


# ગુજરાતનો અતુલ્ય વારસો :દેલવાડા ના ઝૂલતા મીનારા

કલસરિયા નિલેશ જાદવભાઈ

પી.એચ.ડી. વિદ્યાર્થી;
ગુજરાત યુનિવર્સીટી ઈતિહાસ વિભાગ

ગુજરાત માં અનેક કલા અને સ્થાપત્ય ના નમુના છે.અને એમનું એક સ્થાપત્ય એટલે દેલવાડા ના ઝુલતા મિનારા.જયારે ઝુલતા મિનારા ની વાત આવે એટલે આપણને માત્ર અમદાવાદ(સીદી બસીર ની મસ્જીદ) ના ઝુલતા મિનારા જ યાદ આવે છેપરંતુ ગુજરાત માં સૌરાષ્ટ્ર પ્રાંતમાં અરબી સમુદ્ર ના કિનારે  ગીર-સોમનાથ જીલ્લા ના ઊના તાલુકા માં આવેલું દેલવાડા ગામ તેના સમૃદ્ધ ઈતિહાસ માટે જાણીતું છે.આ નગર નો ઉલ્લેખ  અગ્યારમી સદીમાં પણ જોવા મળ્યો છે. .આ નગર ગીર ના જંગલ માંથી નીકળતી મછુન્દ્રી નદીના કિનારે આવેલું છે,આ ગામ આઝાદી વખતે જુનાગઢ રાજ્યનો ભાગ હતો.અરબી સમુદ્રના કિનારે દીવ ની નજીક હોવાથી વ્યુહાત્મક દ્રષ્ટિ મહત્વનું હતું,દીવ માં શાસન કરતા પોર્ટુગીઝ ના હુમલા અને ભય ને ખાળવા આ નગર ની ફરતે ચૂનાના પાકા પથ્થર ની ઉંચી અને પહોળી દીવાલ બંધાયેલી છે.એ દીવાલ પર આજે દીવ તરફ મોઢું રાખેલી તોપ હતી જેના ઉપર થી સાબિત થાય છે કે પોર્ટુગીઝ ની વિસ્તારવાદી નીતિ નો જુનાગઢ રાજ્યને ભય હશે.આ નગર ફરતે કિલ્લેબંદી અને ચાર દરવાજા બનાવ્યા હતા અંજાર-દરવાજો,ઊના-દરવાજો,દીવ-દરવાજો,અને વાડી-વિસ્તાર માં જવાનો દરવાજો,એમનો ઊના-દરવાજો આજે અસ્તિત્વ માં નથી.આ દરવાજા આજે પણ  એટલા બધા સુંદર અને નકશીકામવાળા હયાત છે અને એમાં વપરાયેલું લોખંડ હજુ કાટ લાગ્યો નથી.આ દેલવાડા નગર ના કિલ્લા ની અંદર સુંદર બહુમંજિલા મકાન આજે પણ હયાત છે જેને એક નજર માં જોતા આ નગર ની જહોજલાલી કેવી હશે તેનો અંદાજ આવી જશે.આ ગામમાં આજથી ૧૦૦ વરસ જૂની નિશાળપણ આવેલી છે, જેમાં સ્વ.ધીરુભાઈ હીરાચંદ અંબાણી આ શાળા માં અભ્યાસ કર્યો હતો.તેમના પિતાશ્રી દેલવાડા ની શાળા માં આચાર્ય હતા. દેલવાડા નગર માં વેપાર અને ઉદ્યોગ સારા એવા હતા અને અહિયાં વાણીયા અને મહાજન ની વસ્તી બહુજ હતી,મહાજનો એ શાળા-કોલેજ,ગૌશાળા,બાલમંદિર,ઉપરાંત નદીના સામેકિનારે એક બહુજ સુંદર ધર્મશાળા યાત્રાળુ માટે બંધાવી આપેલી છે.જે એક અદભુત કલાકૃતિ વાળી છે.આ કિલ્લા

ની અંદર જૂની વાવ,મિનારા વાળી મસ્જિદ,અનેક પ્રાચીન મંદિરો ,વૈષ્ણવ હવેલી,ગામ ની મધ્યમાં ગ્રંથાલય, જુના સરકારી કચેરી ના મકાન,અને પારસી નગરશેઠ કાવસજી દાવર(કાવાશા શેઠ) નો ડેલો આવેલો છે,અહિયાં નારીયેળી,ચીકુ,કેસર-કેરી, કેળ,પપૈયાના બગીચા અને અનેક પ્રકારના પાકની ઉપજ સારા એવા પ્રમાણ માં થાય છે.

ઇસ્લામિક સ્થાપત્ય માં મુખ્યત્વે મસ્જીદ,દરગાહ,ઇદગાહ,મકબરો,મિનારા નો સમાવેશ થાય છે.દીવ દરવાજાની અંદર બાજુ પ્રવેશતા એક વિશાળ મસ્જીદ આવેલી છે,જેને જોવા માટે દેશ-વિદેશ ના લોકો આવે છે.જેને જુમ્મા-મસ્જીદ તરીકે ઓળખવામાં આવે છે.આ મસ્જીદનો જીર્ણોદ્ધાર ૨૦૧૫ માં મુસ્લિમ આગેવાન દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા બધા દાતાશ્રીઓએ દાન આપ્યું હતું.

આ મસ્જીદ ૧૨ ફૂટ ઊંચા ઓટલા ઉપર આવેલી છે,તેની લંબાઈ આશરે ૧૨૦ ફૂટ છે અને પહોળાઈ આશરે ૧૦૦ ફૂટ છે.મસ્જિદની અંદર પ્રવેશ વખતે સરસ મજાનો લાકડાનો નકશી વાળો દરવાજો છે.મસ્જીદ ની અંદર એક વિશાલ પાણીનો હોઝ (કુંડ) આવેલો છે,સરસ મજાના સફેદ આરસ થી નવીનીકરણ કરવામાં આવ્યું છે.આ મસ્જીદનું બાંધકામ સફેદ ચૂનાના પથ્થર થી કરવામાં આવ્યું છે.મસ્જીદ ની અંદર પ્રવેશ કરતાની સાથે ડાબી બાજુ સુલેમાન શા બાપુની દરગાહ આવેલી છે જે સુંદર અને કલાત્મક આરસ ની બનેલી છે.આ મસ્જીદ માં એક સાથે બહોળી સંખ્યા માં લોકો ઈબાદત કરી શકે તેટલી વિશાળતા છે.મસ્જીદ ની અંદર એકદમ શાંત વાતાવરણ માં પક્ષી નો અવાજ (કલરવ ) સંભાળવા મળે છે.મિનારા ઉપર અસંખ્ય પોપટ અને કબુતર બેઠા હોય છે.મસ્જીદ ની મધ્ય માં એક લાલ-પથ્થર ની શિલા આવેલી છે જે જમીન થી એક ફૂટ ઉંચી છે.મસ્જીદ ની અંદર ૧૮ જેટલા સ્તંભ અને જેટલી ૧૫ કમાન ઉપર પાકી છત છે.મસ્જીદ ની ઉતર અને દક્ષીણ બાજુ બે મિનારા મસ્જીદ ની દીવાલ સાથે જોડાયેલા છે. આ મિનારાની ઉચાઇ જમીન ના તળિયે થી આશરે ૮૦ ફૂટ છે.અને ૮૮ જેટલા પગથીયા આવેલા છે.આ બને મીનરા વચ્ચે ૭૦ ફૂટ નું અંતર હોવા છતા એક મિનારાને હલાવતા બીજો મિનારો આપ મેળે ઝૂલવા લાગે છે આ એક ઈજનેરી કલાનું અદભુત ઉદાહરણ વિશ્વમાં બીજે ક્યાય

જોવા મળતું નથી જે ભારતની સ્થાપત્ય કળા નું સોનેરી પાનું છે.જે દેશ ના લોકો આજ દિવસ સુધી અજાણ હતા.આવા સમૃદ્ધ વારસાને આપણે ક્યારેય અવગણી શકીએ નહિ.આ ક્યાં કારીગરોએ બાંધ્યા તે આજ દિવસ સુધી જાણવા નહિ મળ્યું.મિનારા ના ઝરૂખા માં ઉભા રહીએ ત્યારે દુર થી આવતો કોઈ પણ વ્યક્તિ ને જોય શકાય છે.મિનારા ઉપર ચડી દેલવાડા નગર નો અદભુત નજરા ની સાથે દુર-દુર સુધી લીલાછમ બગીચા જોવાનો લહાવો બહુજ અનેરો છે.

મસ્જીદ ની પૂર્વ દીવાલ ઉપર સફેદ આરસનો બનેલો પર્શિયન ભાષામાં એક કતબા (લેખ)કંડારેલો છે,જેનો ગુજરાતી અનુવાદ કરતા "વાલી –એ- સૌરાષ્ટ્ર મહાબાત અલીખાન દ્વારા હિજરી સવંત ૧૨૯૧ માં જનતાની ખુશહાલી માટે અને હરવા ફરવાના હેતુસર આ દીવાલ નું નિર્માણ કરાવ્યું, જેમાં રસ્મ-એ- ખિજ્ર નામની એક પ્રથા નો ઉલેખ થયો છે જેમાં સ્ત્રીઓ કાગળ ની હોડી બનાવી અને પાણીમાં તરતી મુકતી હતી અને આ વિસ્તાર માં ખુશાલી આવે તેવી પ્રાર્થના કરતી હતી." તેવો તેનો ભાવાર્થ થાય છે.

આ મિનારા ઝૂલવા માટે અનેક દંતકથા જોડાયેલી છે પરંતુ એક વાત સાચે સાબિત થાય છે કે આ કારીગર ની કમાલ અને આવડત જવાબદાર છે અહિયાં અનેક વિદેશી અને ભારતીય દર્શકો આવી અને ચાલ્યાં ગયા પરંતુ કોઈ પણ મુસાફરે આ મીનારાની કલાત્મકતા અને સુંદર ઈજનેરી કળા નો આજદિન સુધી ઉલ્લેખ પણ કર્યો નથી.આ મિનારા મસ્જીદની ઉતર દીવાલ સાથે એક જોડાયેલ છે અને તેની સામેની દક્ષિણ દીવાલ સાથે જોડાયેલ છે. આ મસ્જીદ ની દીવાલ થી મિનારા લગભગ ત્રણ ગણા ઊંચા છે.બને મિનારા લગભગ ૮-૧૦ ફૂટ પહોળા છે અને અંદર થી પોલા છે.મિનારા ઉપર જતા પગથીયા ૨ ફૂટ પહોળા છે જેથી ઉપર સરળતા થી ચડી શકાય છે,આ ચક્રાકાર રીતે છેક મિનારા ની ટોચ સુધી ચડી શકાય છે. આ પોલા મિનારા ની બરોબર મધ્ય માં ઉપર સુધી ૨.૫ ફૂટ પહોળો પોલ (થાંભલો ) આવેલો છે જે પગથીયા થી જોડાયેલ છે.મિનારા કુલ ત્રણ માળના છે.જેમાં ત્રણેય માળમાં ઝરૂખા છે.ઝરૂખા બહુજ કલાત્મક છે.સુંદર કોતરની કરેલા પથ્થર બનાવાયા છે.જે બહાર આવી શકાય છે.ઉપર જતા ટોચ સુંદર રીતે ઢંકાયેલી છે.અંદરની બાજુ રહી મિનારાની દીવાલ જોર થી ધકો મારતા ઝૂલવા માંડે છે.આ

મિનારા ચુના લચીલા પથ્થર થી બનાવેલ હોવા જોયીએ તો ઝૂલી શકે. મસ્જીદ ની બહાર એક પુરાતત્વ ખાતા નો રક્ષિત સમારક લખેલો લોખંડ નો બોર્ડ આવેલો છે, જેમાં આ મિનારા વળી મસ્જીદ ને ઇ.સ.૧૯૬૫ ના અધીનાયમ ૨૫ મુજબ રક્ષિત જાહેર કરેલી છે.

સંદર્ભ સૂચી:-


1. કુમાર શાળાનું જનરલ રજીસ્ટર(વય-પત્રક ) -૧૯૩૮
2. ભટ્ટ પનુભાઈ –અમદાવાદ ની મસ્જીદ ના હાલતા મિનારા, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪
3. ગોંધિયા જયેશ, દિવ્ય-ભાસ્કર, લેખ
4. અંતાણી નરેશ –ધરોહર –લેખ –અમદાવાદ નું ઈજનેરી કોશલ્ય : ઝુલતા મિનારા
5. પ્રો. અન્સારીસાહેબ –ભાષાભવન ગુજરાત યુનિવર્સીટી –ઉર્દુ વિભાગ -પર્શિયન તકતી(લેખ) ના અનુવાદક


## પાલનપુરની મીઠી વાવ : ઐતિહાસિક દષ્ટ્રિએ


**ડૉ.સુરેશભાઈ સી.પટેલ**

ઈતિહાસ વિભાગ, શેઠ પી.ટી.આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ,ગોધરા.(પંચમહાલ)


પાલણપુર ચંદ્રાવતીના પરમાર પ્રહ્લાદને આ નગર પાટણના સોલંકી અજયપાળના સમયમાં વિ.સવંત ૧૨૨૯ થી ૧૨૩૨ દરમ્યાન લગભગ વસાવ્યું.(૧) બીજા મંતવ્ય પ્રમાણે પાલણપુર ચંદ્રાવતીના પરમાર વંશી રાજા ધારાવર્ષના નાનાભાઈ પ્રહલાદ્નદેવે વિક્રમ સવંત ૧૨૬૨ ઈ.સ.(૧૨૦૬ હિ.સ.૬૦૩) ના આસપાસના વર્ષોમાં વસાવ્યું .(૨) અને પોતાની રાજધાની બનાવી (પ્રાચીન ગ્રંથોમાં પ્રહલાદન દેવનું નામ પાલ , પાલદેવ અને પાલુ નામોનો ઉલ્લેખ મળે છે) પ્રહલાદન દેવની મૂર્તિ પાલનપુરના પલ્લવિયા પારસનાથ ના મોટા દેરાસરમાં સ્થપાયેલ છે તે વખતે તે પ્રહલાદપટ્ટણ કહેવાતું ત્યાર બાદ પાલનસી રાજા શાસન પર આવતાં તેના નામ પરથી પાલણપુર પાડવામાં આવ્યું.પાલણપુરનું મૂળ નામ પ્રહ્લાદનપુર.આબુના પરમાર રાજવંશના પ્રહલાદનદેવે તે વસાવેલું ને તેને પાટનગર કરેલું ઈતિહાસમાં તેનો ઉલ્લેખ

જોતાં લાગે છે કે એક સમયે તે ભારે જાહોજલાલીવાળું નગર હશે.નવાબી સમયમાં આ નગર બગીચાઓનું નગર ગણાતું.તે ફૂલો અને ખાસ કરીને ગુલાબો માટે જાણીતું હતું આથી અહીં ઉત્તમ અત્તર બનતાં. આજેય તે એ ઉદ્યોગ ઉપરાંત સુજનીઓ અને હીરા ઉદ્યોગ માટે જાણીતું છે.(૩)

ભારતીય સંસ્કૃતીમાં માનવ વનના દરેક પાસાની ચર્ચા કરવામાં આવી છે.તેમાં માનવ વનની સગવડો સાથે કલાને વણી લેવામાં આવી છે.પાણી માનવ,પશું–પક્ષી દરેકના માટે જરૂરી હોવાથી પ્રાચીન કાળથીજ માનવ વસાહતોનો વિકાસ નદીના કીનારેજ થતો રહયો છે.તેથી પ્રાચીન કાળમાં જળાશયો માનવીની જરૂરીયાતોને લક્ષમાં રાખીને બાંધ્યા છે.ગુજરાતમાં આવા અસંખ્ય જળાશયો,તળાવ,કુંડ,કૂવા ને વાવો આવેલાં છે.(૪) તેમાં ઉત્તર ગુજરાતના પાલનપુર શહેરમાં મીઠી વાવ એવા નામથી પ્રસિધ્ધ એક પ્રાચીન વાવ આવેલી છે.પ્રાચીન સ્થાપત્ય તરીકે ઇતિહાસ કારોએ તેની નોંધ લીધી છે.આ વાવ અત્યારે બહાદુર ગંજ વિસ્તારમાં પાલનપુર શહેરની બહાર પૂર્વ દિશામાં આવેલી છે.(૫) આ વાવ ના બાંધકામ વિશે જોવામાં આવે તો છેક છેલ્લા ખંડમાંઉપરની દિશામાં બીજા કંદોરા ઉપર સંસ્કૃતમાં એક પંકિત લખેલ છે જેમાં વિ.સવંત૧૭૭૩ લખેલ વંચાય છે તેના પરથી આ વાવ ઇ.સ.૧૭૧૭ માં બંધાઈ હશે તેમ માની શકાય.

આ પ્રાચીન વાવનંદા પ્રકારની અને રેતીયા પથ્થરની બનેલી છે વાવમાં ૮૬ પગથીયાં છ ખંડ અને ચાર મજલાઓ આવેલા છે.આ વાવની ઉંડાઈ ૮૫ ફૂટ જેટલી છે.પશ્ચિમાભિમુખ તેનું પ્રવેશ દ્વાર છે.મજલાઓ તરફ સહેલાઈથી ન જઈ શકાય તેવો સાંકડી પટીનો માર્ગ છે.વાવના બાંધકામમાં મોટે ભાગે આરસ પથ્થરનો ઉપયોગ થયેલો છે.(૬) આ વાવમાં વીસેક પગથીયાં ઉતરતાં ડાબી બાજુ એક જૈન પ્રતિમા આવેલી છેઅને તેના પર સંસ્કૃતમાં આ પ્રમાણે લેખ લખેલો છે.વિક્રમ સવંત ૧૩૨૦ મહા સુદ પાંચમને ગુરૂવારે પ્રાગ્વાટવંશી વણિકે ઋષભ દેવનું બિંબ કરાવી તેની પ્રતિષ્ઠા કરાવી હતી.જોકે આ લેખ દ્વારા મળતી માહીતી દ્વારા મીઠીવાવના મોટા ભાગના શિલ્પો અન્ય ખંડીત દેવસ્થાનમાંથી લાવીને સ્થાપીત કર્યા હોવાનું અનુંમાન કરી શકાય છે.આ વાવમાં પતિ પત્નીના શિલ્પો જોવા મળે છે આવાજ પતિ પત્નીના શિલ્પો આબુમાં આવેલ મંદિરમાં તેજપાલે તેના અને તેની પત્નીના શિલ્પો મુકેલા છે તેથી આ વાવ તેજપાળના સમયની હોવાનો સંભવ છે.પાલનપુરમાં આ સમયે જાલોરથી આવેલ ફિરોજખાન નવાબનું શાશન હતું.આ વાવ સુંદર અને ઉતમ સ્થાપત્ય ધરાવતી વાવ છે. વર્તમાન સમયમાં આ વાવમાં પાણી નથી.સુકાઈ ગયેલ છે.વાવના છેલ્લા કુવાનો ઉપયોગ પાલનપુર શહેરની પાણી યોજનાના ભાગરૂપે થાય છે.જમીનનું લેવલ પાછળથી ઉચું આવેલ હોવાથી ચોમાસામાં પુરાઈ જતાં અટકાવવાના ઉદેશથી પાછળથી ત્રણ ચાર ફુટની પાકી ઈટોની દીવાલ વાવની ફરતે ચણી લેવામાં આવી છે. (૭)

આ વાવ ઘણી પ્રાચીન હોવાની માન્યતા પ્રર્વતે છે. આ નગરને લગતાં સંસ્કૃતમાં લખાયેલ કાવ્યમય વર્ણનો મધ્યકાલમાં લખાયેલ જોવા મળે છે.તેમાં કૂવા સરોવર,વાવો અને ઉધાનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.હીરસૌભાગ્ય અને સોમ સૌભાગ્ય પ્રબંધોમાં આ વાવ પણ તેમાંનીજ હોવાનો સંભવ છે.આ વાવ કોણે અને કયારે બંધાવી તે અત્યાર સુધી અનિર્ધારીત છે.પણ અભ્યાસ દ્વારા તેનો સમય જાણવાના પ્રયત્નો થયા છે.

મહદ અંશે આ વાવ આરસથી બંધાયેલ છે.પરંતું કયારેક રેતીના પથ્થરોનો પણ ઉપયોગ થયેલ છે.પ્રાચીન સ્થાપત્યોમાં આવી સંકીર્ણતા જોવા મળતી નથી. વાવમાં ઉપયોગમાં લેવામાં આવેલ સુશોભનો પણ આવીજ સંકીર્ણતા જન્માવે છે.કલાત્મક પથ્થરોની ગોઠવણી આડેધડ જોવા મળે છે.આમાંના કેટલાક કોતરણી યુકત પથ્થરો ખંડિત પણ છે.તેમનો ઉપયોગ કોઈક વાર દિવાલ પર થયેલો જોવા મળે છે.તો કોઈક વાર પરથારમાં કયાંક હંસવિથીનો ટુકડો હોયતો

કયાંક રાજવીથીનો ટુકડો હોય છે.કયાંક કોતરણી યુકત જાળી હોય છે, તો કયાંક ઉર્દુ લિપીવાળા પથ્થર જોવા મળે છે.વાવના મજલાઓની છતમાં દેવસ્થાનની કોતરણીના અવશેશો પણગોઠવાયેલા છે.પ્રાચીન વાવો જેવી કે રાણીની વાવ અને અડાલજની વાવમાં જે રીતે શુશોભનોની ગોઠવણી સુયો ત ઢબે થયેલી હોય છે તેવું અહીં જોવા મળતું નથી.

આ વાવ ઘણી પ્રાચીન ન હોવા છતાં તેનું મહત્ત્યવ ઘટી જતું નથી.વાવમાં જે શિલ્પ સમૃધ્ધિ એકઠી કરવામાં આવી છે, તેમાંની કેટલીકતો બારમા તેરમા સૈકા જેટલી પ્રાચીન છે.આ સુંદર કલા કૃતિઓ ચંદ્રાવતી,કુંભારીયા અને દેલવાડાનાં શિલ્પ સાથે ઘણું સામ્ય ધરાવે છે.વાવ પ્રાચીન કલાકૃતિઓનું સંગ્રહસ્થાન છે તેથી સંરક્ષણને પાત્ર છે.

અસલમાં આ શુશોભનો વાવના નીર્માણ માટે તૈયાર થયેલા નથી, કોઈ અજાણ્યા પ્રાચીન દેવસ્થાનોના આ અવશેષો છે અને વાવમાં તેનો ઉપયોગ કરાયો છે.વાવને અલંકૃત કરવાના હેતુસર પ્રતિમાઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.તેમની ગોઠવણી આડેધડજ થયેલ છે.પ્રતિમાઓનું વૈવિધ્ય પણ વિચાર કરતા કરી મુકે છે.અહી નીચે પ્રમાણે મુર્તિઓની ગોઠવણ કરવામાં આવેલ જોવા મળે છે.

વાવમાં ઉપર પ્રમાણેનાં શિલ્પો યોગ્ય જગ્યાએ અને ચોકકસ અંતરે ગોઠવવામાં આવતાં હોય છે.પરંતુ આ વાવમાં તે અંગે કોઇ ઠેકાણું નથી.શ્રી રત્નમણીરાવ ભી. જોટેએ મહમુદ બેગડાના સમયમાં બાંધકામો નામના પ્રકરણમાં નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે." પાલણપુરમાં મીઠી વાવ નામે એક જૂની વાવ છે.તે કોણે અને કયારે બંધાવી તે નકકી થતું નથી.બાંધણી પરથી આ વાવ આ સમયની લાગે છે.તેમાં હિન્દું દેવોની સુંદર મૂર્તિઓ દરેક ખંડની બાજુમાં કરેલી છે." (૮)

આમ સ્થાપત્યની દષ્ટિએ મીઠીવાવ જિલ્લાની બી વાવો કરતાં શ્રેષ્ઠ છે.તેના શિલ્પો એ કોઈ ખંડીત થયેલ મંદિરમાંથી લાવીને સ્થાપીત કરેલ જોવા મળે છે.શિલ્પો ગમેતેમ ગોઠવણી કરવાથી વાવનું શુશોભન જળવાતું નથી.વર્તમાન સમયમાં પાલનપુરની મીઠીવાવ ભગ્ન અવસ્થામાં છે અને સ્થાનીક લોકો તેનો કચરાપેટી તરીકે ઉપયોગ કરે છે.સંશોધકો વાવના અભ્યાસમાટે અવાર નવાર તેની મૂલાકાત લેછે.આ વાવને પૂરાતત્વ ખાતાના ૧૯૬૫ના એકટ ૨૫ અંતરગત રક્ષિત સ્મારક જાહેર કરવામાં આવ્યું છે.પણ વાવની સુરક્ષીતતા જોવા મળતી નથી.

**પાદનોંધ :–**


1. રાવલ યશવંત જ.,મધ્યકાલીન પાલનપુર,વિશાલ ઓફસેટ,પાલનપુર,૧૯૯૯, પૃ.૪૨.
2. ચાવડા મુરાદખાન ,પાલણપુરનું ઘટના ચક્ર, 'સ્વરાજય દીપોત્સવી અંક,વર્ષ.૧૯૯૫,પૃ.૨૯.
3. વ્યાસ રજની,ગુજરાતની અસ્મિતા,ગુર્જર અનડા પ્રકાશન અમદાવાદ,વર્ષ.૧૯૮૮,પૃ.૪૮.
4. લલીતભાઈ પટેલ નો લેખ,સોલંકી કાલીન સ્થાપત્ય રાણીની વાવ–પાટણ,પૃ.૧.
5. યશવંત રાવલ, મધ્યકાલીન પાલણપુર,વર્ષ.૧૯૯૫,પૃ.૧૧૮.
6. સૈયદ ગુલાબમીયાં,ત્ત્યવારીખે પાલનપુર પાલનપુરનો ઈતિહાસ,નવાબ તાલેમહમદખાન પાલનપુર,૧૯૧૪.પૃ.૬૨૬,૬૨૭.
7. રૂબરુ મુલાકાત,તા.૧૦.૬.૨૦૦૮.
8. રત્નમણીરાવ જોટે,ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ,ઈસ્લામ ખંડ–૨,પૃ.૫૮૨.

# કલેશ્વરી પરીસરનો કલાવારસોઃ–ઐતિહાસિક દષ્ટ્રિએ

**Dr. Mayankkumar T. Barot**
Shri B.D.S. Arts, Science & Commerce
College, Patan.
Email : barotmayank89@gmail.com

**પ્રસ્તાવના**

ગુજરાતની પૂર્વે સરહદે આવેલો પંચમહાલ જિલ્લો તેની સંસ્કૃતિ અને ઈતિહાસને લીધે ગુજરાત રાજયમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.જિલ્લાની જમીન ગ્રેનાઈટ અને નીચેના ખડકોમાંથી છૂટા કણોની બનેલી છે.અહિં કલાસર્જન ધ્વારા કલાકાર અલૌકિક ભાવસૃષ્ટિનું સર્જન કરે છે.કલાની સાધના દ્વારા મનુષ્યે જે કંઈ સિધ્ધ કર્યુ છે.તેમાંથી તે સમગ્ર ચૈતન્ય સૃષ્ટિમાં ઉચે આસને બેઠો છે. આ રીતે સૌદર્યનો આનંદ આપતી કલાકૃતિઓ અમર રહેશે.એવુ પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાં આવેલ લવાણા ગામે કે જે

લુણાવાડાથી ઉતરે ૨૦ કિ.મીના અંતરે 'કાલેશ્વરીનાળ'તરીકે ઓળખાતું સ્થળ આવેલ છે.[૧] જે પુરાતત્વવિદો અને પ્રાકૃતિક સૌદર્યપ્રેમી માટે આકષર્ણનું કેન્દ્ર છે.આ સ્થળે ઈસુની ૧૦મી થી ૧૯મી સદી સુધીના શિલ્પ–સ્થાપત્યો આવેલા છે.[૨]

આ સંશોધન લેખ લખવા માટે મેં રૂબરૂ કલેશ્વરીનાળની મુલાકાત દરમ્યાન સ્થાનિક માહિતી મેળવી તેમજ લવાણા ગામના મોભાદાર કે જેમની પાસેથી પણ મુલાકાત દરમ્યાન જાણકારી મેળવી હતી.તેના આધારે તેમજ ગોધરા માહિતી ખાતું ગોધરામાંથી માહિતી મળેલ હતી.તેના આધારે કલેશ્વરીના શિલ્પકલાની અને સ્થાપત્યમાં જળવાયેલ અને છૂટા શિલ્પો તેની ઘડતરશૈલી સ્થાનિક કલાનું પ્રતિબિંબ અને વિશિષ્ટ લક્ષણો ધરાવે છે.જેમાં મહિષાસુરમર્દિનીના છ હાથવાળી પ્રતિમા,સપ્તભાતૃકાઓ,અષ્ટદિક્પાલ પ્રતિમાઓ મંદિરના સ્તંભોના ભારવટીયામાં મૂકેલ કીચકના શિલ્પો રૂપ સુંદરીઓ અને અન્ય દેવ–દેવીઓની આકૃતિઓનું કોતરકામ અનુંપમ છે.દેવી મહિષસુરમર્દિનીનું શિલ્પ વસ્ત્રાભૂષણો અને ઉપકરણોયુકત ૧૧મી સદીના સુવર્ણયુગને પ્રતિબિંબ કરે છે.

માતૃદેવીની પૂજા–ઉપાસનાની પ્રાચીન પરંપરાને જાળવતા સપ્તમાતૃકાના શિલ્પો,શીતલાનું કલ્યાણકારી સ્વરૂપ વગેરેનું આલેખન સાસુ–વહુની વાવથી પ્રખ્યાત છે.જે પ્રાચીન વાવના પડથારમાં ગોઠવાયેલ છે.

મંદિરના ચાર દિશા અને ચાર ખૂણામાં અષ્ટદિક્પાલો દિશા રક્ષણ કરતા સ્થાપિત કરેલ છે.જયારે મંદિરના અંલકૃત સ્તંભો પરના વૃનત્દલમાં મહાભારતના વિરાટપર્વમાં આવતા કીચકવધના પ્રંસગે અને ભારતીય વાસ્તુશાસ્ત્રમાં વર્ણવેલ સ્તંભના ઉપરના ભાગે ભરણી પરના શરૂ ભાગ અને તેની સાથે વૃનત્દલ (બ્રેકેલ)ના ભાગમાં મોટાભાગે'કીચક'નામથી ઓળખાતા શિલ્પ કંડારવાનું વિધાન છે.

અહીં સળંગ ગોઠવેલ શિલ્પોમાં દુર્ગાદેવીની ૯મી સદીની પ્રાચીન પ્રતિમા આવેલી છે.સિંહવાહન પર લલિતાસનમાં બેઠેલ દેવીનું સ્વરૂપ મનોહર છે.આ હરોળમાં ક્ષેમ કરીને ઉભેલી પ્રતિમા છે.પગ પાસે બંને બાજુ સિંહનું આલેખન છે.મસ્તક પાસે માલાધાર અને દેવીની પ્રતિમા છે.મોતીના અંલકારોથી વિભૂષિત આ પ્રતિમા ૯મી સદીની છે. જયારે ઘંટાકર્ણદેવની પ્રતિમા ૧૧મી ૧૨મી સદીની છે.

કલા સ્થાપત્યની દષ્ટ્રિએ કલેશ્વરીનાળ પંચમહાલ જિલ્લામાં ખૂબ જ પ્રખ્યાત છે.અહીંયા સામાજિક અને સાંસ્કૃતિક દષ્ટ્રિએ જોતા જણાય છે કે શિવરાત્રીનો મેળો અને જન્માષ્ટમીનો મેળો જેવા લોકમેળાઓ ભરાય છે.જેમાં શિવરાત્રીના દિવસે લોકમેળામાં આદિવાસી નૃત્યો,લોકનૃત્યો તેમજ સ્પર્ધાઓ પણ યોજવામાં આવે છે. તેનું આયોજન લુણાવાડા કોલેજના પ્રા.કાન ભાઈ આર પટેલ કરે છે. તેમના અભિપ્રાય પરથી આ માહિતી પ્રાપ્ત થાય છે.

**સાસુની વાવ**

ગુજરાતમાં વાવનું સ્થાપત્ય પ્રાચીન સમયથી જોવા મળે છે.આ વાવ સાસુની વાવ તરીકે ઓળખાય છે. તેનાથી થોડે દૂર એક અન્ય વાવ આવેલી છે.તે લોકઉકિત પ્રમાણે વહુની વાવ તરીકે ઓળખાય છે. વાસ્તુશાસ્ત્રની દષ્ટ્રિએ આ વાવનું નિમાર્ણ નંદાપ્રકારનું જણાય છે. વાવમાં ઉત્તરતાં એક ગોખમાં લજ્જાગૌરી – નંદિ રનું શિલ્પ છે.જયારે તેની સામેનો ગોખ શિલ્પહીન છે.નીચે ઉત્તરતાં વિશ્રામ સ્થળના એક ગોખમાં નવગ્રહપટ છે.જયારે બીજામાં દશાવતાર પટ્ટ છે.તેનાથી નીચે ઉતરતાં એક ગોખમાં શેષશાયી વિષ્ણું તથા અન્યમાં વૈષ્ણીવીની બે પ્રતિમાઓ સ્થિત છે.શિલ્પોની શૈલી તથા વાવના બાંધકામ પરથી આ વાવ આશરે ઈ.સ.ની ૧૪મી ૧૫મી સદીમાં બંધાઈ હોય તેમ જણાય છે.

**વહુની વાવ**

આ વાવનું બાંધકામ પણ નંદા પ્રકારની ચતુર્કટા છે.આ વાવના બીજા કૂટના જમણા ગોખમાં શેષશાયી વિષ્ણું,ડાબા ગોખમાં દસ માતૃકા પટ્ટ છે.ત્રીજો અને ચોથો કૂટ પગથીયાની પડથાર કરતાં સાંકડા છે.આ વાવનું બાંધકામ પણ ૧૪મી કે ૧૫મી સદીનું હોવાનું જણાય છે.

**આશિલાલેખવાળું મંદિર**

શિલાલેખવાળા મંદિર તરીકે ઓળખાતું આ મંદિર હાલ ફકત મંડપના સ્વરૂપે જણાય છે.૬ પૂર્ણ અને ૧૦ અર્ધસ્તંભ પર ટેકવેલ સમતલ છાજલી યુકતમંડપ ધરાવતી સાદી અંલકારવીહીન રચના છે.તેની દિવાલ પાછળની બનાવેલ છે.ગોખમાં નટરાજ(શિવ)ની પ્રતિમા છે.તેને લોકો કલેશ્વરી માતા તરીકે ઓળખે છે.આ મંડપના એક સ્તંભ પર લુણાવાડાના યુવરાજે સંભવતઃ માલોરાણોએ સંવત ૧૬૦૫ ઈ.સ.૧૫૪૯ માં જિર્ણોધ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ છે.આ લેખ ઘસાયેલ હોવાથી માહિતી મળી શકતી નથી.

**ઘુમ્મટવાળુ પ્રાચીન મંદિર**

શિલાલેખવાળા મંદિરની બરાબર સામે આ મંદિર આવેલ છે.જે ઘુંમટવાળા મંદિર તરીકે ઓળખાય છે.આ પ્રાચીન મંદિર નષ્ટ થઈ ગયેલુ હતું.તેની જગતી પર ઉભું કરવામાં આવ્યું છે.સંભવતઃઆ મંદિર ૧૦મી સદી કે તે પહેલાનું પણ હોઈ શકે.જે મંદિર હાલમાં ઉભું છે.તે અર્વાચીન અને તેમાં જડવામાં આવેલા શિલ્પો પ્રાચીન છે.આ મંદિર લુણાવાડાના રાજવી વખતસિંહ એ(ઈ.સ.૧૭૩૫ થી ૧૭૫૭)માં બંધાવ્યુ હશે તેમ જણાય છે.

**પાણીનો કુંડ**

જળ સંગ્રહના અલગ સ્થાપત્ય પ્રકારોમાં કુંડ પણ પ્રાચીન સમયથી જાણીતો છે.આ કુંડ લગભગ સમચોરસ છે.કુંડના સ્થાપત્યનો હેતું એક સાથે ઘણા લોકો પાણીનો ઉપયોગ કરી શકે તેવો હોય તેમ જણાય છે.તેથી તેની ચારે બાજુથી પાણી સુધી પહોંચવા માટે પગથીયાની રચના કરેલી જણાય છે.કુંડની પાળના મધ્ય ભાગે તથા પગથિયાની બાજુમાં દેવશિલ્પો માટે ગોખ કરવામાં આવે છે.તેવી જ રચના છે.કુંડના ગોખમાં શેષશાયી વિષ્ણું,શિવ વિગેરેનાં શિલ્પો છે.કુંડમાં પાણી ગળાઈને આવે તે માટે ગળણી જેવી રચના પણ જોવા મળે છે.

**શિકારમઢી**

આ સ્થાપત્ય અર્વાચીન છે.લુણાવાડાના રાજવી આ સ્થળે જંગલ હોવાથી શિકાર માટે આવતા હતા.અહીં પડેલા પુરાતન ભગ્નાવશેષોનો પુનઃઉપયોગ કરી રાત્રી રોકાણ માટે વખતસિંહ એ 'બંગલો'બનાવડાવ્યો જે શિકારમઢી તરીકે જાણીતો છે.આ સ્મારકનું સ્થાપત્ય તરીકે કોઈ મહત્વ નથી પણ તેમાં જડવામાં આવેલા શિલ્પો બેનમૂન છે.આ શિલ્પો ભગ્નદેવાલયોના ભાગ હોય તેમ જણાય છે.શિલ્પોમાં નૃત્ય ગણેશ,મહિષમર્દિની,વિષ્ણું,ચામુંડા,વારાહી દર્પણકન્યા તથા કામશિલ્પો છે.જે એક ઉમદા શિલ્પી ધ્વારા કંડારવામાં આવેલ હોય તેવું છે.

**ભીમ ચોરી**

શિકારકઢી પાસેથી શરૂ થતી અને પગથીયાંની હારમાળા છેક ટેકરીના મથાળે દોરી જાય છે.ત્યાં ભીમચોરી,અર્જુનચોરી અને પ્રવેશધ્વારવાળું મંદિર આવે છે.ભીમચોરી તરીકે ઓળખાતું આ શિવાલય સૌથી વધુ નુકશાન પામેલ છે.સમગ્ર ભારતમાં પાંડવોનાં નામ સાથે કોઈને કોઈ સ્થળ જોડી દેવાની પ્રથા જોવા મળે છે.તે મુજબ આ શિવાલયને પણ ભીમચોરી નામ આપવામાં આવેલ છે.તેનું સ્થાપત્ય(નિમાર્ણકાળ)૧૪ કે ૧૫મી સદીનો ગણાય છે.

**અર્જુન ચોરી**

આ મંદિરના ગર્ભગૃહનો નીચેનો ભાગ,તેનું ધ્વારશાખાના નીચેના ગવાક્ષમાંની શિવની ઉભી પ્રતિમાઓ તેમજ એની ઉપરના ઉભા પટ્ટમાં અર્ધપર્યકાસસ્થ શિવસ્વરૂપોની મૂર્તિ જણાય છે.તેના ઉપરથી તે શિવમંદિર હોવાનું પ્રમાણીત કરે છે.આ સ્થાપત્યનો સમય ૧૫મી કે ૧૬મી સદીનો છે.

**પ્રવેશધ્વારવાળુ મંદિર**

આ સ્થાપત્યનો ફકત નીચેનો જ થર હાલમાં જોવા મળે છે.તેથી તેના સ્થાપત્યના પ્રકાર વિશે કોઈ વીગતો જાણી શકાતી નથી.સ્થાપત્યના મધ્ય ભાગમાં સામાન્ય કરતાં વિશેષ મોટાં પગના અવશેષો જોવા મળે છે. જેથી લોકોમાં જુદી–જુદી કીવદંતીઓ

પ્રચલીત છે.કેટલાક ભીમના પગલાં તો કોઈ હિડીંબાના પગ તરીકે ઓળખે છે.આ શિલ્પખંડ આ જ સ્થાપત્યનો ભાગ છે.તેમ નિશ્ચિતપણે કહી શકાતું નથી.

**સંદર્ભસૂચિ :–**


1. ડામોર નરેશભાઈ કુબેરભાઈ (વોચમેન)રૂબરૂ મુલાકાત ધ્વારા...
2. ઠાકર પ્રવિણકુમાર,લવાણા ગામ રૂબરૂ મુલાકાત ધ્વારા...
3. પ્રત્યક્ષ સ્થળ મુલાકાત..
4. પંચમહાલનું ગેઝેરીયર
5. પુરુષાર્થી પંચમહાલ,માહિતી કમિશનરની કચેરી ગુજરાત રાજય,ગાંધીનગર,૨૦૦૯
6. નકશામાં ગુજરાત,યુનિ.ગ્રંથ નિમાર્ણ બોર્ડ,કેશુભાઈ દેસાઈ
7. ગુજરાતનો રાજકીય અને સાસ્કૃતિક ઈતિહાસ,યુનિ.ગ્રંથ નિમાર્ણ બોર્ડ,કેશુભાઈ દેસાઈ


## દાહોદ જિલ્લાનાં ઐતિહાસિક સ્થળોનું મહત્ત્વ


**Dr. Mansinhbhai M. Chaudhari**

Assistant Professor of History

Govt. Arts College, Santalpur

Email : mansinhchaudhari87@gmail.com


**ભૌગોલિક સ્થાન**

દાહોદ જિલ્લો ૨૨.૩૦$^{0}$ થી ૨૩.૩૦$^{0}$ ઉતર અક્ષાંશ અને ૭૩.૪૫$^{0}$ થી ૭૪.૩૦$^{0}$ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે.ગુજરાત પંચમહાલ જિલ્લામાંથી તેનું વિભાજન તથાં તા.૨/૧૦/૧૯૯૭ થી અસ્તિત્વમાં આવેલો છે.જિલ્લાનો ભૌગોલિક વિસ્તાર ૩,૬૩,૨૭૭ હેકટર છે. જિલ્લાની ઉતરે રાજસ્થાનનો વાંસવાડા જિલ્લો,પશ્ચિમે ગોધરા જિલ્લો,પૂર્વ અને દક્ષિણે મધ્યપ્રદેશ રાજયનો

ઝાબુઆ જિલ્લો આવેલો છે.પંચમહાલ જિલ્લામાંથી આદિવાસી વિસ્તારોને અલગ તારવી દાહોદ જિલ્લાની નવરચના કરવામાં આવી છે.

મહાકવિ ન્હાનાલાલે ગુજરાતના પૂર્વના દરવાજા તરીકે જેને ઓળખાવ્યું છે.તે દાહોદ,રાજસ્થાન અને મધ્યપ્રદેશની હદ ઉપર હોવાથી દો–હદ દાહોદ તરીકે ઓળખાય છે.ગુજરાતનો આ પૂર્વ વિસ્તાર હોવાથી આ સ્થળને ઊગતા સૂર્યના પ્રદેશ તરીકે પણ ઓળખવામાં આવે છે.ગુજરાતમાં સૂર્યનારાયણનું સૌ પ્રથમ કિરણ દાહોદ જિલ્લા ઉપર થઈને સમ્રગ ગુજરાતને દેદીપ્યમાન કરે છે.

દેવ–દાનવ વચ્ચેના યુધ્ધમાં દેવોના રાજા ઈન્દ્રને મદદ કરવા દધીચી ઋષિએ પોતાના દેહનો ત્યાગ કરી તેમનાં હાડકાં આયુધ બનાવવા દેવોને અર્પણ કરેલાં અને તેનાથી દેવોએ વૃત્રાસુરનો વધ કરી વિજય મેળવેલો,આ દધીચી ઋષિએ દાહોદની દૂધીમતી નદીના કિનારે તપ કરેલું તેથી તેનું નામ દૂધીમતી પડયું.અને તેઓના દેહવધના કારણે આદિવાસીઓ તેને દેહવધ કહે છે તેવી પણ દંતકથા છે.

ગુજરાતના પ્રસિધ્ધ મહારાજા સિધ્ધરાજા જયસિંહે માળવા ઉપર જયારે ચઢાઈ કરેલી ત્યારે બાર વર્ષ સુધી દાહોદ મુકામ કરેલો.તે વખતે તેમનું લશ્કર એટલું મોટું હતું કે દાહોદનું તળાવ ફકત એક જ રાતમાં બંધાઈ ગયું.અને તે માટે દરેક સૈનિકના ભાગે ફકત એક જ છાબડી જ માટી નાખવાની આવી હતી તેથી આ તળાવનું નામ છાબ તળાવ પડયું.આદિવાસીઓ –ભીલ હ પણ આ તળાવને છાલું જ કહે છે.લશ્કરને માલસામાન પૂરો પાડવા જે વણિકો આવેલા તેઓ જયાં વસ્યા તે દેસાઈવાડો.સિધ્ધરાજ જયસિંહે તળાવ બાંધવા જયાં ખાતમુહુર્ત કરેલું તે જગ્યાએ છેલ્લા ઓવારે હનુમાનની મૂર્તિવાળા,પથ્થર રાખેલા તે હજુ પણ હયાત છે.પાણીગેટ ઉપર સિધ્ધરાજ જયસિંહે સંસ્કૃતમાં કોતરાવેલા શિલાલેખો બ્રિટીશ સરકારે પૂનાના મ્યુઝિયમમાં રાખ્યા હતા.છાલતળાવથી થોડે દૂર સુદાઈ માતાનું મંદિર છે.સિધ્ધરાજ જયસિહે તેના નામ ઉપરથી સિધ્ધેશ્વરી માતાના નામે કુળદેવીની સ્થાપના કરેલી તે સ્થળ પણ મોજુદ છે.મોગલ બાદશાહ જહાંગીર પણ આ ખુશનુમા આબોહવાથી અને ખીલેલાં કમળોવાળા તળાવથી પ્રસન્ન થઈ તેણે દાહોદમાં એક મહિનો મુકામ કરેલો.સને ૧૬૧૮માં જહાંગીરના આ પડાવમાં દાહોદ ખાતે ઔરંગઝેબનો જન્મ થયો હતો.ઈ.સ.૧૬૭૮માં ઔરંગઝેબે પોતાના જન્મ સ્થળની યાદગીરી તરીકે ધર્મશાળા સરાઈ બંધાવી,જેને પાછળથી મરાઠાઓએ કબજે કરીને કિલ્લાના રૂપમાં ફેરવી અને તે નાની હોવાથી ગઢને બદલે ગઢી કહેવાઈ.બ્રિટિશ રાજય સ્થપાતાં તેમાં મામલતદાર તથા અન્ય સરકારી કચેરીઓ બેસવા લાગી.આ જ રસ્તે ચૈતન્ય મહાપ્રભુ દ્વારકાથી યાત્રાએ આવેલા ત્યારે પાછા વળતા દાહોદમાં રહેલા તેવો ઉલ્લેખ ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ પ્રસિધ્ધ કરેલા બંગાળી ભાષાના ઈતિહાસમાં છે.

મહાકવિ ન્હાનાલાલે જેને ગુજરાતના દ્વાર તરીકે વિરદાવેલું છે.તે દાહોદ નગર ઐતિહાસિક નગર છે.રાજપૂતકાળમાં ગુજરાત અને માળવાની બે હદ વચ્ચે આવેલું દાહોદ આજના ગુજરાત,રાજસ્થાન અને મધ્યપ્રદેશના ત્રિભેટે ઊભેલું છે.

**હસ્તેશ્વર(હાથીધરા)**

મોટાહાથીધરા લીમખેડાથી બે કિ.મી દૂર આવેલું છે. મુંબઈ–દિલ્હી રેલ્વેમાર્ગ ઉપરનું આ એક રેલ્વેસ્ટેશન છે.અહીંયા સોલંકીકાળનું પ્રાચીન મહાદેવ મંદિર ધ્યાનાકર્ષણ છે.જયાં ફાગણ સુદ અગિયારસ એટલે કે સ્થાનિક ભાષામાં આંબળી અગિયારસનો મેળો ભરાય છે.

**દેવઝરી**

દાહોદથી દસ કિ.મી.દૂર આવેલું છે.મુંબઈ દિલ્હી રેલ્વે માર્ગ ઉપરનું આ શિવનું પુરાતન મંદિર આવેલું છે.કહેવાય છે કે પાંડવોને વનવાસ થયેલો ત્યારે અહીયા વસવાટ કરેલો તે સમયે ભીમના માતા ને કુંન્તામાતાને પાણીની તરસ લાગતાં ભીમે પોતાના પગના અંગુઠાથી ખોદીને પાણી કાઢેલું તે વખતથી આ જગ્યાને ભીમકુંડ તરીકે ઓળખવામાં આવે છે.

**કેદારેશ્વર(કેદારનાથ)**

દાહોદથી સાતેક માઈલના અંતરે ચોસાલા ગામે આવેલા કેદારેશ્વર મંદિર કાલી નદી ઉપર બાંધવામાં આવેલા કાળી ડેમ પાસે કુદરતી ગુફામાં શિવમંદિર પુરાતન સમયથી જોવામળેલું છે.આ સ્થળે શ્રાવણ માસમાં દર સોમવારે મેળો ભરાય છે.આ મંદિર આ વિસ્તારની આદિવાસી પ્રજા માટે આસ્થાનું પ્રતીક છે.

**લીલવા ઠાકોર**

લીલવા ઠાકોર લીમડીથી પાંચ કિ.મીના અંતરે આવેલું છે.પૂર્વકાળમાં આ લીલાવતીનગર હોવાનું મનાય છે.અહીંયા ગુપ્તવાસ દરમિયાન પાંડવોએ આશ્રય મેળવ્યો હોવાનું કહેવાય છે. શેષનારાયણ અને ચામુંડા માતામંદિરો અહીંયા આવેલાં છે.જયાં ચૈત્ર સુદ પૂનમના દિવસ મેળો ભરાય છે.આ સ્થળે રામચંદ્ર,લક્ષ્મણ,કૃષ્ણ,હનુમાન અને મહાદેવનાં મંદિરો છે.જેથી આ મેળો પંચકૃષ્ણનો મેળો પણ કહેવાય છે.

**ઝાલોદ તાલુકો**

દાહોદથી ૩૫ કિ.મી દૂર આવેલા ઝાલોદ તાલુકાનું મુખ્ય મથક છે.ઝલાઈ માતાના નામ ઉપરથી ઝાલોદ નામકરણ થયું હોવાનું મનાય છે.૧૮૫૭ના વિપ્લવ વખતે ઝાલોદ મુખ્ય કેન્દ્ર હતું.ઝલાઈમાતાની આસપાસ વસેલા મૂળ ઝાલોદ નગરનો એક હજાર વર્ષથી જૂનો ઈતિહાસ મળતો નથી.ઈ.સ.૧૧૭૫ પછી મહમંદ ઘોરીએ ગુજરાત પર ચઢાઈ કરી ત્યારે સોલંકી રાજાના સૈન્યએ સખત સામનો કરી ઘોરીને પરાજિત કર્યો.ત્યારપછી પછી ચંદ્રાવતીના એક યુવાન પરમાર રાજપૂત "ઝાલમસિંહ"એ પંચમહાલના ભીલ વિસ્તાર ઝાલોદમાં વસવાટ કર્યો.આ નગરની બહારથી ટીટોડી નદી વહે છે.તેના કિનારે કુળદેવી ઝલાઈ માતાનું મંદિર બનાવ્યું.એને એ દેવીના નામ પરથી નગરને ઝાલોદ એવું નામ આપ્યું.'ઝલાઈ તુટી ઝાલોદ વસ્યું'એ કહેવત પ્રમાણે આજનું ઝાલોદ મંદિરથી થોડું દૂર છે.એક જમાનામાં અહીં સિંધિયાનું પણ શાસન હતું.ઝાલોદથી પાંચ કિ.મી દૂર માછણ નદીના કિનારે 'સુવ્રત ઋષિનો' આશ્રમ હતો.ગુપ્તકાળ દરમિયાન પાંડવો પણ અહીંયા આશ્રય મેળવવા આવ્યા હતા.આ આશ્રમની બાજુમાં જ પંચ મંદિર આવેલું છે.કહેવાય

છે કે અહીં પાંચદેવોનો સમૂહ તરીકે ઓળખવામાં આવતો હતો અને તેના ઉપરથી આ નામ પડયું.પાંડવોને વનવાસ થયેલો ત્યારથી આ મંદિર અને પ્રાચીન સ્થંભ આજથી ૩૦૦૦ વર્ષ પૂર્વનું માનવામાં આવે છે. દાહોદ લ્લાનું સૌથી મહત્વનું અને મુખ્ય આકર્ષણનું કેન્દ્ર એટલે "બાવડાનું શિવ મંદિર" દાહોદથી બાર કિલોમીટરના અંતરે આવેલ બાવકા ગામની બહાર આવેલ શિવમંદિર પ્રાચીન સ્મારક તરીકે તેને ગણવામાં આવેલ છે.ઈ.સ પૂર્વ ૭૪૬–૪૮૩ના સમયમાં બંધાયેલા શિવપંચાયતન મંદિરના પ્રાચીન અવશેષો આવેલા છે.તેનું સ્થાપત્ય બેનમૂન હોવાથી આ ભગ્નમંદિરને ઐતિહાસિક સ્મારક તરીકે જાહેર કરેલ છે. શિવાલયની બાજુમાં તળાવ આવેલું હોવાથી સુંદર નયન રમ્ય કુદરતી વાતાવરણ અહીં માણવા મળે છે.

ગુજરાતમાં પણ ખજૂરાહો અને કોણાર્ક શિલ્પકલા અને કારીગરીનો કૌશલ્યોની યાદ અપાવે એવું આ મંદિર જોવાલાયક ગણાય છે.દક્ષિણ પશ્ચિમ દિશામાં એક ટેકરા ઉપર તેના ભવ્ય ભૂતકાળ અને વિરાસતની વાત કરતું ઊભું છે.ખજૂરાહો અને કોણાર્કની પ્રતિમાઓમાં કામસૂત્રના શિલ્પને ઝળકાવતી વિવિધ મુદ્રાઓ અને છટાઓ ધરાવતી તરેહ તરેહની મનુષ્યો તથા પ્રાણીઓની મૈથુન કરતી સ્વતંત્ર તથા સામૂહિક મૂર્તિઓ પથ્થરોમાં અદ્ભુત રીતે કંડારાયેલી છે.કહેવાય છે કે ચાંપાનેરના હિદુંરાજાઓના સ્મૃતિકાળમાં આ મંદિર બંધાવાયું હતું.આ ભવ્ય સ્થાપત્યનાં બેનમૂન મંદિરો માટે એવી પણ લોકવાયકા છે કે મંદિર વારાંગનાઓએ બંધાવ્યું હશે.લોકવાયકા પ્રમાણે આ મંદિર સોને મઠેલું હતું.

**સંદર્ભ સૂચિઃ–**

1. ઊગતા સૂર્યનો પ્રદેશ–દાહોદ માહિતી નિયામક–દાહોદ
2. માહિતી નિયામકની કચેરી ગુજરાત રાજય ગાંધીનગર

# સોલંકી કાળની મંદિર સ્થાપત્ય કળા-એક સાંસ્કૃતિક અધ્યયન

**Yogina P.Patel**
Ph.D.Scholar of History;
H.N.G.Uni. Patan
Email ID: yogina127@gmail.com

સોલંકી શાસક ઉત્સાહી નિર્માતા હતા. તથા તેમના કાળમાં અનેક મંદિર અને ધાર્મિક સ્મારક બનાવવામાં આવ્યા હતા. મંદિર નિર્માણના કાર્યમાં તેમના રાજ્યપાલો, મંત્રીઓ અને ધનાઢ્ય વેપારીઓએ પણ મહત્વપુર્ણ યોગદાન આપેલું. આમ, સંપૂર્ણ સમાજની કાર્યનિષ્ઠા અને પ્રત્યેક નાગરિકની લગનને પરિણામસ્વરૂપ તે સમયે ગુજરાતના અણહિલવાડ તથા રાજસ્થાનના આબૂ પર્વત ઉપર કેટલાક ભવ્ય મંદિરોનું નિર્માણ થવા પામ્યું. જેમાં મુખ્યત્વે જૈન ધર્મથી સંબંધિત મંદિર વધુ પ્રમાણમાં જોવા મળે છે.

સોલંકી કાળના મંદિરોમાં ત્રણ ભાગ જોવા મળે છે.

1. પીઠ અથવા આધાર- પીઠ અથવા આધારના ઉપરના ભાગ ઉપર આખું નિર્માણ ટકેલું હોય છે.તેમાં કેટલાક ઢોળાવો આવેલા હોય છે.જે વિવિધ સુશોભનોથી યુક્ત હોય છે.જેના ઉપર રાક્ષસ (શ્રુંગાર રહિત માથું) હાથી, ઘોડા તથા માનવ આકૃતિઓ વગેરે અલંકૃત હોય છે.
2. મધ્યવર્તી ભાગ- મધ્યવર્તી ભાગ પીઠ અને શિખરની વચ્ચે હોય છે. અને તેને મંદિરનો મુખ્ય ભાગ માનવામાં આવે છે. તેની લંબવત દિવાલો પર દેવી દેવતાઓ, નર્તિકીઓ વગેરેની આકૃતિઓ ઉભારવામાં આવેલી હોય છે.
3. મીનાર અથવા શિખર- મીનાર અથવા શિખર મંદિરનો સૌથી ઉપરી ભાગ છે, જે નાગર શૈલીમાં હોય છે. તેની ચારે બાજુ નાનાં  નાનાં  શિખરોનો સમુહ બનાવવામાં આવે છે.

મંદિરોનું નિર્માણ ઉંચા ચબૂતરા ઉપર કરવામાં આવે છે.સામાન્યત: તેમાં એક દેવાલય તથા એક કક્ષ હોય છે. ઉપરી શિખર ખજુરાહોની જેમ અનેક નાની નાની મીનારોથી સુસજ્જિત હોય છે તથા છત ગુંબજો જેવી શિખરનુમા હોય છે. આ છતોના અંદરના ભાગ ઉપર કોતરીને ચિત્ર બનાવવામાં આવે છે. જેથી તે એક વાસ્તવિક ગુંબજ જેવું પ્રતીત થાય.

સોલંકી કાળની મંદિર સ્થાપત્ય કળા

ગુજરાતના મુખ્ય મંદિરોમાં મહેસાણાના મોઢેરાનું સૂર્ય મંદિર ઉલ્લેખનીય છે. તેનું નિર્માણ 11મી સદીમાં થયું હતું. તેનું નિર્માણ ઉંચા ચબૂતરા ઉપર કરવામાં આવ્યું છે. તેના નિર્માણમાં સોનેરી રેતીના પથ્થરો લગાવવામાં આવેલા છે. તેમાં સ્તંભો પર આધારિત ખુલ્લું પ્રવેશ મંડપ છે. તેના મહેરાબ ભવ્ય અને સુંદર છે.

પ્રભાસ પાટણ સ્થિત સોમનાથના મંદિરનો પણ ઉલ્લેખ કરી શકાય, જેનું પુનર્નિર્માણ આ સમયમાં થયું હતું. આ વંશના શાસક કર્ણ એ અણ્હિલવાડમાં કર્ણમેરુ નામનું મંદિર બનાવ્યું હતું. સિધ્ધપુર સ્થિત રુદ્રમહાલયનું મંદિર પણ વાસ્તુ કળાનું સુંદર ઉદાહરણ છે. ગુજરાતમાં અણ્હિલવાડની નજીક સુણોક સ્થિત નીલકંઠ મહાદેવનું મંદિર પણ એક વિશિષ્ઠ રચના છે. તેના સમકાલીન કાઠિયાવાડનું નવલખા મંદિર કલાત્મક દ્રષ્ટિથી ઉત્કૃષ્ટ છે.

આબુ પર્વત ઉપર કેટલાક મંદિરો બનાવાયા હતા. અહીં બે પ્રસિધ્ધ સંગમરમરના મંદિર આવેલા છે. જેને દેલવાડાના મંદિર કહેવામાં આવે છે. સોલંકી નરેશ ભીમદેવ પ્રથમના મંત્રી વિમલ શાહે 11મી સદીમાં વિમલશાહી નામનું મંદિર બનાવ્યું હતું.

રુદ્ર મહાલય, સિધ્ધપુર

રુદ્રમહાલય મંદિર ગુજરાત રાજ્યના પાટણ જિલ્લામાં આવેલા સિદ્ધપુર તાલુકાના મુખ્ય મથક સિદ્ધપુર નગરમાં આવેલ એક ખંડિત મંદિર સંકુલ અને પ્રાચીન સ્થાપત્ય છે. સિદ્ધપુર ઐતહાસિક રીતે શ્રીસ્થલ તરીકે જાણીતું હતું. ૧૦મી સદીમાં સિદ્ધપુર સોલંકી વંશના શાસન હેઠળ મહત્વનું નગર હતું. ૧૦મી સદીમાં (ઈસ ૯૪૩) સોલંકી વંશના સ્થાપક મૂળરાજે રુદ્ર મહાલય મંદિર બાંધવાની શરૂઆત કરી હતી. તેની યુવાનીમાં, મૂળરાજે સત્તા મેળવવા માટે તેના કાકાની હત્યા કરી હતી અને તેની માતાના બધાં સગાં-સંબંધીઓની હત્યા કરાવી હતી અને વૃદ્ધાવસ્થામાં તેના આ કાર્યો હજુ મનને શાંતિ આપતા નહોતા. તેણે યાત્રાધામો બંધાવ્યા હતા અને દૂર-દૂરથી બ્રાહ્મણોને તેના દરબારમાં બોલાવ્યા હતા, તેણે શ્રીસ્થલ ખાતે રુદ્ર મહાલય બાંધવાની શરૂઆત કરી અને ઇ.સ. ૯૯૬માં ગાદી પરથી નિવૃત્ત થયો. પરંતુ રુદ્રમહાલય હજુ પણ અપૂર્ણ હતો. તેનું બાંધકામ ઇ.સ.૧૧૪૦માં સિદ્ધરાજ જયસિંહના કાળમાં પૂર્ણ થયું હતું. આ મંદિરનો વિનાશ પહેલાં અલાઉદ્દીન ખિલજી અને ત્યારબાદ અહમદશાહ પહેલા (૧૪૧૦-૪૪) વડે કરાયો હતો અને તેણે મંદિરનો સંપૂર્ણ નાશ કરીને તેના એક ભાગને મસ્જિદમાં ફેરવ્યો હતો. મંદિરનું તોરણ અને ચાર સ્થંભો હજુ જળવાયેલા છે અને મંદિરનો પશ્ચિમ ભાગ મસ્જિદ તરીકે ઉપયોગમાં લેવાય છે.

આ મહાલય સરસ્વતી નદીને કાંઠે રેતાળ પથ્થરો (સેન્ડસ્ટૉન)માંથી બનાવવામાં આવેલો છે. ચાલુક્યન શૈલીના સ્થાપક સોલંકી વંશના રાજા મૂળરાજ સોલંકીએ આ સ્થાપત્યનું નિર્માણ કરાવ્યું હતું. ત્યારબાદ રાજા સિદ્ધરાજ જયસિંહે તેનું સમારકામ કરાવ્યું હતું. તેના ચાર સ્તંભ તથા તેની ઉપરના કલાત્મક કોતરણીકામ ઉપરથી મૂળ સ્થાપત્યની ભવ્યતા તેમ જ કલાસમૃદ્ધિની પ્રતીતિ થાય છે. મનોહર શિલ્પો અને કલાત્મક કોતરણીવાળા રુદ્રમહાલયની લંબાઈ ૭૦ મીટર તથા પહોળાઈ ૪૯ મીટર છે. ભારતીય પુરાતત્વ ખાતાની માહિતી પ્રમાણે રુદ્રમહાલય બે માળનો હતો. તેની ઊંચાઈ ૧૫૦ ફૂટ હતી. રુદ્રમહાલયની આસપાસ બાર દરવાજાઓ અને અગિયાર રુદ્રોની દેવકુલિકાઓ હતી. આ શિવમંદિરના શિખર પર ઘણા સુવર્ણકળશ હતા. લગભગ ૧૬૦૦ ધજાઓ ફરકતી હતી. રુદ્રમહાલયના સભામંડપના ઘુમ્મટોની કિનારો રામાયણ તથા મહાભારતના પ્રસંગોથી કંડારાયેલી હતી.

આજે રુદ્રમહાલય ખંડેર અવસ્થામાં જોવા મળે છે અને મહાલયનો નાનકડો અંશ માત્ર જ અવશેષરૂપે જોવા મળે છે. આ સ્થાપત્ય સોલંકી વંશની મંદિર સ્થાપત્ય કલા-સમૃદ્ધિની ઝાંખી કરાવે છે.

સૂર્યમંદિર, મોઢેરા

સૂર્યમંદિર, મોઢેરા ગુજરાત રાજ્યના ઉત્તર ભાગમાં આવેલા મહેસાણા જિલ્લાના મોઢેરા ગામ ખાતે આવેલું પ્રાચીન સૂર્ય મંદિર સંકુલ છે. મોઢેરા સૂર્ય મંદિર પુષ્પાવતી નદીના કાંઠે આવેલું છે. આ સૂર્યમંદિરનું નિર્માણ સોલંકી વંશના રાજા ભીમદેવ સોલંકીએ ઇસ ૧૦૨૬-૧૦૨૭માં (વિક્રમ સંવત ૧૦૮૩) કર્યું હતું. તે ૨૩.૬° અક્ષાંશ વૃત્ત પર કર્કવૃત્ત નજીક બંધાયેલું છે. આ સ્થાન પહેલાં સીતાની ચૌરી અને રામકુંડ તરીકે સ્થાનિકોમાં જાણીતું હતું. હાલના સમયમાં આ મંદિરમાં પૂજા થતી નથી. આ મંદિર ભારતીય પુરાતત્વ ખાતા દ્વારા રાષ્ટ્રીય મહત્વનું સ્મારક જાહેર કરાયેલ છે. મંદિરનું સ્થાપત્ય મારુગુર્જર શૈલીમાં છે અને ત્રણ અક્ષીય બાંધકામો ધરાવે છેઃ ગર્ભગૃહ (ગભારો) કે જે ગૂઢમંડપ (હૉલ)માં છે, બાહ્ય હૉલ કે જે સભામંડપ કે રંગમંડપ તરીકે ઓળખાય છે, અને પવિત્ર કુંડ.

સભામંડપનું બાંધકામ ગૂઢમંડપની સાતત્યમાં નથી પણ થોડું દૂર એક અલગ બાંધકામ તરીકે છે. બંને બાંધકામો ઉંચા ચબૂતરા પર બંધાયેલ છે. તેમનાં શિખરો, ઉપરની છતને બાદ કરતાં, ઘણાં વર્ષો પહેલાં ભાંગી પડેલાં છે. બંનેની છતોનો વ્યાસ ૧૫ ફૂટ ૯ ઇંચ જ છે પણ તે સંપૂર્ણ અલગ અલગ રીતે બંધાયેલી છે. ગૂઢમંડપ ૫૧ ફૂટ માપ ધરાવે છે અને તે સમાન રીતે બે ભાગ હૉલ અને ગર્ભગૃહમાં વિભાજીત થયેલું છે. બંને લંબચોરસ પ્લાનના છે. ગર્ભગૃહ અંદરથી ૧૧ ફૂટનો ચોરસ છે અને તેની બહારની દિવાલ તથા ગૂઢમંડપની અંદરની દિવાલ વડે પ્રદક્ષિણામાર્ગનું નિર્માણ થાય છે. શિખર અત્યારે અસ્તિત્વમાં નથી અને ગભારાનું નિર્માણ એ રીતે થયું છે કે સૂર્ય સંપાત (એ દિવસ કે જ્યારે દિવસ અને રાત બંને સરખા હોય) વખતે તે સૂર્યના પ્રથમ કિરણો સૂર્યની પ્રતિમા પર પડે; અને દક્ષિણાયણ (વર્ષનો લાંબામાં લાંબો દિવસ) વખતે ભરબપોરે સૂર્ય બરાબર માથા પર હોય અને ગૂઢમંડપનો કોઈ પડછાયો જમીન પર ન પડે. સભામંડપ કે રંગમંડપ ચતુષ્કોણીય બાંધકામ ધરાવે છે કે જેમાં દરેક વિકર્ણના બિંદુ પરથી પ્રવેશદ્વાર પણ આપેલો છે. સભામંડપમાં કુલ ૫૨ કંડારેલા સ્તંભો છે.

કુંડ

પવિત્ર કુંડ, કે જેને રામકુંડ અથવા સૂર્યકુંડ પણ કહેવાય છે, તે લંબચોરસીય છે. તેનું માપ ઉત્તરથી દક્ષિણ દિશામાં ૧૭૬ ફૂટનું અને પૂર્વથી પશ્ચિમમાં ૧૨૦ ફૂટનું છે. તેની પર ઘણી બધી દેરીઓ આવેલી છે અને પશ્ચિમ બાજુમાં એક મધ્યમ રીતે સુશોભિત વાવ પણ છે. અહીંના બે સ્તંભો સૂચવે છે કે કોઈક સમયે કિર્તીતોરણ પણ હતું. ગુજરાતનું પ્રવાસન ખાતું દર વર્ષે ૩ દિવસનો નૃત્ય મહોત્સવ જાન્યુઆરીના ત્રીજા સપ્તાહમાં ઉત્તરાયણ પછી યોજે છે, જે ઉત્તરાર્ધ મહોત્સવ તરીકે ઓળખાય છે.આ મહોત્સવનો હેતુ ભારતીય શાસ્ત્રીય નૃત્યોનો તેવી રીતે પ્રદર્શિત

કરવાનો છે, જે રીતે તે વાસ્તવિકતાથી રજૂ થતાં હતાં.

તારંગા

તારંગા તીર્થ કે તારંગા ગુજરાત રાજ્યમાં આવેલી એક મોટી ટેકરી છે, જે ભૌગોલિક રીતે અરવલ્લી પર્વતમાળાનો ભાગ છે જ્યારે રાજકીય રીતે મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકામાં આવેલી છે. બારમી સદીમાં અહીં શ્વેતાંબર સોલંકી રાજા કુમારપાળે ભગવાન અજિતનાથના એક ખૂબ સુંદર મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. અમદાવાદ શહેરથી ૧૪૦ કિમી દૂર સ્થિત તારંગા જૈન મંદિરો માટે જાણીતું તીર્થસ્થળ છે. આ પહાડી વિસ્તારને જૈન સિદ્ધ ક્ષેત્ર પણ કહેવાય છે. પહાડી ઉપર ચૌદ દિગંબર અને પાંચ શ્વેતાંબર મંદિર બનાવવામાં આવેલાં છે. એમ માનવામાં આવે છે કે આ પહાડીઓના શિખર પર અનેક સંતોએ મોક્ષ પ્રાપ્ત કર્યો હતો.

તારંગામાં આવેલું અજિતનાથ દેરાસર

તારંગા ૧૨મી સદીમાં એક મહત્ત્વનું જૈન તીર્થસ્થળ બની ગયું. સોમપ્રભાચાર્યના કુમારપાલ પ્રતિબોધમાં જણાવ્યા અનુસાર સ્થાનિક બૌદ્ધ રાજા વેણી વત્સરાજા અને જૈન સાધુ ખાપુતાચાર્ય દ્વારા વિક્રમ સંવત ૧૨૪૧માં દેવી તારા માટે મંદિર બનાવ્યું હતું અને આ રીતે આ નગરનું નામ તારાપુર રાખવામાં આવ્યું હતું. મુખ્ય મંદિરનું નિર્માણ ચાલુક્ય રાજા કુમારપાલ (૧૧૪૩ - ૧૧૭૪) દ્વારા કરવામાં આવ્યું હતું. રાજા કુમારપાલ આચાર્ય હેમચંદ્રના માર્ગદર્શનમાં જૈન ધર્મના અનુયાયી બન્યા બાદ આ મંદિર દ્વિતીય તીર્થંકર અજિતનાથના સન્માનમાં બંધાવ્યું હતું.

અજીતનાથ મંદિર

આ મંદિર ૫૦ ફૂટ (૧૫ મીટર) લાંબું, ૧૦૦ ફૂટ (૩૦ મીટર) પહોળું અને ૧૪૨ ફૂટ (૪૩ મીટર) ઊંચું છે. તેની પરિમિતિ ૬૩૯ ફૂટ (૧૯૫ મીટર) છે. આ મંદિરનું ૯૦૨ ફૂટ (૨૭૫ મીટર) ઊંચું લાકડાનું શિખર સુંદર રીતે કોતરવામાં આવ્યું છે. ઈ.સ. ૧૧૬૧માં પૂર્ણ થયેલ આ મંદિર મારુ-ગુર્જર સ્થાપત્યશૈલીનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ છે. મંદિરનો ઢાંચો વર્તમાનમાં પણ અકબંધ છે અને ધાર્મિક ઉપયોગમાં છે. શિખર અને મંડપની અધિરચના બંને શૈલીમાં "સૌથી જટિલ" છે. મંદિરની રચનાશૈલીની શરૂઆત ભૂમિજા (મંદિર સ્થાપત્યની એક શૈલી) શૈલીના લઘુ મિનારાઓની ત્રણ હરોળથી શરૂ થાય છે, આગળ વધતાં તે સેખરી શૈલી તરફ વળે છે, જ્યાં નાના મિનારાઓ જુદી જુદી લંબાઈના હોય છે અને એકબીજા પર આધ્યારોપિત થાય છે. મંડપની ઉપર, સૌથી નીચલા સ્તરમાં લઘુ કદના મિનારાઓની હારમાળા ચાલુ રહે છે, જેની ઉપર છતનું છીછરું સમતલ, નાના મિનારાઓ અને કળશની કિનારી સાથે જોડાયેલું હોય છે.

સપાટીને ગવાક્ષ શૈલીથી (ઘોડના નાળ આકારની સંરચના શૈલી) આકૃતિઓ અને મધુકોશથી સજાવવામાં આવી છે, આ આકૃતિઓ "જીવંત મુદ્રાઓ, મુખાકૃતિઓ અને વસ્ત્રો"થી સજાવવામાં આવેલી છે.

મંદિરની આંતરિક સજાવટમાં દ્વિતીય તીર્થંકર અજિતનાથની ૨.૭૫ મીટર ઊંચી સફેદ આરસપહાણની બનેલી પ્રતિમા આવેલી છે. મંદિરની જમણી બાજુએ ઋષભ દેવ અને ૨૦ તીર્થંકરોના પગના નિશાન છે અને ડાબી બાજુ ગૌમુખાનું મંદિર, સમવશરણ અને જાંબુદ્વિપ ચિત્ર છે. મુખ્ય મંદિરના બાહ્ય મંચ પર પદ્માવતી અને કુમારપાલની મૂર્તિઓ છે. કારતક અને ચૈત્ર માસની પૂર્ણિમા દરમિયાન મંદિરની યાત્રા કરવાનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. આસપાસના મંદિરોમાં વિવિધ મૂર્તિઓ છે. એકમાં તીર્થંકરોના ૨૦૮ નિરૂપણો સાથેનો આરસપહાણની સળંગ શિલા છે.

સોમનાથ

સોમનાથ ગુજરાત રાજ્યમાં સૌરાષ્ટ્રના સાગરકાંઠે આવેલું ભવ્ય મંદિર છે. ભગવાન શિવના ૧૨ પવિત્ર જ્યોતિર્લિંગમાનું પ્રથમ જ્યોતિર્લિંગ અહીં સોમનાથમાં છે. સોમનાથનો ઉલ્લેખ ઋગ્વેદમાં પણ થયો છે. મંદિરની ખ્યાતિથી લલચાઈને લુંટ તથા ધર્માંતરણ કરવાને ઈરાદે આવેલા અનેક વિનાશકારી વિદેશી આક્રમણકારો સામે સોમનાથનું આ મંદિર અડીખમ રહ્યું છે. મંદિરનો જ્યારે જ્યારે વિનાશ કરવાનો પ્રયત્ન થયો છે, ત્યારે ત્યારે તેને ફરીને બાંધવામાં આવ્યું છે. દંતકથા અનુસાર, સોમ એટલે ચંદ્ર ભગવાને સોનાનું, રાવણે ચાંદીનું અને શ્રી કૃષ્ણે લાકડાનું મંદિર બાંધ્યું હતું. ચંદ્રદેવને ૨૭ પત્નીઓ હતી જેને આપણે આજે ૨૭ નક્ષત્રોના નામોથી ઓળખીએ છીએ. તે બધી દક્ષ પ્રજાપતિની પુત્રીઓ હતી. તેમાંથી રોહિણી નામવાળી પત્ની સાથે ચંદ્ર સદાય પ્રેમમગ્ન રહેતા. બાકીની ૨૬ પત્નીઓ કે જે સગી બહેનો હતી તે પતિ વિયોગે ઉદાસ રહેવા લાગી. એક દિવસ પિતા દક્ષ દીકરીઓનું દુઃખ જાણીને દુભાયા અને જમાઈ ચંદ્રને આજ્ઞા કરી કે દરેક પત્ની સાથે સરખો પ્રેમભાવ રાખવો. પણ ચંદ્રે વડીલની આજ્ઞા અવગણી. આથી દક્ષરાજે ક્રોધે ભરીને તેમને "ચંદ્ર તારો ક્ષય થાય." એવો શ્રાપ આપ્યો. આથી કરીને દિન-પ્રતિદિન ચંદ્રની પ્રભા (તેજ- પ્રભાવ) ઘટવા લાગ્યું અને ચંદ્ર આખરે નિસ્તેજ થઇ ગયા. આથી પ્રજાપિતા બ્રહ્માની સલાહથી સૌથી પ્રિય પત્ની રોહિણી સાથે ચંદ્રએ આ સ્થળે 'પ્રભા' પાછી મેળવવાની આશા સાથે પ્રભુ શિવનું ધ્યાન કર્યું અને તપસ્યા કરી. તેણે આ ક્ષેત્રમાં શિવજીની મહામૃત્યુંજય મંત્રથી પૂજા કરી હતી.તપથી પ્રસન્ન થયેલા શિવ શંકરના અનુગ્રહથી

ચંદ્રનો શ્રાપમાંથી આંશિક છૂટકારો થયો. ત્યારથી શિવજીની કૃપાથી ૧૫ દિવસ સુધી વધતો (સૂદ અથવા કૃષ્ણ પક્ષ) અને પછી ૧૫ દિવસ ઘટતો (વદ અથવા શુકલ પક્ષ) ચંદ્ર થાય છે.

મધ્ય કાલીન યુગમાં સોમનાથનું પહેલું મંદિર ૨૦૦૦ વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવ્યું હોવાનું કહેવાય છે. ઇ.સ. ૬૪૯ની સાલમાં વલ્લભીવંશના શાસક રાજા મૈત્રકે પહેલાં મંદિરનો જીર્ણોદ્ધાર કરી તેના સ્થાને બીજું મંદિર બનાવ્યું. આ સમય સને ૪૮૭ થી ૭૬૭ સુધીનો ગણાય છે. પરમારોના એક શિલાલેખ મુજબ માળવાના ભોજ પરમારે અહીં મંદિર બંધાવ્યું હતું. આ મંદિર ૧૩ માળ ઊંચું હતું અને મંદિરના દ્વાર હીરાજડિત હતા. તેના ઉપર ૧૪ સુવર્ણ કળશો વિરાજમાન હતા. તેની ઉંચે ફરકતી ધજાથી નાવિકો તેને સોમનાથનું મંદિર પિછાણી તે તરફ વહાણો હંકારતા. ઈ.સ. ૭૫૫ માં વલ્લભી સામ્રાજ્યના પતન સાથે આરબ આક્રમકોએ સોમનાથનું પતન કર્યું. સિંધના અરબ શાસક જૂનાયદે તેની સેના લઈ મંદિર પર હુમલો કરી મંદિરનો નાશ કર્યો હતો. પ્રતિહાર રાજા નાગ ભટ્ટ બીજાએ ૮૧૫માં ત્રીજી વખત લાલ પથ્થર (રેતીયો પથ્થર) વાપરી મંદિરનું નિર્માણ કર્યું.

૧૦૨૫ની સાલમાં મહંમદ (કે મહમૂદ) ગઝનવીએ પ્રભાસનો મજબૂત કિલ્લો હિંદુઓ સાથેના ૮ દિવસ ચાલેલા લોહીયાળ જંગ પછી તોડ્યો. રાજા ભીમદેવ પહેલા હાર્યા. ૫૦,૦૦૦ હિન્દુઓની કતલ થઇ. તેણે મહાદેવજીની પાંચ ગજ ઉંચી અને બે ગજ પહોળી મૂર્તિ તોડવા માંડી ત્યારે શિવભક્ત ભૂદેવોએ તેને તે સમયે પાંચ કરોડ રૂપિયા આપવાની તૈયારી બતાવી. પણ તેણે કહ્યું: રૂપિયા લેવા કરતાં મને મૂર્તિ ભાંગવામાં વધારે મજા પડે છે! અને આખરે સોમનાથ લૂંટાયું અને તેણે સળગાવીને તેનો વિનાશ કરવામાં આવ્યો. શિવલિંગના ટુકડે-ટુકડા કરવામાં આવ્યા. એટલું જ નહિ, તે શિવલિંગના ટુકડાઓ તે પોતાની સાથે પાછો ગઝની લઇ ગયો અને ત્યાંના એક મસ્જિદના પ્રવેશદ્વારના પગથિયાંની નીચે તેમને દાટી દીધા કે જેથી મુસલમાનો હંમેશા એમના ઉપર પગ મૂકીને [અપમાનિત કરીને] મસ્જીદમાં પ્રવેશી શકે. મહમૂદને એક જ માસમાં રાજા પરમદેવે ત્યાંથી ભગાડ્યો.

૧૦૨૬-૧૦૪૨ના સમયમાં માળવાના પરમાર રાજા ભોજ તથા અણહિલવાડ પાટણના સોલંકી રાજા ભીમદેવે ચોથા મંદિરનું નિર્માણ કર્યું. તે જીર્ણ થતાં સમ્રાટ કુમારપાળે સને ૧૧૬૯માં આ મંદિરની રચના પુન: કરાવીને ફરીથી મંદિરની મહિમાનો અને જાહોજલાલીનો યુગ શરૂ કર્યો. આ પછી ૧૨૦ વર્ષે, સને ૧૨૯૯ની સાલમાં જ્યારે દિલ્લી સલ્તનતે ગુજરાતનો કબજો કર્યો ત્યારે અલ્લાઉદ્દીન ખીલજીના સેનાપતિ ઉલુઘખાને મૂર્તિના ટુકડે ટુકડા કર્યા અને ગાડામાં ભરીને તે દિલ્હી લઇ ગયો. સોમનાથનો વિનાશ કરવામાં આવ્યો. અગિયારમી સદીમાં

આ વિનાશ પહેલા સોમનાથની સમૃદ્ધિ કેટલી વિપુલ હતી તેનો ઉલ્લેખ મળે છે કે સ્થાનિક રાજાઓએ મંદિરના નિભાવ માટે ૧૦,૦૦૦ ગામડાં અર્પણ કર્યા હતા. આ પવિત્ર સ્થળમાં ૨૦૦ મણ વજનની સાંકળો ઉપર સોનાની ઘંટડીઓ ઝૂલતી હતી, જેના દ્વારા શિવપૂજાના સમયની જાહેરાત કરાતી. ૫૬ જેટલા સાગના વિરાટ સ્તંભો ઉપર આ મંદિર ઉભું હતું. સેંકડો નટ-નટીઓ નૃત્ય કરી ભગવાન શિવને રીઝવતા. થાંભલે થાંભલે હિન્દુસ્તાનના રાજવીઓના નામ, ઈતિહાસ અને ખજાના ભર્યા હતા. માત્ર અને માત્ર ગંગાજીના પાણીથી જ અહીં પૂજન થતું. ભોયરામાં રત્નો અને સોનાના ભંડારો હતા. પરંતુ મૂર્તિ ગઈ, લૂંટ થઇ. પછી ફરી મંદિર વેરાન બની ગયું. એ પછી રા'નવઘણ ચોથાએ માત્ર લિંગની પ્રતિષ્ઠા કરી અને રાજા મહિપાળ દેવે સને ૧૩૦૮ અને ૧૩૨૫ વચ્ચે સમગ્ર મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. સને ૧૩૪૮ માં રાજા રા'ખેંગાર ચોથાએ સોમનાથમાં રહેતા મુસ્લિમ હાકેમને હાંકી કાઢ્યો. પરંતુ માત્ર ૭૦ જ વર્ષ પછી સને ૧૩૯૪-૯૫માં ગુજરાતના ધર્માંધ સુલતાન મુઝઝફરખાન બીજાએ તેનો ફરીથી મૂર્તિ સહિત વિનાશ કર્યો.  મંદિરમાં મસ્જિદ બનાવી. મૌલવીઓ અને કાઝીઓ રાખ્યા. સોમનાથ ફરી એક વાર ભ્રષ્ટ કરાયું. લોકોએ થોડા જ વર્ષોમાં ફરી નવી મૂર્તિ પધરાવી. સને ૧૪૧૪ માં અમદાવાદનો સ્થાપક અહમદશાહ પહેલો મૂર્તિ ઉઠાવીને લઇ ગયો અને સોમનાથ પાયમાલ કરી મૂક્યું. એ પછી સને ૧૪૫૧માં રા'માંડલિકે મુસ્લિમ થાણા ઉઠાવી પુનઃ મંદિર પ્રતિષ્ઠા કરી. પરંતુ, ૧૫મી સદીમાં મહમદ બેગડો (સને ૧૪૫૯ થી ૧૫૧૧) ચઢી આવ્યો. તેણે મંદિરને મસ્જીદમાં ફેરવી નાખ્યું. ઈ.સ. ૧૫૬૦માં અકબરના સમયમાં મંદિર હિન્દુઓને પાછું મળ્યું અને પાછો પુનરુદ્ધાર થયો. ત્યાર બાદ શાંતિનો સમય ૨૦૦ વર્ષ સુધી ચાલ્યો. એ પછી ઔરંગઝેબ અને માંગરોળના શેખે મંદિરની અવદશા કરી. ૧૭૦૬ની સાલમાં મોગલ શાસક ઔરંગઝેબે મંદિરના સર્વનાશનો હુકમ કર્યો અને ફરીથી મંદિર તોડી પાડ્યું. ભારત દેશ સ્વતંત્ર થયો તે પહેલાનો મંદિરનો છેલ્લો જીર્ણોદ્ધાર સને ૧૭૮૭ માં મહારાણી અહલ્યાબાઈએ કરાવ્યો.

સોમનાથ મંદિર

ભારતના લોખંડી પુરૂષ તથા પહેલા નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે નવેમ્બર ૧૩, ૧૯૪૭નાં રોજ મંદિરનું પુનઃનિર્માણ કરવાની પ્રતિજ્ઞા કરી. આજના સોમનાથ મંદિરનું તેની મૂળ જગ્યા પર સાતમી વખત નિર્માણ થયું. ૧૧ મે ૧૯૫૧ના દિવસે કે જયારે મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા થઇ ત્યારે તત્કાલીન ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે જ્યોતિર્લિંગની પ્રતિષ્ઠાન કરવાની વિધી કરી ત્યારે કહ્યું કે, "સોમનાથનું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતિક છે". ૧૦૧ તોપોનું મહાદેવજીને સન્માન અપાયું. નૌકાદળે સાગરમાંથી તોપો ફોડી. સેંકડો બ્રાહ્મણોએ વેદઘોષ કરીને પ્રતિષ્ઠા કરી. શ્રી સોમનાથ

ટ્રસ્ટ હેઠળ મંદિરનું નિર્માણ થયું છે અને આ ટ્રસ્ટ હવે મંદિરની દેખરેખ કરે છે. સરદાર પટેલ આ ટ્રસ્ટનાં પ્રથમ ચેરમેન હતાં અને ભુતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ પણ આ પદે રહ્યા હતા.

ચાલુક્ય શૈલીથી બાંધેલું આજનુ "કૈલાશ મહામેરુ પ્રાસાદ મંદિર" ગુજરાતના સોમપુરા કારીગરોની કલાનું અદભૂત પ્રદર્શન કરે છે. મૂળ સોમનાથ મંદિર ત્રિકૂટાચલ પ્રકારનું હતું. છેલ્લા ૮૦૦ વર્ષમાં આ પ્રકારનું નિર્માણ થયું નથી. સાગર કિનારે આવેલા સંસ્કૃતમાં લખેલા શિલાલેખ પ્રમાણે, મંદિર તથા પૃથ્વીના દક્ષિણ ધ્રુવની વચ્ચે ફક્ત સમુદ્ર જ આવેલ છે અને કોઈ જમીન નથી.

કુંભારિયા જૈન મંદિરો

કુંભારિયા જૈન મંદિરો ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના કુંભારિયામાં પાંચ શ્વેતાંબર જૈન મંદિરોનો સમૂહ છે. ચાલુક્ય વંશના શાસન દરમિયાન ૧૦૬૨ થી ૧૨૩૧ સુધી તેમનું નિર્માણ કાર્ય કરવામાં આવ્યું હતું, તેઓ તેમના વિસ્તૃત સ્થાપત્ય માટે જાણીતા છે. કુંભારિયા, ચૌલુક્ય વંશના સમયગાળા દરમ્યાન સૌથી મહત્વપૂર્ણ જૈન કેન્દ્રોમાંનું એક હતું. એવું કહેવામાં આવે છે કે આ પ્રદેશમાં એક સમયે ૩૬૦ મંદિરો અસ્તિત્વમાં હતા પરંતુ જ્વાળામુખીને કારણે સૌ નાશ પામ્યા અને હવે ફક્ત પાંચ જ રહ્યા છે.આ પાંચ જૈન મંદિરોનું નિર્માણ ૧૦૬૨ થી ૧૨૩૧ સુધી કરવામાં આવ્યું: મહાવીર મંદિર ૧૦૬૨ માં બંધાવવામાં આવ્યું હતું. આ પ્રાચીન જૈન મંદિર છે.

- શાંતિનાથ મંદિરનું નિર્માણ ૧૦૮૨ માં થયું હતું.
- પાર્શ્વનાથ મંદિર ૧૦૯૪ માં સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહ દ્વારા બંધાવવામાં આવ્યું હતું.
- નેમિનાથ મંદિર જયસિંહ સિદ્ધરાજના શાસન દરમિયાન બંધાવવામાં આવ્યું હતું.
- સંભવનાથ મંદિર ૧૨૩૧ માં બંધાવવામાં આવ્યું હતું.

અલબત્ જ્વાળામુખી દ્વારા કોઈ પણ મંદિરોનો નાશ થવાની શક્યાતા ઓછી છે કારણ કે ભારતમાં આંદામાન ટાપુઓ સિવાય ૫૦૦ હજાર વર્ષથી સક્રિય જ્વાળામુખીનો કોઈ પુરાવો નથી. ભારતમાં ભૂકંપ પ્રવૃત્તિ જોકે નોંધપાત્ર છે અને તે આવા મંદિરોના વિનાશ માટે જવાબદાર હોઈ શકે છે. કુંભારિયા જૈન મંદિરો તેમના વિસ્તૃત સ્થાપત્ય માટે પ્રખ્યાત છે. દેલવાડા મંદિરો, ગિરનાર જૈન મંદિરો અને તારંગા જૈન મંદિરની સાથે, તેમને ચાલુક્ય સ્થાપત્યના ઉત્તમ ઉદાહરણો માનવામાં આવે છે. કુંભારિયા જૈન મંદિર સંકુલમાં આવેલા મહાવીર, શાંતિનાથ અને પાર્શ્વનાથ મંદિરો ભારતના કેટલાક પ્રખ્યાત જૈન મંદિરોમાં સ્થાન ધરાવે છે. આ પાંચ આરસના મંદિરો કદ, છબી કોતરણી અને સ્થાપત્ય વિગતમાં અલગ

અલગ છે, દરેકની પોતાની લાક્ષણિકતાઓ છે. દરેક મંદિર વિસ્તૃત આંગણા સાથે રક્ષણાત્મક દિવાલોથી ઘેરાયેલું છે.

મહાવીર મંદિર

મહાવીર મંદિર, જેને આરાસણ સમગચ્છિયા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે જૈન ધર્મનો એક ગચ્છ છે આ શબ્દ આરસ પરથી ઉતરી આવ્યો છે.  આ મંદિરની આરસની છત બાહુબલીના જીવનના દ્રશ્યો દર્શાવે છે. ઉપલી તક્તીમાં બાહુબલી અને ભરત ચક્રવર્તીન વચ્ચેના યુદ્ધનું ચિત્રણ છે, જેમાં બંને સૈન્યના ઘોડાઓ, હાથીઓ અને સૈનિકો દર્શાવાયા છે. નીચલી તક્તી બે ભાઈઓ વચ્ચે દ્વંદ્વ યુદ્ધ દર્શાવે છે. મધ્ય તક્તીમાં ધ્યાનસ્થ બાહુબલી તરફ આવતા ભરત અને તેની પત્ની દર્શાવાયા છે.  એક અન્ય છત તેમના માતાપિતા સાથે ભૂતકાળ અને ભવિષ્યના તીર્થંકર દર્શાવે છે. મંદિરના મંડપની ટોચમાં બહુ સ્તરીય સમવસરણનું ચિત્રણ છે.

શાંતિનાથ મંદિર

શાંતિનાથ મંદિર મહાવીર મંદિર જેવું જ છે.  શિલાલેખો અનુસાર, શાંતિનાથ મંદિર મૂળ ઋષભનાથને સમર્પિત હતું.  આ મંદિરમાં અષ્ટાપદનું ૧૨૧૦ની તારીખનું એક મહત્વપૂર્ણ ચિહ્ન છે. અષ્ટાપદની મૂર્તિ એક હીરાની આકારની વેદી છે જે ૨૪ તીર્થંકરોની મૂર્તિઓ સાથેના પર્વતને દર્શાવે છે જેમનું બે સ્તરો પર, ચારેય મુખ્ય દિશાઓ તરફ મુખ કરેલું છે. ચિહ્નની ટોચ પર ઋષભનાથની સમવશરણી ચૌમુખી મૂર્તિ દર્શાવવામાં આવી છે.

પાર્શ્વનાથ મંદિર

પાર્શ્વનાથ મંદિરની છત કોતરણી ધરાવે છે જેમાં વિમલ વસહી મંદિરની જેમ પાર્શ્વનાથ નાગેશ્રની ફેણ નીચે બેઠેલા છે.  અજિતનાથ મંદિરની પથ્થરની બેઠક પર હાથીનું પ્રતીક છે. મંદિરમાં ઉચ્ચ સ્થાને નવ દેવ-કુલિકાની કૃતિઓ છે. તોરણ - સ્તંભની કોતરણીમાં  વિદ્યાદેવી, અપરૈચક્ર, પુરુષદત્ત , મહાકાલિ, વજ્રશંખ, વજ્રંકુષ, અને રોહીણી ની મૂર્તિઓ છે.  મંદિરમાં સર્વનાહ અને અંબિકાની મૂર્તિઓની સાશન-દેવતા તરીકે સ્થાપના કરવામાં આવી છે.

નેમિનાથ મંદિર

નેમિનાથ મંદિરના સ્તંભો વિમલ વસાહીની જેમ સુશોભિત રીતે કોતરવામાં આવ્યા છે. આ મંદિરમાં હિન્દુ દેવ ગણેશની એક મૂર્તિ છે જે લુણા વસાહી અને રણકપુર જૈન મંદિર સમાન

છે. મંદિરમાં અપરાચક્ર, વજ્રશૃંખલા, સર્વસ્ત્ર-મહાજ્વલા, રોહિણી અને વૈરોત્ય, જેવી વિદ્યા-દેવીઓની લઘુ કોતરણી કરવામાં આવી છે, પશ્ચિમ ભારતમાં ૧૧ મી અને ૧૨ મી સદી દરમિયાન આ મૂર્તિઓ પ્રખ્યાત હતી. એક શિલાલેખ મુજબ, મુનિસુવ્રત બિમ્બની સ્થાપના ઈ. સ. ૧૨૮૧ ( વી. સં. ૧૩૩૮) માં થઈ હતી.

સંભવનાથ મંદિર

સંભવનાથ મંદિર એક નાનું મંદિર છે જે ચાલુક્ય સ્થાપત્યનું વિશિષ્ટ ઉદાહરણ છે. મહાવીર મંદિરમાં એક શિલાલેખ મુજબ, આ મૂર્તિને "પાહિની" દ્વારા ૧૦૮૫ માં ભેટ આપવામાં આવી હતી અને આ મંદિર મૂળ શાંતિનાથને સમર્પિત હતું. મંદિરની મૂળ મૂર્તિ પછીથી વિકૃત થઈ અને તેને નવી મૂર્તિથી બદલવામાં આવી. મંદિરની છત પર દેવી સરસ્વતીની મૂર્તિ છે. આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ દ્વારા આ મંદિરોનું સમારકામ, નવીનીકરણ, ફેરફાર અને સંચાલન કરવામાં આવે છે

દેલવાડા

દેલવાડા ભારતના રાજસ્થાન રાજ્યના સિરોહી જિલ્લામાં માઉન્ટ આબુ વિસ્તારમાં આવેલું સ્થળ છે. જે તેનાં જૈન મંદિરો માટે પ્રખ્યાત છે. આ મંદિરો તેની વાસ્તુકલા અને શિલ્પ માટે ખુબ વિખ્યાત છે. દેલવાડાના મંદિરોનું બાંધકામ ૧૧મી અને ૧૩મી સદી દરમિયાન કરવામાં આવ્યું હતું. આબુ પર્વત ઉપર કેટલાક મંદિરો બનાવાયા હતા. અહીં બે પ્રસિધ્ધ સંગમરમરના મંદિર આવેલા છે. જેને દેલવાડાનાં મંદિર કહેવામાં આવે છે. સોલંકી નરેશ ભીમદેવ પ્રથમના મંત્રી વિમલ શાહે 11મી સદીમાં વિમલવસાહી નામનું મંદિર બનાવ્યું હતું. લોકવાયકા અનુસાર વિમલશાહે પહેલાં કુંભારિયામાં પાર્શ્વનાથ ના 360 મંદિર બનાવ્યા હતા. પરંતુ દેવી અંબાએ કોઇ વાતથી નારાજ થઇને પોતાની દ્રષ્ટિથી પાંચ મંદિરો સિવાય બધા જ સળગાવી દીધા તથા વિમલશાહને દેલવાડામાં આદિનાથનું મંદિર બનાવવાનો આદેશ સ્વપ્નમાં આપ્યો. તેણે પરમાર નરેશ પાસેથી 56 લાખ રૂપિયામાં જમીન ખરીદી આ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. આ મંદિરમાં પચાસથી વધારે કક્ષ બનાવવામાં આવેલા છે.

મંદિરનું પ્રવેશ દ્વાર ગુંબજવાળા મંડપમાં થઇને બનાવવામાં આવ્યું છે. જેની સામે એક ચોરસ ભવન છે, જેમાં છ સ્તંભ અને દસ હાથીની મૂર્તિઓ છે. તેની પાછળ મધ્યમાં બનેલા મુખ્ય ગર્ભગુહમાં ધ્યાન મૂદ્રામાં અવસ્થિત આદિનાથની મૂર્તિ આવેલી છે. જેની આંખો હીરાની છે. આ મંદિર બારીક નક્કાશી અને અદભુત મૂર્તિકારી માટે પ્રસિધ્ધ છે. પાષાળ શિલ્પકળાનું આટલું સરસ ઉદાહરણ અન્ય કોઇ જગ્યાએ જોવા મળતું નથી. મંદિરનો બાહરી ભાગ અત્યંત

સાદો છે. જ્યારે અંદરનો ભાગ અલંકૃત છે. સફેદ સંગમરમરના ગુંબજનો અંદરનો ભાગ, દીવાલો, છત, તથા સ્તંભ બધા પર નક્કાશી જોવા મળે છે.મૂર્તિકારીમાં વિવિધ પ્રકારના ફૂલ-પત્તાં, પશુ-પક્ષી, માનવ આકૃતિઓ વગેરે એટલી બારીકીથી કોતરવામાં આવી છે કે જાણે શિલ્પીઓની શેણીએ કઠોર સંગમરમરને મીણ બનાવી દીધો હોય.

વિમલવસાહી મંદિરની નજીકમાં જ બીજું મંદિર આવેલું છે.તેને તેજપાલ દ્વારા બનાવવામાં આવેલું છે. નિર્માતાના નામ ઉપરથી જ તેને તેજપાલ મંદિર કહેવામાં આવે છે. આ પણ એક ભવ્ય અને સુંદર મંદિર છે. મંદિરમાં ઠોસ સંગમરમરની લટકણ આવેલી છે. જે સ્ફટિકમણીથી બનેલી હોવાનું પ્રતીત થાય છે. તેની ચારે બાજુ ગોળાઇમાં ખોદીને કમલ પુષ્પ બનાવવામાં આવેલું છે. પથ્થરો પર કોતરેલી અનેક આકૃતિઓ મનોહર છે. ગર્ભગ્રુહમાં નેમિનાથની પ્રતિમા સ્થાપિત છે. તથા કક્ષના દ્વાર મંડપો ઉપર તેમના જીવનમાંથી લીધેલી અનેક ગાથાઓ  કોતરવામાં આવેલી છે. ફર્ગુશનના શબ્દોમાં કેંદ્રીય ગુંબજ અડધા ખીલેલા કમળ સમાન દેખાય છે. તેની પાંખડીઓ એટલી પાતળી, પારદર્શક, તથા કુશળતાથી કોતરવામાં આવેલી છે કે તેની પ્રશંસા કરતાં આંખો સ્થિર થઈ જાય છે.

વિમલવસાહી અને તેજપાલ મંદિરો સિવાય આબૂ પર્વત ઉપર કેટલાક અન્ય જૈન મંદિરો આવેલા છે. પર્વતના શિખર પર મંદિર નિર્માણની હરિફાઇ લાગી હોય એવું જણાઇ આવે છે. કારણ કે ઉંચા પર્વત સ્થાનને દેવતાઓ આવાસ માટે સૌથી પવિત્ર માનવામાં આવે છે.  મંદિર પરિસરમાં ચારે બાજુ નાના નાના મંદિરો આવેલા છે. જેમાં જૈન તીર્થંકરો અથવા દેવતાઓની બેઠેલી પ્રતિમાઓ જોવા મળે છે.  તેમના શિખર નાની મીનારોથી સુશોભિત છે. મંદિરની અંદરની છતો ઉપર કોતરીને ચિત્રકારીઓ કરવામાં આવી છે. વાસ્તુની દ્રષ્ટિથી આ મંદિર બહુ સુંદર તો નથી પરંતુ બધા જ મંદિર તેની સુક્ષ્મ અને સુંદર નક્કાશી માટે પ્રસિધ્ધ છે. તેમાં સફેદ સંગમરમરના પથ્થર લગાવવામાં આવેલા છે.

આ સમયગાળા દરમ્યાન બાંધવામાં આવેલા અન્ય મંદિરોમાં ખેડબ્રહ્માનું બ્રહ્મા મંદિર, દેલમાલ ખાતે આવેલ લિંભોજી માતાનું મંદિર,સુણોકમાં આવેલું નીલકંઠ મહાદેવ મંદિર, ગંજા ખાતે તળાવના કિનારે આવેલું વિષ્ણૂ મંદિર, મહેસાણાના ખેડામાં દુર્ગેશ્વર મહાદેવ મંદિરનો સમાવેશ થાય છે. પાવાગઢનું લકુલેશ મંદિર આ સમયગાળાની સ્થાપત્યશૈલી દર્શાવે છે. પાટણ જિલ્લાના ધનોજ ખાતે વાઘેશ્વરી/ખંભાલાઈ માતાનું મંદિર મોઢેરા સૂર્યમંદિરના સમયગાળામાંજ બાંધવામાં આવ્યું હતું. માઉન્ટ આબુ પર આવેલા અચલેશ્વર મહાદેવ અને જગન્નાથ મંદિરો આદિનાથ મંદિરના સમકાલીન હતા. મહેસાણા નજીક ગોરદ ખાતે સોમેશ્વરનું નાનકડું મંદિર;

પાટણ જિલ્લાના સંડેર ખાતે શિવ મંદિર અને સંડેરી માતાનું મંદિર ૧૧મી સદીનું છે. સૌરાષ્ટ્રના માધવપુરામાં આવેલું ખંડેર મંદિર સંડેર ખાતે આવેલા શિવ મંદિરનું સમકાલીન છે. પંખનાથ મહાદેવ અને ખેડબ્રહ્માના અંબિકા મંદિરોના પ્રારંભિક અવશેષો પણ આ સમયગાળાના છે. પાટણ ખાતે આ સમયગાળાના મંદિરના થાંભલા અને સ્તંભોનો ખાન સરોવરના નિર્માણમાં પુનઃ ઉપયોગ કરવામાં આવ્યો છે. ધોળકાની ટંકા મસ્જિદમાં ભદ્રકાના ચાર થાંભલા છે, જેનો ઉપયોગ આ યુગના એક નાનકડા મંદિરમાંથી કરવામાં આવેલો છે. નવીનીકરણ થયેલું સૂર્ય મંદિર અને પ્રભાસ પાટણમાં દૈત્યસુદાન વિષ્ણુને સમર્પિત બીજું મંદિર પણ આ સમયગાળાનું છે. જેના ઉપર સોલંકી કાળની મંદિર સ્થાપત્ય કળાનો સ્પષ્ટ પ્રભાવ જોવા મળે છે.

સંદર્ભ


1. Kantilal F. Sompura, The Structural Temples of Gujarat, Upto 1600 A.D., Gujarat University. p. 97. (1968)
2. A. K. Majumdar, Chaulukyas of Gujarat, Bharatiya Vidya Bhavan (1956)
3. પ્રાચીન ભારત કા ઇતિહાસ તથા સંસ્કૃતિ, કે.સી.શ્રીવાસ્તવ,યુનાઇટેડ બૂક ડિપો, 2018
4. પ્રાચીન ભારત કા ઇતિહાસ,વી.ડી. મહાજન,એસ.ચંદ એન્ડ કંપની પ્રા.લિ.,પ્રા.લિ.,1962


# સંત શ્રીમન્ન નથુરામ શર્માનું સામાજિક પ્રદાન


**ડૉ. સંગીતા એન. બકોત્રા**

ઈતિહાસ વિભાગ, શ્રી અને શ્રીમતી

પી. કે. કોટાવાલા આટ્ર્સ કોલેજ, પાટણ


## ❖ પ્રસ્તાવના :

**વૈદિક યુગથી માંડીને આજ સુધી આ દેશમાં ઋષિમુનિઓ અનેક સંતો, મહંતો શુરાઓ થઈ ગયા જેઓએ આપણા દેશને કોઈને કોઈ સ્વરૂપે મદદ કરી છે. અને ઉપયોગી બન્યા છે. એવો જ સૌરાષ્ટ્ર પ્રદેશ સંતો અને શુરાઓ માટે ખૂબ જ પ્રખ્યાત છે, એવા સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ મોજીદડ ગામે નથુરામ શર્મા થઈ ગયા કે જેણે બીલખામાં આનંદાશ્રમની સ્થાપના કરી તેના દ્વારા સમાજને માટે કંઈક નવુ આપવાનું કાર્ય કર્યું. તેઓ ગુજરાતના ક્રાંતિકારી વિચારવાળા સંત હતા આવા સંતોએ આપણા દેશની સમાજ વ્યવસ્થા અને સંસ્કૃતિ ટકાવી રાખવામાં ખૂબ જ અગત્યનો ફાળો આપ્યો છે. સામાજિક પરંપરાઓ અને સંસ્કારોની જાળવણી આવા સંતોના સંગથી અથવા તો તેણે સમાજને આપેલી પ્રેરણાથી થઈ શકે સમાજના ઉત્કર્ષ માટે નથુરામ શર્માએ પોતાના**

વિચારોને લેખન સ્વરૂપે રજૂ કરી અને સમાજ વ્યવસ્થા જળવાઈ રહે અને આપણી ભારતીય સંસ્કૃતિ કાયમને માટે ટકી રહે તેવા શુભ વિચારો આપ્યા છે.

નથુરામ શર્માએ લોક ઉપયોગી વિચારો આપેલા છે. અનેક પુસ્તકોનું લેખન કરીને પણ કોઈને કોઈ રીતે આ સમાજને ઉપયોગી બને તેવું શુભકાર્ય કર્યુ છે. વર્ણ વ્યવસ્થા પર પણ તેમણે પ્રકાશ ફેંકયો છે. ભારતીય સંસ્કૃતિનું સ્થાન અને લોકોને વ્યવસાય પ્રત્યે જાગૃત રહેવું જોઈએ. તેમજ કુટુંબપ્રથા, બાળલગ્ન વિધવાઓનું કાર્ય તેમજ સમાજ ઉપયોગી એવા ઘણા જ કાર્યો કરેલા છે.

આ ઉપરાંત સમાજને આગળ લાવવા અને સમાજને ઉપયોગી બને તે માટે અલગ – અલગ સ્થળોએ પણ આશ્રમોની સ્થાપના કરી છે. જેમાં બીલખા આનંદાશ્રમ, પોરબંદર, અમદાવાદ, મોજીદડ, અડવાણા, લીંબુડા, ધ્રાફા વગેરે જગ્યાએ આવા સમાજ ઉપયોગી કાર્યો થાય તે માટે આશ્રમોની સ્થાપના કરી છે. આ બધા આશ્રમોમાં પણ સમાજ ઉપયોગી એવા ઘણા સામાજિક અને ધાર્મિક કાર્યો કરવામાં આવે છે. આશ્રમોમાં નથુરામ શર્મા દ્વારા લખાયેલું સાહિત્ય ઉપલબ્ધ છે જે લોકોને ઉપયોગી બની રહે છે.નથુરામ શર્માએ પોતાના સામાજિક વિચારોને પણ લોકો સુધી પહોંચાડવા માટે અનેક ગ્રંથોનું આલેખન કરેલું છે.

તેમજ નથુરામ શર્મા પોતાના જીવનપર્યત ઘણા બધા પ્રશ્નોનું તો તેઓ રૂબરૂ ચર્ચા કરીને સમાધાન પણ કરતા હતા, ઘણા બધા પ્રશ્નોનું સમાધાન તેઓ પત્ર વ્યવહાર દ્વારા કરતા હતા.

તેમણે વ્યવહાર કેવો હોવો જોઈએ તે અંગે પણ લોકોને સમજાવ્યું છે. તેમજ વ્યવસાય કુટુંબ અને ભાઈ – ભાઈ વચ્ચેના સંબંધો તેના કર્તવ્યો વિશેની બાબતો સમજાવી છે.

આમ, નથુરામ શર્માએ સમાજ વ્યવસ્થાને જાળવી રાખવા માટે ઘણા બધા ગ્રંથોની રચના કરી છે, જે આવતી પેઢીને પણ ઘણી બધી ઉપયોગી નીવડશે. આ રીતે નથુરામ શર્માનું સામાજિક ક્ષેત્રે ઘણું પ્રદાન છે. તે તેમના ગ્રંથો અને મુખપત્રો દ્વારા કહી શકાય.

## ❖ સમાજ ઉપયોગી કાર્યો :

સમાજ ઉપયોગી અનેક પ્રકારના કાર્યો કરવામાં આવે છે. આવા શ્રેષ્ઠતમ કાર્યને આગળ વધારવા માટે નથુરામ શર્માએ પોતે ખૂબ જ લેખન કરી, સમાજ ઉપયોગી બને તેવું ઘણું સાહિત્ય તૈયાર કર્યુ છે. આ સાહિત્ય દ્વારા સમાજને અનેક ક્ષેત્રો માટે તે માહિતી ખૂબ જ ઉપયોગી બની રહે તેવી છે. સમાજના વિકાસ માટે કંઈક નવુ પરિવર્તન લાવવા માટે ઘણું કાર્ય જરૂરી છે, જેમાં સમાજ દ્વારા જ આ વ્યવસ્થા ટકી રહે છે.

આમ જોઈએ તો આવા લેખન દ્વારા જ સાચી સમજ અને માહિતી લોકો સુધી પહોંચી શકે છે. આવું સમાજ ઉપયોગી સાહિત્ય તૈયાર કરી સમાજના એક ઉપયોગી વ્યકિત નથુરામ શર્મા હતા.

સમાજમાં જોવા મળતા ઘણા બધા દૂષણો છે. જેમને અટકાવવા માટેનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો છે. જેવા કે વ્યસન, વ્યસનોથી કેટલી હાની પહોંચે છે તે માટે તેમણે સમજાવ્યું છે. એક સારા એવા ડૉકટર સલાહ આપે કે વ્યસનો શું નુકશાન કરે ? તેથી તેમણે લોકોને આવા વ્યસનોથી દૂર રહે એ માટે તેમણે તેમના લેખન દ્વારા

અને રૂબરૂ પણ સમજાવ્યું હતું. સાથે સાથે સમાજમાં જોવા મળતા અમુક પ્રકારના રિવાજો જેવા કે મરણ પાછળ થતો ખર્ચ, લગ્નથી થતા ખોટા ખર્ચ વગેરે. પરંતુ આ બાબત ખાસ કરીને બ્રાહ્મણોને ઉદ્દેશીને કહેવામાં આવી છે. તેઓ બ્રાહ્મણ જ્ઞાતિને વધુ મહત્વ આપતા હોય એવું એમના અમુક પ્રકારના સાહિત્યને વાંચતા લાગે છે.

તેમણે અન્ય જ્ઞાતિ માટે પણ કાર્ય કર્યુ છે પરંતુ ખાસ તેઓ બ્રાહ્મણ જ્ઞાતિને લગતું કાર્ય વધારે કરતા હોય એવું લાગે છે

સાથે – સાથે સમાજમાં અમુક લોકોના પ્રશ્નોના તેમણે મૌખિક અથવા તો લેખિત સ્વરૂપમાં જવાબો પણ આપ્યા હતા. તેઓ લોકો સાથે અલગ – અલગ પ્રકારનો વાર્તાલાપ પણ કરતા હતા. સમાજના ઘણા બધા લોકોની મુશ્કેલી દૂર કરવાનો પ્રયત્ન તેઓએ કર્યો હતો એમ કહી શકાય.

## ❖ લોક ઉપયોગી કાર્યો :

આખી સમાજ વ્યવસ્થા એક બીજાના કોઈને કોઈ રીતે સહકારથી ચાલે છે આવી સમાજ રચનામાં ઘણા બધા લોકો પોતાનું આખુ જીવન લોક ઉપયોગી કાર્યોમાં ગાળતા હોય છે. આપણા સમાજને ઉપયોગી બની રહે તેવું ઘણું બધું સાહિત્ય આપણા લેખકો, ઋષિમુનિઓ, સંતો અને મહાન લોકોના જીવનમાંથી પ્રેરણા રૂપે ઘણું બધું આપણને મળ્યું છે. આવુ લોક ઉપયોગી કાર્ય કરનાર નથુરામ શર્માએ પણ ઘણું ખરું તેમનું કાર્ય આશ્રમોની સ્થાપના કરીને તેમણે કર્યું હતું. અમુક લોક ઉપયોગી કાર્ય પોતાના લેખિત સાહિત્ય દ્વારા સમાજને કોઈને કોઈ રીતે ઉપયોગી બનવાનો તેઓએ પ્રયત્ન કર્યો છે.

ખાસ કરીને બ્રાહ્મણ સમાજના ઉત્કર્ષ માટે તેમણે તેઓને ઘણી બધી સલાહો આપેલી છે. જો તેમણે આવુ કાર્ય ન કર્યું હોત તો કદાચ આ સમાજને આટલું બધુ ધાર્મિક ક્રિયાકાંડો તેમજ સનાતનધર્મ પરંપરા અને સંસ્કૃતિને લગતુ આટલું જ્ઞાન પ્રાપ્ત ન થઈ શકત એમ કહી શકાય.

આ લોક ઉપયોગી કાર્યોમાં તેઓએ લોકોને અનેક પ્રકારના ધાર્મિક કાર્યોની સમજુતી આપી છે અહી હાલમાં પણ આશ્રમોમાં આવુ કાર્ય કરાવવામાં આવે છે. અનેક પ્રકારનું સાહિત્ય પણ લોકોને વાંચવા માટે આપવામાં આવે છે. આ સાહિત્ય માટે પુસ્તકાલય પણ ઊભુ કરવામાં આવ્યું છે અને ધાર્મિક ક્રિયાઓ પણ કરાવવામાં આવે છે. સાથે સાથે ઉત્સવોની ઉજવણી કરવામાં પણ આવે છે. તેમાં સામૂહિક ભોજન કરાવવામા આવે છે. આશ્રમમાં ધાર્મિક પ્રવૃત્તિઓમાં યજ્ઞો, જનોઈ આપવાની ક્રિયા વગેરે પ્રવૃત્તિ કરાવવામાં આવે છે.[૧] સંસ્કૃત પાઠશાળા દ્વારા બ્રાહ્મણોનો ઉદ્ધાર કરવા અને ક્રિયાકાંડનું શિક્ષણ આપવામાં આવે છે. આશ્રમમાં લોકોને રહેવાની પણ વ્યવસ્થા આપવામાં આવે છે. અમુક પ્રકારના નિયમો છે જે નિયમોનું પાલન કરીને લોકોએ ત્યાં રહેવાનું હોય છે.

આમ, લોક ઉપયોગી એવું ઘણું કાર્ય તેઓએ કર્યુ છે અને આજે પણ આ પરંપરા ચાલી રહી છે.

## ❖ લગ્ન સંબંધી સુધારાઓ :

સમાજમાં લગ્નને વેદકાળથી જ સ્થાન આપવામાં આવ્યું છે. લગ્નને એક પવિત્ર બંધન તરીકે ગણવામાં આવે છે. પ્રાચીન સમયથી જ સ્ત્રી અને પુરૂષને લગ્ન સંબંધથી જોડવાની પ્રથા ચાલી આવે છે. લગ્ન એક પવિત્ર સંસ્કાર છે, અને પવિત્ર બંધન છે. મહાભારત કાલીન સમાજમાં પણ ગૃહસ્થજીવનને

શ્રેષ્ઠ ગણવામાં આવતું હતું.[૨] ચાર આશ્રમોમાં પણ ગૃહસ્થાશ્રમને પ્રથમ સ્થાન આપવામાં આવે છે. આ આશ્રમની શરૂઆત લગ્ન સંબંધથી થાય છે. વેદોમાં અને ઉપનિષદ્દોમાં ગૃહસ્થજીવનને અગ્રિમતા આપવામાં આવી છે. ગૃહસ્થ ધર્મની બધી સુખ શાંતિ તેમજ કર્તવ્ય પાલન આ પવિત્ર બંધન પર આધારિત છે. આમ નથુરામ શર્માએ પણ લગ્નને યોગ્ય પાત્ર સાથે કરવા વધારે પડતો ઉમરનો તફાવત ન હોવો જોઈએ અને સાદાયથી વિધિ વિધાનો જળવાય રહે તે રીતે લગ્ન કરવાનું સૂચન કરેલ છે.

## ❖ હિન્દુ ધર્મમાં લગ્નને સ્થાન :

હિન્દુ ધર્મમાં ૧૬ સંસ્કારોનું વિવરણ છે. તેમાંથી લગ્ન સંસ્કારને સમાજની સંરચના અને ગૃહસ્થજીવનમાં વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. પ્રાચીન સમયમાં પણ લગ્ન સંસ્કારમાં દેવ, ગાંધર્વ, બ્રાહ્મણ અને સ્વયંવર વગેરે આઠ પ્રકારના લગ્નનો ઉલ્લેખ મળી આવે છે.

પ્રાચીન સમયના લગ્નમાં પણ હવનને સ્થાન આપવામાં આવતું હતું વર અગ્નિની સાક્ષીએ કન્યાનો ધર્મપત્ની તરીકે સ્વીકાર કરતો હતો.[૩] પતિ – પત્ની એક બીજાને વચન આપી અને સાતફેરા દ્વારા લગ્નની સમાપ્તિ થઈ જતી હતી, પરંતુ અગ્નિની સાક્ષીએ વર કન્યાએ પરસ્પર પ્રતિજ્ઞા કરવાનું તેને બધા ધર્મોમાં લગ્નનો આધાર માનવામાં આવે છે. આ દરેક દંપતિનો સનાતન ધર્મ છે.

–પુરોહિત દ્વારા હોમ

–દંપતિની અગ્નિ પ્રદક્ષિણા

–પાણી ગ્રહણ

–સપ્તપદી પછી જ લગ્ન સંપન્ન ગણાતા[૪]

## ❖ ગૃહસ્થીની ભોજન પ્રત્યેની ફરજ :

સમાજ વ્યવસ્થિત ટકાવી રાખવા માટે કુટુંબનું કાર્ય ખૂબ જ અગત્યનું બની જાય છે આ વ્યવસ્થા ગૃહસ્થો દ્વારા જ જળવાય રહે છે.

શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે અતિથિ દેવો ભવઃ એટલે કે અતિથીને દેવ તરીકેનું સન્માન આપી અને તેનો યોગ્ય આદર સત્કાર કરી અને ગૃહસ્થ સ્ત્રી – પુરૂષોએ પોતાના વહાલા જ્ઞાતિ બંધુઓને તેમજ ભાઈઓ સગા–સંબંધીઓ તેમજ ભોજન મળવાની ઈચ્છાવાળાઓ અને વિકલાંગજનોને તેમજ બાળકોને અને વૃદ્ધોને ભોજન આપવું જોઈએ.[૫] એવી દરેક ગૃહસ્થની ફરજ છે માટે અન્નનું દાન પણ કરી શકાય અને ભૂખ્યાને ભોજન પણ મળી રહે છે.[૬] આવાં અન્નદાન આપતી ઘણી બધી સંસ્થાઓ પણ આપણા સમાજમાં જોવા મળે છે. તેમજ

સતત દરેક લોકોને ભોજન આપે તેવી સદાવ્રતની ઘણી–બધી જગ્યાઓ પણ સૌરાષ્ટ્રમાં જોવા મળે છે. જેમાં વિરપુર જલારામ બાપાની જગ્યા, તેમજ ભાવનગર જીલ્લામાં આવેલ બગદાણા તેમજ સતાધાર, પરબ વગેરે જગ્યાએ લોકોને ભોજન આપવામાં આવે છે.

નથુરામ શર્માએ ભોજન વિશેની ઘણી બાબતો આ સમાજને ઉપયોગી બને તેવું જણાવ્યું છે. તેમના જણાવ્યા પ્રમાણે વ્યકિતએ ભોજન સમયસર લેવું જોઈએ અને ખાસ કરીને અન્નનો ત્યાગ ન કરવો જોઈએ.

અન્નથી જ આપણા પ્રાણ સામે રક્ષણ મળે છે અન્નની નિંદા કરવી નહિ એ પણ એક વ્રત છે. અન્ન સામે પ્રાણ છે. યથા આચાર તથા વિચારની પ્રણાલી પ્રમાણે જેવું ખાઈએ તેવા વિચારો આવે અને અન્ન દ્વારા જ શરીર સ્થિર બને છે માટે શરીરને ટકાવી રાખવા માટે યોગ્ય પોષક ભોજન જરૂરી છે.

નથુરામ શર્માએ યોગ ઉપર ઘણું બધું આલેખન કર્યુ અને સમાજને ભેટ સ્વરૂપે આ ગ્રંથો આપ્યા છે. તેમાં ખાનપાનની પણ વિશેષ ચર્ચા કરેલી જોવા મળે છે. ખાનપાનની સવિશેષ આપેલ માહિતીમાં યોગ્ય આહારમાં પીણાની પણ વાત કરી છે. પીણાની દ્રષ્ટિએ છાશને અમૃત સમાન ગણાવી છે. અને આયુર્વેદમાં પણ છાશના ખૂબ ગુણ ગવાય છે.[૭] અને છાશ પીવાથી કોઈ બીમારી થતું નથી છાશ દ્વારા વાત, પિત્ત અને કફ જેવા રોગોનો નાશ થાય છે. દેવો માટે જેમ અમૃત છે તેમ પૃથ્વીલોકમાં લોકો માટે છાશ ને અમૃત સમાન ગણાવી છે.

તેમના જણાવ્યા પ્રમાણે છાશ પીનાર વ્યકિત લાંબુ આયુષ્ય ભોગવે છે. અને નિરોગી રહે છે અને આથી જ અમૃતની સાથે તેમની તુલનામાં છાશને મુકી હશે.

ખાસ કરીને બપોરના ભોજન પછી છાશ લેવાની ભલામણ કરવામાં આવે છે. જાણીતા રશિયન જીવજ્ઞાનિક ઈધ્યામેકની કોપ દીર્ધાયુના પક્ષનો ઉકેલ લાવવા પ્રયત્ન કરનાર પ્રથમ હતા. તેમાં વૃદ્ધત્વની પ્રક્રિયાને (બીમારી) ગણાવી છે. વૃદ્ધત્વ આવવાનું કારણ મોટા આંતરડામાં એક પ્રકારના જીવ પ્રવૃત્તિથી ઉત્પન્ન થતું વિષ છે. તેમ તેમણે જણાવ્યું છે.

આ વિષનો નાશ કરવાથી દીધાર્યુષી બની શકાય છે. તે વિષને અટકાવવા લેફટિક એસીડ બેકટેરીયા છાશમાંથી ઉત્પન્ન થતી ખટાશથી અથવા ખાટા રસથી થાય છે દહીં છાશમાં લેકટિક એસિડ બેકટેરિયા મોટા પ્રમાણમાં હોય છે અને છાશનો ઉપયોગ કરવાથી ઘડપણ લાવનાર પ્રક્રિયા ધીમી પડે છે.અને તેથી છાશ ખાનાર મનુષ્ય આયુષ્યવાળો થાય અને એટલા માટે છાશને અમૃત સાથે સરખાવવામાં આવી છે.

નથુરામ શર્માના મતાનુસાર ભોજન કઈ દિશામાં બેસીને લેવુ જોઈએ તે બતાવ્યું છે. માત્ર ચાર ખુણાઓ બાજુ મુખ રાખીને ન જમવું દક્ષિણ બાજુ મુખ રાખીને ન જમવું. દક્ષિણ બાજુ યમની પુરી હોવાથી તે બાજુ મુખ રાખીને ન જમવું તેવી રૂઢી બતાવી છે.

મૃગચર્મ ઉપર જપ અને યજ્ઞો બધા કર્મો કરવામાં આવે છે. તેથી ગૃહસ્થાદિથી મૃગચર્મ ઉપર બેસીને ભોજન ન કરી શકાય, બ્રહ્મચારી અથવા સન્યાસી પાણી દૂધ મૃગચર્મ પર બેસીને પી શકે છે.[૮]

શરીરની વૃદ્ધિ માટે ભોજન જરૂરી છે માટે તેઓ જણાવે છે કે શરીરની વૃદ્ધિ માટે વિધિવત્ ભોજન કરવું જોઈએ. અપથ્ય આહારનો ત્યાગ કરી પથ્ય આહાર લેવો જોઈએ. અતિ આહાર પણ મનને હાનિ કરે છે. માટે વધારે પડતો આહાર લેવો નહિ જળ અને પ્રાણ માટે ઉદરમાં પુરતો અવકાશ રાખી જમવું જોઈએ

તેઓએ ભોજનના પદાર્થોને વધારે પડતા ખાઈ અને અપચો થાય તેટલું ભોજન ન લેવું તેવું સૂચન કર્યું છે અતિ આહાર મનુષ્યના શરીર અને ઈન્દ્રિયોના બળને અને બુદ્ધિબળને ક્ષીણ કરે છે અને આવા લોકો હાંસીને પાત્ર પણ બને છે. અથવા તો તિરસ્કાર પામે છે માટે સમજુ બ્રાહ્મણો એ યોગ્ય આહાર લેવો જોઈએ. ડુંગળી, લસણ, ગાજર અને અતિ મરચાં કે બહુ તેલ પણ ન ખાવુ કારણ કે લસણ અને ડુંગળીથી સાત્વિક તામસી બને છે. મરચાં જેવા પદાર્થોમાં સાત્વિક દ્રવ્ય વધારે હોય છે. જે બળહીન બનાવે છે, જેથી વિવેકી બ્રાહ્મણો એ આવું ખાવું જોઈએ નહિ.

વર્ષો પહેલા જે રૂઢીચુસ્ત રીવાજોમાં લગ્નમાં બળદના માંસને ખાણાની વાત પણ યોગ્ય જણાતી નથી માટે તેઓનું કહેવું છે કે, આ રીવાજ પણ અયોગ્ય ગણાવ્યો છે.

પ્રાચીન સમયમાં ક્ષત્રિયોને બ્રાહ્મણો સ્વેચ્છાએ માંસનું ભક્ષણ કરતા હશે તેમને માંસનું ભક્ષણ છોડાવવા તથા અહિંસાને માર્ગે વાળવા માટે વિષ્ણુસ્મૃતિ આદિમાં કહેવાયું છે તે પ્રમાણે કોઈપણ દ્વિજે યજ્ઞમાં વેદના મંત્રો વડે પવિત્ર કર્યા વિનાનું માંસ ન ખાવું જોઈએ તેવું તેઓનું કહેવું છે.[૯]

ક્રોધનું મૂળકારણરૂપ અંતઃકરણમાં રહે તો વિશેષ તમોગુણ ઘટાડવા માટે કયા – કયા તામસી આહાર મનુષ્યે ન લેવા તેમ કહ્યું છે એના આધારે એમ કહી શકાય કે જેવું અન્ન તેવું મન અને મન એવા વિચારો અને વિચાર એવી તેની ક્રિયા અને ક્રિયા તેવું ફળ માટે ક્રોધ દુષ્ટ વિકારોથી બચી પરમાત્માની પ્રાપ્તિના માર્ગમાં નિષિદ્ધ આહાર ત્યજીને સાત્વિક આહાર લેવો એ આવશ્યક ગણી શકાય તેવુ નથુરામ શર્માનું કહેવું છે.

## ❖ ઉત્તરક્રિયાનું સંવત્સરીનું અને શ્રાદ્ધના તામસી ભોજનથી થતી હાનિ વિશે :

વૈદિક યુગથી ચાલી આવતી પરંપરા આપણા સમાજના ઘણા બધા વિધિ વિધાનો જોવા મળે છે અને દરેક માણસને ગર્ભાધાનથી લઈ મૃત્યુ સુધીના અલગ – અલગ સંસ્કારોમાંથી પસાર થવાનું હોય છે આપણા સમાજમાં આવા ઘણા બધા વિધિ વિધાનો થતા જોવા મળે છે.

આવા વિધિ વિધાનની સાથે સાથે અમૂક બાબતો એક રિવાજ સ્વરૂપે જોવા મળે છે અને લોકો તે મુજબ માણસના મુત્યુ પછી તેની ઉત્તરક્રિયા કરવાનો રિવાજ આપણા સમાજમાં છે તેમાં ભોજન બનાવવામાં આવતું હોય છે અને તે ભોજન પોતાના સગા વહાલા લોકો ભેગા મળીને લેતા હોય છે.

એકવાર શ્રાદ્ધ ભોજન કર્યા પછી જે અધમ બ્રાહ્મણ તે દિવસે બીજી વખત જમે છે,તે ભૂંડનો અવતાર પામે છે અથવા કીડો થઈ જન્મે છે, એમા શંકા નથી[૧૦]

નથુરામ શર્માએ બ્રાહ્મણોને અનુસરી વિશેષ સૂચનો કર્યા છે. તેઓ બ્રાહ્મણોને ખાસ કરીને ઉપદેશ આપતા જણાવે છે કે ઉત્તરક્રિયા અને શ્રાદ્ધનું તામસી ભોજનની વાત પણ તેમણે તેને અનુલક્ષીને કરી છે કે સમજુ બ્રાહ્મણો

છે તે ઉત્તરક્રિયાના પ્રસંગમાં ભોજન કરવા જતા નથી. જયાં સંબંધને લીધે ગયા વિના ચાલે તેમ ન હોય ત્યાં બની શકે તો સમજુ બ્રાહ્મણોએ ભોજન લેવું નહિ ચાલીસ વર્ષની અંદરના બ્રાહ્મણની ઉત્તરક્રિયા, બહુ જ સાત્વિક ભાવથી ગંભીર પુરૂષ કે સ્ત્રીએ જમવા જવું ન જોઈએ.[૧૧] અને બ્રાહ્મણે એ બ્રાહ્મણ જ્ઞાતિના ભોજનની પવિત્રતા જાળવવી જોઈએ.

બધાને જમવાના બધા પદાર્થો પીરસાય તે ધ્યાન રહે તેવી જ્ઞાતિના મુખ્ય માણસોએ વ્યવસ્થા જાળવવી જોઈએ બ્રાહ્મણોની સંખ્યા વધે છે ત્યારે પવિત્ર જમણની વ્યવસ્થા જળવાતી નથી તેવું તે તેઓનું કહેવું છે.[૧૨]

## ❖ સ્ત્રીઓની કૌટુંબીક જવાબદારી અંગે :

આ દુનિયાની શરૂઆત થઈ ત્યારથી સ્ત્રીનું સ્થાન સમાજમાં કેન્દ્ર સ્થાને જોવા મળે છે કારણ કે સ્ત્રીએ કૌટુંબીક જવાબદારી અદા કરવાની હોય છે માટે ખાસ કુટુંબની તમામ જવાબદારી સ્ત્રીની રહે છે.

કુટુંબમાં સ્ત્રીઓની જવાબદારી મોટા ભાગે ઘરકામની અને કૌટુંબીક જવાબદારી નિભાવવાની હોય છે.

પરંપરાગત ભારતીય સમાજમાં સ્ત્રીની ભૂમિકા ગૃહિણી તરીકે ઘરની ચાર દિવાલ પુરતી સિમિત હતી. કૌટુંબીક બાબતો અંગે નિર્ણય લેવામાં તે સહભાગી બની શકતી નહી. નિર્ણય પિતા,પતિ અથવા તો સાસુ–સસરા લેતા હતા, સ્ત્રીઓ એ બાળ ઉછેરમાં પણ ધ્યાન આપવાનું રહેતું હતું.

ઘરકામમાં તે સતત કાર્યરત રહેતી હતી તેમાં તેને ફુરસદ કે આરામનો અવકાશ રહેતો નહી. પુત્રી તરીકે તે માતાના કામમાં મદદરૂપ બનતી, પત્ની તરીકે પતિવ્રતાની ફરજો બજાવતી, સતતકામ કરવું અને મર્યાદામાં રહેવું તે તેની ફરજો ગણાતી હતી.[૧૩] પતિની તાબેદારીમાં રહેવું તે તેની ફરજ ગણાતી હતી.

બ્રિટીશ અમલ દરમિયાન ભારતમાં પશ્ચિમી સંસ્કૃતિનો પ્રવેશ થયો અને તેના પ્રભાવ હેઠળ કુટુંબમાં સ્ત્રીના સ્થાનમાં સુધારો કરવા માટે સુધારકો દ્વારા પ્રયાસો થવા લાગ્યા હતા અને એ સુધારણાના પ્રયાસોના ફળ સ્વરૂપે ભારતમાં સ્ત્રી શિક્ષણનો પ્રારંભ થયો સામાજિક કાયદા અમલમાં આવવા લાગ્યા. ઉદ્યોગીકરણ અને શહેરીકરણની પ્રક્રિયા વિકસવા લાગી, આથી શિક્ષણ, આરોગ્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં અને વ્યવસાયોમાં સ્ત્રીઓનો પ્રવેશ શકય બન્યો. સ્વાતંત્ર્ય સંગ્રામે સ્ત્રી જીવન ઉપર વ્યાપક અસરો ઉપજાવી અને તેમાં સ્ત્રીઓએ પુરૂષો જેવી વિવિધ ભૂમિકાઓ ભજવવાની શરૂ કરી બ્રિટિશ અમલ દરમિયાન આવા પરિબળો અને પ્રક્રિયાઓએ કુટુંબમાં અને સમાજમાં સ્ત્રીઓની ભુમિકામાં સમાનતા, સ્વાતંત્ર્ય અને લોકશાહી ઢબના પરિવર્તનોનો પ્રારંભ કર્યો સ્વતંત્ર ભારતના બંધારણે સ્ત્રીઓને પુરૂષોની સમકક્ષ તકો અને અધિકારો આપ્યા તથા તેને અનુરૂપ સામાજિક કાયદા અમલમાં મુકવામાં આવ્યા હતા. સ્ત્રી, શિક્ષણ સ્ત્રીને રક્ષણ અને સલામતી સ્ત્રીનાં આર્થિક – ઉત્કર્ષ સ્ત્રીના આરોગ્ય વગેરેને લગતા વિવિધ કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા.

આ બધાના પ્રભાવ હેઠળ બ્રિટિશ અમલ દરમિયાન કુટુંબમાં સ્ત્રીની ભૂમિકામાં પરિવર્તનોની જે પ્રક્રિયા વિકસી તે વધુ દ્રઢ બનવા ઉપરાંત વ્યાપક અને સર્વાંગી તથા એકંદરે સાર્વત્રિક બનવા લાગી.

આમ, સ્વતંત્ર ભારતમાં કુટુંબમાં સ્ત્રીની ભુમિકામાં આમૂલ પરિવર્તન આવી રહ્યું છે.

## ❖ ઉપસંહાર :

ભારતીય સમાજની પરંપરાઓને ટકાવી રાખવા માટે ઘણા બધા સંતો, સુધારકો એ મહત્વનો ફાળો આપ્યો છે અને આ બધાએ સમાજ માટે કંઈકને કંઈક નવું એવું કાર્ય કરેલું છે કે જેથી તેઓ સમાજને એક યા બીજી રીતે ઉપયોગી બન્યા છે. તેવા જ બીલખાના આનંદાશ્રમમાં નથુરામ શર્મા થઈ ગયા કે જેઓએ પોતાના જીવન દરમિયાન ઘણુ બધુ એવુ સાહિત્ય લખ્યું છે કે જે આવતી પેઢીને પણ ઉપયોગી બની રહે સમાજના ઉધાર માટેના ઘણા બધા કાર્યો તેઓ એ કર્યા હતા લોકોને ઉપયોગી બની રહે તેવા તેમણે ઘણા બધા ઉપદેશો લોકો સુધી પહોંચાડીને તેઓએ લોક ઉપયોગી કાર્ય કરેલું છે. નથુરામ શર્માએ લગ્નમાં સુધારા કરી અને લગ્ન પાછળ થતા ખોટા ખર્ચ અટકાવવા લોકોને ઉપદેશ આપ્યા હતા. તેમજ તેમણે લગ્ન અને મરણ પાછળના ખોટા ખર્ચા અટકાવવા માટે ખાસ કરીને બ્રાહ્મણ સમાજ ને ટકોર કરી હતી તેઓએ વિધવા વિવાહ અંગેના પોતાના વિચારો પણ સમાજ સુધી પહોંચાડયા હતા. અને ખાન પાન સંબંધી સુધારા તેઓએ જણાવ્યા હતા. ખાસ કરીને યોગમાં તેમનું સારુ એવું પ્રદાન હતું તેથી ખાસ કરીને લોકોએ ઋતુ પ્રમાણે કેવો ખોરાક લેવો જોઈએ તેવુ તેઓ કહેતા હતા મનુષ્યનું આયુષ્ય ટકાવી રાખવા માટે ખાનપાન સંબંધી કાળજી રાખવી ખૂબ જરૂરી છે તે અંગે પણ તેઓએ પોતાના વિચારોને વહેતા મુકયા હતા. નથુરામ શર્માએ કુટુંબના બધા સભ્યોએ હળી મળીને રહેવું જોઈએ અને કહેવત મુજબ અન્ન ભેગા એના મન ભેગા એ પ્રમાણે કુટુંબના બધા સભ્યોએ સાથે રહેવું જોઈએ ખાસ કરીને કુટુંબ પ્રત્યે સ્ત્રીઓની કેવી ફરજ હોય છે તે અંગે પણ તેઓએ ખાસ વાત કરી છે, અને પોતાના લેખનમાં પણ જણાવ્યું હતું. નથુરામ શર્માએ ઘણા સમય પહેલા આવા સુંદર વિચારો આપી અને સમાજને ઉપયોગી બની રહેવાનું કાર્ય કર્યુ હતું.

આજની આ તુટતી જતી કુટુંબ વ્યવસ્થા જો આવા વિચારોને અમલમાં મુકે તો ખાસ આ સાહિત્ય ખૂબ જ ઉપયોગી બની રહે તેવું છે. સોરઠ પ્રદેશનો આવકારો વખણાય છે કે સોરઠ પ્રદેશમાં મહેમાનોનું ખાસ સ્વાગત કરવામાં આવે છે તે પરંપરા જળવાય રહે તે માટે નથુરામ શર્માએ કહ્યું છે કે મહેમાનોને અટકાવવા નહિ તે ખાસ કરીને ઘરની ગૃહિણીની ફરજ છે. તેવુ તેઓ માનતા હતા ગૃહસ્થીની શું શું ફરજ છે તેના અંગે પણ તેઓએ લોકો સુધી પોતાના વિચારો પહોચાડવાના પ્રયત્ન કર્યો છે.

આજના સમાજને અને ખાસ કરીને યુવા વર્ગને જો કોઈ ખાસ નુકશાન કર્તા હોય તો તે વ્યસન છે. વ્યસનના કારણે માણસ પોતાની સભાનાવસ્થા પણ ગુમાવી બેસતો હોય તેવું ઘણી વખત આપણને જોવા મળે છે. તો આવા વ્યસનોથી શું નુકશાન થાય તે અંગેના તેમણે વિચારો આપી અને આજની આ પેઢીને ખૂબ ઉપયોગી અને પ્રેરણાદાયી બની રહે તેવું સાહિત્ય તેઓએ આપેલ છે. માત્ર આ વિચારો

લોકો સુધી પહોંચે તો ખરેખર આવા વ્યસનોમાં સુધારો આવી શકે નથુરામ શર્માએ સગાવ્હાલાં પ્રત્યે ભાવ રાખવાની વાત પણ કરી છે આજના યુગમાં ઝડપી જીવન હોવાથી લોકો એકબીજાથી ખૂબ નજીક છે,

ટેકનોલોજીના કારણે પરંતુ એકબીજાના હદયથી દૂર જતા રહ્યા છે. માટે સગાવ્હાલા વચ્ચે ઘણી વખત અંતર જોવા મળે છે. પરંતુ આવું અંતર ન રાખવા માટે નથુરામ શર્મા એ પોતાનો વિચાર સમાજને આપ્યો છે. માનવ સ્વભાવની સુધારણા માટે પણ તેમણે જણાવ્યું છે આ ઝડપી યુગની દોડમાં લોકોમાં હરિફાઈમાં હોવાથી પોતાના વ્યવસાયમાં પ્રામાણિકતાનું મૂલ્ય ઓછું થતું ગયું છે. પછી એ કોઈપણ વ્યવસાય હોય. નથુરામ શર્મા ખેડુત, વ્યાપારી, પશુપાલક, વકીલ, શિલ્પી પુરોહિત આ દરેકને પોતાના વ્યવસાય અંગે પ્રામાણિકતા રાખવા માટેનો વિચાર તેઓએ આપેલો છે.

તેમણે લોકોનું પરસ્પરનું કર્તવ્ય કેવું હોવું જોઈએ તે પણ જણાવ્યું છે અને બાળ લગ્નથી શું હાનિ થાય તે વાત પણ તેમણે સમજાવેલી છે. અને ખાસ કરી અને મોટી ઉંમરના પુરૂષ સાથે નાની ઉંમરની કન્યાના લગ્ન કરવા નહિ એવુ તેઓએ જણાવ્યુ છે. અત્યારે આવું ખૂબ જ ઓછા અંશે જોવા મળે છે. પરંતુ તે છતાંય લગ્નની બાબતમાં માતા – પિતાએ યોગ્ય પાત્રની પસંદગી કરીને લગ્ન કરવા જોઈએ. તેઓનું માનવું અત્યારે યોગ્ય પાત્રની પસંદગી માટે નથુરામ શર્માએ તો ખૂબ સમય પહેલાં આવા વિચારો આપ્યો હતો.

આમ નથુરામ શર્માએ સમાજ ઉપયોગી એવુ ઘણું બધું કાર્ય કર્યુ હતું.

## :: સંદર્ભ ::


(૧) સુખમય ભઊાંચાર્ય, **મહાભારત કાલીન સમાજ**, લોકભારતી પ્રકાશન, ઈલાહાબાદ, પ્રથમ સંસ્કરણ ૧૯૯૬, પૃષ્ઠ – ૯

(૨) સુખમય ભઊાંચાર્ય, **'મહાભારત કાલીન સમાજ'**, લોકભારતી પ્રકાશન, ઈલાહાબાદ, પ્રથમ સંસ્કરણ ૧૯૯૬, પૃષ્ઠ – ૩

(૩) ઉપરોક્ત ગ્રંથ, પૃષ્ઠ – ૪

(૪) **'આનંદાશ્રમ'** (માસિક મુખપત્ર) અંક ૪, જૂન સંવત ૧૯૯૪, પૃષ્ઠ – ૪

(૫) ચંદારાણા માણેકયવર્મા, **'શ્રીનાથચરિતામૃત' તૃતીયા પ્રવાહ**, આનંદાશ્રમ બીલખા સવંત ૨૦૦૭, પૃષ્ઠ – ૧૦૮

(૬) **'આનંદાશ્રમ'** (માસિક મુખપત્ર) અંક ૯, નવેમ્બર સવંત ૨૦૦૨, પૃષ્ઠ – ૧૭

(૭) ચંદારાણા, **'શ્રીનાથચરિતામૃત' તૃતીયા પ્રવાહ**, આનંદાશ્રમ બીલખા સવંત ૨૦૦૭, પૃષ્ઠ – ૧૮૬

(૮) ચંદારાણા, **'પૂ. કૃપાનાથન અભિપ્રાય'**, આનંદાશ્રમ બીલખા, ઈ.સ. ૧૯૯૫, પૃષ્ઠ – ૨૦

(૯) ઉપરોક્ત ગ્રંથ, પૃષ્ઠ – ૪૪

(૧૦) મહર્ષિ મનુ મહારાજ રચિત, **'મનુસ્મૃતિ'**, શ્રી હરિહર પુસ્તકાલય સુરત, પૃષ્ઠ – ૭૦

(૧૧) **'આનંદાશ્રમ'** (માસિક મુખપત્ર) અંક ૪, માર્ચ સવંત ૨૦૦૬, પૃષ્ઠ – ૦૫

(૧૨) ચંદારાણા, **'પરમસુખી થવાના ઉપાયો'**, આનંદાશ્રમ બીલખા, ઈ.સ. ૧૯૯૫, પૃષ્ઠ – ૧૯૫

(૧૩) ભટ્ટ સુરેશ મણિશંકર, **'શ્રેયનું પાથેય'**, મુંબઈ, ઈ.સ. ૨૦૦૧, પૃષ્ઠ – ૮

# ભારતની સાંસ્કૃતિક પરંપરાઓ : યુગોથી

**MITALBEN JAYANTILAL PATEL**
Research Scholar in History
H. N. G. University, Patan
Email : mitalnp13@gmail.com

## ભારતના પારંપરિક કલા અને સ્થાપત્યો

ભારતીય સંસ્કૃતિ એ વિશ્વની તમામ "સંસ્કૃતિઓની જનની" છે. સંસ્કૃતિ, પરંપરા, કલા-સ્થાપત્ય આ આદિ અનાદિકાળથી માણસને વારસામાં મળેલ અમૂલ્ય ખજાનો છે. જેના થકી ભારત (ભારત વર્ષ) માં અનેક પ્રાદેશિક સંસ્કૃતિઓ વિકાસ પામેલી છે. ભારતીય સંસ્કૃતિના ઇતિહાસ જોતાં તેના મૂળમાં ધર્મ અને પારંપરિક કળા તથા સ્થાપત્યનું સ્થાન જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં સમય સમયે એક બીજી સંસ્કૃતિઓના સંમિશ્રણ સાથે પોતાની મૂળ ભાવના ને ભૂલ્યા વગર સ્વીકાર કરીને મૂળ પરંપરા પરંપરાઓને આગળ ધપાવતા ખરેખર ભારતીય સંસ્કૃતિ વિશ્વની શ્રેષ્ઠ સંસ્કૃતિ આજે પણ જોઇ શકાય છે. ભારતીય સંસ્કૃતિમાં પારંપરિક કલા અને સ્થાપત્ય માં તેની ભવ્યતા તથા ઐતિહાસિકતા જોવા મળે છે. અલગ-અલગ કલાઓ જેમકે દ્રશ્ય કલા પ્રદર્શન કલા અને પ્રકીર્ણ કલાઓના અભ્યાસ થકી આપણે ભારતીય સંસ્કૃતિ ની ભવ્યતા ના આધારે તથાભૂતકાળના દોષોને દૂર કરી ભવિષ્યની સર્વશ્રેષ્ઠ સંસ્કૃતિ કે પરંપરા આગળ ધપાપાવી વિવિધતામાં એક્તા સૂત્રને આત્મસાત કરી શકાય. મુખ્યત્વે અહીં પરંપરા, સંસ્કૃતિ, કલા, શિલ્પ અને સ્થાપત્ય પર વિશેષ ધ્યાન આપીશું

**પરંપરા** એટલે કે માન્યતા કે પ્રથા પરંપરા ને સરળ શબ્દોમાં સમજતા કોઈ વિષયવસ્તુ વ્યવહાર ને તહેવાર કે પછી અનુભવો એક પેઢીમાંથી બીજી પેઢીમાં અક્ષત પ્રસરણ પામે છે.**સંસ્કૃતિ** માં માણસ જ્યારે કોઈ પણ વિષયવસ્તુ, વ્યવહારો, અનુભવોથી, ધીમે ધીમે દોષો ને દૂર કરતાં પૂર્ણતાને પામે ત્યારે એક ઉત્તમ સંસ્કૃતિ નો ઉદ્ભવ થાય છે **આર્કિટેક્ચર** (સ્થાપત્ય) જે કલ્પનાઓ દ્વારા નિર્મિત કળા અને તકનીક દ્વારા ભાત (ડિઝાઇન) અને મકાન (બિલ્ડીંગ) બનાવવાની કળા કે મકાન કળા છે

**કલા** માણસ ની ભાવનાઓ અને વિચારોની અભિવ્યક્તિ છે તથા કલામાં સંસ્કૃતિ અને પરંપરાઓનું પ્રતિબિંબ જોવા મળે છે ભારતની પારંપરિક કળા માં વિવિધ પ્રકારના કલા સ્વરૂપો હોય છે જેને સમજવા માટે ત્રણ ભાગમાં વર્ગીકૃત કરીને જોવામાં આવે છે દ્રશ્ય કલા, પ્રદર્શન કલા અને પ્રકીર્ણ કલા. **દ્રશ્ય કલા** માં સામાન્ય રીતે સ્થાપત્યો, શિલ્પો, માટીકામ, ચિત્રકામ જેવી

કલાઓ સામેલ છે. અહીં દ્રશ્ય કલામાં આપણે શિલ્પ કે સ્થાપત્ય ને જોઈને તેની સાથે મનથી કે વિચારોથી જોડાઈએ છીએ.

**પ્રદર્શન કલા** માં મુખ્યત્વે ભારતીય સંગીત, નૃત્ય, ભારતીય રંગભૂમિ અને નાટક, કથપુતળી, અને સર્કસ જેવી કલાઓ આવેલી છે. અહી આ કલામાં જીવંત કલાપ્રદર્શન જોતા જ હૃદયથી કે ભાવનાત્મક રીતે જોડાણ અનુભવીએ છીએ. **પ્રકીર્ણ કલા** માં અલગ-અલગ કલાઓ અલગ અલગ ક્ષેત્ર જોવા મળે છે જેમકે ધર્મ, તહેવાર, મેળાવડા, સંસ્થા, ભાષા, ટીપણું કે લેખ તત્વનજ્ઞાન, હસ્તકલા, સિક્કા ચિકિત્સા વિજ્ઞાન ગણિત વગેરે વગેરે.

**દ્રશ્યકલા**માં સ્થાપત્ય અને શિલ્પ સામાન્ય રીતે એકબીજાથી અલગ હોવા છતાં એકબીજા સાથે જોડાયેલ છે સ્થાપત્ય જે તે સમયની કે સંસ્કૃતિની તકનીક કુશળતા (ટેકનિકલ સ્કીલ) તથા રુચિને દર્શાવે છે, ડિઝાઇન અને કોતરણી ની ઉંડી સમજ એ ભારતીય કલાની લાક્ષણિકતા છે. સ્થાપત્યો(આર્કિટેક્ચર) ને સમજવા માટે હડપ્પન સંસ્કૃતિ અથવા સિંધુ સંસ્કૃતિ, બુદ્ધિસ્ટ શિલ્પ-સ્થાપત્ય (મૌર્ય સમય) મંદિરો ના સ્થાપત્ય (ગુપ્ત યુગ, ઉત્તર ભારત, દક્ષિણ ભારત) મધ્યયુગીન સ્થાપત્ય, ભારતીય ઇસ્લામિક સ્થાપત્ય અને આધુનિક શિલ્પ- સ્થાપત્ય જે અલગ-અલગ સમય તેમજ સંસ્કૃતિ અને પરંપરાઓથી સ્થાપત્યોમાં થયેલા બદલાવને જાણીશું.

સંસ્કૃતિ અને પરંપરા એટલે કે રીતરિવાજ એ માણસના જન્મથી લઈને મરણ સુધી વણાયેલ હોય છે. અને આ પરંપરાઓને લીધે જ અલગ-અલગ કલાઓ નો ઉદ્ભવ થાય છે. આવી કલા ઓ મા જે તે સંસ્કૃતિ તથા પરંપરાઓનું પ્રતિબિંબ જોઈ શકાય છે

### સ્થાપત્યકલા

સ્થાપત્ય કલા માં મકાન, મંદિર, વાવ, તળાવ, કૂવા, કિલ્લા, ગુફાઓ, સમાધિ, સ્તૂપો વગેરે જોઈ શકાય છે. અહિં સ્થાપત્યનો અભ્યાસ કરતા જોવા મળે છે કે સ્થાપત્યની સાથે સાથે શિલ્પનું પણ અનેરું સ્થાન છે અને શિલ્પ એક સાથે જ જોવા મળે છે. જેમકે મંદિર અને મંદિરની દિવાલો પર કોતરવામાં આવેલી જુદી જુદી મૂર્તિઓ.

## સિંધુ સભ્યતા

લગભગ આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે એટલે કે 26 થી 2000 B.C.E. સિંધુ નદીને કિનારે મળી આવેલ નગરો ના ખંડહરો થી જાણી શકાય છે, કે નગરોની સુનિયોજિત અને ઉત્તમ નગર રચના જોવા મળે છે. જેમાં મોહેંજો દરો ધોળાવીરા, લોથલ જેવા શહેરો મળી આવેલ છે. સિંધુ નદીને કિનારે ખનન કરતા, ટેરાકોટા માંથી બનાવેલ શીલ તથા આભુષણો, માટીના વાસણો, રમકડા, મણકા, મૂર્તિઓ મળી આવેલ છે જેના પરથી આપણ ને આ સંસ્કૃતિ ની ભવ્યતાની જાણકારી મળેલ છે.આ નગરો બે ભાગમાં વહેંચાયેલ હોય છે જેમકે સિટાડેલ(ઉચ્ચ શહેર)

નિમ્ન શહેર, આમ આ નગરોમાં આમ નાગરિક ને લગતી સગવડ તેમજ ખાસ નાગરિકો માટેની વ્યવસ્થા, જળસંગ્રહ વ્યવસ્થા, એક માળ કે બે માળની ઈમારત, ગટર વ્યવસ્થા શહેરની વચ્ચોવચ્ચ આવેલ ચોક કેન્દ્રીયકૃત રસ્તાઓ જે શહેરને જુદા જુદા રસ્તાઓ એકબીજા સાથે મળતા રહે છે નગરની આજુબાજુ સંરક્ષણાત્મક દિવાલ, જળસંગ્રહ માટે ની ટાંકી. પાક્કી ઈંટોના બનાવેલ કુવા જોઈ શકાય છે.જેના પરથી જે તે સંસ્કૃતિના ઇજનેરી જ્ઞાન વિશે જાણી શકાય છે, નગરનાના અલગ-અલગ ભાગની કાર્બન ડેટિંગ પદ્ધતિ થી થયેલ સંશોધનને આધારે સમગ્ર નગર એક સાથે બનાવેલ માલુમ થાય છે જે પરથી આપણે જાણી શકાય કે પ્રથમ નગર રચના ની બ્લૂપ્રિન્ટ (નકશો) તૈયાર કરીને નગર બનાવવામાં આવતું હશે

**મોર્ય યુગ ના સ્થાપત્યો**

આ સમયમાં બુદ્ધ ધર્મનો ફેલાવો ઝડપથી થતા તે વખતના સ્થાપત્ય ઉપર આ ધર્મની અસર જોવા મળે છે

## સ્તૂપ

મહાજનપદ પછી ના સ્થાપત્ય. એક ગુંબજ આકારનું સ્મારક. જે ગૌતમ બુદ્ધના મૃત્યુ પછી તેમના અસ્થિઓને અલગ-અલગ માટલા માં મૂકીને અલગ અલગ સ્તૂપ માં મુકવામાં આવતા તેને બહારથી સાંકેતિક કોતરણી સાથે સંઘરવામાં આવતા અને તે એક સ્થાપત્ય તરીકે જોવા મળે છે. આ સ્થાપત્યની સાથે શિલ્પ પણ જોવા મળે છે. તેના તોરણ ઉપર કોતરેલા હોય છે.

## થાંભલા

રાજા અશોક દ્વારા લગાવેલ થાંભલાઓ ઉપર સંદેશા લખેલ જોવા મળે છે. તથા થાંભલા ઉપર સિંહ, ઋષભ, હાથી જેવા પ્રાણીઓના શિલ્પ બનાવેલા હોય છે જેમાંથી સારનાથમાં આવેલા થાંભલા પર ચાર સિંહની આકૃતિ જે અત્યારે ભારતીય પ્રતીક તરીકે લેવામાં આવેલ છે.

## ગુફાઓ

ગુફાઓ સામાન્ય રીતે બુદ્ધ ભિક્ષુક માટે બનાવવામાં આવતી તે રાજા કે અલગ-અલગ વૈભવી લોકો કે વેપારીઓ દ્વારા બનાવવામાં આવતી અને તેને દાન કરવામાં આવતી આ ગુફાઓમાં ચૈત્ય અને વિહાર એમ બે ભાગ આવેલા હોય છે ચૈત્ય એટલે કે જ્યાં પ્રભુની પ્રાર્થના થાય છે વિહાર એટલે જ્યાં ભિક્ષુકોનો રહેઠાણની વ્યવસ્થા હોય ,આ ગુફાઓની અંદરની દીવાલ એકદમ પોલીસ એટલે કે પ્રતિબિંબ પડે તેવી ચમકીલી દિવાલ બનાવેલી હોય છે.

## ગુપ્ત યુગ ના સ્થાપત્યો

ગુપ્ત યુગ માં હિન્દુ ધર્મ નો ફેલાવો ઝડપી થતા હિંદુ-મંદિરોના સ્થાપત્યો તેઓ બનાવવાની શરૂઆત અહીંથી ગુપ્ત રાજાઓ દ્વારા થઈ હતી જેની ડિઝાઇન ને સુધારા-વધારા સાથે જુદા જુદા

પાંચ ચરણ માં મંદિરો બનતા તેમાં સામાન્ય રીતે ગર્ભગૃહ અને મંડપ જોવા મળે છે. ગુપ્તકાળ માં શરૂઆતમાં મંદિરો ગુફા મંદિર તરીકે શરૂઆત થઈ હતી

પ્રથમ ચરણમાં એક ચોરસ ગર્ભગૃહ અને મંડપ બનાવવામાં આવતા હતા જેનું ઉદાહરણ કનક દેવી મંદિર એમપી.

બીજા ચરણમાં જગતી ઉપર ચોરસ ગર્ભગૃહ અને મંડપની સાથે સાથે વરંડો બનાવવામાં આવતો જેથી પ્રદક્ષિણા પથ પણ તૈયાર થતો પાર્વતી મંદિર. ત્રીજા ચરણમાં શિખર ની શરૂઆત થઇ હતી એક જ જગતી ઉપર પહેલા બે ચરણ નું મંદિર બનાવવામાં આવતું ઉપર શિખર બનાવવામાં આવતું. પંચાયતન મંદિર તરીકે ઓળખાય છે ચોથા ચરણમાં મંદિરની આગળ બીજો નાનો ચબૂતરો કે જગતી બનાવવામાં આવે છે. જેની પર યજ્ઞ જેવા કાર્યો કરવામાં આવ કરવામાં આવતા હશે. ૫મા ચરણમાં શિખર શંકુ આકાર વાળા અને ગર્ભગૃહની દીવાલો ગોળ ગોળાઇમાં જોવા મળે છે ઉદાહરણ મણિયાર મથ. મંદિર સ્થાપત્ય મુખ્યત્વે નાગરા પદ્ધતિ દ્રવિડીયન પદ્ધતિ અને વિસારા પદ્ધતિ

**નાગરા મંદિર**

ત્રણ પ્રકારના હોય છે સનધારા પ્રદક્ષિણા પથ સાથે, નિરાનધારા પ્રદક્ષિણા પથ વગર અને સર્વતોભદ્ર મંદિરોના સ્થાપત્યમાં મુખ્યત્વે ગર્ભગૃહ, શિખર,( વિમાન), અમલાકા, કળશ,અંતરાલ, મંડપ,જેવા મુખ્ય ભાગો આવેલા છે.

**નાગર શૈલી ના મંદિર**

ખજુરાહો મંદિર ચંડેલ રાજાઓ દ્વારા માટીના પથ્થર માંથી બનાવેલા છે આ મંદિરની દિવાલો પર કામુક શિલ્પ જોવા મળે છે. આ મંદિરની આજુબાજુ ૬૪ જોગણી મંદિર જોવા મળે છે જૈન ધર્મ આધારિત મંદિર છે. નાગર શૈલી ના મંદિરો પશ્ચિમ ભારતમાં પણ જોવા મળે છે. જેમાં ગુજરાત ખાતે આવેલ શામળાજી મંદિર જેને બનાવવા મા આરસ ના પથ્થરનો ઉપયોગ થાય છે, અને મંદિરમાં અંદર જવાનો રસ્તો સામેથી નહિ પણ બાજુએથી છે. આ સિવાય મોઢેરાનું સૂર્યમંદિર પણ નાગર શૈલી નું મંદિર છે. રાજા ભીમદેવના સમયે બનાવેલું આ મંદિરની આગળના ભાગે સૂર્ય કુંડ નામે વાવ આવેલી છે. પૂર્વમાં આવતા વધુ વરસાદને લીધે, આસામ માં આવેલ કામખ્યા મંદિર ના શિખર એકદમ ઢાળવાળા છે. બંગાળમાં આવેલા વિશેશ્વર મહાદેવ મંદિર પાલા કાળ નું મંદિર છે. જોડકા માં બનાવેલા છે આ મંદિર માં મંડપ નથી અને ગર્ભગૃહની ઉપર એક ઊંચું શિખર હોય છે આ ઉપરાંત ઓડિશામાં આવેલ મંદિરોમાં શિખરોના અલગ અલગ પ્રકાર જોવા મળે છે. કોણાર્કનું સૂર્યમંદિર પીળા દેવડા ના બનેલા છે જેના ગર્ભગૃહમાં શિખર જોવા મળે છે. બંગાળમાં આવેલા મંદિરો ના શિખર ઢાળવાળાઆ હોવાથીલોકો તેમના ઘરની છતાં પણ તેનો ઉપયોગ કરતા થયા અને બંગલા તરીકે ઓળખાયા.

**દ્રવિડ શૈલી ના મંદિર**

દ્રવિડ શૈલીના મંદિરોમાં સામાન્ય રીતે ચારે બાજુએ રક્ષણાત્મક દિવાલ બનાવવામાં આવેલી હોય છે અને તેના ભવ્ય પ્રવેશ દ્વારને ગોપુરમ તરીકે ઓળખવામાં આવે છે.આ મંદિરોમાં કલ્યાણ મંડપ અલગ થી મંડપ જોવા મળે છે. નવા રાજાઓ દ્વારા બનાવેલ સોર મંદિર મહાબલીપુરમ માં આવેલું છે જે શેખ પ્રાચીન શિવમંદિર છે અને તેની ચારેબાજુએ નંદિની મૂર્તિઓ જોવા મળે છે એ સિવાય રાજાઓ દ્વારા બનાવવામાં આવેલ લાંબુ અને ઊંચા મંદિરોમાંનું એક મંદિર એક મંદિર છે આ મંદિરમાં અંતરાલ સૌથી વધુ મોટો આવેલ છે તેમજ જુદા જુદા શૈલીના ચિત્રો દોરવામાં આવેલા છે

**વીસારા શૈલી ના મંદિર**

એટલે કે ઉત્તર ભારતની નાગર શૈલી અને દક્ષિણ ભારતની નદીઓ બંનેના સમન્વયથી બનેલો મંદિર છે.ચાલુક્ય શૈલીથી સાતમી સદીમાં બનેલા મંદિરો રાવણ ફાડી ગુફા, કર્ણાટક. તથા લાડ ખાન મંદિર, કર્ણાટક.આ ઉપરાંત રાષ્ટ્રકૂટ દ્વારા બનાવેલ કૈલાસ નાથ મંદિર, ઇલોરા. પથ્થરને કોતરીને બનાવવામાં આવેલું મંદિર છે.

**મરુ-ગુજારા સ્થાપત્ય**

મરુ-ગુજારા સ્થાપત્ય એ રાજસ્થાન અને ગુજરાતમાં બનેલા સ્થાપત્ય સોલંકી શૈલી ના સ્થાપત્યો છે.ઉપરાંત આ સ્થાપત્યોમાં મંદિરો ઉપરાંત વાવ, તળાવ નો સમાવેશ થાય છે. તારંગા જૈન મંદિર, રાણકપુર જૈન મંદિર, હઠીસિંગ દેરાસર, ગિરનારના જૈન મંદિર, તથા રાણકીવાવ. જેવા સ્થાપત્ય સોલંકી શૈલી બનેલા છે જૈન મંદિરો અને હિન્દુ મંદિર ની બનાવટ લગભગ સરખી જોવા મળી રહી છે.

**ઈન્ડો ઈસ્લામિક સ્થાપત્યો**

આ સ્થાપત્યો માં ટ્રાબીટ શૈલી ની જગ્યાએ આર્કીએટ શૈલીનો ઉપયોગ કરવામાં આવે છે.જે એ સમયની મુખ્ય શૈલી હતી જેમાં લિંટેલનો ઉપયોગ થતો હતો મિનારો નો ઉપયોગ થતો નહીં અને સામગ્રી તરીકે રીતે પથ્થર વપરાતા હતા જ્યારેઆર્કીએટ શૈલી માં કમાન આકારે દ્વારા બનાવવામાં આવે છે. ગુંબજ બનાવવામાં આવે છે. મિનારો નો ઉપયોગ કરવામાં આવે છે તેમજ ગુંબજ બનાવવા માટે વપરાતી સામગ્રી, ઈંટ, ચૂનો તથા પથ્થર વગેરેનો ઉપયોગ ત્યારબાદ મોગલકાળમાં ડબલ ગુંબજ સાથે નો ભરપૂર ઉપયોગ કરવામાં આવેલ છે. આપો મોગલ કાળના સ્થાપત્યોમાં બગીચામાં પાણીના ફુવારા નો ભરપૂર ઉપયોગ કરવામાં આવેલ છે ડબલ ગુંબજ તાજમહેલ જેવા સ્થાપત્યોમાં જોવા મળે છે અને ઈન્ડો ઇસ્લામિક સ્થાપત્યમાં સમાન આકારની બારી કે દરવાજાની ડિઝાઇન, કુરાનની આયાતો નુ લખાણ નો ઉપયોગ કરવામાં આવે છે

**યુરોપિયન સ્થાપત્ય**

મુસ્લિમોની માફક યુરોપિયન દેશોએ ભારત પર આક્રમણ કર્યું અને વસાહતી સ્થાપી ને રાજ્ય કે ધર્મને આધારે સ્થાપત્યો બનાવ્યા જેમાં પોર્ટુગીઝ,ડચ, ફ્રેન્ચ, અને બ્રિટિશર મુખ્યરૂપે વસાહતો સ્થાપવામાં સફળ રહ્યા હતા. જેમાં મદ્રાસ કલકત્તા, મુંબઈ, દિલ્હી, આગ્રા, નાગપુર જેવા મોટા શહેરોમાં સ્થાપત્યો જોવા મળે છે આ ઉપરાંત કેટલાંક ઉદાહરણ જોઈએ તો યુનિવર્સિટી ઓફ મુંબઈ, હાઈકોર્ટ, રાજાભાઈ ક્લોક ટાવર, મ્યુઝિયમ ઓફ ઇન્ડિયા, પેલેસ હોટલ ઓફ તાજ. આર્ટ ડેકો વગેરે જોવા મળે છે

**આઝાદી પછી આધુનિક સ્થાપત્યસ્થાપત્યો**

ભારતમાં આધુનિક સ્થાપત્ય માં અનેક અનેક ઉદાહરણો છે ભારતની આઝાદી વખતે ફરીથી કેટલીક પારંપરિક શૈલીને જીવંત કરવાની કોશિશ કરવામાં આવેલી છે. અત્યારના સમયમાં આધુનિક સ્થાપત્ય પાયો નાખવા માટે લુઈ બેકર , બી. દોશી , હાફિસ કોન્ટ્રાક્ટર, જે વા આર્કિટેક્ચર મોટો ફાળો આપેલ છે.

**સંદર્ભ સૂચિ**


1. Havell, E.B. (1913). Indian Architecture, its psychology, structure, and history from the first Muhammadan invasion to the present day. J. Murray, London.
2. Coomaraswamy, Ananda K. (1914). Viśvakarmā; examples of Indian architecture, sculpture, painting, handicraft. London.
3. Havell, E. B. (1915). The Ancient and Medieval Architecture of India: a study of Indo-Aryan civilization. John Murray, London.
4. Fletcher, Banister; Cruickshank, Dan, Sir Banister Fletcher's a History of Architecture, Architectural Press, 20th edition, 1996 (first published 1896). ISBN 0-7506-2267-9. Cf. Part Four, Chapter 26.
5. Thapar, Bindia (2004). *Introduction to Indian Architecture*. Singapore: Periplus Editions. ISBN 978-0-7946-0011-2.
6. Rodda & Ubertini (2004), The Basis of Civilization-Water Science?, International Association of Hydrological Science, ISBN 1-901502-57-0.
7. Sinopoli, Carla M. (2003), The Political Economy of Craft Production: Crafting Empire in South India, C. 1350–1650, Cambridge University Press, ISBN 0-521-82613-6.

8. Sinopoli, Carla M. (2003), "Echoes of Empire: Vijayanagara and Historical Memory, Vijayanagara as Historical Memory", Archaeologies of memory edited by Ruth M. Van Dyke & Susan E. Alcock, Blackwell Publishing, ISBN 0-631-23585-X.
9. Singh, Vijay P. & Yadava, R. N. (2003), Water Resources System Operation: Proceedings of the International Conference on Water and Environment, Allied Publishers, ISBN 81-7764-548-X.
10. Vastu-Silpa Kosha, Encyclopedia of Hindu Temple architecture and Vastu/S.K.Ramachandara Rao, Delhi, Devine Books, (Lala Murari Lal Chharia Oriental series) ISBN 978-93-81218-51-8 (Set)
11. Haig, Thomas Wolseley (1907). Historic Landmarks of the Deccan. Allahabad: The Pioneer Press.
12. Hegewald, Julia A. B. (2011). "The International Jaina Style? Māru-Gurjara Temples Under the Solaṅkīs, throughout India and in the Diaspora". Ars Orientalis. 45 (20191029). doi:10.3998/ars.13441566.0045.005. ISSN 2328-1286.
13. Le Huu Phuoc, Buddhist Architecture, 2009, Grafikol
14. Livingston, Morna & Beach, Milo (2002), Steps to Water: The Ancient Stepwells of India, Princeton Architectural Press, ISBN 1-56898-324-7.
15. Michell, George, (1977) The Hindu Temple: An Introduction to its Meaning and Forms, 1977, University of Chicago Press, ISBN 978-0-226-53230-1
16. Michell, George (1990), The Penguin Guide to the Monuments of India, Volume 1: Buddhist, Jain, Hindu, 1990, Penguin Books, ISBN 0140081445
17. Nilsson, Sten (1968). European Architecture in India 1750–1850. London: Faber and Faber. ISBN 978-0-571-08225-4.
18. Piercey, W. Douglas & Scarborough, Harold (2008), hospital, Encyclopædia Britannica.
19. Possehl, Gregory L. (1996), "Mehrgarh", Oxford Companion to Archaeology edited by Brian Fagan, Oxford University Press.
20. Rowland, Benjamin, The Art and Architecture of India: Buddhist, Hindu, Jain, 1967 (3rd edn.), Pelican History of Art, Penguin, ISBN 0140561021
21. Savage, George (2008), interior design, Encyclopædia Britannica.

22. Tadgell, Christopher (1990). The history of architecture in India: from the dawn of civilization to the end of the Raj. London: Architecture Design and Technology Press. ISBN 978-1-85454-350-9.

# Cultural Traditions of India:
## Through the Ages

## About College

Our college has excellent infrastructure and congenial environment, which provides students a platform to exhibit their potentiality in the field of higher education. In the competitive environment of higher education, the institute has maintained its repute family. The institute proud of large classrooms, prosperous library, huge sports campus, well design and maintained botanical garden, biodiversity and highly qualified and well experience faculty members.

## About ICHRC

ICHRC Is a non-governmental organization working for the promotion of the history and culture of India. India is one of the leading ancient cultures in the world. Given the current state of history, it is very important to correct mistakes made in writing history in the past. That is why it is said that history needs to be rewritten. Documents written in ancient times and instrumental evidence are needed to find out what happened in the past And it may be possible to write a new history based on that evidence or document.

ISBN : 978-81-952708-4-2

9 788195 270842